# પ્રકરણ–૬

# 'ભીલોનું ભારથ' લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

- પ્રસ્તાવના
- ધોફા નં વાસંગ – મુળકથામાં થતા ફેરફાર
- ‘‘ભલોનુ ભારથ’’ લોકમહાકાવ્યની સમિક્ષા’’
- ૧. શાંતનુ અને ગંગા
- ૨. ગાંધારી અને કુંતા
- ૩. પાંડુ રાજા
- ૪. કર્ણ પાંડવ
- ૫. દ્રૌપદી અને વાસુકિ
- ૬. દ્રૌપદી અને ભીમ
- ૭. ભકિતનું પ્રાગટ્ય
- ૮. પાંડવોનો સેનેતરો યજ્ઞ (શંખોદ્ધાર)
- ૧. કુંવારું સોનું
- ૨. નારીનો વેચેલો નર
- ૩. કુંવારું જળ
- ૪. બાળો હરગુરો (દ્રૌપદીનો ગુરૂ)
- ૫. ઝળાઝેંદરાનું મસ્તક
- ૯. ભીમ પાંડવ
- ૧૦. હેડંબા
- ૧૧. કૃષ્ણ અને દાનવ
- ૧૨. ઈકો દાનવ

- ૧૩. અભિમન્યુ (બાળો હિંમત)
- ૧૪. નારદ અને કૌરવો
- ૧૫. ઈન્દ્રાણી અને અભિમન્યુ
- ૧૬. વિરાટરાજા (વિયોર વેલરો)
- ૧૭. ખંડ વેંચણી :
- ૧૮. યુદ્ધ (ભારત) ની તૈયારી
- ૧૯. યુદ્ધનું કહેણ
- ૨૦. ઉતરાનાં આણાં
- ૨૧. યુદ્ધ (ભારથ)
- ૨૨. અર્જુનનો ચોક
- ૨૩. કૃષ્ણલીલા
- ૨૪. ધરમાબાઈનું મામેરું
- ૨૫. *કળિયુગનો પ્રવેશ*
- ૨૬. *પાંડવો હિમાલયના પંથે*
- સંદર્ભ સૂચી

પ્રકરણ–૫

# 'ભીલોનું ભારથ' લોકમહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

## પ્રસ્તાવના :

કોઈ પણ સમાજમાં તેના અધિનાયકો અને શ્રદ્ધાપુરુષોને લગતી ઘણીબધી પરંપરાઓ પ્રવર્તતી હોય છે. ભારતના બહુવિધ માનવસમાજમાં રામચરિત, કૃષ્ણચરિત, પાંડવચરિત, વગેરેની ઘણી પરંપરાઓ આનાં ઉદાહરણો છે. આ દરેક ચરિત્રોને કેન્દ્રમાં રાખીને રચાયેલી રામાયણ, ભાગવત્ મહાભારત જેવી સંસ્કૃતિઓ લગભગ સર્વસ્વીકૃત છે. આ મુખ્યધારાની સમાંતરે અનેક પ્રાદેશિક ધારાઓની સમૃદ્ધ પરંપરાઓ પણ પ્રવર્તે છે.

ભારતના જુદા જુદા પ્રાન્તોની લોકકલા અને શિષ્ટકલામાં, કંઠપરંપરામાં તેમજ લિખિત પરંપરાનાં પ્રાદેશિક ભાષા સાહિત્યોમાં પાંડવકથાની સમૃદ્ધ પરંપરા જળવાઈ છે. મહાભારતની સંસ્કૃત આવૃતિ લિપિબદ્ધ થઈ એ પહેલાં, પાંડવકથા, ભારતકથા તરીકે ભાટચારણે (દરબારી કવિઓ) દ્વારા ગાવામાં આવતી યુદ્ધકથા એટલે કે વીરગાથા તરીકે પ્રચલિત હતી. જયોર્જ વોન સિકસન એમના 'ટેક્સ્ટ લેયર્સ ઈન ધ મહાભારત' નામના લેખમાં કહે છે.

"The origin of the M.Bh. from an orally improhsing bardic tradition can on longer be doubted today. Eridence can be found in the lexity of the style using a wealth of frormulaic expressions and expletire words whose only function seems to be fill the rerse !"

મહાભારતની આવી મૈખિક રજૂઆત કરનારો એક આખો વર્ગ હતો. જે 'સૂત' કે 'વાદીન' નામે ઓળખાતો (જેમ રામકથાના રજૂઆત કારો 'કુશીલવ' તરીકે ઓળખતા) ધૃતરાષ્ટ્રનો મંત્રી સંજય આ સૂત જાતિનો હતો. કુરુક્ષેત્રની યુદ્ધકથા તે ધૃતરાધષ્ટ્રને સંભળાવે છે. એ એનો મોટામાં મોટો પુરાવો છે. મહાભારતના વકતા–શ્રોતાની પરંપરામાં સૂત પુરાણીનું નામ મળે છે. એ પણ આ વાતનું સમર્થન કરે છે. મહાભારતની હાલની બૃહદ્ આવૃતિના કર્તા તરીકે સૌતિ ઉગ્રશ્રવાના ઉલ્લેખમાં પણ સંકેત જોઈ શકાય.

મૂળ સંસ્કૃત મહાભારતની કંઠપરંપરા વિશે વિન્ટર નિટઝે એમના સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં નોંધ લીધી છે. એ પ્રમાણે આ વિશાળ કાવ્યની કથા કરવા માટે માત્ર નગરના મોટા મંદિરમાં જ નહીં પણ અંતરિયાળ ગામડાંઓમાં પણ આવી કથાઓ યોજાતી. આ કથાની પ્રસ્તુતિ વખતે કથાકારો બે મંડળીમાં વહેંચાઈ જતા. એક, મૂળશ્લોક બોલનાર (ગાનાર) મંડળી. એ ધારકો કહેવાતા, ભીલોનું ભારથ ની કથા કહેનાર કથકને 'સાધુ' અને ટેકો આપનારને 'હોંકારિયોબાણિયો' કહેવાય છે. એ ધ્યાનમાં રાખીએ તો સમજાય કે આ રીતના કથનની પરંપરા કેટલી જૂની છે.

મહાભારતની મૈખિક રજૂઆતની આવી પરંપરા છેક એના રચનાકાળથી માંડીને આજ સુધી, પલટાની – બદલાતી પણ ટકી રહી છે. ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં, જુદી જુદી લોકભાષાઓમાં, તેમજ આદિવાસી અને કેટલીક વિશિષ્ટ જાતિઓમાં, પાંડવકથાની સમૃદ્ધ કંઠપરંપરા આગવી વિશેષતાઓ સાથે જળવાઈ છે. મણિપુરમાં 'વારી–લીબા', અસમમાં, 'ઓઝહાપાલી', ઓરિસ્સમાં 'પાલા', મધ્યપ્રદેશ–છતીશગઢમાં 'પાંડવાની' રાજસ્થાનમાં 'ભીમો ભારથ' અને દક્ષિણ ભારતના પ્રાન્તોમાં 'હરિકથા' જેવા પ્રકારોમાં પાંડવકથાની મૈખિક રજુઆત પ્રભાવશાળી રીતે થાય છે.

દક્ષિણ ભારતના કેરળ પ્રદેશમાં, મહાભારતની કથાનું એક ખૂબ જૂનું રૂપ 'નિષલકતુ પાટ્ટુ' કે 'કુરવર પાટ્ટુ' નામે પ્રચલિત છે. એ પદ્યગીતાનો સમૂહ છે. એની વિગત કંઈક આવી છે. એકવાર દુર્યોધનના દુરાગ્રહને લીધે કુરવર જાતિના કોઈ પુરુષે નિષલકતુની મેલીવિદ્યાથી પાંડવોના Ôવ બાંધી લીધા. આથી દુઃખી થયેલી તેની પત્નીએ મુકિતના મંત્રો ગાઈને પાંડવોને ફરી Ôવતા કર્યા. આ કૃતિમાં આવતી મહાભારતકથા પ્રમાણે કુંતા કુરુનાડની રાણી છે અને ગાંધારી કારૂનાડની રાણી છે. ભીમ પાંડવોમાં સૌથી નાનો હતો અને તેનું નામ કૂંચુ હતું. કૌરવો સો નહીં પણ નવ્વાણું હતા. આ પરંપરા કેરળની કોઈ આદિજાતિની પરંપરા હશે તેવું અનુમાન કરી શકાય.

ગુજરાતમાં, પાંડવકથાની કંઠપરંપરાનો જૂનામાં જૂનો પુરાવો તેરમી સદીમાં મળે છે. આ સમયમાં રચાયેલી, અબ્દૂર રહેમાનની કૃતિ 'સંદેશક રાસક'માં કવિ ઠેરઠેર મહાભારત અને રામાયણ (તથા નળ અને સુધ્વચ્છ) ની કથા કહેવાતી હોવાનો ઉલ્લેખ કરે છે. આમ,

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહાભારતના પદાબંધની, આખ્યાન સ્વરૂપમાં રચના થવા લાગી, એ પૂર્વે ગુજરાત પ્રદેશની કંઠપરંપરામાં પાંડવકથા પ્રચલિત હતી. ગુજરાતની કંઠપરંપરાની આ પ્રચલિત પાંડવકથા, મધ્કાલીન ગુજરાતી કવિઓની લિખિત રચનાઓમાં પણ ઊતરી આવી છે. સંસ્કૃત મહાભારતમાં જેનો ઉલ્લેખ પણ મળતો નથી તેવાં અનેક કથાનકો મધ્યકાલીન ગુજરાતી મહાભારતની લિખિત પરંપરમાં મળે છે. જે આ બાબતનું સમર્થન કરે છે. કંઠપરંપરા અને લિખિત પરંપરા વચ્ચે આવું વિશિષ્ટ આદાનપ્રદાન ચાલતું જ હોય છે.

મધ્યકાલીન ગુજરાતી મહાભારત પરંપરાની આ લિખિત કૃતિઓ મોટેભાગે, આખ્યાન સ્વરૂપમાં રચાયેલી છે. લોક પ્રસ્તુતિકળાઓના વિદ્વાન અભ્યાસી સુરેશ અવસત્થી, મધ્કાલીન ગુજરાતની આ આખ્યાન પરંપરાને પણ કંઠપરંપરાનો જ એક પ્રકાર ગણાવે છે. આખ્યાનનો કૃતિવાદ પૂર્વનિશ્રિત, એટલે કે લિખિત, હોય છે ખરો પરંતુ તેની રજૂઆત તો મૌખિક રીતે જ થતી હોય છે. એટલે કંઠપરંપરાના કેટલાયે વિશેષો તેની રજૂઆત વખતે પ્રગટતા હોય છે.

ગુજરાતના વર્તમાન લોકજીવનમાં પાંડવકથાની કંઠપરંપરા પહેલાં જેટલી સમૃદ્ધ રહી નથી. તેમ છતાં તે સાવ નામશેષ પણ નથી થઈ. છેક ઈ. ૧૯૯૪ માં મેં સૌરાષ્ટ્રના, ગોહિલવાડના મહુવા તાલુકાના સેંદરડા જેવા નાના ગામમાં મહાભારતનાં કેટલાંક કથાનકો ધ્વનિમુદ્રિત કર્યા હતાં. ઉત્તર ગુજરાતની ઓંજણા પટેલ જાતિમાં પ્રચલિત પાંડવકથાની પાંખડીઓ, જયંતિલાલ દવેએ એમનાં ‘બનાસકાંઠા ના લોકસંસ્કાર અને લોકવાણી’ પુસ્તકામાં આપી છે. ઉત્તર ગુજરાતમાં ગરોડાળા બ્રાહ્મણે મહાભારતના કથાપ્રસંગોની સચિત્ર રજૂઆત કરનારા, કંઠપરંના સમર્થ કથાકારો હતા. જયોતીન્દ્ર જૈન એમનાં ‘Painting and Performans’ એ લેખમાં આ રજૂઆતકારો વિશે નોંધ લીધી છે. મહાભારતના કેટલાંક કથાગીત લોકપ્રચલિત પ્રસંગોમાં પણ રજૂ કરવામાં આવ્યા છે. આવાં કેટલાંક કથાગીત હસુયાસિક સંપાદિત, લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા માં મળે છે. એ સિવાયની ઘણી લોકરચનાઓ લોકકંઠમાં સચવાયેલી પડી છે. પરંતુ આ બધી તો નાની નાની જબૂતજયોત છે. ચોરબાજુના વાઝોડા વચ્ચે હજીય ટકી રહી ઝળહળાટ અજવાળું રેલાવતી સ્થિરજયોત છે. ઉત્તર ગુજરાતના ડુંગરી ભીલ આદિવાસીઓની કંઠપરંપરાની કૃતિ ‘ભીલોનું ભારથ’ (સંપાદક ડો. ભગવાનદાસ પટેલ, સન્ ૧૯૯૭, પ્રકાશક, શેઠ કે.ટી. હાઈસ્કૂલ, ખેડબ્રહ્મા, હિન્દી, ભીલો કા

ભારથ, સન્, ૨૦૦૦, સાહિત્ય અકાદમી, દિલ્લી )

'ભીલોનું ભારથ' ને તેમણે વનવાસી મહાભારત કહીયું છે. પાંડવો બાર વર્ષ વનમાં રહયાં તા, પણ 'ભીલોનું ભારથ' માં વનવાસની કથા નથી. આખી કૃતિ વનવાસીઓની 'ભારથ વારતા' છે. બુધ્ધદેવ બસુ પણ, મહાભારતની વિરાટ રચનાને 'અંનહીન અરણ્ય' તરીકે ઓળખાવે છે. ''અને તેના સળંગ વાચનને અશકયતો નહીં પણ અઘરું જરૂર ગણાવે છે. તેમને મતે, મહાભારતના વાચન અને અભ્યાસ માટે ભીમ જેવો જઠરાગ્નિ અને અગત્સય જેવી પાચનશકિત જરૂરી છે. ધર્મનિષ્ઠા સાથે સંશોધનવૃતિ ભળે તો જ આ અરણ્યની સોંસરા નીકળી શકાય. નહીંતર માત્ર પ્રશંસા કરીને એનો સંતોષ લીધા કરીએ.

આવી અરણ્યસંસ્કૃતિ કથા કયાંથી માંડવી એની ઘણી મૂંઝવણ થાય. સંસ્કૃતના પ્રચલિત પાઠમાં જન્મેજયના સર્વસત્રથી મહાભારતનો આરંભ થાય છે. જયારે 'ભીલોનું ભારથ' ના 'સતરાજા ને ગંગા (શાંતનું અને ગંગા)ના કથાનકથી આરંભ થાય છે. એ પહેલી પાંખડી છે. છેલ્લી છવ્વીસમી પાંખડી 'પાંડવો એંમાળે' (પાંડવો હિમાલયના પંથે) પાસે એ અટકે છે. શાંતિભાઈ આચાર્યે સરસ નિરીક્ષણ આપ્યું છે. એ ગંગાના તીર્થથી આરંભાયેલી ભારથકથા ગંગાના મૂળ હિમાલયમાં જ સમાઈ જાય છે. આ છવ્વીસ પાંખડીઓમાં જે કથાનકો છે તે કંઈ મહાભારતના નિર્ધારિત ક્રમને અનુસરતા નથી પરંતુ એમાં મહાભારતનાં મુખ્ય પાત્રો કે કથાપ્રસંગોનો આધાર જરૂર છે, અને સહજ રીતે થતો કથાવિકાસ પણ છે જ. એટલે એનાં વાચન–શ્રવણ દરમ્યાન આ છૂટી પાંખડીઓ ધીરે ધીરે ઊઘડતી જે એકબીજા સાથે સંયોજાતી ફૂલની કળા ધારણ કરે છે.

જે લોકો પ્રચલિત સંસ્કૃત મહાભારતકથાથી પરિચિત છે તેમને આ 'ભીલોનું ભારથ' ઘણું સંક્ષિપ્ત અને ઘણું જૂદું લાગશે. એટલું જ નહીં, મહાભારતની કેટલીએ કથાઓ અહીં છોડી દેવામાં આવી છે. એવું પણ લાગશે. પરંતુ ખરેખર એમ નથી. 'ભીલોનું ભારથ' માં સંસ્કૃત મહાભારતની કેટલીયે કથાઓના સંકેતો અવશ્ય મળે છે. મધ્યકાલીન ગુજરાતમાં પ્રહ્લાદનદેવ નામે એક નાટ્યકાર થઈ ગયા. એમણે સંસ્કૃતમાં 'પાર્થપરાક્રમવ્યાયોગ' નાટક લખ્યું છે. એમાં વિરાટપર્વમાં આવતી ગૌગ્રહણકથા કેન્દ્રમાં છે. પણ કવિએ એવું રચના કૌશલ દાખવ્યું છે કે સમગ્ર મહાભારતની કેટલીયે કથાઓના સંકેતો પકડી શકાય. કૈક એવું 'ભીલોનું ભારથ' ની કથારચનામાં જણાય છે.

'ભીલોનું ભારથ'માં ચોકકસ રીતે ઓળખી શકાય તેવાં સંસ્કૃત મહાભારતનાં કથાનકો સાથે, પ્રયત્નપૂર્વક પકડી શકાય તેવાં અન્ય કથાનકોના સંકેતોનું સૂક્ષ્મ રીતે સંયોજન થયું છે. એટલું જ નહીં, આદિવાસી પરંપરાના કેટલાક આદિમ (Primitire) કથાઅંશનું પણ તેમાં સહજ સંકલન થયું છે. પૌરાણિક કથાનકની જયારે પ્રાદેશિક કે જાતિગત પરંપરા અન્તર્ગત રજૂઆત થાય છે ત્યારે તે તે વિશેષતા અનુસાર કયારેક કથાનકની સામગ્રી અને કયારેક કથાનકની સમગ્ર સંરચના પણ બદલાઈ જતી હોય છે. આ બાબાતને ધ્યાનમાં રાખી, 'ભીલોનું ભારથ' નાં કથાનકોનું બે ભાગમાં કામચલાઉ વર્ગીકરણ કરી શકાય.

(ક) સંસ્કૃત મહાભારત કે મધ્યકાલીન ગુજરાતી મહાભારત પરંપરાનાં ન હોય તેવાં કથાનકો. એટલે કે જે મૂળભૂત રીતે આદિવાસી પરંપરાના હોય અને જે આદિવાસી પ્રજાની જીવનશૈલી સાથે સંકળાયેલાં હોય તેવા કથાનકો.

આ વિભાગમાં 'ભકિતની પાંખરી' અને પાંડવોનો 'સેનેતરો જગન' જેવા કથાનકો મૂકી શકાય. આદિવાસીઓની પાટપૂજાવિધિમાં જે 'મંડળ' ભરવામાં આવે છે તેમાં ચંદ્ર, સૂરજ, તારા, ચોરાસી સાધુ, પાડોર ગાય, વાસુકિ નાગ જેવા ધાર્મિક પ્રતિકોની સાથે પાંચ પાંડવોને પણ સ્થાન છે. આદિવાસી સમુદાયને મન પાંડવો પૃથ્વી પરના પહેલા સતિયા દેવ છે. આમ, ભગતિની પાંખરી ; ની કથાનો આદિવાસી પાટપૂજા સાથે સંબંધ છે. જયારે 'સેનેતરો' જગનની કથાનો આદિવાસી સમાજની મરણોતર ક્રિયાવિધિ શંખોઢોળ સાથે સંબંધ છે. સેનોતરો જગન વખતે સહદેવ હંસદેવના ભજનો બોલે છે, તો બાળો હરગુરો અને ગધરોવાસી 'સમાધ ગાવતરી' નો જગ વાંચે છે 'ભગતિની પોંખરી' કથાનકનું ધાર્મિક મહત્વ છે. તો આ 'સેનોતરો જગન' ની કથાનું સામાજિક મહત્વ છે. એ જ રીતે 'સતરાજા નં ગંગા' પાંખડીને અંતે, સેતર અને વેહાગ (ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય) મનસાપાપતા નિવારણ માટે પારસ પીપળીના થડમાં પ્રવેશી, આત્મદાહ કરી પ્રાયોપવેશન કરે છે. એ કથાનકનું લૌકિક મહત્વ છે. 'નેંહવટી' ના લોકમેળા નો સંદર્ભ એની સાથે જોડાયેલો છે. ફાગણ વદ – ૧૪ ની રાતે આ મેળો ચિત્રવિચિત્ર મહાદેવના થાનકે (જે ખેડબ્રહ્માથી ચાલીસેક કિ.મી. દૂર ગુણભાંખરી ગામ પાસે આવ્યું છે ) ભરાય છે. ડુંગરી ભીલોનો આ સૌથી મોટો મેળો છે. આદિવાસી સ્ત્રીઓ આખી રાત મૃત સગાઓની યાદમાં મરશિયા ગાય છે તે વખતે દિવસે ભીલ આદિવાસી પ્રજાસમૂહના

ધાર્મિક અને સામાજિક રીતિરિવાજો, જીવનદૃષ્ટિ અને જીવનમૂલ્યો, માન્યતાઓ અને પ્રથાપ્રણાલિકાઓ કોઈ ને કોઈ રીતે કાર્યરત છે. એટલે સાંસ્કૃતિક અભ્યાસની દૃષ્ટિએ તેનું મોટું મૂલ્ય છે.

(ખ) બીજા વિભાગમાં 'ભીલોનું ભારથ' નાં એવાં કથાનકોનો સમાવેશ કરી શકાય કે જે સંસ્કૃત મહાભારતમાં ન હોય પરંતુ મધ્યકાલીન ગુજરાતી મહાભારત પરંપરામાં (તેના રૂપાંતરો સાથે ) પ્રાપ્ત થતાં હોય. 'ભીલોનું ભારથ' માં મધ્યકાલીન ગુજરાતી મહાભારત પરંપરા સાથે સમાનતા ધરાવતાં હોય તેવાં કથાનકો ઘણાં છે. જેમકે, 'ગનરયા ન કુતમા', 'ધોફાં નં વાસંડા', 'ભેંમજળ', 'ભેંમ પાંડવ (નં હેડલા), 'નારદ નં કોરવો', 'ભારથની તૈયારી', 'કળજુગ' વગેરે. 'ભીલોનું ભારથ' માં આવતી 'બાળો એંમતની કથા તો કંઠપરંપરા – લોકપરંપરાની અભિ મન્યુકથા અને લિખિત પરંપરાના અભિમન્યુ આખ્યાનની લગભગ સમાંતરે ચાલે છે.

આ બધાં કથાનકોમાંથી અહીં માત્ર 'ધોફાં નં વાસંગ' એ પાંખડીની કથારચના જોઈએ. મધ્યકાલીન ગુજરાતી મહાભારતની લિખિત પરંપરામાં મળતા આ કથાનકમાં કેટલીક સમાનતા છે. બંનેની કથાસંરચનામાં કેટલાક સમાન કથાઘટકો પણ પ્રયોજાયા છે, છતાં કેટલાંક મૂળભૂત ભેદ પણ છે. જેમકે, લિખિત પરંપરાના કથાનકમાં નાગનું નામ વાસુકિને બદલે અત્રિક છે. જેમકે, લિખિત પરંપરાના કથાનકમાં કેટલીક સમાનતા છે. બંનેની કથાસંરચનામાં કેટલાક સમાન કથાઘટકો પણ પ્રયોજાયા છે, છતાં કેટલાંક મૂળભૂત ભેદ પણ છે. જેમકે, લિખિત પરંપરાના કથાનકમાં અર્જુનને સ્થાને દુર્યોધન તથા દ્રૌપદીને સ્થાને ભાનુમતિ છે. મધ્યકાલીન કવિઓના અને શ્રોતાસમૂહના દ્રૌપદી પ્રત્યેના પૂજયભાવને લીધે દ્રૌપદીને સ્થાને ભાનુમતિનું ચરિત્ર મૂકવામાં આવ્યું હશે તેવો તર્ક કરી શકાય. જોકે ગ્રામ પ્રદેશમાં પ્રચલિત 'કરણનો સલોકો' એ કથાગીતમાં પણ ભાનુમતિ લોકપરંપરા તથા વનડુંગરની આદિવાસી ગણવો. જોઈએ અને બંને પરંપરાને સ્વતંત્ર પરંપરા તરીકે સ્વીકારવી જોઈએ.

વ્યાસ વલ્લભરામ સૂરજરામકૃત 'મહાભારતની કથા'ના આદ્ય પર્વ કડવું ; ૫૩ માં ભાનુમતિ અને અત્રિકના કથાનકનું રસપ્રદ આલેખન થયું છે. જેની કથા સંક્ષેપ આ પ્રમાણેની જોવા મળે છે. ભાનુમતિ પોતાના પતિ દુર્યોધનને વશ કરવા માંગે છે. એ માટે જાદુની વિદ્યા જાણતા સહદેવ પાસે આવી 'વશીકરણ' કરવા કહે છે. સહદેવ, દુર્યોધનના માથામાં નાખવા

ધૂપેલ મંતરી આપે છે અને 'એ ભૂમિ પર પડયે ભૂંડું થશે. વશ કરતાં કવશ થશે.' એવી ચેતવણી આપી તકેદારી રાખવા કહે છે. ભાનુમતિ મહેલનાં પગથિયા ચડતી હોય છે ત્યારે કંચોળું હાથમાંથી પડી જાય છે. ધૂપેલ તત્કાળ પાતાળમાં ઉતરે છે ને અત્રિક નાગને શીશ અડે છે. ધૂપેલ અડતાવતે નાગને મંત્રથી કામદેવતા જાગ્યો છે. ભાનુમતિનો મોહ લાગ્યો છે.

દિવસ વીતી રજની થાય છે. ત્યારે પાતાળનો નાગ મહેલમાં નીકળે છે. દુર્યોધનના હાથપગ બાંધી ઊંધે માથે ટાંગી દે છે, પછી ભાનુમતિ સાથે રંગભોગ માણી વ્હાણું વા' તા વિદાય થાય છે. ભાનુમતિ દુર્યોધનને બંધનમુકત કરે છે. દુર્યોધન કારણ પૂછે છે ત્યારે ભાનુમતિ સાચું કહેવાને બદલે 'પોતાના રૂપને કયારેક જોઈ મોહ પામ્યો હશે' એવો જવાબ આપે છે.

દુર્યોધન બીજે દિવસે મહેલ બદલાવે છે તોય આમ બને છે. ત્રીજે દિવસે તામ્ર ધરતી કીધી તો તેને વીંધીને નાગ આવ્યો. રોજરોજ ઊંધે માથે લટકીને દુર્યોધનનાં માત્ર ગળવા માંડયાં છે. એમ કરતાં છ માસ વીતી ગયા. આવી વાત મિત્ર સિવાય કોઈને કહેવાય નહીં એમ વિચારીને સઘળી વાત કર્ણને જણાવવાનું નકકી કરે છે.

દુર્યોધન કર્ણના નગરમાં આવે છે. બંને મિત્રો મળે છે. કર્ણ એના સુકાવાનું કારણ પૂછે છે. ત્યારે દુર્યોધન પોતાની સાથે હસ્તિના પુર આવવાનો કર્ણને આગ્રહ કરે છે. બંને હસ્તિનાપુર આવે છે. પછી એક દિવસ એકાંતમાં રડતાં રડતાં દુર્યોધન સઘળી વાત જણાવે છે. કર્ણ મનમાં વિચારે છે કે ભાનુમતિએ કંઈક કપટ કર્યુ હોવું જોઈએ. એ વિના નાગ મોહ ન પામે, કર્ણ પ્રગટપણે દુર્યોધનને સાંત્વના દઈ તેનું દુઃખ દૂર કરવાનું વચન આપે છે.

રાત પડે છે. કર્ણ મહેલમાં સંતાઈ રહે છે. પાતાળનો નાગ આવે છે ત્યારે કર્ણ તેને પડકારે છે. નાગ ક્રોધે ફૂંફાડે છે. નાગને સૂર્યના પુત્ર સિવાય કોઈનો માર ન લાગે એવું વરદાન હોય છે. કર્ણના પગની લાત નાગની ફેણ પર વાગતાં નાગ સૂર્યપુત્રને ઓળખી જાય છે ને તેના ચરણમાં નમે છે. પોતાને મુકત કરવાના બદલમાં નાગ કર્ણને મનવેગી ઘોડો આપે છે.

## ધોફા નં વાસંગ – મુળકથામાં થતા ફેરફાર :

૧. 'ધોફા નં વાસંગ' ના આરંભમાં, દ્રૌપદીનો સોનાનો વાળ, ધરતી ફાડી, પાતાળમાં વાસુકિની છાતી પર પડે છે ને એની શોધમાં વાસુકિ પૃથ્વીલોકમાં આવે છે. આ સ્પષ્ટ રીતે, પ્રેમમુલક લોકકથામાં ખૂબ જાણીતું સોનેરી વાળવાળી રાજકુંવરીની શોધનો

કથાઘટક છે. જે અનેક પ્રેમકથાઓમાં પ્રયોજાયો છે.

૨. સોનેરી વાળવાળી નારીની શોધમાં પૃથ્વી પર જતા વાસુકિને પદમનાગણીઓ વારે છે અને 'તમે પારકી સ્ત્રીની વાતે ચડશો નહીં આ જોખમનો પંથ છે' એમ કહી ચેતવે છે. તેમાં પરકીયા પ્રેમની કથાઓનો સંકેત છે. નારીના જારકર્મની કથાઓમાં અનેક કથાયુકિત તરીકે પણ એ પ્રયોજાય છે. 'સૂડા બહોંતેરી' ની નાયિકા રોજ રાતે શણગાર સજી જારકર્મ માટે નીકળે છે ત્યારે શુક અને લગભગ આવી જ ચેતવણી આપી તેના દૃષ્ટાંત તરીકે એક એક વારતા સંભળાવે છે. 'ભીલોનું ભારથ' માંની 'સેનોતરો જગન' એ પાંખડીમાં અર્જુન પૃથ્વીથી પાતાળમાં જાય છે ત્યારે પણ દ્રૌપદી આવી જ ચેતવણી આપે છે.

૩. અર્જુનના કહેવાથી દ્રૌપદી, સ્વયં વાસુકિ પાસેથી જ એને મારવાનો ઉપાય જાણી લે છે તેમાં વેરી – શત્રુનાં મૃત્યુનું રહસ્ય જાણવાનો કથાઘટક પ્રયોજાયો છે. સંસ્કૃત મહાભારતમાં અર્જુન અને યુધિષ્ઠિર ભીષ્મ પાસેથી જ તેમના મૃત્યુનું રહસ્ય જાણી લાવે છે તો રામાયણમાં વિભીષણ પાસેથી રામ રાવણના મૃત્યુનું રહસ્ય, દ્રૌપદી તેમને પૂજાથી પ્રસન્ન કરી જાણી લે છે. લોકકથાઓમાં રાક્ષસનો જીવ પોપટમાં હોય છે. પોપટની ડોક મરડવાથી રાક્ષસ મરી શકે તે રહસ્ય રાજકુંવરી જાણીને રાજકુમારને કહે ને એ રીતે મુકત થાય. આ બધા એક જ કથાઘટકનાં જુદાં જુદાં રૂપાંતરો છે.

અહીં, દ્રૌપદી જે રીતે વાસુકિના મૃત્યુનું રહસ્ય જાણે છે તે વખતની ક્રિયાઓ અને ઉકિતઓ ત્રિયાચરિત્રની કથાઓ તરફ સંકેત કરે છે. દ્રૌપદી ત્રિયાચરિત્ર કરી, વાસુકિને ભેળવી, એના મૃત્યુનું રહસ્ય જાણી લે છે.

૪. 'ધોફાં નં વાસંગ' ની આ પાંખડીમાં કર્ણકથા પણ સંકળાઈ ગઈ છે. આ કર્ણકથામાં કર્ણ પોતાના ખરા પિતાનું નામ જાણવા, પહેલાં પાલક માતા માતણને અને પછી જન્મદાત્રી કુંતાને મારી નાખવા સુધી જાય છે એવી કથાવિગત પુત્રને હાથે માતાની હત્યાની કથાઓ તરફ સંકેત કરે છે. અહીં પરશુરામ, ભલે પિતાના કહેવાથી, માતાની હત્યા કરે છે એ કથા સ્મરણમાં આવે.

આખરે કુંતા કર્ણને તે સૂર્યપુત્ર છે એ હકીકત જણાવે છે. કર્ણ એની ખરાઈ માટે નિશાની

માગે છે ત્યારે કુંતા, કર્ણને અગનપિછોડો અને મણિનો ગલોલો આપે છે. સૂર્ય જ્યારે કર્ણની પુત્ર તરીકે પરીક્ષા કરે છે ત્યારે એ કામમાં આવે છે. આમ બંને પદાર્થો પિતા – પુત્રના અભિજ્ઞાન માટે નિમિત બંને છે. અભિજ્ઞાનના કથાઘટમાં કોઈ ને કોઈ પદાર્થ કે ચિહ્નો ઉપયોગ થયેલો હોય છે.

૫. કર્ણ અગનપછેડો નાખીને ઉગતા સુર્યને ઢાંકી દે છે ને એમ સૂર્યનો માર્ગ રોકી રાખે છે. રામચરિતમાનસમાં તો હનુમાન સૂર્યને મીઠું ફળ સમજીને ગળી જાય છે. રામચરિત માનસમાં તો એક રીતે અતુલ પરાક્રમનો કથાઘટક કહી શકાય. ઘણીવાર તે પિતા – પુત્રની સંઘર્ષ કથાઓમાં રસ્તો રોકવાં (હનુમાન – ભીમ), પવન બાંધવો (રાવણ), નદી રોકવી (શિવ, જર્ભુઋષિ) સમુદ્રને બાંધવો (રામ), સમુદ્રનું પાન કરવું (અગસ્ત્ય), પર્વતને નમાવવો (અગસ્ત્ય) વગેરે ને આ કથાઘટકાનાં વિધિ રૂપાંતરો કહી શકાય. ઘણીવાર તે પિતા–પુત્રની સંઘર્ષ કથાઓમાં (આ કથામાં છે તેમ) પ્રયોજાય છે. લવકુશ, રામના અશ્વમેઘનો અશ્વ રોકે છે. જૈમિનીય અશ્વપર્વમાં બભ્રુવાહન પણ, અશ્વ રોકે છે. એ નિમિતે સંઘર્ષ થાય છે. સંઘર્ષ દરમ્યાન પિતાપુત્રને પરસ્પર અભિજ્ઞાન થાય છે.

૬. કર્ણ અને વાસુકિનો યુધ્ધસંઘર્ષ મનુષ્ય અને નાગ વચ્ચેના સંઘષની અનેક પુરાકથાઓ અને લોકકથાઓ તરફ સંકેત કરે છે. ખાસ તો 'ધોફાં નં વાસંગ' ના આ વિલક્ષણ કથાનકને કારણે સંસ્કૃત મહાભારતમાંથી અર્જુન અને તક્ષકની સંઘષકથાનો તેમાં સંકેત જોઈ શકાય. આ કથામાં તક્ષકને બદલે વાસુકિનાગ છે. અર્જુન અને તક્ષકનું વેર છેક ખાંડવદહન સમયથી ચાલ્યું આવે છે. ખાંડવદહન વખતે તક્ષકનો પરિવાર નાશ પામ્યો હતો. પોતે અનુપસ્થિત હોવાથી બચી ગયો. પછી એ અર્જુનને મારવાના અનેક પ્રયત્નો કરે છે કુરુક્ષેત્ર યુદ્ધ વખતે એ કર્ણના તીરના ફણા પર આવીને બેસે છે. કૃષ્ણ સમયસૂચકતા વાપરી રથને નમાવી દે છે એટલે એ વાર ખાલી જાય છે. આમ પેઢી દર પેઢી સુધી વિસ્તરેલી વેરવૃતિ સંદર્ભે 'ધોફા નં વાસંગ' કથાનકને તપાસી શકાય. આ કથાનક પાંડવકુળ અને નાગકુળ વચ્ચેના વેરનો સૂક્ષ્મ સંકેત કરે છે. એટલે ગ્રામીણ પરંપરાના ભાનુમતિ–અત્રિકના કથાનક કરતાં આદિવાસી પરંપરાનું આ કથાનક પુરાકથાને આગવી રીતે જાવળતું હોઈ વિશેષ સ્વીકાર્ય લાગે છે.

આ તો વૈરકથાની વાત થઈ. માનવજીવનનો બીજો રસપ્રદ પ્રદેશ કામકથાનો છે. 'ધોફાં નં વાસંગ' કથાનક મનુષ્યની કામવૃતિના અજાણ્યા ખૂણાઓ તરફ પણ અજવાળુ ફેંકે છે. 'રોમ – સીતમાની વારતા' માં કૈકેયી અને બાંડિયા નાગની ક્રીડાનું આલેખના થયું છે. માનવમાદા અને માનવેતર નરની કામક્રીડા એ કથાઘટક અતિ પ્રચલિત છે. એના અનેક રૂપાંતર મળે છે.

૧. ફાર્લસકૃત 'રાસમાળ'માં જગદેવ પરમારની કથા આવે છે. એ કથા માં સિદ્ધરાજની પત્ની સાથે કામક્રીડા કરવા રોજ રાતે એક દેવના આવે છે. જગદેવ તેને પકડી પાડે છે અને ફરીથી મહેલમાં ન આવવાનું વચન લે છે.

૨. આ કથાના રાજસ્થાની રૂપાંતરમાં સિદ્ધરાજની પત્ની સાથે રોજ રાતે કાળભૈરવ કામક્રીડા કરવા આવતો હોય તેવું આલેખન છે. અને (ભગવાનદાસ પટેલ દ્વારા સંપાદિત ભીલીવારતમાં કાળ ભૈરવના સ્થાને જગદેવનો જ અનુજ કામક્રીડા માટે આવતો હોય છે.) એ કથામાં પણ જગદેવ જ કાળભૈરવને યુદ્ધમાં હરાવી જાડેજી રાણીને ત્રાસમાંથી મુકત કરે છે.

૩. 'ગુણવર્મારાસ' કૃતિની નાયિકા રત્નાવલીને, કોઈ વિદ્યાધર નિચ્ય હરણ કરી વૈતાઢય પર્વત પર લઈ જતો. આખરે ગુણવર્મા, ચેટકે આપેલા દિવ્ય અંજનની સહાયથી અ[1]શ્યપણે વિદ્યાધરના વિમાનમાં બેસી વૈતાઢય પર્વત પહોંચે છે. ને વિદ્યાધરને શિક્ષા કરી રત્નાવલી ને મુકત કરે છે.

૪. 'પંચતંત્ર' માં 'સર્પ ને પરણનારી કન્યા' ની એક કથા આવે છે. કથાના અંત પ્રમાણે જેમાં એક રાત્રે સર્પ પેટીમાંથી પુરુષકારે બહાર નીકળી સ્ત્રીની શૈયા પર બેસે છે. સ્ત્રી અને પુરુષ જાણી જવા માંડે છે ત્યારે તે, તેનો પતિ હોવાનું જણાવે છે. એટલે સ્ત્રી પોતે પોતાના પતિ તરીકે સ્વીકારી રંગભોગમાં રાત ગાળે છે. સર્પનો બ્રાહ્મણ પિતા આ વાત જાણી જાય છે. ને એક તક જોઈને સર્પની કાંચળી બાળી નાંખે છે પછી એ પુરુષ રૂપે જ રહે છે.

મનુષ્ય સ્ત્રી સાથે અન્ય દેવતા કે પ્રાણીના મૈથનનું આલેખન કરતી આવી કથાઓ મળે છે. મનુષ્ય સ્ત્રી સાથે સર્પના મૈથનનું આલેખન થયું હોવાથી 'ધોફાં નં વાસંગ'નું કથાનક વિલક્ષણ બની રહે છે. આમ પણ, જીવસૃષ્ટિમાં સર્પયુગલની કામક્રીડા દૃષ્ટાંત રૂપ છે.

'ભીલોનું ભારથ' માં આવતી 'નારદ' નં કોરવો' ની પાંખડી એ 'સતનાં પારખાં' નું કથાનક બની રહે છે. મધ્યકાલીન ગુજરાતી મહાભારતની લિખિત પરથરામાં પણ આ કથાનક મળે છે. તેમાં નારદ ને સ્થાને દુર્વાસા છે. ('ગતરણા નં કુતમા' ની પાંખડીમાં સપ્તર્ષિ છે તો લિખિત પરંપરાના એક કથારૂપાંતરમાં પણ દુર્વાસા છે) આ કથાનકનાં મુખ્ય બે રૂપાંતરો પ્રચલિત છે.

૧. જેમાં અક્ષપપાત્રમાંથી કૃષ્ણ કૃપાએ ભાજી / તુલસી પત્ર નીકળે છે તે કથા

૨. સતના પ્રતાપે ગોટલીમાંથી આંબો ઊગે તે તત્કાળ કેરી આપે તે કથા

આ કસોટી કથામાં – કુંવારી ગાયને દુધવતી કરવી, ચંપાની ડાળીમાંથી હરિયોબાગ સજાવવો, ખાંડેલી ડાંગર રોપી, તેમાંથી ઊગેલી નવી ડાંગરનું ભોજન કરાવવું એવી – ત્રણ કસોટીઓ સાથે 'બાળેલી ગોટલીમાંથી આંબો ઉગાડી તત્કાળ કેરીઓ પકવવા' નો કથાઘટક પણ પ્રયોજાયો છે. આ કસોટીમાં સફળ થવા માટેના પણ બે વિરોધાભાસી ઉપાયો મળે છે એકમાં, પાંચે પાંડવો ને કુંતા માતા પોતાનું સત મૂકતા જાય ને એમ ક્રમશ, આંબો ઉગતો– વિકસતો જાય, ગોટલી થી પક્વ કેરી સુધીના આમ વિકાસનું આવું આલેખન કથાને રસપ્રદ બનાવે છે એમ આ કથા 'સતનાં પારખા' ની કથા બની રહે છે. જ્યારે બીજા રૂપાંતરમાં, પાંચે પાંડવો ને કુંતા માતા પોતપોતાના દોષો ને સ્ખલનો સ્વીકારે છે. ત્યારે 'પાપ તારું પરકાશ' ની જેમ આ કથાનક કબૂલાત કથા કન્ફેશન ટેલ બની રહે છે.

આ કથાનક પશ્રિમ ભારતથી તે પૂર્વ ભારત સુધી પ્રચલિત છે. રાજસ્થાનમાં આ કથા 'અંબારાસ' માં ગવાય છે તો ઈ. ૧૫ મી સદીના ઓડિયા કવિ સારલાદાસના મહાભારતમાં પણ એ મળે છે.

ઘણીવાર કંઠપરંપરાના કેટલાક, સાવ સાદા લાગતા, સંકેતો પણ કોઈ વિશિષ્ટ કે અવિશિષ્ટ કથાપરંપરાનો નિર્દેશ કરતા હોય તેમ બને. એવું પણ એક ઊદાહરણ જોઈએ તો જાણવા મળે છે કે એ મુજબ 'ભેંમ પોડવ' એ કથા પાંખડીમાં દુ:શાસન માટે 'કબીરો' એવો શબ્દ પ્રયોજાયો છે. આ શબ્દ મહાભારતની લિખિત પરંપરામાં આ 'કબીરો' શબ્દ જીગૂત માટે યોજાયો છે. જીગૂતવધની કથા સાથે લાક્ષા ગૃહના કથા પ્રસંગનો પણ સંબંધ જોડવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી મહાભારતની લિખિત પરંપરાની કૃતિ 'પાંડવાલા' (વીરચંદ અને રાઘવજી કૃત) અનુસાર લાક્ષાગૃહમાં આગ પુરોચન નહીં, દુઃશાસન લગાવે છે. એ વખતે 'એક માના પાંચ તન (પુત્ર) નો ભોગ 'એક માના સો તન' નો, ભોગ ધરાવવાની ચઢિયાતી માનતા માને છે એટલે અગ્નિ વચન લઈને પાંડવોને જીવતા છોડી દે છે. આ માનતામાં ગાંધારીના સો કૌરવપુત્રનો અગ્નિને બલિ ચડાવવાનો ભીમનો વિચાર સ્પષ્ટ થાય છે.

વલ્લભકૃત 'મહાભારતકથા'માં ભીમ આ પ્રસંગે 'પાંડવલા' કરતાં ત્રણ ગણો, 'ત્રણ માના ત્રણસો (દીકરા)'નો ભોગ ચડાવવાની માનતા માને છે. ભીમે માનતા પૂરી કરવાના ભાગરૂપે, અગાઉ નવ્વાણું કબીરા માર્યા હતા. (એનો માત્ર ઉલ્લેખ મળે છે, પૂરી કથા મળતી નથી.) ત્યારે જીવ બચાવીને એક કબીરો છટકી ગયો હતો. તે ભીમથી ભાગતો ફરતો હતો. આ બચી ગયેલો કબીરો એ જ જીમૂત અજ્ઞાનવાસ દરમ્યાન, દુર્યોધન પ્રેરિત આ જીમૂત પાંડવવોની શોધ કરતો હતો. તે શોધતો શોધતો વિરાટનગરમાં આવે છે. અગ્નિની કૃપાથી ભીમને, બીજા સો કીચક ભાઈઓ પણ વિરાટનગરમાં મળે છે અને સો કૌરવો તો પહેલેથી હતા જ. આમ સો કબીરા, સો કીચકો અને સો કૌરવો એમ કુલ 'ત્રણ માતા ત્રણસો પુત્રો' નો ભોગ ધરાવવાની ભીમની માનતા મહાભારત યુદ્ધને અંતે પૂરી થાય છે. લિખિત પરંપરાનું આ વિલક્ષણ કથાનક મહાભારતની કોઈ લોકપરંપરાની કથામાંથી લેવામાં આવ્યું છે તે સ્પષ્ટ છે. 'ભીલોનું ભારથ' માં વનવાસ કે અજ્ઞાનવાસની કથા એટલે દુઃશાસનનો ઉલ્લેખ કબીર તરીકે કરવામાં આવ્યો હશે તેવી પણ આમાં ધારણા કરી શકાય.

'ભીલોનું ભારથ' એ કંઠ પરંપરાની કૃતિ છે. કંઠ પરંપરામાં કૃતિની પ્રસ્તુતિ વખતે કેટલીક વિશિષ્ટ પ્રવિધિઓ અને પ્રયુક્તિઓ ખપમાં લેવાતી હોય છે. યુગોસ્લાવિયાનાં મૌખિક મહાકાવ્યો નો અભ્યાસ કરીને ડો. સ્મિથે તેમજ બોર્ડ પેરીએ, કંઠ, પરંપરાની કૃતિ વિષયક મુખ્ય ત્રણ તારણો આપ્યા છે.

૧. આ મૈખિક મહાકાવ્યોનો પાઠ તદ્દન પ્રવાહી હોય છે.

૨. આ કાવ્યનો કથક કે ગાયક, કૃતિની પ્રસ્તુતિ કરે ત્યારે તે નવી કડીઓ કે કાવ્યખંડો રચતો અને જોડતો જાય છે. આમ આ કથક – ગાયક પધકાર પણ હોય છે.

૩. આ પ્રકારની રચનામાં, રૂઢ શબ્દજૂથો અને ભાષા રૂપો તથા નિશ્ચિત વર્ણ્ય સામાગ્રી સ્મૃતિ

સહાયક બને છે.

આ તારણોને આધારે કહી શકાય કે કંઠ પરંપરાની કૃતિના પ્રયોગમાં સ્મૃતિમાં સચવાયેલ તરના કૃતિપાઠ એટલે કે floacting text અને રૂઢ શબ્દજૂથો એટલે કે formulas બે મહત્વની પ્રયુકિતઓ છે. 'ભીલોનું ભારથ' માં આ પ્રયુકિતઓ કંઈ રીતે પ્રયોજાઈ છે તેના થોડાં ઉદાહરણ નીચે મુજબના છે.

સૌપ્રથમ formulas ના થોડાક ઉદાહરણો જોઈએ – વાદળિયા મેંલ, દૂધ્યિા દેવળ, કલમ કચેરી ને અમલિયાં કેસર, હરિયા બાગ ને ખાંડા સરોવર, હીરકાનિયું ધોતિયું કે પીતમ–ધોતિયાં, વીદ વાગલિયા ને સોળૈયા શણગાર, ભમ્મર ઢોલિયા, હીરખ તળાઈ રૂવેલ હીરખી માળવિયો ગોળ – ભાદરવી ઘી –મશરૂ ખાંડ – દેવગરા થાળ; અમીના હંસા – કણિયોરની કાંબ, મરવાની ઉઢાણી – કાસીના ઘડુલા, સાંગી ઢોલ – વીજણાહણ ખાંડુ, વાજમી વેલ, ભમર શિલા વગેરે.

'ભીલોનું ભારથ' માં પ્રયોજાયેલ બે શબ્દ ખાસ ધ્યાન દોરે છે.

૧. અસનાપુર અને ૨. ઝુહાર મુજરો હારે. 'પાંડવલા' માં હસ્તિનાપુર માટે હસનાપુર નામ યોજાયું છે અહીં, અસનાપુર નામ એને મળતું છે. આ બંને શબ્દ પ્રયોગમાં મુસ્લિમ શાસનનો પ્રભાવ જોઈ શકાય તેવું જાણવા મળે છે.

'ભીલોનું ભારથ' તેની કેટલીક પાંખડીઓમાં જે કથા કહે છે તેનું અનુસંધાન મહાપથ સાથે જોડાયેલું જોવા મળે છે. આગળના મુદાઓમાં જોઈ ગયા તે રીતે ભીલોમાં ચાલતી બીજ ધાર્મિક અનુષ્ઠાનની ક્રિયા રૂપે ધુળાનો પાટ – જ્યોત ઉપાસના થાય છે તે મહાપથની પાટ ઉપાસના – જયોત આરાધના સાથે વિધિ, ક્રિયા મંત્રની દૃષ્ટિએ ઘણું જ સામ્ય ધરાવે છે તેઓ શિવ પાર્વતીથી માંડી ગુરુને ચરણે સર્વસ્વનું અર્પણ કરીને પાટ – ઉપાસના જયોત આરાધના કરે છે શિવ – શકિતને આધ અને આધા માનીને તેને નિર્ગુણ – નિરાકાર રૂપે ઉપાસના કરવામાં આવે છે. તેનું પ્રતીક એ જ્યોત છે. તેમાં ગુરુમુખી નામ – વચનની સાધના શ્વાસ – ઉચ્છ્વાસની ક્રિયા સાથે અનુસંધાન કરીને કરવામાં આવે છે.

સૌરાષ્ટ્રની લોકજાતિઓમાં આ મહાપંથની ઉપાસના અનેક ફાંટાઓ દ્વારા જીવંત છે. જેમ કે વીસોપાટ, દાસોપાટ, રામદેવપીરનો પાટ, શિવશકિતનો પાટ, મહાકાલીનો પાટ,

પંચમિયો પાટ, શંખઢાળનો પાટ, બારપોરો પાટ, આ પાટ ઉપાસના ખોજા જ્ઞાતિમાં પણ ચાલી રહેલ છે. અને એ જ ઉપાસના વિધિઓ ઘણે બધે અંશે સામ્ય ધરાવતી આદિવાસી – ડુંગરી ભીલ જેવા જંગલમાં વસવાટ કરતા આદિમ સમાજમાં ચાલી રહેલ છે. એટલે આ ગૂઢ – ગુપ્ત સાધના ધારા પ્રાચીન અને લોકસમુદાયમાં જીવંત જોવા મળે છે.

આપણા શાસ્ત્રગ્રંથો વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવતમાં ઋષિઓને અંતઃપ્રજ્ઞા જે પરસતત્વનો સાક્ષાત્કાર કે અનુભૂતિ દર્શન થયું તે આર્ષવાણી દ્વારા વ્યકત કરેલ છે. તેમાં જ્ઞાનચર્ચા શાસ્ત્રબદ્ધ અને વેદાંત સાથે જોડાયેલી છે. નર્ક અને બુદ્ધિવાદ તેમાં પડેલો છે. પરંતુ સમાજમાં આ જ્ઞાની, શિક્ષિત તર્કવાદીઓનો વર્ગ નાનો હતો જ્યારે સામાન્ય લોકસમુદાય નિરક્ષર હતો, શાસ્ત્રોનો તેમને અભ્યાસ ન હતો. તેમણે તો ભજનભરોસે, ગુરુના વિશ્વાસે નામસ્મરણ કર્યુ. ભાવભકિત અને ગુરુમુખી મંત્રથી પ્રાણયામ ષટ્ચક્રભેદન અને સહજયોગ સિદ્ધ થયો છે. આ ગામડામાં રહેતા અભણ ભજનિકોની વાણીમાં જ્ઞાન, યોગ અને રહસ્યોની ત્રિવેણી સંગમ આપણને આશ્ચર્ય ચકિત કરે તેવો છે. આ મહાપંથની વાણીમાં, તેના મંત્રમાં, ગૂઢ ભેદમાં, ક્રિયાયોગમાં આ બાબતો જોઈ શકાય છે.

પ્રાચીન મધ્યકાલીન અને અર્વાચીન ભારતીય ભાષાઓની પાંડવ કથાઓમાં ભીલી વાડ્મયનું આ સંશોધન – સંપાદન માત્ર ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિએ જ નહીં બૃહદ્ ભારતની લુપ્ત થતી અનેકવિધ લોકવિધાઓના અભ્યાસુઓ માટે બહુમૂલ્ય ખજાનારૂપ છે.

## ‘‘ભલોનુ ભારથ’’ લોકમહાકાવ્યની સમિક્ષા’’

### ૧. શાંતનુ અને ગંગા :

એક દેડકો ગંથા તીરથ કરવા જતો હતો. રસ્તે મોટું શહેર આવ્યુ દેડકો બજારે ગયો. બજારમાં ગાયોનું ધણ આવ્યું. દેડકો નાસી શકયો નહીં. ગાયોના ધણે દેડકાને કચડી નાખ્યો. દેડકો મૃત્યુ પામ્યો. દેડકાનો આત્મા (અંશ) વાંઝિયા વાણિયાની વહુમાં ગયો નવ મહિને નવ દિવસે વાણિપણને દીકરો અવતર્યો. દીકરો મોટો થયો. હોશિયાર થયો. વાણિયાનો દીકરો મનમાં વિચાર કરવા લાગ્યો, ‘‘ઘેર રહીને શું કરું ? નોકરીએ જાઉં. કોની નોકરી કરું ? નોકરી કરું તો મોટા લોકની કરું. સૌથી મોટો ઈન્દ્ર છે. નોકરી કરું તો ઈન્દ્રની જ કરું !’’ વાણિયાનો

દીકરો ઈન્દ્રપુરીમાં ગયો. ઈન્દ્રે પૂછયું “તું કેમ આવ્યો છે ?” વાણિયો બોલ્યો, “હું નોકરી કરવા માટે આવ્યો છું.” ઈન્દ્ર બોલ્યો “તારું દૂધ કયું છે ?” હું વાણિયાનો દીકરો છું.

ઈન્દ્રે વાણિયાને નોકરીએ રાખ્યો. તેને હોશિયાર કર્યો. એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો. વાણિયો ચબુતરે દાતણ કરવા બેઠો છે. આ સમયે એક વાલ્મીકિ સ્ત્રી બજાર વાળવા માટે આવી. દાતણ કરતાં કરતાં વાણિયો વિચાર કરે છે, “આને ધરમની બહેન બનાવું, પણ તેને દાનમાં શું આપું ? વાણિયાએ વિચાર કરીને સાવ સોનાના કપડાં ઓઢાડ્યાં. વાલ્મીકિ સ્ત્રી ધરમની બહેન થઈ. આ કપડાં પહેરીને એક દિવસ ભંગિયણ ઈન્દ્રપુરીમાં બજાર વાળવા માટે આવી. ઈન્દ્ર વાદળ મહેલથી બહાર નીકળ્યો. તેણે ભંગિયણે પહેરેલાં સોનાના કપડાં જોયા ઈન્દ્ર વિચારે છે, “આવાં સાવ સોનાનાં કપડાં તો ઈન્દ્રાણી ઓઢે પણ આ વાલ્મીકિ સ્ત્રી સોનાનાં કપડાં કયાંથી લાવી ? ઈન્દ્રે તે સ્ત્રીને પૂછયું, “તું આવાં કીંમતી કમડાં કયાંથી લાવી ?” તારા ચાકરે ઓઢાડ્યાં છે. મને ધરમની બહેન કરી છે ! ઈન્દ્રે કહયું “ભલે ! ઈન્દ્ર ત્યાંથી જતો રહયો.

ઈન્દ્રપુરીમાં કચેરી ભરાઈ છે. બધા દરબારીઓ ‘ગરમી ગરમી’ (દર્પથી ભરેલી) વાતો કરે છે. ઈન્દ્ર કચેરી વચ્ચે બોલ્યો, “દરબારીઓ મારી વાત સાંભળો. પેલી ભંગિયાણને સોનાનાં કીમતી કપડાં કોણે આઢાડયાં છે ?” વાણિયો બોલ્યો, “મેં ઓઢાડયાં છે ?” ઈન્દ્ર કહે, “તેને મોટો દરબારી બનાવ્યો અને તું મારી ઉપરવટ જાય ? આવા કપડાં તો મારી ઈન્દ્રપ્રાણી ઓઢે ! તું મારા દરબારમાં જ જોઈએ, અહીંથી જતો રહે.” વાણિયો કહે, “ભલે મને કાઢી મૂકો તો કંઈ વાંધો નહીં પણ મને આટલા વર્ષનો પગાર થયો હશે !” ઈન્દ્ર બોલ્યો, “મોટા દરબારી વાણિયા એક ગાડું અને બે બળદ લઈ આવ. વાણિયો બળદ અને ગાડું લઈ આવે છે. ઈન્દ્ર માણું (ડુંગરી ભીલોનું અનાજ માપવાનું લાકડાનું પાત્ર) લઈ રૂપિયા ભરવા લાગ્યો. બધા રૂપિયા કોથળામાં ભર્યા. “આ તારો પગાર પૂરો થયો. હવે અહીંથી જતો રહે, “હું આટલો બધો ધનમાલ લઈને શું કરુ ? અડધું ધન ખર્ચી ગંગા તીરથ કરી ઘેર જાઉં.” વાણિયો ગંગાજી જવા લાગ્યો છે. રસ્તામાં વનખંડ આવ્યું. વનમાં જતાં જતાં એક બળદ મરી ગયો વનખંડમાં વાણિયો નિરાશ થયો. અને સૂર્ય ભગવાનને અરજ કરવા લાગ્યો, “ભલા ભગવાન ! વનખંડમાં છું વનમાં હું શું કરું ? દયાળું દેવ સૂર્ય, મારો બળો ભાગી ગયો છે ! અરજ સાંભળીને વનમાં મારી મદદે આવો, મારી ભીડ ભાંગો.” વાણિયાની અરજ સાંભળીને સૂર્યદેવ વનખંડમાં આવ્યો. વાણિયાના સમાચાર લીધા અને કહેવા લાગ્યા, “વાણિયા મને કેમ યાદ કર્યો ?” “આ વનખંડમાં મારો

બળદ મરી ગયો છે. નિર્જન માર્ગમાં હું માતાનોયે નથી રહ્યો અને બહેનનોયે નથી રહ્યો ! એટલા માટે તમને પ્રાર્થના કરી છે.'' સૂરજદેવ કહેવા લાગ્યા. ''તું વચનમાં બંધાઈશ ?'' વાણિયો વચનમાં બંધાયો. ''આ ગાડામાં તું જે માલ લાવ્યો છે તેમાંથી અડધો મારો ભાગ.'' વાણિયે શરત સ્વીકારી છે. સૂરજદેવ બળદને સાજો કરે છે. વાણિયો ગાડું જોડીને કહે છે, ''વાણિયો, ગાડું લઈને  બીજા માર્ગે જવા લાગ્યો છે. આગળ જતા મારગ વચ્ચે સૂરજદેવ સામા મળ્યા. વાણિયાને જોઈને કહે છે, વાણિયા, મારો ભાગ ? વાણિયો બોલ્યો, ''દેવ મારાથી એક ભૂલ થઈ છે. તમારા ભાગનો અને મારા ભાગનો બધો જ માલ ગંગામાં પધરાવીને આવ્યો છું.'' સૂરજદેવ બોલ્યા, ''છટ્ શિયાળિયા ! મારા ભાગનો માલ તો લાવવો હતો ?'' સૂરજદેવના શાપથી વાણિયો શિયાળ થઈ ગયો. બળદ સાબર અને સૂવર થઈ ગયા. શિયાળ ચોપગો થઈ વનમાં બોર શોધી ખાવા લાગ્યો.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો. શિયાળ નદીએ પાણી પીવા ગયો. તેરમા પાતાળમાંથી ગંગા બહાર આવીને નહાવા લાગી છે. તે હોળીની જવાળા જેવી લાગે છે. હાથે સોનાનો ચૂડો ચળકે છે. સ્નાન કરતી ગંગાને શિયાળ જોઈ ગયો. કાસ (નદીના પાણીમાં ઉગતું ઘાસ)ના ઝુંડમાં છુપાઈને બેઠો બેઠો ગંગાના રૂપને જોવા લાગ્યો, ''અરે આ તો ગંગા છે !'' શિયાળ બોલ્યો, ''એ...ગંગા ! એ...ગંગા !'' ગંગા કહે છે, તું કોણ છે ?'' શિયાળ બોલ્યો હું શિયાળ છું ! મને પરણવું છુ ?'' ગંગા વિચારે છે, ''જન્મે તો શિયાળ છે, અને મને પરણવું છે !'' ગંગા નહાય છે અને શિયાળ બોલ બોલ કરે છે. ગંગા ખીજાય છે. હાથમાં એક પથ્થર લઈને શિયાળને મારે છે. શિયાળની આંખ ફૂટી જાય છે. આથી શિયાળ ને ખારું (કડવું) લાગે છે. શિયાળ કહે, ''તેને નહીં છોડું, તારે મારું ઘર બાંધવું નહોતું તો કંઈ નહીં પણ તેં મારી આંખ કેમ ફોડી ? હવે તને કોઈ ઉપાયે નહીં છોડું ! ગંગા ત્યાંથી ભાગી અને દોડતી–દોડતી મેર–સિમેર (મેરુ–સુમેરુ) પર્વત માથે ચાલી ગઈ. મરે–સિમેર પર્વત ઉપર ગંગાના ગુરુ સરસાંખર ધૂણી ધખાવીને બેઠા છે. ગંગા તેમની પાછળ જઈને સંતાઈ ગઈ ગુરુ બોલ્યા, ''બેટા તું કેમ આવી ?'' ગંગા બોલી, ''ગુરુ, હું નાહતી હતી. અને બાજુના કાસના ઝુંડમાં છુપાઈને એક શિયાળ મને જોતો જોતો બોલતો હતો, 'ગંગા તું મારું ઘર બાંધ ! તું મારું ઘર બાંધ ! આથી મને ગુસ્સો ચડયો, અને મેં તેને એક પથ્થર માર્યો. એનો એક ડોળો ફૂટી ગયો. શિયાળ મને કહેવા લાગ્યો, મારી આંખ કેમ ફોડી ? હવે હું તને નહીં છોડું, આથી ભાગીને તમારા શરણમાં

આવી છું.'' આમ કહી ગંગા ગુરુજીના વાસામાં છુપાઈ જાય છે, અને બેઠી બેઠી હીરા–મોતી પરોવવા લાગી છે. થોડીવાર થઈ અને શિયાળ ગંગાના પગલે પગલે મેર–સિમેર પર્વતના માથે આવે છે. ગંગાના ચરણચિન્હ્ ખૂટ્યાં અને શિયાળ ઉભો રહયો. શિયાળ કહેવા લાગ્યો, ''ગંગા ધૂણીમાં છૂપાઈ છે પણ તારો કેડો નહીં જ છોડું !'' ગુરુ સરસાંખર કહે, ''બેટા, કોણ બોલે છે !'' ગંગા બોલી, ''ગુરુ પેલું શિયાળવું બોલે છે, ગુરુ બોલ્યા ગંગા, ભસ્માકાંકણ શિયાળની સામે ધર,'' ગંગાએ શિયાળની સામે ભસ્મકાંકણ ધર્યુ. શિયાળ બળીને ભસ્મ થઈ ગયો. સરસાંખર બોલ્યા, ''શિષ્યા, આને જલદી પવિત્ર કરી આવ. તેની રાખને ચૂંદડીના પાલવે બાંધીને ગંગાકિનારે જા; પધરાવીને પવિત્ર કરે.

ગંગા શિયાળની રાખ ચૂંદડીના છેડે બાંધી ગંગામાં ધોવા ગઈ. પાણીમાં પધરાવી તો રાખ બોલી, ''તું મારી પત્ની હતી માટે તો મને ગંગામાં લઈ જઈને પવિત્ર કર્યો !'' રાખ પધરાવીને ગંગા તેરમા પાતાળે ચાલી ગઈ. રાખનું સાલ નામનું વૃક્ષ ઊગ્યું. મોટા ડાળાં આવ્યાં ; મોટાં પાન આવ્યાં. ડાળીઓ ગંગા તરફ નમવા લાગી. વૃક્ષ બોલ્યું, ''ગંગા, તું મારી પત્ની છે માટે તો તું મારા હાથ–પગ ધૂએ છે !'' ગંગા વિચારે છે, ''આતો અવળી વાત થઈ !'' વૃક્ષનો નાશ કરવાના નિર્ધાર સાથે ગંગા ભારે પૂર સાથે ઊમટી ગંગામાં પુષ્કળ પાણી આવ્યું. વૃક્ષને ખોદીને પાણીમાં નાખી દીધું. વૃક્ષ મોટા ધરામાં તરે છે. વૃક્ષ બોલ્યું, ''તું મારી પત્ની છે માટે તો મને તારા ઉપર આનંદથી તરાવે છે ! તું મને લાડ કરાવે છે !'' ગંગા ફરીને ઊમટી અને વૃક્ષને પાણી બહાર ફેંકી દીધું. વૃક્ષ કિનારે પડી રહયું.

બાર વર્ષ થયાં. ગંગાના ગુરુ સરસાંખર મેર–સિમેર પર્વત ઉપરથી ગંગ નહાવા આવ્યા. સાલના વૃક્ષ પાસે આવીને ઊભા રહયા. ગુરુએ વૃક્ષને ચીપિયો અડાડયો અને બોલ્યા, ''ચેત અગનદેવ ચેત !'' તરત જ થડમાંથી અગ્નિ સળગવા લાગ્યો અને વૃક્ષના થડમાંથી સતકુંવર (મહાભારતનો શાંતનુ રાજા) બેઠો થયો.

ગુરુ બોલ્યા, ''બોલ શાન્તનું બોલ.'' શાન્તનું બોલ્યો, ''ગુરુ તમારી ધૂણીએ લઈ જાઓ.'' સતકુંવર સરસોખર ગુરુની ધૂણીએ ગયો.

મેર–સિમેર પર્વત પર કુંવરે એક મોટું ધનુષ્ય બનાવ્યું. ધનુષ્યથી હોલા અને તેતર મારીને ગુરુની ધૂણીમાં નાખવા લાગ્યો. ગુરુ બોલ્યા ભાઈ, પક્ષીઓ મારવાથી મોટું પાપ લાગે !

શાન્તનુ બોલ્યો, ‘‘બાપુ હું મહાન પાપ કરવાનો જ ! તમે સતવચન આપો તો જ હું પાપ નહીં કરું.’’ ગુરુ સતવચન આપવા લાગ્યા. ગુરુ બોલ્યા ‘‘ વાચા વાચા, અમર વાચા, બ્રહ્મવાચા, વાચા ચૂકું તો ઊભો સૂકાઈ જાઊં ! શાન્તનુ બોલ્યો, ‘‘ગંગાના ગુરુ તમે વાચામાં બંધાઈ ગયા ! ગુરુ બોલ્યા, ‘‘હા, બંધાઈ ગયો.’’ તમારી ચેલી ગંગા સાથે મને પરણાવો. સરસાંખર વિચારમાં પડી ગયા. તેઓ કહેવા લાગ્યા, ‘‘શાન્તનું આ સિવાય બીજું કંઈ માંગ, ‘‘શાન્તનું કહે, ‘‘મારે બીજું કંઈ જોઈતુ નથી. સરસાંખર ગંગાઘાટ ગયા. ઘાટે જઈ ઊભા રહયાં. ગંગા તેરમા પાતાળથી બહાર આવી. સરસાંખરની પ્રદક્ષિણા કરી ; ગુરુને નમસ્કાર કરીને ઊભી રહી. ગુરુ બોલ્યા, ‘‘વાચા વચન આપે તો જ બોલું !’’ ગંગા બોલી, ‘‘વાચા વાચા, અમર વાચા ! બ્રહ્મવાચા ! વાચા ચૂકું તો ઊભી સુકાઈ જાઉં !’’ સરસાંખર બોલ્યા, ‘‘ગંગા હું પણ તારી જેમ વાચા – વચનમાં બંધાઈ ગયો છું. શાન્તનું તને પરણવા ઈચ્છે છે.’’ ગંગા વિચારમાં પડી ગઈ અને ગુરુને કહેવા લાગી, તમારે આવું નહોતું કરવું જોઈતું. તમે ગુરુ છો અને હું ગુરુનો બોલ લોપી શકતી નથી. તેનું ઘર બાંધુ તો ખરી પણ વચનમાં બંધાય તો જ તેને પરણું.’’ ગુરુ બોલ્યા, ‘‘શાન્તનુ ગંગાના વચનમાં બંધાઈશ ?’’ ગંગા મને પરણે તો તે કહે તેમ હું કરવા તૈયાર છું.’’ શાન્તનું વાચામાં બંધાયો. ગંગા બોલી, ‘‘મારા પેટે દીકરો કે દીકરી જન્મે તો સમાચાર લઈને તારા હાથે ગંગા ઘાટ પધરાવીશ ? મારામાં જ દીકરો – દીકરીને પધરાવીને તારે પાછા આવવું પડશે ! સતરાજા વાતા વચનમાં બંધાયો.

ગંગાએ શાન્તનુ રાજાનું ઘર બાંધયું છે. રાજા શાન્તનું અને ગંગાદેવી દૂધિયાદેવળે રાજ કરે છે.

એક દિવસનો‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’ નો મહાજોગ આવ્યો છે. ‘આગલી અગારું’ અને ‘પાસલી પસારુ’ રાત થઈ છે. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. કેશરવર્ણા (રજસ્વલા થવું) કપડાં આવ્યાં છે રાણીના મને વિચારોના વમળો આવે છે.

ગંગા શણગાર સજવા લાગી છે અને દાસીઓને સાદ દેવા લાગી છે. દાસીઓ ઝબકીને ઢોલિયામાંથી બેઠી થયા છે અને માથું ખંજળવાતી રાણી સામે ઊભી રહે છે, ‘‘સતી, કવેળાએ કયા કામ માટે અમને જગાડી ?’’ દાસીઓ વિલંબ કરવાથી મોડું થશે. સૂરજ ઊગી જશે તો ખોટું થશે. તમે એક જોડી કપડાં લો.’’ રાણીના કહેવાથી છોકરીઓ ઝડપથી તૈયાર થવા લાગી. રાણી સુહાવની મોજડી પહેરી ‘ધરમર’ વાદળમહેલ ઊતરવા લાગી છે. તેણી લાંબી ફાળે અને છોટે

ડગલે દરિયે આવવા લાગી છે. વાડે જાનવર બોલવા લાગ્યા છે ગંગા દાસીઓ સાથે સમુદ્રની પાળે આવે છે. હારચીર ઉતારે છે. સુહાવની મોજડી કાઢે છે. અંબોડો છોડી માથામાં 'અમલિયાં કેસર' ચોળે છે. રાણી અને દાસીઓ જળમાં સંતાકૂકડીની રમત (ડોળા કાલવા) રમવા લાગી છે.

પીળાં પ્રભાત થયાં છે. પૃથ્વીનો સ્વામી (ધણી) સૂર્ય ઊગવા લાગ્યો છે. રાણી ખુલ્લા (શ્વેત) સ્તને (ખુલ્લી છાતીએ) પાણી બહાર આવે છે. દાસીઓ કોરા વસ્ત્ર આપવા લાગી છે. ગંગા છાતી પ્રમાણે કાંચળી પહેરે છે અને કેડ પ્રમાણે ચણિયો પહેરવા લાગી છે.

રાણી ઝીલી – નાહીને છોકરીઓના વૃંદમાં જવા લાગી છે.

ગંગાદેવી 'ઘરમર' વાદળમહેલ ચડે છે. મહેલમાં આવી સૌળૈયો શણગાર સજે છે અને રાજાને કહે છે, "ચાલ રાજા, આપણે આંબાવાડીમાં જઈએ ; વાડીની ખબર લઈ પાછાં આવીએ."

રાજા પીળાં પીતાંબર (પિતમ ધોતીરાં) પહેરે છે. વીદ વાગલિયા (વરરાજાના જેવા કીમતી વસ્ત્રો) પહેરે છે. સોનાનો મુગટ માથે મૂકે છે. મોતીના હાથ પહેરે છે. સોનાની નાગફણી મોજડી પહેરે છે અને હાથમાં કેસર કસ્તુરીની કૂંપી લે છે. રાણી સાથે 'ઘરમર' વાદળમહેલ ઊતરે છે. રાજારાણી હરિયાબાગ નજીક આવવાં લાગ્યાં છે. આંબાવાડી 'ફૂટરી' લાગે છે. માળવી આંબાની 'આખ' પાકી છે. રાજારાણી બાગમાં ફરતાં ફરતાં હવા ખાય છે, ચંપાની છાયામાં બેસે છે. તનમનની વાતો કરતાં કરતાં બંને આંબાવાડીમાં બપોર ગાળે છે.

રાણી સોહામણી તાંબાકુંડીએ પાણી મૂકે છે. તેણી રાજાને કહે છે, "રાજા સ્નાન કરવાનો સમય થયો છે." શાન્તનુ રાજા (સતરાજા) સોહામણી કુંડીએ નાહવા જાય છે. પહેરવેશ ઉતારે પલોઠી વાળીને નહાવા લાગ્યો છે. રાજા ગળામાં હાર પહેરે છે. માથાના કેસ હોળે છે.

ગંગા પાંચપકવાન ભોજન કરી સોનાની થાળીમાં શાન્તનુને જમાડે છે રાણી માથાના કેશ હોળી સેંથી વચ્ચે સિંદૂર પૂરે છે. સૌળૈયો શણગાર સજી ભમ્મર ઢોલિયો ઢાળે છે. સતી કેસર–કસ્તુરી સેજમાં છાટવા લાગ્યાં છે. સેજમાંથી કસ્તુરીના ભપકા ઊડે છે. સેજમાં આછાં આછાં ફૂલડાં પાથરવા લાગ્યાં છે. નવી રાણી અને યુવાન રાજા છે. રાજારાણી 'સોથારિયા દાવ' (ચોપાટની રમત) ખેલે છે. દાવ ચડે છે, દાવ ઊતરે છે. જોગી સૂતા છે અને ભોગી જાગે છે. એક

સોડે સૂઈ રાજારાણી રસભોગ માણે છે. આગલી આગરુ અને સ્વામી બહાર આવી રહયો છે. કૂકડે રાતનું સ્થાન છોડી દીધું છે. સોહામણો સૂરજ ઊગ્યો છે. રાજારાણી ઊગતી સૂરજ વંદે છે. દાતણ–કોગળા કરે છે. રાણીના આંધળા કોઠામાં જોખમ ઊભું થયું છે ઊબકા આવે છે અને ઊલટી થાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. રાણીને દિવસો સારા જવા લાગ્યા છે, પૂરા નવમહિના અને નવ દિવસે સુંદર કુંવરને જન્મ આપ્યો છે. કુંવરનું મુખ પૂનમના ચંદ્ર જેવું છે નાક દીવાની રાગ જેવું છે. નયન ખાંડાની ધાર જેવાં છે. રાજા ઊભો ઊભો વિચાર કરે છે બાળકને મારીશ તો બાળહત્યા લાગશે પણ વચનથી બંધાયેલો છું.'' બાળકને ગંગામાં એક શિલા પર પછાડી વાદળમહેલમાં પાછો આવે છે. રાણીને પહેલે ખોળે ગાગેય (ગગીવર) જન્મયાં. પછી ચિત્રવીર્ય (સેતર) જનમ્યો. તેની પાછળ વિચિત્રવીર્ય (વિહાગ) જનમ્યો. બધા જ કુંવરોને રાજા ગંગામાં પધરાવી આવ્યો.

બધાની પાછળ એક છોકરી જન્મી. ગંગા કહે છે, ''રાજા બાળકી મારી નજરે પડવા દઈશ નહીં. તારુ કર્મ તું જ કરશે.'' રાજા રૂપેલ બાળોતિયામાં બાળકીને વીટીંને પગથિયે પગથિયે ઊતરી લાંબી ફાળે અને છોટે પગલે નગર બહાર આવે છે. લોકો કહે છે, ''સતરાજા, બધાનો ગંગામાં પધારાવીશ તો વૃદ્ધ થયા પછી કોના ઘેર જઈને બેસીશ ? શાન્તનુ રાજા મારગે જતાં વિચારે છે, ''લોકોની વાત સાચી છે, ''રાણી વાદળમહેલમાં છે, તેણી અહીં કયાં જોવાની છે ? બાળકીને મારીશ તો જગતમાં ખોટું થશે.'' રાજા મારગે મારગે ગરગર સતિયાના ઘેર જવા લાગ્યો છે. ''લાંબી નજરે ગરગર સતિયો રાજાને જોવા લાગ્યો છે. ગુરુ પાંચ ડગલાં આગળ આવીને રાજાને 'રામ રામ' કરી આસન આપી બેસાડે છે. બંને સુખદુઃખની વાત કરે છે. રાજા ગંગા સાથે વચનમાં બંધાયા પછી પોતાની થયેલી મનોદશાની વાત કરે છે અને ગુરુને બાળકી સોંપી મારગે મારગે દૂરિયે દેવળે આવે છે. સામે ગંગા મળે છે.

ગંગા સત રાજાને કહે છે, ''રાજા, રતનાગર દરિયે નાહવા જાઉં છું. પાછી આવું છું.'' સતી દરિયાની પાળે આવે છે. નાહીને સમુદ્રને વંદન કરે છે. ગંગા સત્યનાં પારખાં કરવા જવની કયારીઓ કરે છે. એકપગે ઊભી રહી ભગવાનને અરજ કરે છે, ''તું સતિયાંની મદદ આવજે.'' રાણી સાચ જૂઠના પારખાં કરવા જવાર જોવા લાગી છે. કેટલાક જવારા સુકાયેલા નજરે પડે છે. ગંગા નવચાંણ જોઈને પાછી વાદળમહેલે આવે છે.

સતી દાસીઓને કહે છે, ''તમે સોનાકુંડીએ પાણી ગરમ કરી રાજાને ઝીલારો.'' બીજી દાસીઓને આદેશ આપે છે કે ''તમે કેસર – કસ્તુરીનું તેલ લેતી આવો. દાસીઓ કેસર – કસ્તુરીનું તેલ લાવે છે. અને રાણીના માથમાં નાખી સાોનાની કાંસડીએ વાળ હોળે છે. રાણી ઊભી પાંગીએ સિંદૂર પૂરી સૌળૈયો શણગાર સજે છે.

ગંગા પાંચ પકવાન ભોજન બનાવી સોનાના થાળમાં પીરસે છે અને રાજાને હાથમાં લોટો આપી કહે છે, ''રાજા ,તમે પહેલાં ભોજન જમો.'' રાજા હાથપગ ધોઈ ભમ્મર ઢોલિયે જાય છે અને ગંગા સીત ભોજન જમાડતાં કહે છે, ''સતિયા, સાચું બોલ, તેં આપણાં કેટલાં કેટલાંક સંતાન માર્યા છે ?'' રાણી, તાર ભાઈભાડુંને પથ્થર પર પછાડી ને માર્યા છે.'' રાજાના જૂઠાં વચનથી રાણીની છાતીમાં શેરડો પડે છે, ''રાજા, હું પધરાવીને આવ્યો છું.'' ગંગાએ તરત જ ત્રણ તાળીઓ પાડી અને પ્રત્યેક કુંવર આવીને ભો રહયો. ગંગા કહે છે, ''રાજા, કુંવરી કયાં છે ? તું કુંવરીને પધારાવીને આવ્યો હોત તો તે અહીં પ્રગટ થાત. રાજા, તું જૂઠો છે. હવે તારા અને મારા સંબંધ છૂટ્યા ! દીકરા, તમે ખાજો પીજો અને રાજ કરજો ! હું વચનમાંથી મુકત થઈ.'' રાજા કહે છે, ગંગા, મારી ભૂલ થઈ. હું તને છોડી શકતો નથી. ''રાજા, તું મને છોડી શકતો નથી એ વાત સાચી પણ આ' આખે (શરીરે) હવે તને વરી નહીં શકું. તને મારા હાથનો ચૂડો આપું છું. બીજો અવતાર લઈશ. રંગરાજાના નગરમા ચૂડો લઈને આવજે. તે દિવસે હું તને વરીશ.'' અલોપ થતી ગંગાના માથે હાથ નાખે છે. રાજાના હાથમાં પાંચ કેશ આવે છે ગંગા અલોપ થઈ જાય છે.

એક વખતનો સમય આવે છે ગંગા જળની માછલી થઈ ગઈ. બીજી તરફ ઈન્દ્રપુરીના ઈન્દ્રને સાત સાગર સાચવવાની નોકરીઆવી ઈન્દ્ર સાત સાગરની રક્ષા કરવા લાગે છે. બાર બાર વર્ષનો સમય વીતે છે. ઈન્દ્ર ઈન્દ્રપુરીમાં જઈ શકતો નથી. આ તરફ ઈન્દ્રણીએ પાંજરામાંથી પોપટ બહાર કાઢયો તેણીએ પોપટના ગળામાં ઈન્દ્રને લખેલો એક કાગળ બાંધ્યો. ઈન્દ્રણી બોલી, ''પોપટ ને કહે કે જયાં ઈન્દ્ર હોય ત્યાં તું જજે.'' પોપટ સાત સાગર ઓળંગીને ઈન્દ્ર પાસે જઈને પડયો. ઈન્દ્રએ પોપટને જોયો. તે મનો મન બોલી ઉઠયો કે ઓ હો હો ! આ પોપટ તો મારા ઘરનો છે.'' ઈન્દ્રે પોપટને હાથમાં લીધો. પોપટના ગળામાં એક કાગળ બાંધેલો જોયો. કાગળને છોડી લીધો. તેણે કાગળ વાંચ્યો. ઈન્દ્રાણીએ કાગળ લખ્યો હતો. કાગળ વાંચતા

જ ઈન્દ્રની જનનેન્દ્રિય શરીરમાંથી ખસી ગઈ. ખસી ગયેલી ઈન્દ્રી કાગળમાં વીંટીને પોપટના ગળામાં બાંધી ઈન્દ્રના આદેશથી પોપટ ઈન્દ્રપુરી તરફ ઉડવા લાગ્યો. અડધે રસ્તે ગયો ત્યાં તો પોપટને તરસ લાગી. પાણી પીવા માટે દરિયે ગયો. કોટમાંથી છૂટીને ઈન્દ્રી દરિયામાં પડી ગઈ. જળમાં માછલીના વેશે રહેલી ગંગા આ ઈન્દ્રીને ગળી ગઈ. પોપટ તો ચોખ્ખોચટ્ટ થઈ ગયો. પોપટ વિચારવા લાગ્યો, "હવે ઈન્દ્રણીને જઈને શું કહીશ, પોપટ ઊડતો ઈન્દ્રપુરીમાં ઈન્દ્રાણી પાસે ગયો. ઈન્દ્રાણીએ ઈન્દ્રના સમાચાર પૂછયા ત્યાંજ પોપટ બોલ્યો. મારા ગળામાં ઈન્દ્રે કશુંક બાંધ્યું હતું. શું હતું ને શું નહીં. હું દરિયામાં પાણી પીવા ગયો. મારા ગળામાંથી છૂટીને દરિયામાં પડી ગયું ! પોપટની વાતથી ઈન્દ્રણી વિચારમાં પડી ગઈ.

દરિયામાં ભોઈએ (માછીમારે) જાળ નાખી. ભોઈની જાળમાં ગંગારૂપી માછલી સપડાઈ ગઈ. ભોઈએ જાળને બહાર કાઢી. તેણે માછલીને જાળમાંથી બહાર કાઢી. માછલી બોલી, "મને પકડી તો ભલે પકી પણ તું મારુ મૂલ્ય કરતો નહીં. મારુ મૂલ્ય હું કરીશ. કોઈ મને માગે તો તેને કહેજે કે આ માછલી કહે તે જ મૂલ્ય !" ભોઈ માછલી લઈને બજારમાં ગયો. ભોઈ પાસે લોકો માછલી માગવા લાગ્યા. શહેરના લોકો બોલ્યા, "માછલીનું મૂલ્ય કર." ભોઈ કહે, "આ માછલી કહે તે એનું મૂલ્ય ! લોકો કહે છે, "ભોઈ, તું ગાંડો થયો છે ? મરેલી માછલી બોલતી હશે ?" ભોઈ બજારે બજારે માછલી વેચવા ફરવા લાગ્યો. માછીમારની વાતથી લોકો હસવા લાગ્યા. તેને નવાઈ લાગી.

ભોઈ આગળ ચાલ્યો. રંગ રાજા ચબૂતરે બેઠો બેઠો દાતણ કરે છે. ભોઈ ત્યાંથી માછલી વેચતો જવા લાગ્યો. રંગ રાજા બોલ્યો, "ભોઈ તારે માછલી આપવી છે ? મહારાજા મારે આપવી છે !" રંગ રાજા કહે, "તો તું માછલીનું મૂલ્ય કર." ભોઈ કહે, "માછલી કરે તે મૂલ્ય." ભોઈ તું તો ગાંડો થયો છે કે બાવરો થયો છે ? આ મરેલી માછલી બોલતી હશે ? તું તેનું મૂલ્ય કર." માછલી કરે તે જ તેનુ મૂલ્ય !" રંગરાજાએ માછલીના કહેવા પ્રમાણે ભોઈને રૂપિયા આપ્યા. ભોઈ ચાલ્યો ગયો. પછી માછલી બોલી, "મને આજે ખાઈશ નહિ નવ મહિને અને નવ દિવસે તું મારું પેટ ફાડજે."

રંગરાજાએ નવ મહિને નવ દિવસે માછલીનું પેટ ફાડયું. માછલીમાંથી એક બાળકી નીકળી. આ બાળકી રંગ રાજાના ઘેર મોટી થવા લાગી.

સમય પસાર થતા સંજોગો વસાત શાન્તનુ રાજા બીમાર પડયો. નથી તો મરતો કે નથી

સાજો થતો તે હંમેશા કુંવારી કન્યા ! કુંવારી કન્યા ! એમ બોલ્યા કરે છે. શાન્તનુનો મોટો કુંવર ગાંગેય પિતાને કહે છે, ''તમે નથી તો મરતા કે નથી તો સાજા થતા. બોલો પિતાજી તમારે શું દુ:ખ છે ?'' બાપુ બોલ્યા, ''દીકરા, હું મરું તો ખરો પણ મને કુંવારી કન્યા પરણાવો તો જમરું. મારી પાસે સોનનો ચૂડો છે. આ ચૂડાને લઈને તમે રંગરાજાના નગરમાં જાઓ.'' પિતાની વાત સાંભળીને ત્રણે ભાઈ રંગ રાજાના નગરમાં ગયા. રંગરાજાના નગરમાં જઈને તેમણે આ ચૂડો રંગરાજાને આપ્યો અને કહયું, ''મારા પિતાજી કુંવારી કન્યા માટે બીમાર પડયા છે.'' રંગરાજા બોલ્યા, ''કુંવર, મારે કન્યા તો છે પણ મારી પોતાની નથી.'' કન્યાએ કુંવરના હાથમાં ચૂડો જોયો. પછી તે પિતાજીને કહેવા લાગી. ''બાપુજી, સત રાજા મારા માટે બીમાર પડયા છે. મને સતરાજા સાથે પરણાવો.'' રાજા કહે, ''પણ બેટા, શાન્તનુ રાજા તો મરવા પડયા છે. તેને પરણીને શું કરીશ ?'' જેવા મારા લેખ ! પણ બાપુજી તમે મને શાન્તનુ રાજા સાથે પરણાવો.'' શાન્તનુ રાજાની સગાઈ થઈ. ત્રણે ભાઈ નાળિયેર આપીને પાછા આવ્યા.

ત્રણે ભાઈએ એક પાલખી બનાવી. પાલખીમાં શાન્તનુને બેસાડયો. ઘડિયાં લગન લીધા. શાન્તનુ રાજા ચોરી ફરવા લાગ્યો. ચોરી ફરી રહયો અને પછી બોલ્યો, ''બેટા, હવે હું મુકિત પામું છું. મને કુંવારી જમીનમાં બાળજો.'' આમ બોલીને શાન્તનુ રાજા દેવલોક પામ્યો. હવે શાન્તનુ રાજાના શબને લઈને ત્રણે ભાઈ કુંવારી જમીન શોધવા નીકળ્યા. ત્રણે ભાઈ કુંવારી જમીન શોધી શોધીને થાકી ગયા, પણ કુંવારી જમની મળી નહીં. રસ્તામાં ભગવાન સામે મળ્યા. ભગવાન બોલ્યા, ''તમે શું શોધો છો ?'' ગાંગેય બોલ્યો, ''આ બાપને બાળવા કુંવારી જમીન શોધીએ છોએ પણ મળતી નથી.'' ભગવાન બોલ્યા, ''આ વનમાં રતન તલાવડી છે. રતન તલાવડીમાં હંસપંખિણી વિવાઈ છે. એની નીચે કુંવારી જમીન છે.'' ત્રણે ભાઈ રતન તલાવડીએ ગયા. તેઓ હંરા–પંખિણીને વિનંતિ કરવા લાગ્યા. ''બહેન, તું ઘડી એક બચ્ચાં લઈને બહાર નીકળ. અમારે અમારા બાપ ને બાળવો છે.'' હંસ પંખિણી બોલી, ''બાપને બાળ્યા પછી જમીન પાછી આપશો કે માલિક થશો ?'' ગાંગેય બોલ્યો, ''માલિક નહીં થઈએ.'' પંખિણી બચ્ચાં લઈને બહાર નીકળી. આ કુંવારી જગ્યા પર શાન્તનુ રાજાના અગ્નિસંસ્કાર કર્યા. હંસ–પંખિણી જગ્યા ઉપર હસ્તિનાપુરની રચના કરવામાં આવી અને વાદળમહેલ ઊભા કરવામાં આવ્યા.

ત્રણે ભાઈ સ્નાન કરીને રંગ રાજાના મહેલે ગયા. ગાંગેય બોલ્યો, અમારો બાપ પરણાવ્યો તો ખરો પણ મૃત્યુ પામ્યો. તમારી કન્યા મૂકીને ઘેર જઈએ છીએ, કન્યાને સાથે લઈ જઈએ તો દુઃખી થાય.'' રંગરાજા કહે, ''તમારો બાપ મુકિત પામ્યો પણ ચોરીતો તમારો બાપ ફર્યો હતો. સોય પાછળ દોરો. ચોરીમાં ફરી તે તમારી માતા થઈ. ત્રણે ધરમના દીકરા થયા. મારી આ કન્યા મારી આ કન્યા ત્રણે ભાઈને સોપું છું.'' ત્રણે ભાઈ માતાને લઈને ઘેર આવ્યા. પછી વિચાર કરવા લાગ્યા, ''માતાની સેવા કોણ કરશે ? એક ભાઈ બોલ્યો, ''ગાંગેય, તું સૌથી મોટો છે. તું માતાની સેવા કર.''

ગાંગેય માતાની સેવા કરવા રહયો. તે માતાની સેવા કરવા ઘરમાં જ રહેવા લાગ્યો. ચિત્રવીર્ય (સેતર) અને વિચિત્રવીર્ય (વિહાગ) અંદરો અંદર વાતો કરવા લાગ્યા, ''ગાંગેય તો માતાના મહેલમાંથી બહાર નીકળતો જ નથી. આવી માતાની ચાકરી કેમ કરે છે !'' બંને ભાઈઓએ ગાંગેય માટે મનમાં પાપ ધાર્યુ. રાત પડી બંને ભાઈ સંતાઈને માતા અને ગાંગેયને જોવા લાગ્યા. ગાંગેય માતાના ઢોલિયા નીચે બેઠો છે. માતા ઢોલિયમાંથી નીચે લટકવા લાગ્યો. ગાંગેય વિચારે છે, ''માતાનો પગ રાતભર ઝૂલતો રહેશે તો ઘણો જ દુઃખી થશે પણ માતાને હાથ લગાડું તો ધોતિયાતું 'મોરડું' (ઉઢાણું) કર્યુ ઉઢાણું માથા પર મૂકી પગને તેના પર મૂકી ઢોલિયા પર મૂકયો. આથી માતાની નિંદ્રા તૂટી. માતા બોલી, ''ઓ હો હો ! બેટાને દુઃખી કર્યો ! માતા, તમારો પગ ઢોલિયા નીચે લટકતો હતો. પગ દુઃખી થતો હતો આથી ધોતિયાની ઉઢાણી કરીને પગને ઢોલિયા પર મૂકયો છે. હાથ લગાડું તો મને હાથિયાદોષ (હસ્તદોષ) લાગતો હતો.'' માતા બોલી, ''બેટા, તું મારો ધરમનો મોટો બેટો છે.'' ચિત્રવીર્ય અને વિચિત્રવીર્યએ આ બધું જોયું. તેમને મનસાપાપ લાગ્યું. બંને ભાઈ મનમાં વિચારવા લાગ્યા, ''ઘણું જ ખોટું થયું.'' હવે આપણું મનસા પાપ કેમ ઊતરે ?''

તેઓને વૃદ્ધ માણસોને પૂછયું. વૃદ્ધોએ કહયું, ''ગાંગેયને પૂછો ; ગાંગેય સાધુ છે'' બંને ભાઈ ગાંગેય પાસે ગયા અને બોલ્યા, ''કોઈએ મનસા પાપ કર્યુ હોય તો કઈ રીતે ઊતરે તેની સલાહ અમને માણસો પૂછે છે.'' ગાંગેય શું જાણે કે આ બંનેએ તેના ઉપર વહેમ કર્યો છે ? ગાંગેયે કહ્યું, ''બાર નદીઓના સંગમે પારસ પીપળો હોય, આ પીપળા નીચે ગોરી ગાય બેસતી હોય ; પાસે મહાદેવજીની જગ્યા હોય; એ જગ્યાએ તપ કરી પારસ પીપળાના પડમાં દાખલ

થઈ સળગીને સમાઈ જાય તો જ તેમનું મનસપાપ દૂર થાય !''

બંને ભાઈ ચાલી નીકળ્યા. એક ખંડ મૂકીને વનખંડમાં આવ્યા. ચાલતા ચાલતા કોટેશ્વર (અંબાજી પાસેનું મહાદેવનું મંદિર) આવ્યા. કોટેશ્વર જોયું પણ મેળ બેઠો નહીં. તેઓ ત્યાંથી નીકળ્યા. દાણમહુડી આવ્યા અને તમાકુ ગાંજો પીધો ત્યાર પછી ચાલી નીકળ્યા. છોછડ દેલવાડા પાસે ગુણભાંખરી નામનું ગામ છે (જયાં આદિવાસી લોકોનો પ્રખ્યાત ચિત્રવિચિત્રનો મેળો ભરાય છે.) ત્યાં આવ્યા અહીં મેળ બેઠો. ત્યાં બાર નદીઓનો સંગમ, પારસ પીપળો, નીચે ગોરી ગાયનું બેસણું અને મહાદેવજીનું મંદિર હતું. આ સ્થાને ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય એ તપ કર્યુ. આ મહાદેવ ચિત્રવિચિત્ર મહાદેવ કહેવાયા પીપળો કોચી બંને ભાઈ અંદર દાખલ થયા. ત્યાંથી વીંછી ગામનો સોલંકી નીકળ્યો. ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય બોલ્યા, ''ભાઈ, અમને અગ્નિ સંસ્કાર કર.''

સોલંકી કહે, ''તમે જૂઠા છો ભાઈ, તમને અગ્નિ સંસ્કાર નહીં કરું. મતરવાળા ગામનો મતરો પારગી નીકળ્યો. બંને ભાઈ પીપળામાંથી બોલ્યા, ''એ મતરા પારગી, અમને અગ્નિ સંસ્કાર કર !'' મતરા પારગીએ અગ્નિ સંસ્કાર કર્યો. બંને પીપળામાં સમાઈ ગયા.

ઘણાં વર્ષો થયા. એક દિવસનો 'સમાજોગ' આવ્યો. ચિત્રવીર્ય અને વિચિત્રવીર્યની રાણીઓ તેમની માસી સાસુને પૂછે છે, ''અમારે છોકરાં નથી તો અમે શું કરીએ ?''

માસી સાસુ (ઓરમાન સાસુ) બોલ્યાં, ''બેટાં, હું કહું તેમ કરો, સૂર્યનાં ઊગતાં કિરણોમાં ગાંગેય આગળ વસ્ત્ર વિહીન થઈને નીકળો તમને ફળદાન આપશે !'' એક રાણી આંખો પર હાથ ઢાંકીને નીકળી. તે રાણીને અંધકુંવર જનમ્યો. બીજી રાણી સાથળના ગુપ્તભાગને ઢાંકીને નીકળી તેને પાંડુ નામનો કુંવર જનમ્યો.

અંધરાજા ધૃતરાષ્ટ્રને ધવળાગઢનું રાજય આપ્યું અને પાડું રાજાને હસ્તિનાપુરનું રાજય આપ્યું.

## ૨. ગાંધારી અને કુંતા :

વનમાં સાત ઋષિ (સપ્તર્ષિ) તપ કરે છે. ધૂણીના માથે ત્રિશુળ ખોસીને બાર વરસનો નિયમ લઈ તપ કરવા લાગ્યા છે. સાવશકિત ને ઋષિના નિયમની ખબર પડે છે, અને તેમને મારી ખાવા માટે યોગ્ય સમય જાણી સમડીનો વેશ લે છે. સમડી પવન સાથે સ્વર્ગે ચડે છે. અને

ચાર ખંડમાં ભમવા લાગી છે. 'સાવશકિત' ત્રિશુળની અણી પર બેસે છે અને ત્રિશુળ આરપાર નીકળી જાય છે. સમડી જોગીની ધૂણીએ મૃત્યુ પામે છે.

તેરમું વરસ આવ્યું. ઋષિ તપ પુરું કરી આંખો ખોલી તો ત્રિશૂળ પર મરેલી સમડી જોઈ. તેઓ વિચારવા લાગ્યા, "આપણી કરણીમાં ધૂળ પડી ; આપણી ધૂણીના માથે સમડી મરણ પામી. જગતમાં ખોટું કામ થયું." તેઓ ધૂણી ઉપરથી ઊભા થયા, અને હાથમાં અમીના 'હંસા' અને 'કણિયોરની કાંબ' લઈને સમડી ઉપર નળવા લાગ્યા. સમડીના હાડપિંજરની ગાંધારી (ગતરણા) પેદા થઈ, અને લોહી માંસની કુંતા (કુતમા) જન્મી. બંને કુંવારી કન્યા દિવસ રાત મોટી થવા લાગી.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ' નો 'મહાજોગ' આવ્યો. સોહામણો (હોળમો) સૂરજ ઉગ્યો છે. પાણિયારે નીર ખૂટયાં છે. કુંતા મરવાની ઉઢાણી માથે મૂકી ઉપર 'કાસી'ના ઘડુલા મૂકે છે. હાથમાં રેશમની દોર લળને ખાંડા સરોવરે પાણી ભરવા જાય છે. સરોવરે આવીને કાચી કણિયોરનું દાતણ કરે છે. કુંતા હારચીર ઉતારીને અધોવસ્ત્ર (ઓળવટ) પહેરી ખાંડા સરોવરમાં નાહવા ઊતરે છે. આછો 'સાળું' પહેરીને સૂર્યને વંદે છે. સૂર્ય રૂપથી મોહ પામે છે અને કુંતાને કિરણોનાં બાણ વાગે છે. કિરણ પેટમાં પ્રવેશે છે.

આંધળા કોઠામાં જોખમ ઊભું થાય છે. કુંતાને ગર્ભ રહે છે અને ક્ષણે ક્ષણે મોટો થાય છે. જોત જોતામાં તો કુંવર કપાળ ફાડીને બહાર આવ છે. તેણી ચૂંદડીના છેડે બાળકને જીલે છે અને ખોળામાં લઈને ચૂમે છે. તેણી કહે છે, "દીકરા, હું કુંવારી છું અને તારે આ રીતે જન્મવું નહોતું જોઈતું. મારી સાથે ધૂણીએ લઈ જઈશ તો ગુરુને કલંક લાગશે."

તેણી ગોકળગઢના ગાંદરે જાય છે, અને ઉકરડામાં ખાડો ખોદી પુત્રને મૂકતા કહે છે, "દીકરા, ઘણો કુશળ રહે જે અને મોટો થજે. દુશ્મન જાગે તો આડો આવજે." કુંવર હાથનો અંગુડો ધાવવા લાગ્યો છે. મુખ પૂનમનો ચંદ્ર અને નાક દીવની શગ જેવું છે. નયન ખાંડાની ધાર અને પાંપણો ભમરાની પાંખ જેવી છે. બાળક માતાને જોઈને હસવા લાગ્યો છે. બાળકથી વિખૂટી પડતી માતાની આંખે શ્રાવણ ધૂરવા લાગ્યો છે. કુંતા એક પગે ઊભી રહીને સૂર્યદેવનું સ્મરણ કરતાં કહે છે, "સૂર્ય આ તારું કિરણ છે. તેની તું ખબર રાખજે." માતા વાંકી વળીને ભમરશિલા ઊંચકે છે અને ખાડા પર ઢાંકતાં કહે છે, "ધરતી, બાળકની સંભાળ રાખજો. હું છૂટી

તમે બંધાયાં !'' કુંતા લાંબી ફાળે ને છોટે પગલે મારગે મારગે આવવા લાગી છે. ખાંડા સરોવરે આવીને વિચારે છે, ''અભડાયેલી એવી હું ગુરુની ધૂણીએ તો કેવી રીતે જાઉં !''

કુંતા નાઈધોઈને પવિત્ર થાય છે. કાસીના ઘડામાં નિર્મળ નીર ભરે છે. સત્પર્ષિ વિચારે છે, ''આપણા આશ્રમમાં યુવાન કન્યા શોભતી નથી. તેમનું યોગ્ય ઘર શોધવું જોઈએ. આમ વિચારી તેઓ ધૃતરાષ્ટ્ર (સતરાજા) ને ગાંધારી અને ''પાંડુને કુંતા આપે છે. તેઓ ગાંધારીને આર્શીવાદ આપતાં કહે છે, ''તારે ઈઠોતેર પુત્રો થશે અને ધવળાગઢનું રાજ કરશે. કુંતાને પાંચ પુત્રો થશે અને હસ્તિનાપુર (અસનાપરી) નું રાજ કરશે. '' કુંતા કહે છે, ''મને એ ગાયને પોદળો ઊંચો કર.'' કુંતા અડધો સુકાયેલો પોદળો ઊંચો કરે છે. તો અસંખ્ય ઉધેઈ ખદખદે છે. એટલામાં એક વીંછી આવે  છે. તે બધી જ ઉધોઈને 'સટોસટ' મારી નાખે છે. ઋષિ કહે છે, ''વીંછી જેવા બળવાન પાંચ દિકરા આપીએ છીએ. તારે ચિંતાનું કારણ નથી.''

પાડુંરાજા હસ્તીનાપુરનું રાજ કરે છે અને ધૃતરાષ્ટ્ર ધવળાગઢનું રાજ કરે છે.

કુંતાને 'કેશર લુગડા' (ઋતુધર્મ) આવ્યાં છે. તેણી 'હોળયો' શણગાર સજીને દાસીઓને સાદ દે છે. ''સૂરજ ઊગી જશે તો મોડું થશે. તમે એક જોડી કપડા સાથે લઈ લો. આણે રત્નાગર દશિયે નાહવા જવું છે.'' છોકરીઓ જબકીને બેઠી થાય છે. અને રાણીના પગમાં ઓહામણી (ઓવની) મોજડીઓ પહેરાવે છે. કુંતા 'ધરમર' વાદળમહેલ ઊતરે છે. રાણી દાસીઓના વૃન્દ (ઝૂલરે) સાથે મારગે મારગે જવા લાગી છે. જંગલમાં પક્ષીઓ બોલવાં લાગ્યાં છે. વૃન્દ સમુદ્રની પાળીએ આવે છે. રાણી મોતીના હારચીર ઊતારવા લાગી છે. અર્ધોવસ્ત્ર પહેરવા લાગી છે. માથાનો અંબોડો છોડી કેશ ખુલ્લા કશે છે અને કેશરવર્ણ (ઋતુધર્મ) કપડાં ધૂએ છે. પાણી ઉડાડીને 'ચકલિયા દાવ' રમે છે.

રાણી દરિયામાંથી ખુલ્લી છાતીએ બહાર આવે છે અને તેના રૂપથી મોહ પામેલા યમરાજાનાં બાણ વાગે છે. તેણી કાંચળી પહેરે છે અને ઊલટી કરવા લાગી છે. આંધળા કોઠામા જોખમ ઊભું થાય છે. તેણી પડતી આખડતી વાદળમહેલ ચડે છે. દાસીઓ મલકાતી મલકાતી ભમ્મર ઢોલિયો ઢાળે છે. 'હીરખતળાઈઓ' પ્રકારની મીઠાઈઓ ખાવાની ઈચ્છા થાય છે. દાસીઓ કંદોઈની દુકાનેથી મીઠાઈઓ લાવીને રાણીને જમાડે છે.

કુંતાને દિવસો ગણાતા માસ પસાર થાય છે. દાસીઓ ભમર ઢોલિયા પર દેવગરા

થાળમાં પાંચ પકવાન ભોજન આપે છે. વંદન કરીને ભોજન જમે છે. નવમાસ અને નવદિવસ પૂરા થાય છે. 'આગલી અગારું' અને 'પાસલી પસારું' રાત થાય છે. ઠંડી ઠંડી પીડા થાય છે. તે રાણીઓને સાદ આપે છે. એક કરતા પંદરેક રાણીઓ દોડતી આવે છે. રાણીનો આદેશ થવાથી સાથે દાપણને બોલાવવા. 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે. શેરી – બજાશે થઈને પારસ પીપળાવાળા ઘેર આવે છે. બારણું ખટખટાવતાની સાથે દોસી દાયણને બોલાવે છે.'' દાયણ લાકડીના ટેકે આવીને પૂછે છે, બોલો વહેલી સવારે મારું શું કામ પડયું ?'' દાસીઓ કહે છે, ''રાણીના પેટ દુ:ખે છે. તમે જટ જટ વાદળમહેલમાં આવો. ઢીલ કરશો તો મોડું થશે.'' દાયણ લાકડીના ટેકે પગથિયા ચડી વાદળ મહેલમાં આવે છે. દાયણ જૂનો ઢોલિયો ઢળાવે છે. વાટકીમાં 'ઝાસા' તેલ લઈ રાણીનું પેટ ચોળવા લાગી છે. દાસીઓ પણ મદદ કરવા લાગી છે. 'સિતરિયા કમાર' ખૂલી ગયાં છે. અને બાળકનો જન્મ થઈ ગયો. તેનું નામ ધર્મરાજા પાડવામાં આવ્યું.

અગ્નિદેવની ઉપાસનાથી અર્જુન જનમ્યો. પવનદેવની ઉપાસનાથી ભીમ પેદા થયો. ઉતર કાળમાં મહાદેવની ઉપાસનાથી સહદેવ જનમ્યો. પાછળથી ઈન્દ્રદેવની ઉપારસનાથી નકુળ જનમ્યો.

પાંડવોનાં માથા પાણી ભરેલા નાળિયેર જેવાં છે. નેત્રો ખાંડાની ધાર અને પાંપણો ભમરાની પાંખ જેવી છે. નાક દીવાની શગ જેવાં અને દાંત દાડમના બીજ જેવા છે. હાથ વડની વડવાઈ જેવા લાલ અને પગ દેવળના થળા જેવા છે. વાંસો આબુતા શિખર જેવો છે.

## ૩. પાંડુ રાજા :

દિવસ અસ્થાચળે (ડાબા ડુંગરે) ગયો છે, સુડા સૂવા માટે માળે ગયા છે, સાંજ થઈ છે. પાંડુરાજા ગોખે દીવા મૂકે છે. ભમર ઢોલિયે સૂતેલા રાજાને મધ્યરાત્રિએ સ્વપ્ન આવે છે. શિકારનો દેવ 'આયરો' સપનામાં આવીને કહે છે, ''રાજા તું મેર – સિમેર પર્વત પર શિકારે જજે.''

પીળા પ્રભાત થયાં છે. કૂકડે રાત સ્થાન છોડી દીધું છે. સુહાવનો સૂર્ય ઊગે છે. પાડું રાજા મનમાં વિચાર કરતો દાતણ – કોગળા કશે છે. ઊગતા સૂર્યને વંદન કરી હાથમાં બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર લે છે. રાજા મેર – સિમેર પર્વત પર જઈને 'આકો' (હાક) નાખે છે. પણ સૂવર કે સાબર કંઈ પણ શિકાર મળતો નથી.

મધ્યાન (ભર બપોર) થયો છે. તીખા તાવળાની જેમ ધરતી તપી રહી છે. રાજાનો ભૂખે–તરસે પ્રાણ જાય છે. પાડું પ્રાણીઓના પગલાં (ચરણ ચિહ્ન) જો તો પાંડા સરોવર આવે છે. જળાશયની પાળે શિકાર માટે 'ઓદીઓ' ઘાલે છે. ઓદીના ખાડાંમા સંતાઈને શિકાર આવવાની રાહ જુએ છે.

એક દિવસનો સમાજોગ આવ્યો, અને સમાજોગનો મહાજોગ આવ્યો. ઋષિ બાર વરસનો નિયમ લઈને તપમાં લીન થાય છે. અને હરણહરણી તેઓની ધૂણીની રક્ષા કરે છે. બાર વરસ પૂરાં થયાં અને તેરમું વરસ આવ્યું ત્યારે ઋષિના નેત્રો ખુલ્યાં ઋષિ બોલ્યા, "તમે બાર વરસ સુધી અમારું તપ વિના વિઘ્ને પુરું કરાવ્યું છે. અમે તમારા પર પ્રસન્ન થયા છીએ અને આ વનખંડનું રાજ સોંપીએ છીએ.

ઋષિના આર્શીવાદ લઈને હરણહરણી ખાંડા સરોવરની પાળે પાણી પીવા આવે છે. હરણહરણી સરોવરમાં નિર્મળ નિર પીવે છે અને બાર બાર વરસ સુધી ઋષિ સાથે સંયમપૂર્વક તપ કર્યા પછી તેરમાં વરસે મન મોકળું મૂકી એકબીજામાં લીન બની કામાતુર બને છે. તેવામાં પાડુંરાજા ધનુષ્ય પર તીરનું સંધાન કરી બાણ છોડે છે. તીર હરણને લાગે છે અને તે ધરતી પર ઢળી પડે છે. કામાતુર હરણી રાજાને શાપ આપે છે. અને કહે છે અમારું બાર વર્ષ બાદ મિલન થયું હતું તે અમારો સંજોગ તોડયો તે મારૂં ભાગ્ય ફોડયું. તને અમારો હત્યાદોષ લાગશે. તું પણ આજ રીતે સંજાગેમાં મૃત્યુ પામીશ. અને હરણ ધરતી પર પડતા ત્યાજ બંને એક સાથે મૃત્યુ પામે છે.

પાડું રાજા વિચારે છે, "આ તો વનમાં કોઈ પ્રાણી નહોતાં પણ વનનાં ઋષિ દંપતિ હતા. જગતમાં ખોટું કામ થયું. મારાથી મોટી ભૂલ થઈ ગઈ. મારા માથે મોટું પાપ લાગ્યું.

રાજા વિચારતા મારગે મારગે હસ્તીનાપુર આવે છે. પાંડુ સાવલાખનો ઢોળિયો ઢાળે છે. અને પોઢતાની સાથે જ મૃત્યુ પામે છે. કરેલાં કર્મ સામે આવ્યાં. પાંચ પાંડવો વિચારે છે, "આપણા બાપુ મૃત્યુ પામ્યા." કુંતા કહે છે, "દીકરા, રાજાને કરેલાં કામ સામા આવ્યાં છે. બાગબગીચામાં ખાંડો ખોદીને રાજાને સમાધિ આપો. વાદળમહેલમાં સાંગી ઢોલ વાગવા લાગ્યા છે. બાગવાડીમાં પાડું રાજાને સમાધિ આપે છે. પાંડવો બાર દિવસે બારમું કરે છે.

પાંડવ પૃથ્વીના પ્રથમ દેવ છે ; અને બીજા બધા મૃત્યુલોકના માનવી છે. હસ્તિનાપુરમાં પાંડવોનુ રાજ 'ઝંખે' છે.

હાથમાં બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર લઈ પાંડવો શિકાર કરવા જાય છે. મેર – સિમેર પર્વત પર 'આંકા' (હાક) નાખે છે પણ પાંડવોને એકય સૂવર કે સાબર મળતું નથી. થાકીને કદળીવનમાં આવે છે. કદળીવનમાં કુંવારી કન્યા નજરે પડે છે. પાંડવો કન્યાને પુછે છે, "યુવતી, તું કોની દીકરી છે ? કયાંથી આવે છે, અને કયાં જાય છે ?" "તમારે પૂછવાનું કંઈ કામ ? હું તો દૂર દેશથી આવું છું. તમારે મારું શું કામ છે ?" પાંડવ કહે છે, "તને લઈને અમારે હસ્તિનાપુર જવું છે. તને તો અમારા ઘરની નાર કરવી છે. તારું ખાવા પીવાનું આજથી અમારા ઘેર." પાંડવો દ્રૌપદી (ધોફાં) ને લઈને હસ્તિનાપુર આવે છે. દ્રૌપદીને સાતમાળિયો મહેલ આપ્યો છે.

## ૪. કર્ણ પાંડવ :

ધન્ય ઘડી ધન્ય વાર, સુહાવનો બાળ સૂર્ય ઉગ્યો છે. એક દિવસનો સમાજોગ અને સમાજોગનો મહાજોગ આવ્યો છે. ધવળાગઢમાં મનસા માળણ અને દૂબળો માળી વાતો કરે છે. માળણ પોતાન માળીને કહે છે કે તું "કૌરવની કચેરીએ જા, આપણા રાજાને જઈને એટલું કહે કે આપણને એક ખેતર, એક કૂવો અને એક ખાતરનો ઉકરડો આપે." દૂબળો માળી પગમાં તૂટેલા જોડા પહેરી લાંબી ફાળે ને છોટે ડગલે કૌવરની કચેરીમાં જવા લાગ્યો છે. શેરી બજાર પાછળ મૂકી સૂરજપોળમાં આવ્યો છે. સૂરજપોળથી વાદળમહેલનાં પગથિયા ચડે છે. માળીનું હૈયું આગળ અને પગ પાછળ છે. તે કૌરવોની કચેરીમાં ધીમે પગલે આવી ઊભો રહયો છે. કૌરવોની કચેરીમાં 'ભરાઈ' છે. ઢાલોની કાંબીએ જાજમો પાથરી છે. દાબડી જેવી આંખો અને વાંકડી મૂછોવાળા સરદાર ગર્વ ભરેલી વાતો કરે છે.

માળી મુજરો કરીને ઊભો રહ્યો છે. કૌવરો મુખેથી કંઈ પણ બોલતા નથી. માળીને જીભ અને તાળવાને છેટું પડવા લાગ્યું છે. કચેરી વચ્ચે એક પગ ઊભો રહી જોલા ખાતો બોલે છે, "રાજા, અમે તમારી રૈયન છીએ, અમે ગરીબ છીએ. સ્વામી, અમારું કામ કરો. મારે કૂવા ખેતરની જરૂર ઊભી થઈ છે, "જા, માળી તને કૂવો અને એક ખેતર આપ્યું." (દળજોજન) દૂર્યોધન બોલ્યો, માળી એક ડગલું આવીને હિંમત રાખીને બોલે છે, "સ્વામી, ખાતરથી ભરેલો એક ઊકરડો પણ આપો." દુર્યોધન કહે છે, "માળી, ગામને ગાદરે ઘણું ખાતર પડયું છે તને સારો લાગે એવો ઊકરડો ખોદજે." માળી લળલળ, લળલળ, પાયે લાગીને 'ધરમર ધરમર'

વાદળમહેલનાં પગથિયાં ઊતરે છે.

માળી ઝડપથી આવી રહયો છે. અને મનસા માળણ વિચાર કરે છે, ''રાજાએ માળીને કંઈક તો આપ્યું લાગે છે.'' માળી ઘેર આવીને ઢોલિયા પર બેસે છે. માળણને કહે છે, ''તું જટજટ પાણીનો લોટો ભરી લાવ.'' માળણ પાણીનો લોટો માળીને આપીન પૂછે છે, ''માળી, આપણા રાજાએ શું આપ્યું ?'' માળી પાણી પીને કહે છે, ''રાજાએ કૂવો–ખેતર અને એક ઊકરડો પણ દાનમાં આપ્યો છે. માળણ કહે છે, ''માળી હવે વિલંબ કરીશું તો મોડું થશે, ચાલ, કૂવો જોવા જઈએ, માળી તૂટેલા જૂતાં પગે પહેરે છે અને માળણ સાથે કૂવો શોધવા નીકળે છે. પાણીવાળો કૂવો અને કસવાળું ખેતર શોધી ખેડવાનું નકકી કરે છે. માળણ કહે છે, ''ભગવાને ભલે આપણને દીકરો કે દીકરી નથી આપ્યા પણ રાજાએ કૂવો ને ખેતર તો આપ્યા. આપણામાં શકિત હશે ત્યાં સુધી કમાઈ ખાશું.''

દુબળો માળી કાઠિયાવડથી રેંટ લઈ આવે છે. મનસા માળણ 'બતરી–તેતરી' ભાતના ભોજન માળીને જમાડે છે. અને પતિપત્ની જમતાં જમતાં વિચારે છે, ''ચોમાસું માથે 'લૂંબે' છે. હવે તો ખાતર પૂંજો ખેતરમાં નાખવો પડશે. તમે કળબી પાસેથી એક ગાડું ભાડે રાખો. વિલંબ કરીશું તો મોડું થશે.'' માળી લાંબી ફાળોને છોટાં ડગલાં ભરતો કળબીવાસમાં આવે છે. કળબી પાસેથી ગાડું ભાડે કરી લાવે છે. માળણને કહે છે, ''પાવડા–ટોપલા લેતી આવ.'' માળણ ટોપલા – પાવડા મૂકી ગાડામાં બેસે છે. માળી ધોળાં ધોરી હાંકવા લાગ્યો છે; અને મારગે મારગે ગામના ગાંદરે આવે છે. ગાડું ઊભું રાખીને બંને જૂના ખાતરવાળો મોટો ઊકરડો શોધી કાઢે છે. માળી પાવડાથી ટોપલામાં ખાતર ભરે છે. માળણ ટોપલું માથે મૂકીને ગાડામાં ખાતર નાખે છે. ગાડું ભરીને માળી ખેતરમાં ખાતર નાખવા જાય છે. આજુબાજુ વેરાયેલા ખાતરને એકઠું કરવા મનસા માળણ 'બોગડા' થી વાળે છે. વાળતાં તેને ભમરશિલાને (ભમર હલાક) નજરે પડે છે. નીચી નમી હાથથી ભમરશિલાને ખસેડવાનો પ્રયત્ન કરે છે પણ ભમરશિલા તસુ જેટલી પણ ખસતી નથી. મનસા ચણિયાનો ખોળો વાળી અને કમરે કટકટાવીને સાડલો બાંધી પોરસ કરીને ભમરશિલાને ઊંચકીને દૂર મૂકે છે. ભમરશિલા નીચે મોટો ખાડો નજરે પડે છે. ખાડામાં જોતાં તેને બાળક નજર પડે છે. માળણ નમી નમીને બાળકને જુએ છે. દૂબળો માળી ખાતર નાખીને પાછો આવે છે ત્યારે મનસા માળણ આનંદિત થતી કહે છે, ''માળી, સાંભળ ; હું તને મારા દિલની વાત કરું છું. મારા પેટે તો કોઈ દીકરો કે દીકરી અવતર્યા નહીં પણ ઘડપણમાં

આપણો દિવસ ફર્યો છે. અહીં આવ, હું તને બાળક બતાવું.'' માળી બાળકને તેડીને ઘેર લાવી ભમ્મર ઢોલિયામાં મૂકે છે. મનસા માળણ કહે છે, ''તું વાણિયાની દુકાનેથી કંકુ – અગરબતી લઈ આવ ! અને હું બાળકને નવડવવા તાંબાકુંડીમાં પાણી ગરમ કરું.'' માળી અગરબતી અને કંકુનું પડીકું લઈને આવે છે.

માળણ તાંબાકુંડીમાં પાણી કાઢી; શિલા પર બેસી; ખોળામાં લઈ કુંવરને થપથપાવીને નવડાવે છે. નવડાવીને કોરા કપડામાં લે છે અને ઘરમાં આવી પારણામાં મૂકે છે.

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગ નો મહાજોગ આવ્યો. મનસા માળણ અગરબતી સળગાવી, ગૂગળનો હોમ કરી ભગવાનનું સ્મરણ કરતાં કહે છે, ''ભગવાન, અમે જનમ વાંજિયાં હતાં. પાછલી ઉંમરમાં દીકરો આપ્યો. હવે દૂધ વિના કેમ મોટો કરીએ ? મારા સુકાયેલાં સ્તનોમાં દૂધ મૂક. કુંવર ધવડાવીને મોટો કરું. ભગવાન, અમારી મદદે આવ !'' ભગવાન મનસા માળણની અરજ સાંભળે છે. ક્ષણમાં તો સ્તન મોટાં થવા લાગ્યાં છે; દૂધ ભરાવા લાગ્યું છે. માળણ પારણામાંથી કુંવરને લઈને રમાડતી રમાડતી ડાબાં – જમણાં સ્તન ધવડાવે છે.

કુંવર સોનના પારણામાં હીંચનો દિવસ–રાત મોટો થવા લાગ્યો છે. ડગલાં ભરતો આંગણામાં રમતો થયો છે. જોતજોતમાં તો શેરીબજારે ફરવા લાગ્યો છે.

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગ નો મહાજોગ આવ્યો. કુંવર બળદ લઈને ખેતરમાં જાય છે. અને ફરતો કૂવો (રેંટ) જોડે છે. ધોળા બળદોને માર પડે છે; નીકમાં પાણી વહે છે; અને માળી બાગને પાણી પાઈને લીલોકાચ બનાવવા લાગ્યો છે.

ધવળાગઢ (ધોળાગઢ)થી કૌરવોને મકતો હાથી આવે છે. કર્ણ રેંટ હોંકે છે. હાથી નીકનું બધું જ પાણી પી જાય છે. માળીનો દીકરો કહે છે, ''ગોવાળ, હાથી દૂર લઈ જા, હાથી નીકનું બધુ પાણી ખાલી કરી નાખે છે ; અને મારે તો લીલો બાગ સુકાવા લાગ્યો છે.'' કર્ણનું કહેલું રાજાનો ગોવાળ સાંભળતો નથી હવે માળીના દીકરાને રીસનો 'સમાટો' ચડવા લાગ્યો છે. ફરીને કહે છે, ''મારું કહ્યું માન અને હાથીને લઈને સમુદ્ર કિનારે જા. નહીં તો જગતમાં ખોટું થશે.'' ગોવાળ કહ્યું માનતો નથી. બળદ ઊભા રાખી રીસનો ભરેલો કર્ણ હાથી પાસે આવે છે. પગેથી સાંકળ છોડી આવેશમાં હાથીના મસ્તક પર મારે છે. મસ્તક ઊડીને ખારા સમુદ્રમાં પડે છે અને ધડ કૂવા પર પડે છે. કર્ણ કૌરવનો હાથી મારી નાખી, સ્વસ્થ થઈ; ફરીને બળદ હાંકવા લાગ્યો.

ક્ષણમાં બનેલી ઘટના જોઈને હેબતાઈ ગયેલા ગોવાળને ધ્રૂજણિયો તાવ ચડયો. ભયના માર્યા તેણે દોટ મૂકીન. ધવળાગઢ જઈ કચેરીમાં જઈને પડતું મૂકયું.

કૌરવોની કચેરી ભરાઈ છે. સરદારો દર્પ ભરેલી વાતો કરે છે. વાતોનો 'ધધમટો' ઊડે છે. આ રીતે એકાએક આવેલા ગોવાળને જોઈને કૌરવો વિચારમાં પડી ગયા છે. દુર્યોધન (દરજોજન) કૌરવ પૂછવા લાગ્યો, "ગોવાળ, તને કોણે કૂટયો અને કોણે માર્યો ? મારનારનું નામ ધર." ગોવાળ ભય નો માર્યો ધ્રુજે છે અને વાત કરે છે. "રાજા આપણો મક નો હાથી મરણ પામ્યો છે. માળીના પુત્રે તેના બે ટુકડા કરી નાખ્યા છે." કૌવર કહે છે, "ગોવાળ, ગાંડો થયો છે કે બાવરો ? નાનું બાળક હાથીને કેવી રીતે મારી શકે !" ગોવાળ કહે છે, "સ્વામી, ના માનો તો જાતે આવીને જુઓ. મકનાનું માથું તો પડયું છે ખારા સમુદ્રમાં અને ધડ પડયુ છે કૂવા પર." દુર્યોધન આદેશ આપે છે, "ભાઈઓ, 'તેર તુરહાઈ' ફોજો તૈયાર કરો. આપણા હાથીને મારનારની ખબર લઈને જટ પાછા આવો.

ઈક્ટોતેર લાવલશ્કર લઈને માળીના કૂવા પર આવે છે. રેટ ફેરવતા કિશોરને પૂછે છે, "અમારા મકના હાથીને પચ્ચીસ મણ વજનનો ઘણ ઝીંકતા ત્યારે જ તેને ઊઠવાની ખબર પડતી અને ઘણું વાગ્યા પછી જ ઊભો થતો હતો. આવા બળવાન હાથીનું મસ્તક કોણે છેયુ ?" કર્ણ ઈક્ટોતેર કૌરવોને કહે છે, "તમારો હાથી અમારા કૂવાનું પાણી પી જતો અને અમારો લીલો બાગ સુકાઈ જતો હતો. તેથી અમે માર્યો છે. તમારેય જીવવું હોય તો આ જ ઘડીએ અહીંથી ભાગો."

ઈક્ટોતેર કૌરવોને નવાઈ લાગી, "નાનુ બાળક કેવી વાત કરે છે !" આવેશમાં આવીને તેઓ કહે છે, "લડવું હોય તો અમારી સામે આવીજા." એક બાજુ ઈક્ટોતેર કૌરવો અને તેમનું લશ્કર છે. અને બીજી બાજુ એકલો કર્ણ પાંડવ છે. કર્ણ ધનુષ્ય પર તીરનું સંધાન કરી ખેંચીને મારે છે, તીર કૌરવોની પાસે જઈને પડયું. કૌરવો વિચારે છે, 'આ તો પાંડવોનું બાણ છે ! આ માળીનો પુત્ર ન હોય પણ પાંડવોનો ભાઈ જ હોય !" તીરની તાકાત જોઈને ઈક્ટોતેર કૌરવો સેના સાથે ભાગવા લાગ્યા. બાગના કયારાને પાણી સીંચતા માળીને નવાઈ લાગી.

કિરણ પાંડવોનું બળ જોઈને હેબતાઈ ગયેલા કૌરવો દુર્યોધન પાસે આવે છે. દુર્યોધન વિચારે છે, "સંકટ સમયે આ વીર જ કામમાં આવશે." (કૂવા પર જઈને ) તેને સન્માને છે.

અને સેનાપતિ બનાવી ગોકળગઢનું રાજ આપે છે. દૂબળો માળી મનસા માળણને કહે છે, "માળણ, આ તો મોટો રાજાનો કુંવર લાગે છે. કોઈ શૂરવીરનો પુત્ર છે." બંને દોડીને બાળક કર્ણના ચરણમાં પડે છે અને માફી માગતાં કહે છે, "કુંવર ભૂલચૂક માફ કર."

સાથે એકઠા થયેલાં લોકો કુંવરનું તેજ જોઈને કિવરકુંવર નામ પાડે છે.

## ૫. દ્રૌપદી અને વાસુકિ :

એક સમયની વાત છે. અને ભરી સભા સાંભળે છે. ભર બપોર થયા છે. દ્રૌપદી (ધોફાં) ભર નીંદરમાં પડી છે, અને ઝીણી ઝીણી ઘોર લે છે. તેના માથે સાવ સોનાના કેશ છે. દાસીઓ માથામાં 'પાંથી' પાડી કેશ હોળે છે. તેના માથે હોળતા સોનનો એક વાળ તૂટે છે. એકાએક વાળ તૂટવાથી દાસીઓ ચોંકી જાય છે. અને ભયથી ધ્રુજથી એક – બીજાના સામે જુએ છે. એક દાસ કહે, "રાણી જાણી જશે તો મારી નાખશે અને પાંડવોનો રાજયવહીવટ પણ ઘણો કઠોર છે ! તેઓ પણ આપણને મારી નાખશે." દાસીઓ સોનાના વાળની ગૂંચળી વાળીને ભમરબાળીએ ભરાવે છે. પવન આ ગૂંચળી જૂએ છે અને વિચારે છે, "કંઈક નવીનતા કરું તો જ ખરો. જુઓ હવે મરદના ખેલ !" પવનના 'ગોટકા' પર 'ગોટકા' ઉડતા હસ્તિનાપુરમાં આવવા લાગ્યા છે. ભમરબારીએ ભરાવેલી વાળની ગૂંચળી ઊડીને ધરતીના માથે પડે છે. પાતાળમાં વાસુકિનાગ બાર વરસનો નિયમ લઈને સૂતેલો છે. પદ્મનાગણીઓ ચમર ઢોળે છે અને પાતાળનો રાજા નીંદરમાં પડી ઝીણી–ઝીણી ઘોર લે છે. ધરતી દ્રૌપદીના વાળનો ભાર ઝીલી શકતી નથી. ધરતી માર્ગ આપે છે (ફાટે છે) અને પાતાળમાં બાર વરસનો નિયમ લઈને સૂતેલા વાસૂકિનાગની છાતીમાં જઈને પડે છે. ભાર સહન નહીં થવાથી વાસૂકિની છાતીમાં 'થરકા' આવે છે અને જબકીને જાગે છે. છાતી પર હાથ ફેરવે છે તો એક વાળ હાથમાં આવે છે. તે ફેરવી ફેરવીને જુએ છે તો સાવ સોનનો વાળ નજરે પડે છે. વિચારે છે, "આ મર્દનો વાળ નથી પણ કોઈ સ્ત્રીનો વાળ છે. ઝડપથી બેઠો થઈ જાય છે. અને ભોયરામાં જઈ સાતમી ઓરડી ઉઘાડે છે. રાણીઓ અંદરોઅંદર વાતો કરે છે, "રાજા, બહાર પૃથ્વીલોકામાં જવાની તૈયારી કરી ?" પાતાળનો રાજા કહે છે, "રાણીઓચ મને સોનાનો વાળ મળ્યો છે. હું સોનના વાળવાળી સ્ત્રીને શોધવા પૃથ્વીલોકમાં જાઉં છું." પદ્મનાગણીઓ કહે છે, "તમે પારકી સ્ત્રીઓની વાતે ચડશો નહીં. આ જોખમનો પંથ છે અને જગતમાં ખોટું કામ આવશે. તમને બાર બાર વરસ સુધી અમારી સેજોમાં

રાખીશું ; પાતાળમાં જ મજા કરીશું.'' વાસુકિ કહે છે, ''રાણીઓ, ચિંતા કરશો નહિં. હું સોનાના વાળવાળી રાણીને જોઈને પાછો આવું છું.'' રાજા 'સોળૈયો' શણગાર સજવા લાગ્યો છે ; અને પદમ નાગણીઓ આજુબાજુ ફરીને વિલાપ (વનેખા) કરે છે. વાસુકિનાગ જળપગી ઘોડાની લગામ ખેંચીને છૂટી મૂકે છે. ઘોડાને તીખા ચાબુક મારે છે. ધૂળની ડમરીઓ ચડે છે ; અને ઘોડો 'રવોળ' કરતો પૃથ્વીલોક (ધવળો મતરોગ) પર આવે છે. લીલા ઘાસના મેદાનમાં આવે છે અને પાતાળનો રાજા ઘોડાને ઊભો રાખી વિચારે છે કે હવે ઘોડાને કઈ દિશામાં વાળું ?'' મનમાં નકકી કરીને તે ઘોડાને આથમણી દિશા તરફ વાળે છે. પવન ઘોડલો ઊડવા લાગ્યો છે. અને રા ! મોટાં મોટાં નગર જોવા લાગ્યો છે. વાસુકિ શહેરનાં બજારોમાં સોનાના વાળવાળી રાણીને શોધતો શોધતો નગર બહાર જળાશય કિનારે આવે છે. જળાશય કિનારે ઘોડો છોડીને વિરામ કરવાનો પ્રયત્ન કરે છે પણ મનને ચેન પડતું નથી. લાંબી નજરે જુએ છે તો જળાશયથી દૂર બીજા એક નગર હસ્તિનાપુરના વાદળમહેલ દેખાય છે. ઊંચા મહેલ જોઈને ફરીથી ઘોઢા પર બેસી વાસુકિ શુકન જોવા લાગે છે. ઘોડાને તીખા ચાબુક મારે છે, અને ઘોડો 'રવોળ' કરતો જવા લાગ્યો છે. નગરના ગાંદરે આવીને ફરીને શુકન જુએ છે. પાતાળના રાજાને રૂડા શુકન થાય છે. રાજા ડાબી જમણી દિશાના શુકન લેવા લાગ્યો છે. જમણી દિશાએ વેંણાગ પક્ષી (શુકનવંતું પક્ષી) બોલે છે અને ડાબી બાજુએ દેવચકલી બોલે છે. સામે જ રૂડો (રૂરો) મંગલમય પંથ જોઈને રાજાને પેટમાં આંનદની 'કુડલી' પડવા લાગી છે. અતિ હર્ષથી શરીરના વાળ ઊભા થવા લાગ્યા છે. રાજા ઘોડાની લગામ છૂટી મૂકે છે અને હસ્તિનાપુરના બગીચામાં આવે છે. બાગમાં ચંપાની છાયાએ ઘોડાને બાંધીને નાગરવેલ અને ફૂલોનો ચારો નીરે છે. હાથમાં ચાબુક રમાડતો પાતાળનો રાજા વાદળમહેલ જઈ રહયો છે.

રાણીવાસમાં રાણી દ્રૌપદી ઝીણાં ઝીણાં 'લેરકા' લેતી તે પોતે હિંડોળાપાટ પર ઝૂલી રહી છે. ભમરબારીએથી સૂર્યનો પ્રકાર તેના માથા પર પડે છે. સોનાના વાળમાંથી તેજ લિસોટો (જળુકો) ઊઠે છે અને વાસુકિની આંખો આંજે છે. હર્ષથી વાસુકિના વાળ ઊભા થાય છે. ચરણોમાં ગતિનો સંચાર થાય છે. ઝડપથી વાદળમહેલનાં પગથિયાં ચડતો રાણીવાસ તરફ જવા લાગે છે. હિંડોળાપાટ ઝૂલી રહેલી અર્જુનની પત્ની દ્રૌપદી જુએ છે. અને મનમાં તે વિચારે છે કે, રાણી વાસ તરફ કોઈ અજાણ્યો પરદેશી મહેમાન આવી રહયો છે. દ્રૌપદી દાસીઓને કહે છે, ''દાસીઓ, કોઈ અજાણ્યો પરદેશી મહેમાન રાજકચેરીનો રસ્તો ભૂલીને રાણીવાસ તરફ

આવી રહયો છે. જાઓ, તેને રાજકચેરીના રસ્તો બતાવો. દ્રૌપદીનો આદેશ સાંભળતાની સાથે દાસીઓ ખોળો વાળીને દોડે છે. હાથમાં ચાબુક રમાડતા અને ઉલ્લાસથી પગથિયાં ચડતા પાતાળના રાજાને ઊભો રાખીને કહે છે, ‘‘અજાણ્યા મહેમાન, તમે રાજકચેરીનો રસ્તો ભૂલ્યા છો, આ તરફ તો રાણીવાસ છે. ચાલો, તમને પાંડવોની કચેરીમાં લઈ જઈએ.’’ વાસુકિ કહે છે, ‘‘દાસીઓ, રસ્તા વચ્ચેથી દૂર થાઓ. મારે તો રાણીવાસમાં જ જવું છે !’’ દાસીઓ માર્ગ છોડતી નથી. આથી તેઓને હડસેલીને આગળ જવા લાગ્યો છે.

જતાં જતાં કહેવા લાગ્યો છે, ‘‘હું તો સ્ત્રીઓ ભેગો જન્મયો છું અને સ્ત્રીઓ સાથે જ મોટો થયો છું.’’ હાથમાં ચાબુક રમાડતો પાતાળનો રાજા ‘ધરમર ધરમર’ કરતો વાદળમહેલનાં પગથિયા ચડે છે. સોનાના હિંડોળાપાર ઝૂલી રહેલી અર્જુનની પત્ની દ્રૌપદી વિચારે છે, ‘‘કોઈક હઠીલો સરદાર દાસીઓની વાત માનતો નથી, અને આ તરફ આવી રહયો છે.’’ દ્રૌપદી હીંચતી હીંચતી ઊભી થઈ અંદરના મહેલ (અંતઃપુર)માં જવા લાગે છે. ત્યાં તો ત્યાં વાસુકિ આવી પહોંચે છે અને પાતળી કમરમાં ચાબુક મારે છે. રાણી ભાગવા જતાં નીચે પડે છે, અને માથા પરથી ચૂંદડીનો છેડો ખસી જાય છે. રાજાને સોનાના વાળ નજરે પડે છે. તે આશ્ચર્યથી છાતીમાં મુક્કો મારી દોડીને રાણી ઉપર જઈને પડે છે. રાણી સૂતી સૂતી બૂમો પાડે છે. રાણી કહે છે, ‘‘તું કઈ સ્ત્રીનો પતિ છે અને હું કયા પુરુષની પત્ની છું એ તો આપણે જાણતાં નથી. તું પર સ્ત્રી પર કેમ પડે છે ? નખ્ખોદિયા ! પાંડવો જાણશે તો તને મારી નાખશે. તારે જીવવું હોય તો અહીંથી ભાગ અને જલદીથી મહેલનાં પગથિયાં ઊતરી જા !’’ વાસુકિ દ્રૌપદીને ઊંચકીને ઢોલિયામાં લઈ જાય છે. રાણી સૂતી સૂતી વિલાપ કરે છે. પાતાળનો રાજા કહે છે, ‘‘રાણી તારા માટે ઘણા દિવસોથી ભૂખે મરું છું. જલદી પાણી ગરમ કર મને નવડાવ આવા ખારા જીવનો તું કયાંથી આવ્યો છે ? પારકી સ્ત્રી સાથે આવી વિલાસી વાતો કરતાં શરમાતો નથી ?’’ રાજા ગુસ્સે થઈને રાણીને આંખો કાઢે છે. અને ભયની મારી દ્રૌપદી તાંબાકુંડીમાં પાણી ગરમ કરવા લાગે છે. પાણી ગરમ થતાં કુંડીમાં લઈ જઈને ‘ઝીલારવા’ લાગી છે. રાજા સોહાવની કુંડીમાં નાહવા લાગ્યો છે. રાજા જીલીનાહીને શણગાર માંડવા લાગે છે. સોળૈયો શણગાર કરીને ઢોલિયાના માથે આવે છે. રાણીને આંખો કાઢે છે. અને કહે છે, ‘‘રાણી, જડપથી બત્રીસ પ્રકારનાં ભોજન બનાવ. હું ઘણા દિવસથી ભૂખે મરુ છું. બીકની મારી દ્રૌપદી બત્રીસ પ્રકારનાં ભોજન તૈયાર કરે

છે. અને સૌનાના થાળમાં પીરસે છે. વાસુકિ ઢોલિયામાં સૂતો સૂતો ભોજન કરે છે. રાણી તેના મુખમાં કોળિયો ઘાલે છે. રાણી જમાડતી જાય અને વિચારે છે, ‘‘આવો હઠીલો મહેમાન કયાંથી આવ્યો છે !’’ તે રાજાને કહે છે, ‘‘અજાણ્યા દેશના મહેમાન લાગે છે. તું જટજટ અહીંથી ચાલ્યો જા.’’ આવેલા નર એમ જ પાછા જતા નથી ! આજની રાત તો મહેલમાં જ વાસો રહીશ.

પાંડવોની કચેરી વિખરવાનો અવાજ આવી રહયો છે. દ્રૌપદી વિચારે છે, ‘‘ઘરનો સ્વામી જ ઘરે આવી રહયો છે.’’ પાતાળનો રાજા કહે છે, ‘‘રાણી, ડરીશ નહીં, તારા પતિને આવવા દે.’’ કચેરીમાંથી અર્જુન આવી રહ્યો છે. તેની જડપી ચાલતો અવાજ આવવા લાગ્યો છે અને પૃથ્વી પર પડતાં પગલાંને લીધે મહેલના કાંગરા ધ્રૂજવા લાગ્યા છે. અર્જુન ‘ધરમર ધરમર’ રાણીવાસનાં પગથિયાં ચડવા લાગ્યો છે. પાંડવ નજીક ને નજીક આવવા લાગ્યો છે. જેવો તે નજીક આવે છે કે તરત જ પાતાળનો રાજા ઢોલિયામાંથી ઊભો થાય છે. અને અર્જુનને બાથમાં (ભુજામાં) લે છે. બંને સામ સામે લડે છે. દ્વન્દ્વ યુદ્ધ થાય છે. બંને લડતાં લડતાં પાતાળમાં જાય છે. છેવટે અર્જુનને ભુજામાં લઈને નીચે પાડી વાસુકિ છાતી પર ચડી જાય છે. મૂછનો એક વાળ તોડીને અર્જુનના હાથ – પગ બાંધે છે અને ઢોલિયાની સામેની ખૂંટએ લટકાવે છે.

રાણી ભમરઢોલિયો ઢાળી તેના પર રૂવેલ ‘‘હીરખી’’ પાથરે છે. સુખદાયક સેજ પર આછાં આછાં ફૂલ પાથરે છે. રાણી સેજ પર કસ્તુરીનાં તેલ છાંટવા લાગી છે અને અતરના ભપકા ઊડવા લાગ્યા છે. સુવાસિત ઢોલિયા પર રાજા રાણી બેસવા લાગ્યાં છે. બંને ચોપાય રમે છે; દાવ ચડે છે; દાવ ઊતરે છે. અર્જુન ખૂંટીએ ઝૂલતો રાજારાણીના ખેલ જોવા લાગ્યો છે. પાતાળનો રાજા રાણીને ઢોલિયામાં લ એક સોડે સૂએ છે. રાજારાણી સુંવાળી સેજમાં રમત રમે છે. ‘દાણ’ ચડે છે. ‘દાણ’ ઊતરે છે. ‘બાપરો’ અર્જુન (લાચારીથી) બંનેના ખેલ જુએ છે.

પીળિયાં પ્રભાત થયાં છે. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. વાસુકિ દ્રૌપદીને કહે છે, ‘‘રાણી, અમે રોજ સાંજે આવીશું અને વહેલી સવારે પાછા જઈશું. સેજામાં રમીશું.’’ જતાં જતાં વાસુકિ વીઝણાહણ ખાડું મ્યાનમાંથી કાઢે છે. ખાંડાથી બાંધેલા વાળ કાપે છે  અને અર્જુન ખીંટી પરથી ધડામ દઈને ધરતી પર પછડાય છે. પાતાળનો રાજા ‘ધરમર ધરમર’ વાદળમહેલ ઉતરે છે. વાડીમાં આવી ઘોડા પર સવાર થાય છે. તીખા ચાબુક મારે છે અને જળપગી ઘોડો પાતાળ મારગે જવા લાગ્યો છે.

અર્જુન નીચે પડે છે અને મહેલમાં પડવાનો અવાજ વ્યાપે છે. દ્રૌપદી દોડીને અર્જુન પાસે જાય છે. તેને પંપાળીને બેઠો કરે છે. ઊભો કરીને ઢોલિયામાં સુવાડે છે. રાણી તાંબાકુંડીમાં પાણી ગરમ કરે છે. તેને ચોળીને નવડાવે છે. બત્રીસ પ્રકારના ભોજન કરીને અર્જુનને જમાડવા લાગી છે. અર્જુન કહે છે, "રાણી, આ તો રોજની બિના થઈ, (તારે તો સારું છે પણ) મારાં તો હાડકા ભાંગી જાય છે કેટલું દુઃખ સહન કરવું ? આજે આવે ત્યારે વેરીને મારવાનો ઉપાય તેની પાસેથી જ જાણી લે." દ્રૌપદી કહે છે, "રાજા, આજ સાંજે તેને આવવા દો !"

મારગે મારગે વાસુકિ પાતાળખંડમાં આવે છે. સાત પદમનાગણીઓ બત્રીસ પ્રકારના ભોજન કરી સોનાના થાળમાં પીરસી રાજાને આપે છે હેતથી જમાડવા આખળપાખળ ફરે છે, પણ રાજા સામુંયે જોતો નથી. કોળિયો ભરીને કહે છે, "ભોજનમાં તો કાંકરા છે. તમે તો શાક તીખાં કર્યા છે." રાણીઓ કહે છે, "રાજા હવે તો પારકાં ભોજન જમવા લાગ્યા છો; તમને ઘરના ભોજન નહીં ભાવે !" રાજા 'અજ્જર–વજ્જર' દિવસ કાઢે છે.

સાંજનો સમય થાય છે. પવન ઘોડલો બહાર કાઢી; તાણીને તંગ ભીડી એક છલંગે ઘોડા પર સવાર થાય છે. રાણીઓ કહે છે, "રાજા, પારકી સ્ત્રીની સેજ સારી નહીં." રાજા સાંભળતો નથી, અને લગામ છૂટી મૂકી ઘોડાને તીખા ચાલુક મારે છે. ઘોડો 'રવોળ' કરતો હસ્તિનાપુર ભણી દોડે છે.

હસ્તિનાપુરના ગાંદરે આવતાં રાજાને રૂડા શુકન થાય છે. વાડીમાં જઈને ઘોડાને બાંધી નાગરવેલનો ચારો નાખી રાણીવાસનાં પગથિયાં ચડે છે. રાજાને આવતો જોઈને દ્રૌપદી તાંબાકુંડીમાં પાણી ગરમ કરે છે, જેવો વાસુકિ આવે છે કે, આતુરતાથી રાહ જોતી કહે છે, "સુહાની કુંડીએ પાણી ગરમ કર્યુ છે. નાહી લો." વાંસો કરીને નવડાવતી રાણી ધ્રુસકે ધ્રુસકે (ઊહીક ઊહીક) રડવા લાગી છે. રોતી જાય છે અને રાજા સાથે વાતો કરતી જાય છે. રાજા કહે છે, "રાણી, કયા દુઃખને કારણે રડી રહી છે ? તને કોણે દુઃખ આપ્યું છે; તેનું નામ ધર." રાણી વાસુકિના દેહ પર મોટાં મોટાં આંસુ પાડી કહે છે, "રાજા, રાજા પાંડવોની રાજ્ય વ્યવસ્થા ઘણી જ ક્રુર (કરવું) છે, તમને મારી નાખશે તો હું શું કરીશ ? પાંડવોના ભયથી રડી રહી છું." વાસુકિ કહે છે, "રાણી છાની રહે. બત્રીસ પ્રકારના ભોજન કર. ભમ્મર ઢોલિયે જમતાં જઈશું અને વાતો કરતા જઈશું." રાજા ઢોલિયે વિરાજે છે અને રાણી બત્રીસ પ્રકારનાં ભોજન બનાવે છે. સોનાના થાળમાં પીરસી ઢોલિયે આવે છે. સૂતેલા રાજાના મુખમાં કોળિયા ઘાલે છે. વાસુકિ સૂતો

સૂતો ભોજન જમે છે અને વાતો કરે છે. ‘‘રાણી પાંડવોના તો મારી આગળ શા ભાર પડયા છે ? પાંડવોથી તો હું ડરતો નથી. પણ કર્ણથી જ ડરું છું. કર્ણની ઘણી બીક લાગે !’’ રાણી સોડમાં સૂઈને રાજાના પેટમાં પેસી પગ પહોળા કરે છે અને વાસુકિના મોતનું રહસ્ય જાણી લે છે.

સોનેરી સૂરજ ઊગે છે. પાતાળનો રાજા ઢોલિયામાંથી બેઠો થાય છે. હાથમાં ‘વિજળાહણ’ ખાંડુ લઈ ખીંટીએ લટકતા અર્જુનને બાંધેલો વાળ કાપે છે. અને અર્જુન ધગ્ દઈને નીચે પટકાઈ છે.

દ્રૌપદી રાણીવાસનાં પગથિયાં ઊતરતા વાસુકિને કહે છે, ‘‘રાજા તમે ક્ષેમકુશળ જજો અને સાંજે પાછા આવજો. તમારા વિના મને દીઠે ગમતું નથી, ખાવાનું પણ ભાવતું નથી.’’

વાસુકિ વાદળમહેલ મહેલ ઊતરે છે અને દ્રૌપદી અર્જુન પાસે આવે છે. તેને હેતથી પંપાળી ઊભો કરે છે અને ઢોલિયે લઈ જાય છે. તેને હેતથી પંપાળી ઊભો કરે છે અને ઢોલિયે લઈ જાય છે. રાણી કહે છે, ‘‘રાજા, તમને ઘણાં દિવસોથી દુઃખ પડે છે.’’ અર્જુન કહે છે, ‘‘તે દુશ્મનને મારવાનું રહસ્ય જાણ્યું ?’’ વાસુકિ પાંડવોથી તો જરાયે ડરતો નથી. કૌરવોમાં કર્ણ વીર પુરુષ છે તેનાથી જ તે ડરે છે. રાજા દુઃખી થવાની જરૂર નથી. હવે તો આપણે જીતી ગયાં !’’ અર્જુન કહે છે, ‘‘પણ બાલ્યાવસ્થાથી જ કર્ણ અને અમારે ઝઘડો ચાલે છે. અમે ભેગા બેસતા નથી.’’ દ્રૌપદી કહે છે, ‘‘સગાં–સંબંધી તો એકલપેટાં હોય છે. ભારત (યુદ્ધ) લડનારા તો ભાઈ જ હોય છે.’’ અર્જુન કહે છે, ‘‘કર્ણને આવી વાત કરું તો પાંડવોની કીર્તિ જાય.’’ દુઃખ દૂર કરવું હશે તો કંઈક રસ્તો કાઢવો પડશે.’’

પતિ–પત્ની એકમત થાય છે. અર્જુન વિચારે છે, ‘‘કર્ણ કૌરવોની કચેરીમાં જાય ત્યારે જે તે કળા કરું.’’

એટલામાં તો કર્ણ આવતો દેખાય છે. અર્જુન બેઠો બેઠો દાતણ કરે છે. કર્ણ નજીક આવીને અર્જુનને ‘ઝુહાર મઝરો હારે’ છે. અર્જુન પગ ઊંચો કરીને પગની એડીએ જુહાર ઝીલે છે. કર્ણ પાંડવ ગુસ્સાથી ઊભો ઊભો ધ્રુજે છે. તે વિચારે છે, ‘‘અર્જુન મારો ‘જુહાર’ સ્વીકાર્યો નથી. જગતમાં ખોટું કામ આવ્યું. પગે જુહાર ‘ઝીલ્યો’ પણ આ દેખ મર્દના ખેલ ! હસ્તિનાપુર ખેદાન–મેદાન કરું, આખુંયે હસ્તિનાપુર બાળી નાખુ !’’ કર્ણ ને પગની પાનીથી રીસ ચડે છે. ત્યાંથી ચોટીમાં જઈને ભડકો થયો છે. અર્જુનને કહે છે, ‘‘કઈ ભૂલ થઈ છે ? આજે પ્રાત : કાળે

મારું અપમાન કરવાનો તારો ઊદ્દેશ ? મારો કયો વાંક ગૂનો ?'' અર્જુન કહે છે, ''વિના બાપના ! તારો પિતા કોણ છે ? સવારમાં સૌથી પહેલો આવીને દરરોજ મારો દિવસ બગાડે છે. તેથી તો આજે પગની એડીએ તારા જુહાર ઝીલ્યા છે.'' કર્ણ ગુસ્સા અને દુઃખથી થરથર ધ્રુજવા લાગ્યો છે. તે વિચારે છે, ''ધરતી ફાટે તો સમાઈ જાઉં. મોત આવે તો આજ ઘડીએ મરી જાઉં. અર્જુન આજે મને લાંબુ મહેણું માર્યુ છે.'' કર્ણની આંખોમાંથી આંસુની ધારા છૂટવા લાગી છે. કર્ણ વિચારે છે, ''મને જાણે પાપ અને મા જાણે બાપ ! મારો પિતા કોણ એની તો મારી માતાને ખબર જ હોય.''

કર્ણ રીસનો ભરેલો મનસા માળણ પાસે આવે છે અને આવેશમાં કહે છે, ''બોલ માતા, મારો પિતા કોણ ?'' કઈ રાંડે તને મહેણું માર્યુ ? તું તો અમારો જ દીકરો છે ! અમે માળણ અને માળી તારાં માતાપિતા છીએ. તને ઘણા બાડે કોડે ઉછેર્યો છે ! અમે તું આજે મને સાચી વાત કર. જૂઠું બોલીશ તો ગળે ટૂંપો દઈને તાળવું ફોડીશ. આજે હું પાપને પણ ગણવાનો નથી.'' તને જન્મ આપનાર માતા હું નથી.'' કર્ણ કહે છે, ''જન્મ આપનાર મારી માતા કોણ છે ?'' માળણ કહે છે, ''અમે ખાનરનું ગાડું ભરતાં હતાં. એ વેળાએ ઉકરડા નીચેની ભમરશિલા નીચેથી મળ્યો છે. દોકરા – દીકરી વગરનાં અમે ઘણાં દુઃખી હતા. તને જીભથી તાટીને ચોખ્ખો કરી ઘેર લઈ ગયાં પણ તું ધીરજ ધર અને કુંતામાતાને મળવા જા.''

કર્ણ જોશભેર છાતીમાં મુકકો મારે છે ; મૂછો આમળે છે. અને હસ્તિનાપુરમાં કુંતામાતાના રાજમહેલ તરફ જાય છે. રાજમહેલનાં પગથિયાં ચડે છે. કુંતા ખાટહિંડોળે હીંચે છે. ઘૂઘરીઓના મીઠા સાર વચ્ચે ઝીણાં ઝીણાં 'લેરકા' લે છે. એટલામાં તો કર્ણ કુંતા પાસે જઈને ઊભો રહે છે. માતાના પગમાં પડીને પુછે છે, ''માતા, તમે કેટલા પુત્રને જન્મ આપ્યો છે ? તમારા દિલની સાચી વાત કરો.'' કર્ણ, તારે મને પૂછવાનું કારણ ? જગ જાહેર જ વાત છે; મે પાંચ સંતાનોને જન્મ આપ્યો છે. ''કુંતામાતા, સાચી જ વાત કરો ; જુઠું બોલશો તો ખોટું થશે.'' ''કર્ણ વાનરપૂછોં કોરડો આમળે છે અને વાતો કરે છે. કુંતા માતા વિચારે છે, ''કર્ણ શા માટે આવ્યો હશે ? કોણે મોકલ્યો હશે ? તે વિચારે છે કે, જુવાનીની વાતો દીકરા આગળ કેવી રીતે છતી કરું ? કુંતામાતા હિંમત ભેર કહે છે, ''દીકરા, મેં છ પુત્રોને જન્મ આપ્યો છે. તને તો ઉકરડામાં ગોડી ઘાલ્યો હતો.'' કર્ણ કહે છે, ''મે તારો જ પુત્ર મારવા ગોડ ઘાલ્યો હતો પણ હું

જમીન ધાવીને જીવતો રહ્યો છું.'' કર્ણ માતાનું છેકનું મૂળ તપાસે છે. પછી પિતાનું મૂળ શોધવા પ્રશ્ન કરે છે. ''તું એતો વાત કર કે હું પાંડુનો પુત્ર છું કે કોઈ અન્યનો ? મારો પિતા બતાવ; તેમનું નામ ધર.'' દીકરા, તું પણ પાડુંરાજાનું સંતાન છે; પણ તારે પિતાનું અત્યારે શું કામ પડયું છે ?''

વાદળમહેલમાં કુંતા અને કર્ણનો ઝઘડો થયો છે. મહેલમાં વાણીનો 'ધધમાટો' ઊડવા લાગ્યો છે. કર્ણ કહે છે, ''માતા સાચું બોલ, મારા સાચા પિતાનું નામ હશે. નહીંતર તને મહેલ ઉપરથી નીચે નાખીને મારી નાખીશ. ફાંસો આપીને તાળવું ફોડીશ. માતા, મારે પિતાના ખોળામાં આળોટવું છે.'' કુંતા કહે છે, ''દીકરા, તું પ્રતાપી પિતાનો પુત્ર છે. તને તો સૂર્ય આપ્યો છે. તું સૂર્યપુત્ર છે.'' ''માતા, તેં સૂરજદેવની સેવા કરી હશે તો તને કંઈક નિશાની આપી હશે ! તું તે નિશાની આપ. આ નિશાનીના આધારે હું મારા પિતાને મળી શકું.'' કુંતા કર્ણને અગનપછોડો ને મીણનો ગોળો (ગલોલો) આપતાં કહે છે, ''તું બંગાળદેશના ઘાટે જા. અગનપછોડો નાખી ઊગતા સૂર્યને રોક.'' કર્ણ કુંતા પાસેથી અગનપછેડો અને મીણનો ગોળો પ્રાપ્ત કરે છે. ચાલવાના વેગથી ધૂળના વંટોળ ઊઠે છે અને કર્ણ મારગે મારગે બંગાળદેશ તરફ જાય છે.

કૂકડે રાતનું સ્થાન છોડી દીધું છે. પીળિયા પ્રભાત થયા છે. સહસ્ત્ર કિરણોનો સ્વામી (સેસ કિરણાંનો તણી) સૂર્ય ક્ષિતિજની બહાર આવી રહયો છે. આકાશમાં ઊંચે ચડતાંની સાથે તો કર્ણ સૂરજદેવ પર અગનપછેડો નાખીને ઢાંકી દે છે. પૃથ્વીનો દીવો સૂરજદેવ વિચારે છે, ''મારો રસ્તો રોકવાવાળો કયો વીર પાકયો ! મને ઊગતો જ કોણે રોકી રાખ્યો ?'' સૂરજ અગનપછેડામાંથી મુકત થવાનો પ્રયત્ન કરે છે પણ છૂટી શકતો નથી. સૂરજદેવ પછેડામાં વલવલનો પૂછે છે, ''કોણે મારાં સહસ્ત્ર કિરણો રોકી રાખ્યાં છે ? તેમના તાપથી સ્વર્ગના દેવ દાઝવા લાગ્યા છે. તને કરોડ જીવોને મારવાનું પાપ લાગશે. તું કોણ છે ? અને કયાં કારણે મારી આગળ ફરી રસ્તો રોકયો છે ? કર્ણ કહે છે, ''તારું જ સંતાન તારી સામે આવ્યું છે. પુત્ર પિતાને મળવા આવ્યો છે.'' કર્ણ ઘણાં વર્ષે પિતાની યાદ આવી છે. પિતા પુત્ર મળીને એકબીજાનાં મનની વાતો કરીએ.'' ''મને બાપ કહેવાવાળો તું કોણ છે ? મારો માર્ગ કેમ રોકયો છે ? મારા ઉપરથી અગનપછેડો લઈ લે. મને બહાર આવવા દે.'' કણ કહે છે, ''એકબીજાને મળવાનું

સતવચન આપ, તો જ તને બહાર કાઢું. નહીં આપે તો આજેય નહીં આવવા દઉં અને કાલે પણ બહાર નહીં આવવા દઉં. તું મારી વાત માન, નહીંતર હું કર્ણ આ પ્રકાશિત જગતમાં કાયમ અંધારું મૂકીશ !'' ''તારાં પારખાં લઉં. મારી પરીક્ષામાં ખરો ઊતરે તો જ તું મારો પુત્ર. હવે તું મારા પરથી અગનપછેડો લઈ લે. મને ઊંચે આકાશમાં ચડવા દે. પછી તારા ઉપર સહસ્ત્ર કિરણો છોડું. તું મારું જ સંતાન હોઈશ તો બળી નહીં જાય અને બીજાનું બીજ હોઈશ તો બળીને ભસ્મ થઈ જઈશ.'' કર્ણ અગનપછેડો લઈ લે છે. બહાર આવી સૂરજદેવ કર્ણ પર સહસ્ત્ર કિરણો છોડે છે. કર્ણ પિતાને નમસ્કાર કરીને ઊભો રહે છે. તેજસ્વી કિરણો કર્ણની આરપાર પસાર થાય છે. પણ કર્ણ મરકતા મુખે ઊભો રહે છે. તેના ઊજળા દેહ પર ડાઘ લાગતો નથી. સૂરજદેવ વિચારે છે, ''સાચે જ કર્ણ મારો પુત્ર છે.'' તેઓ પ્રગટ થઈને કહે છે, ''પુત્ર, આવ તને મારા ખોળે લઉં. તું મારો જ પુત્ર છે.''

પિતા પુત્ર હેતથી મળે છે. એકબીજામાં મનની વાત કરે છે. સૂર્ય કહે છે, ''પત્રુ, તને એવી તે કઈ ભીડ પડી છે કે તારે અહીં સુધી આવવું પડયું ? તને કયા વેરીએ આ મુશ્કેલ માર્ગ બતાવ્યો ?'' અર્જુન પાંડવે મને મેણું માર્યુ. મને બાપ વિનાનો કહ્યો. ! માટે તો હું પિતાને મળવા એટલે દૂર લાંબો થયો છું. બાપુ, તમારાં શસ્ત્ર આપો. મારે પાંડવોની ખબર લેવી છે. તેઓને મારા બાપની ઓળખાણ આપવી છે !'' સૂર્ય કહે છે ,''પુત્ર, ધીરજ ધર, મારાં શસ્ત્ર ઘણાં જ જોખમી છે. હું તને અગનકટાર આપું છું પણ વિના કારણે તારી માતાએ આપેલા મીણના મ્યાનમાંથી બહાર કાઢીશ નહીં. આપતિ વિના કટાર બહાર કાઢીશ તો ધરતીમાતા ફાટી પડશે. નવલાખ તારા બળીને ભસ્મ થશે. બળશે સ્વર્ગના દેવ દાઝશે પાતાળના દેવ. જંગલ – ઝાડી બળી ભસ્મ થશે. પૃથ્વીના જળ સાથે પવન પણ બળી જશે. માટે પુત્ર કોઈ કારણસર ગુસ્સો આવે કે તરત જ અગનકટાર મ્યાનમાંથી બહાર કાઢીશ નહીં, પણ ધીરજ ધરી ગુસ્સો ખમી ખાજે. મારા હથિયાર મેળવીને અહંકારી થઈશ નહીં. ખાસ પ્રસંગે જ વાપરજે.'' સૂર્ય કર્ણને પોતાનાં શસ્ત્ર આપે છે.

કર્ણ સૂર્યનાં શસ્ત્રો લઈને લાંબા માર્ગથી આવી રહયો છે. દ્રૌપદી વિચારે છે, ''કર્ણ સૂર્યનાં શસ્ત્ર લઈને આવી રહયો છે. તેને અર્જુનનાં મોટાં મહેણાં કડવાં લાગ્યાં છે. રીસનો ભરેલો છે અને સૂર્યપુત્ર છે. ગુસ્સામાં ને ગુસ્સામાં આવતાંની સાથે હસ્તિનાપૂર બાળી

ભસ્મીભૂત કરશે.'' ક્રોધથી કાળઝાળ થતો કર્ણ હસ્તિનાપુરની નજીક ને નજીક આવી રહ્યો છે. અને દ્રૌપદી નગરના પાદરે આવીને માર્ગ રોકની ઊભી છે. એટલામાં તો હોળીની જવાળા જેવો કર્ણ નજરે પડે છે. દૂરથી કર્ણને શાન્ત પાડતી દ્રૌપદી કહે છે, ''કર્ણ તમે ધીમા ધીમા આવો. આટલા 'આકરાઊના' નહીં થાઓ.'' ''મને અર્જુને મોટાં મહેણાં માર્યા છે. મારા માર્ગમાંથી દૂર ખસ. દુઃખનો દાઝેલો હું આખી નગરી ફૂટી બાળું. મારે એક પણ વાદળમહેલ ઊભો રહેવા દેવો નથી.'' કર્ણ મહારાજા, કરું તમારા હાથનાં વખાણ ! અમે, પતિપત્ની દુઃખનાં માર્યા ગળી ગળીને પિંજર થઈ ગયાં છીએ, દુશ્મનના વર્તનથી ત્રાસ પામ્યાં છીએ. અર્જુને અસહય દુઃખના કારણે તમને મહેણાં માર્યા છે. દુઃખ દેનાર દુશ્મનને પ્રતાક્ષ બતાવું છું. પછી જ હું જાણું કે, તમે કેવા પરાક્રમી (તરવારિયા) છો !'' ''ભાભી, જલદી કહે, કયા દુઃખે મને મહેણાં માર્યા ને મારા વિના તમને શું ભીડ પડી ? દુશ્મનને મારી નજરે ઘાલ !'' સતી કહે છે, ''થોડાક સમય બાકી છે. દિવસ નમીને સસ્તાચળે (ડાબા ડુંગરે) જશે. સાંજ થશે અને પાતાળનો રાજા વાસુકિ હરિયાબાગમાં આવશે. ઘોડો ચંપાના વૃક્ષે બાંધીને મારા મહેલે આવશે. તમારા ભાઈના તો હાથપગ મૂછના વાળે બાંધીને ઊંચે ખીંટીએ લટકાવશે અને આખી રાત એક સોડે સૂઈને મારી સાથે રસભોગ માણશે. સવાર થતામાં તો પાતાળલોક પહોંચશે. અમે તેના ત્રાસથી મરવા પડયાં છીએ. તમે જ દુઃખ દૂર કરી અમારા તારણહાર બનશો.

કર્ણ અને દ્રૌપદી એક મત થાય છે. બંને પોતપોતાના રાજમહેલમાં જાય છે. સાંજ થવા આવી છે. અને કર્ણ હરિયાબાગમાં જઈને દુશ્મનની રાહ જુએ છે. વેળા થાય છે, સ્વર્ગ અને પાતાળમાં 'ધમધમાટો' થાય છે વાસુકિ હરિયાબાગમાં ઘોડો ઉતારે છે. ઘોડને નાગરવેલ નીરી ચાબુક રમાડતો નિર્ભય રીતે રાણીવાસનાં પગથિયા ચડી જાય છે. વાસુકિના મૂછના વાળથી બંધાયેલો લાચાર અર્જુન કાતર [1]ષ્ટિથી 'પટુક પટુક' જુએ છે. રાજા રાણી 'સોપરિયા દાવ' (ચોપાટ) ખેલે છે. સેજમાંથી કસ્તુરીના ભભકા ઊડે છે અને પાતાળનો રાજા દ્રૌપદી સાથે રસભોગ માણે છે. પ્રાત : કાળ થાય છે. વાસુકિ શય્યામાંથી બેઠો થાય છે. તેને વળાવતાં દ્રૌપદી કહે છે, ''તારો ને મારો એક જીવ થઈ ગયો છે ; મારા રાજા ! તારા જેવો વીરપુરુષ આ ધરતીના માથે બીજો કોઈ નથી ! તારા વિના હું હવે તો ક્ષણમાત્ર પણ રહી શકતી નથી. ખાવાપીવાનું પણ ભાવતું નથી. તું અત્યારે જાય છે તો ભલે જા, પણ સાંજે વહેલો પાછો પધારજે.'' વાસુકિ જતાં

જતાં કહે છે, "રાણી, દુઃખી થઈશ નહીં અને કાળજું સાચવીને રહેજે. હું તો હવે નિર્ભય છું. સદાય સાંજે આવીશ. ખાશું પીશું ને મજા કરીશું." દ્રૌપદીનાં પ્રેમભરેલાં મીઠાં વચનોથી આનંદ પામેલ વાસુકિ વાદળમહેલ ઊતરીને ધીમે ધીમે હરિયાબાગમાં આવી રહયો છે.

હરિયાબાગમાં હવા ખાતા કર્ણના દૃષ્ટિપથમાં ચંપાના વૃક્ષ નીચે બાંધેલો પાતાળનો ઘોડો આવે છે. મીણના મ્યાનમાંથી કટાર કાઢીને ધીમે ધીમે ઘોડાની સામે ધરે છે. અને એક એક કરતો ઘોડાનાં અંગો બાળી નાખે છે. વાસુકિના આવવાનો અવાજ આવી રહયો છે. હર્ષથી ચાબુક રમાડતો વાસુકિ જેવો કર્ણની નજીક આવે છે કે તરત જ અગનકટાર સામે ધરી નીચે પાડે છે. વાસુકિ દાઝવાથી વલવલે છે અને કર્ણ એક પછી એક નવમાંથી આઠ ફણ બાળે છે. પાતાળના રાજાના શરીરે ઝાળ ઉડે છે અને હાથ જોડીને કર્ણને વિતવણી કરે છે, "આટલી વખત મને જીવતો મૂક. મારી ભૂલ થઈ ગઈ છે. હવે આ વાટે કોઈ દિવસ ચડીશ નહીં. વાસુકિના કાલાવાલાથી પ્રવિન થયેલો કર્ણ ફણવાળા પાતાળના રાજા વાસુકિને મુકત કરે છે.

પાંચ પાંડવો દ્રૌપદી (ધોફા) ને લઈને હસ્તિનાપુર આવ્યા. ભાઈઓ અંદરોઅંદર વાત કરે છે, "એક ભાઈને મળી હોત તો એક જણજ કુંવરીને રાખત પાંચ ભાઈઓને મળી છે માટે સહિયારી રાખીએ. દ્રૌપદીને સાત માળિયો મહેલ આપ્યો. દ્રૌપદીની સેજમાં જાય છે. રાણીએ ચાર ભાઈને તો માયામાં બાંધીને છેતર્યા. પણ યુધિષ્ઠિર (જેઠોદર) મોહપાશમાં બંધાતો નથી. યુધિષ્ઠિર દ્રૌપદીની સેજમાં જાય છે ત્યારે દ્રૌપદી કળા વર્તીને દોઢ વર્ષની બાળકી થાય છે. યુધિષ્ઠિર બાળકીને સોડમાં લઈને સ્તન ધવડાવે છે. થોડી જ ક્ષણોમાં દ્રૌપદી રૂપાળી કુંવરી થાય છે. ત્યારે યુધિષ્ઠિર એક વર્ષનું બાળક બની જાય છે. યુધિષ્ઠિર ને આખી રાત નિદ્રા આવતી નથી. તે વિચારે છે, "આમ તો ઘણી રૂપાળી છે પણ થોડીક ક્ષણોમાં તો ડાકણ જેવી થઈ જાય છે. રાતમાં મને ખાઈ જશે તો ?" રાજા જેમતેમ કરીને 'અઝજર–વજજર' રાત કાઢે છે.

રાતનું સ્થાન છોડીને કૂકડો બોલવા લાગ્યો છે. યુધિષ્ઠિર ઝડપથી ઊભો થાય છે. કાચી કણિયોરનું દાતણ કરી ઊગતા સૂર્યને વંદે છે. માતાપિતાનું નામ દઈ રાજમહેલમાં આવે છે. ઘીનો દીવો કરી ; ગૂગળના હોમ કી ; શંખ ફૂંકી ; જાલર વગાડી દ્રૌપદીની આરતી ઊતારે છે.

## ૬. દ્રૌપદી અને ભીમ :

પીળો પ્રકાશ ફેલાયો છે અને હાથમાં લોટો લઈને ભીમ (ભેંમઝળ) પાંડવ જંગલ ઝાડી

કરવા નીકળ્યો છે. વળતાં વિચારે છે, ‘‘અમારા બધાનો મોટોભાઈ નવી રાણી પાસેથી બહાર આવતો જ નથી. તે સુખી છે કે દુઃખી, લાવ તેની ખબર લેતો જાઉં.’’ યુધિષ્ઠિર મહેલ પાસે આવે છે ત્યાં તો ‘ધમકે ધમકો’ ઊડે છે. ભીમ વિચારે છે, ‘‘કાલે તો રાણી લઈને આવ્યા છીએ અને આજે જ શંખ અને જાલરના અવાજ સાથે કોની આરતી ઊતરે છે ! મોટાભાઈના મહેલમાં શી કળા થઈ છે ?’’ ભીમ મહેલની બારી પાસે આવી નમીને જુએ છે તો દ્રૌપદી રાણીના ચરણોમાં પડી નમન કરી યુધિષ્ઠિર પાછો ઊભો થાય છે. હાથમાં સોનાનો વીંજણો લઈ પવન ઢોળે છે. વળી, પાછો ગૂગળનો હોમ કરી રાણીની આરતી ઉતારે છે. ભીમ પાંડવ વિચારે છ,’’ ‘‘કાલે આ સમયે તો રાણીને લાવવી બાકી હતી. અને આજે તો મોટાભાઈ પગે લાગવા બેસી ગયો છે ! આટલો બધો નરમ કેમ બની ગયો છે ? મોટાભાઈને માબાપની સાથે આખું હસ્તિનાપુરનું રાજ લજવ્યું.’’ બારી પાસે ઊભો ઊભો ભીમ ક્રોધથી થર થર ધ્રુજે છે. ગુસ્સામાં ને ગુસ્સામાં હાથમાંનો લોટો મહેલ ઊપરથી નીચે ફેંકી દે છે. મારગે મારગે સૂની વખારમાં કાંતો ભાભીને મારું ; નહીંતર ભાઈને મારું ; નહીંતર પોતે હું જ મરી જાઉં ! ઘણી રૂપાળી પત્ની હોય પણ રૂપાળી પત્નીને શા માટે પગે લાગીએ ? આ શું કળા થઈ ? યુધિષ્ઠિર પાંડવે આ શું કરી નાખ્યું ? ભીમ પાંડવ ખાટલામાં પડયો પઠયો ક્રોધથી થર થર ધ્રુજવા લાગ્યો છે. દ્રૌપદીએ બત્રીસ પ્રકારનાં ભોજન બનાવ્યાં છે. દેવગરા થાળમાં ભોજન પીરસ્યાં છે, પણ ભીમ ઊંધા માટલે પડયો પડયો આળોટી રહયો છે ; દ્રૌપદી તેની પાસે જઈને કહે છે, ‘‘મારા લાડમિયા દિયા ! તને કોણે માર્યો ? કઈ ચંડે મહેણાં માર્યા ? તારા દુઃખની વાત કર !’’ ભીમ બોલતો નથી પણ ‘કાળમો કાળમો’ થાય છે, ‘‘દ્રૌપદી કહે છે, ‘‘ચાર પાંડવ ભોજન જમીને કચેરીમાં ગયા અને તમે સૂની વખારમાં ભૂખ્યા કેમ પડી રહયા છો ?’’ સતી હેતથી પંપાળી ભીમને ઊભો કરે છે અને વાદળમહેલમાં લઈ જાય છે.

ભીમ હાથપગ ધોઈને જમવા બેસે છે. દરરોજ સવાકળશી અનાજ જમતો પણ આજે સવાશેરનો રોટલો ખાતાં ખાતાં તો પેટ ભરાઈ ગયું. દરરોજ જમ્યા પછી સવાબાર બેડાં પાણી પીતો હતો પણ આજે તો એક લોટે જ ધરાઈ ગયો. ભીમ દ્રૌપદીને વાત કરે છે, ‘‘ભાભી, તમે આજે કઈ કળા કરી ? દરરોજ સવા કળશી અનાજ અને સવાબાર બેઠાં પાણી જોઈતું હતું અને આજે સવાશેર લોટનો રોટલો અને એક લોટો પાણી પીતાં તો ધરાઈ ગયો ! આ કઈ નવી કળા થઈ ?’’ લાડમિયા દિયર ! એવી વણજોઈતી વાતો જવા દે. તેનું રહસ્ય જાણવા જઈશ તો ભારે

જોખમ ઊભું થશે.'' દ્રૌપદીની વાતોથી ભીમની જિજ્ઞાસા વધી જાય છે. તે હઠે ભરાય છે. દ્રૌપદી કહે છે, ''તારે જાણવાની ઈચ્છા છે તો સાંભળ મારી વાત દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) જાય; સૂડા સૂવા માટે માળે જાય ; અને સાંજ પડે ત્યારે પુરના ગાંદરે આવેલા સિંદૂરવર્ણના વડલે જજે. કોઈ જુએ નહીં એ રીતે ઊંચા વડલે ચડીને બેસ જે. આખી રાત વડ પર બેઠો બેઠો જે ઘટના ઘટે તે જોયા કરજે. ત્યાં તને સમજાતું રહસ્ય જાણવા મળશે. સાચ જૂઠનાં પારખાં પણ થશે.'' ભીમ પાંડવ રાણીવાસમાંથી રાજમહેલમાં જાય છે. 'અજઝર વજજર' દિવસ પસાર કરે છે.

સાંજ થવા આવી છે. દિવસ આથમે તે પહેલા તો ભીમ સિંદૂરવર્ણા વડલે ચડી ઘટામાં સંતાઈને બેસી જાય છે. બેઠો બેઠો વિચારે છે, ''ભાભીએ મને વડલે બેસાડયો છે પણ રાતના સમયે ભૂત પ્રગટશે તો કઈ બાજુ જઈશ ?''

મધ્યરાત્રિ થઈ છે. પૂર્વ દેશથી પવનદેવ આવવા લાગ્યો છે. વડલા નીચેનો માણેકચોક વાળીઝૂડીને સાફ કરવા લાગ્યો છે. ઈન્દ્રપુરીથી ઈન્દ્ર આવીને માણેકચોક લીપી તૈયાર કરે છે. સ્વર્ગમાંથી સોના રૂપાનાં સિંહાસન આવીને દેવોના દરજ્જા પ્રમાણે આપમેળે ગોઠવાય છે. સ્વર્ગમાં 'ધધમાટો' ઊડવા લાગ્યો છે. દ્રૌપદીના જલસામાં નવલાખ દેવ આવવા લાગ્યાં છે. વૈકુંઠથી ભગવાન આવીને રૂપાના સિંહાસને વિરાજે છે. ભગવાનને નવલાખ દેવ નમન કરે છે. વડલા નીચે દેવોનો મેળો ભરાયો છે અને ઉપર બેઠો બેઠો ભીમ વિચારે છે, ''સાચે જ આ તો ભૂતોની સભા ભરાઈ છે. હવે મધ્યરાત્રિએ ઊતરીને કઈ બાજુ જાઉં ?'' વડલા પર બેઠો બેઠો ભીમ ભયનો માર્યો 'પટુક પટુક' શ્વાસ લે છે. દેવો બેઠા વાતો કરે છે, ''હજી દેવીઓ આવી નહીં.''

થોડીક ક્ષણોમાં તો ફરીને ધધમાટો થાય છે. પાડાના રેંકવાનો અવાજ સંભળાય છે. પાડા પર સવાર થઈને કુંતા માતા આવી રહયાં છે માણેકચોકની મધ્યમાં આવીને 'ધક્ર દઈને' પાડા ઉપરથી ઊતરી સોનાનું સિંહાસન શોભાવે છે. હસ્તિનાપુર બાજુથી વાઘની દહાડ સંભળાય છે. વાઘ પર સવાર દ્રૌપદી એક હાથમાં દીવો અને બીજા હાથમાં ખાંડું ખેલતી ખેલતી માણેકચોક વચ્ચે આવે છે. દ્રૌપદીને જોઈને સિંહાસન ઉપરથી ઊભા થઈને ભગવાને દેવીનું સ્વાગત કર્યુ દ્રૌપદી સોનાના સિંહાસને વિરાજવા લાગી છે.

વડલા પર બેઠેલા ભીમને આ નવલું દ્રશ્ય જોઈને ધ્રૂજણિયો તાવ ચડયો છે તેની સાથે આખો વડલો પણ ધ્રુજવા લાગ્યો છે. પાંડવ ભયનો માર્યો ધ્રુજતો જાય છે અને દેવદેવીઓની વાતો સાંભળતો જાય છે. ભગવાન દ્રૌપદીને સમાચાર પૂછે છે, ''બધાં પાંડવોને મોહમાં નાખી મારવાની ગોઠવણ કરી છે ?'' ''દ્રૌપદી કહે, 'ચાર પાંડવ તો ફસાયા છે, પણ યુધિષ્ઠિર પાંડવ હજી ફસાયો નથી. તે દરરોજ મારી ઉપાસના કરે છે, બધાને મારી ચરીને વૈકુંઠમાં તારા દર્શને આવીશ.'' નીચે દેવદેવીઓ 'ગરમી–ગરમી (ગર્વથી ભરેલો) વાતો કરે છે અને ભીમના ધ્રુજવાથી વડલો ફંગોળવા લાગ્યો છે.

સભાનો સમય પૂરો થયો છે અને નવલાખ દેવદેવીઓ વિખરાવા લાગ્યાં છે. પીળું પરોઢ થયું છે. ભીમ પાંડવ વડલા પરથી નીચે ઊતરે છે. દોટ મૂકી રંગરાવળે આવે છે. દાતણ કરી ઊગતા સૂર્યને વંદે છે. જગત જનની કુંતાના મહેલે જઈ માતાના ચરણોમાં પડી વંદન કરે છે. કુંતા ભીમને ઊભો કરીને પૂછે છે, ''આટલા વહેલા આ બાજુ કેમ આગમન થયું ?'' માતા, મેં તમારો અને તમારી સભાનો જલસો મારી સગી આંખે જોયો છે. અમે તો કાલે જ પૂરા થઈ જવાના છીએ. અમારે હસ્તિનાપુરનું રાજ ના જોઈએ. અમારે દ્રૌપદીની માયામાંથી બચવું છે.'' કુંતા ઉપાય બતાવે છે, ''તમારે પાંચે ભાઈઓએ બચવું હોય તો મધ્યરાત્રિ થાય ત્યારે તું પોક મૂકીને રડવા લાગ. રડતો રડતો બજારે બજારે ફર. તો જ તમે દ્રૌપદીથી બચી શકશો.''

મધ્યરાત્રિ થઈ છે. ભીમ હસ્તિનાપુરના બજારે ફરતો જાય છે અને પોક મૂકીને રડતો જાય છે. નગરના લોકો એકઠા થઈ ભીમને શાન્તવના આપવાનો પ્રયત્ન કરે છે પણ કોઈનાથી છોનો રહેતો નથી. દ્રૌપદીના કાને ભીમના રડવાનો અવાજ આવે છે. તેણી વિચારે છે, ''આજે પાંડવોને કોઈ ભારે દુઃખ આવી પડયું લાગે છે. આ તો ભીમનો જ રડવાનો અવાજ છે.'' તેણી ભીમ પાસે આવીને કહે છે, ''દિયર, તમને એકાએક શાં દુઃખ આવી પડયાં છે કે આમ પોક મૂકીને રડો છો ? તમે છાના રહીને વાત કરો.'' ભાભી, મારી વાત સાંભળ. પાંડવોને ઘણું જ દુઃખ આવ્યું છે ! તું સતવચન આપે તો છે. ભીમ કહે છે, ''ભાભી, પાંચ ભાઈઓના માથે હાથ મૂકી ; આશીર્વાદ આપી અમને પાકા દેવપુરુષ બનાવ નહીંતર અમે હસ્તિનાપુર છોડીને ચાલ્યા જઈએ છીએ.'' દ્રૌપદી કહે છે, ''તું રંગરાવળે ચાલ, પાંડવોને મારે શિખામણ દેવી છે.'' ભીમ અને દ્રૌપદી વાદળમહેલમાં આવે છે. પાંડવોની કચેરી 'જકી' છે. ભીમ કહે છે, ''ભાભી, તું

ડાકણ છે ? અમારી માતા પણ ડાકણ દેવી છ. તમે બંને તો ભગવાન, ઈન્દ્ર મહારાજા, વિધાતા (વતાવેંણ) અને નવલાખ દેવદેવીઓ સાથે બેસો છો. તમારી સભામાં અમને કેમ ના લઈ ગયા ? ડાકણ માતા તમે અમને જીવના છોડો.'' સતી દ્રૌપદી વાત કરે છે, ''તમે તો અભિમાનમાં રહી ગયા ના ઓળખ્યાં સગાંસબંધી કે ના જાણી ન્યાન. ના સમજયા સત્ય કે ધર્મ પાપધર્મનાં લેખાં તમારી પાસે નથી. પછી તમે અમારી કચેરીઓમાં કઈ રીતે બેસી શકો ? અમે કહીએ એટલાં ડગલાં ભરો તો જ તમને અમારી દેવોની સભામાં બેસવાનું મળશે. અમે કહીએ એટલી વાત માનો તો જ કૃષ્ણ ભગવાન આપણા ઘેર આવશે. નહીંતર તમે તો 'ઉજોર' મરી જવાના છો. તમારુ નામ નિશાન નહીં રહે.''

## ૭. ભકિતનું પ્રાગટ્ય :

પાંચ પાંડવો વિચારે છે, ''આપણે અભિમાન કરીશું તો આ બંને ડાકણો નકકી આપણું કાળજું ખાઈ જવાની છે. માટે બંને કહે એટલાં જ ડગલાં ભરીશું આપણે સ્ત્રીઓનું કહયું માનીશું અને કહે તે પ્રમાણે કરીશું. આપણે ભાગી જઈશું તો પણ આપણી ગણતરી ખોટી પડશે.'' પાંચ પાંડવો સતીઓના પગમાં પડી ઊભા થાય છે અને હાથ જોડીને કહે છે, ''માતા, તમે જન્મ આપ્યો ; મોટા કર્યા. હવે ખાઈ જશો તો જગતમાં ખોટું થશે. તમારી આજ્ઞા પ્રમાણે કામ કરીશું.'' કુંતામાતા શિખામણ આપતાં કહે છે, ''માતા, તમે દીકરા મારા, પાપ કરીએ તો બીમાર પડીએ ! તમને ખાવા માટે મોટા નથી કર્યા. મરશો તો તમારા જ પાપે. પાપી જનનો જ અમે ખો કાઢીએ છીએ.'' પાંડવો માતાને 'લળી લળી' ને પાયે લાગી કહે છે, ''અમે પાપ ના કરીએ અને બીમાર પણ ના પડીએ એવો પંથ બતાવો. ભૂલ્યાને માર્ગ બતાવો. કુંતા કહે છે, ''તમે કાન દઈને મારી વાત સાંભળો, કોઈને હલકું બોલશો નહીં. સગા સંબંધી, કાકાભાઈઓને માન આપીને બોલાવજો. જૂઠું બોલશો તો તમારું માન ઘટશે. પુત્રો, હવે હું તમને મારા દિલની વાત કહું છું. તમે ભકિતનું પ્રમાણ શોધો. તમે ભકિત આ મંત્રીને ધૂણીના માથે તારતંબૂરે ભજન બોલો. આપણા ઘેર સતપુરુષ મહેમાન આવશે. આપણે તેઓના ભેગા બેસીશું. આપણા ઘેર ભગવાન મહેમાન બનીને આવશે. આપણું ઘર રળિયામણું બનશે અને આપણે આ ભવસાગર તરી જઈશું તમે પાંડવ મનુષ્ય છો પણ ભકિતના માર્ગે જશો તો જ પૃથ્વીના પ્રથમ દેવ બનશો. તમારું નામ યુગો સુધી રહેશે.'' પાંડવો કહે છે, ''માતા, ભકિત કયાં છે ? તારતંબૂર કયાં છે ?

તમે ભજન શીખવો.'' દીકરા, ભક્તિ ઋષિઓના ઘેર છે. ભક્તિનો મારગ ઘણો જ કઠણ છે. ભક્તિ કહેવાય ખાંડાની ધાર. અણી ચૂકિયે તો ધાર વાગે અને ધાર ચૂકિયે તો અણી વાગે, ખાંડાની ધાર પર ચાલવું પડશે દીકરા ભક્તિ કહેવાય કાંટાની વાડ. બધા આ કઠણ માર્ગનો વિચાર કરો. પછી જ ભક્તિને આમંત્રીએ.'' સહદેવ પાંડવ કહે છે, ''માતા, તમે ભૂલ્યાંને માર્ગ બતાવ્યો છે. આપણે ભક્તિ લેવા જઈએ.'' કુંતામાતા આદેશ આપે છે, ''પુત્રો, હું કહું એટલી પાંચ કુંવારી કન્યાને આમંત્રણ આપો. ચામર લાવો પાતાળમાં જઈને ભક્તિમાતાને આમંત્રી લાવીએ.''

ભક્તિ માટે જરૂરી વસ્તુઓની તૈયારી થઈ છે. પાટવી નગારે ડંકો પડે છે. નગરજનો રંગમહેલના માણેકચોકમાં એકઠાં થાય છે. 'હોરમાં' વાજા વાગી રહયાં છે. તંબુર પર ભજન બોલાય છે ; ઝાલર વાગે છે ; અને શંખઘોષ થાય છે. આરતીઓ કરતા કરતા ભક્તિમાતાને આમંત્રવા પાંડવો પાતાળના માર્ગે ઉતરી સમઋષિની ધૂણીએ આવે છે. ધૂમઋષિ, પીપળઋષિ અને જળઋષિ, સમઋષિની ધુણીએ ભેગા થાય છે.

માતાકુંતા, સતી દ્રૌપદી, પાંચ કુંવારી કન્યા અને પાંડવો ઋષિની ધુણીયે બેસે છે. બધાં ઋષિને લળ લળીને પાયે લાગે છે. ધૂણી પર ગુગળનો હોમ કરી, ઝાલર વગાડી; શંખઘોષ કરી ભક્તિમાતાની આરતી કરે છે. ગુરુનું નામ લઈ; હાથ–પગ દાબી; પાંડવો ગુરુની સેવા કરે છે. ઋષિઓની ચરણરજ ચાટી ચરણામૃત લે છે.

હરિનું નામ લઈને તેઓ ગુરુને કહે છે, ''ગુરુ, અમે તો પાતાળમાં ઘણા માન સાથે ભક્તિ નૂતરવા (આમંત્રવા) આવ્યા છીએ. અમે પાંચ ભાઈ, પાંચ કન્યાઓને સાથે લઈને આવ્યા છીએ. સાથે માતા કુંતા અને સતી દ્રૌપદી પણ છે. તમે ખુશી થઈને અમને ભક્તિમાતા આપો અને માતાને પ્રણામી વાજને પૃથ્વી પર લઈ જઈએ.

ઋષિ ગૂગળના હોમ કરે છે. ડાબીજમણી દિશાએ આરતી ઉતારે છે. પછી પાંડવોને કહે છે, ''વાપરી શકાય તેનું જ હથિયાર ; સેવી જાણે તેનું દેવ. માતા ભક્તિ, પાંડવો તને સેવી જાણે તો જ પૃથ્વીલોકમાં રહેજે. નહીં એવી જાણે તો પાછી પાતાળ લોકમાં આવતી રહેજે; ભજનોનો 'ઠોર' ઊડે છે અને તેઓ ભક્તિમાતાને લઈને હસ્તિનાપુરના ગાંદરે ઊભા રહે છે.

વાદળમહેલમાં નગારચી ઊંધુ નગારું સીધું કરી પાટવી નગારે લળી લળીને ડંકા મારે છે. ગામ–પરગામ, દેશ–પરદેશમાં નગારાનો અવાજ પ્રસરે છે અને લોકો સોનાની થાળીમાં ચોખા

અને ખજૂરિયાળા દીવા મૂકી ભકિતમાતાને વધાવી સામૈયું કરવા ગામના ગાંદરે આવે છે. કન્યાઓ ગીતો ગાઈને ભકિતમતાને 'ઝોહારે' છે. કન્યાઓ ખજૂરિયાળા દીવા પ્રગટાવી ચોખા અને ફૂલોથી વધાવી ભકિતમાતાને આગળ કરીને વાદળમહેલમાં લાવે છે. પાંડવો ધૂણીઓના માથે ભકિતમતાની સ્થાપના કરી લળી લળીને ભજન ગાય છે. કુંતામાતા કહે છે, ''દીકરા, તમે પાતાળમાંથી પૃથ્વી પર ભકિત ઘણા માન સાથે લઈ આવ્યા. પણ મારા પેટે જન્મ ધરી જીવન તાર્યુ તો ત્યારે જ કહેવાય કે જ્ઞાન દ્વારા ભકિતને પ્રમાણે ભકિત કહેવાય ખાંડાની ધારા !''

હસ્તિનાપુરમાં ઘણું જ રૂડું થયું છે. તંબુર પર સહેદેવજી ભજન બોલે છે, અને બીજા પાંડવ 'લળીલળી' ને ભકિતનો લહાવો લે છે. ભજનનો 'ઠોર' ઊડે છે, અને કુંતામાતા ચમ્મર ઢોળે છે. સતી દ્રૌપદી (ધરોપતા) વીંજણાથી વાપરો ઢોળે છે. પાંડવો હસ્તિનાપુરમાં રાજ કરે છે અને આનંદ કરે છે.

જેવી રીતે વાડ વિના વેલો ચડે નહી, વડ વિના છાયડો નહિં, અને મરદ વિના માયા નહીં, તેથી જ રીતે પરાક્રમોથી પાંડવો દેશના દીવા કહેવાયા, પાંડવ કહેવાયા ધરના વાઘ.

સગાસંબંધીઓએ ના ઓળખ્યા; ન્યાત કે સમાજે ના જાણ્યા એવા જન્મથી મૂએલા માનવીઓ ફાટી પડજો. સગાં સંબંધીઓમાં વહાલા વીર મરશે ત્યારે રડશે અને જગતમાં અંધારું થશે.

આમ આવી જ રીતે સતિયાંની વારતા કહેવાય છે અને હોંકારો દેનાર કુશળ રહો સાથે ભરી સભા સાંભળે છે.

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો છે, ભીમ પાંડવ વિચારે છે, ''સહદેવ ભજન બોલે છેઅને મારે રાગ પુરાવવો પડે છે. ભજન શીખું તોજ ખરો.'' તંબૂર અને મંજીરા લઈને એકાંત શોધતો ભીમ મારગે મારગે નગરથી દૂર એક સૂના દેવળમાં આવે છે. નિર્જન સ્થાન જોઈને ભીમનું મજ ભોજન ગાવા અધીરું બને છે. તંબૂર ખોળામાં મૂકી તારના મેળ સાંધીને આમળી જાડા રાગે જોરજોરથી ભજન બોલે છે. દેવાળમાં પડઘા પડે છે અને આખું દેવળ અવાજથી ગાજે છે.

હસ્તિનાપુરના કુંભારને ગધેડો ખોવાયો છે. વનમાં શોધતો શોધતો કુંભાર દેવળ પાસે આવે છે. મહેલમાં ભજનનો 'ધધમાટો' ઊડે છે. કુંભાર સમજે છે કે દેવળમાં મારો ગધેડો ભૂંકે

છે. દેવળમાં આવીને નમીને જુએ છે તો ગધેડાના સ્થાને ભીમ પાંડવ નજરે પડે છે.

ભીમે ભજન ગાતાં ગાતાં આંખો ઉઘાડી ઊંચે જોયું તો દેવળના દ્વારે કુંભાર નજરમાં આવ્યો. ભીમ ઈશારેથી સમજાવી કુંભારને પાસે બેસવા બોલાવે છે. કુંભાર ભીમ પાસે જઈને બેસે છે. ભીમ ભજન કરતો કરતો કુંભારને પૂછે છે, ‘‘તું કયા કામે આ સૂના દેવળમાં આવ્યો છે ? તારા કામનું નામ ધર.’’ કુંભાર કહે છે, ‘‘સ્વામી, દેવળમાં ભજનનો ‘ઠોર’ ઊડતો હતો. બહાર ભજનનો અવાજ આવતો હતો. તે સાંભળીને હું તો ભજન સાંભળવા આવ્યો છું. તમે ભજન બોલો અને હું સાંભળુ.’’ કુંભાર સાચું બોલ, હું ભજન બોલું છું તે બહાર કેવું સંભળાયું હતુ ? ભજનનો અવાજ કેવો આવતો હતો. તે વાત તો કુંભાર કેવી રીતે કહે ? ભીમ આદેશ આપતાં કહે છે, ‘‘સાચું જ કહે, નહીંતર સામેની ભીંતે માથું પછાડી; જાટકીને મારી નાખીશ.’’ ભીમ કુંભારને સાંકડેલ છે. ભયનો માર્યો કુંભાર થરથર ધ્રુજવા લાગ્યો છે. તે આજીજી કરતો કહે છે, ‘‘માબાપ, મારે તો ગધેડો ખોવાયો છે. મારગે મારગે શોધતો વનમાં આવ્યો. દેવળ પાસે આવ્યો ત્યારે મને એમ લાગ્યું કે દેવળમાં ગધેડો શોધતા આવ્યો છું !’’ કુંભારનાં સતવચન સાંભળી ભીમ વિચારે છે, ‘‘હું તંબૂરમંજીરા વગાડતા શીખી ગયો છું અને ભજન પણ રાગ સાથે ગાતાં આવડી જશે એમ સમજીને સૂના દેવળમાં ભજન શીખવા આવ્યો હતો, પણ હું ગધેડો ભૂંકે એમ ભજન બોલું છું ! આજે કુંભાર સામે ઘી પાણીનું મૂલ્ય થઈ ગયું. મારે ભજન બોલતાં નથી. ભજન તો સહદેવ જ બોલી શકે. બીજો, મોટાભાઈ બોલી શકે. અમે પાસે બેસીને ભજનમાં રાગ પુરાવીશું. ભજનનું કામ કરું નહીં. હું તો બીજા કામ કરીશ.’’ ભીમ તંબૂરમંજીરા હાથમાં લઈને મારગે મારગે હસ્તિનાપુર આવે છે અને ભક્તિનાં હથિયાર ધૂણી પર મૂકે છે.

## ૮. પાંડવોનો સેનેતરો યજ્ઞ (શંખોદ્ધાર) :

પાંડુ રાજા મૃત્યુ પામ્યા છે. પાંડવોના જીવનમાં આ પહેલો જ ભૂંડો (પૂડો) પ્રસંગ આવ્યો છે. પાંચ પાંડવે માથાના કશે ઉતારી ; સૂતક ઊજવી છેલ્લો જગન પૂરો કર્યો.

મરણ પછી પાંડુ રાજાને ઘણું દુઃખ આવ્યું છે. નરક ખાઈમાં પડયા પડયા દુઃખથી પીડાય છે. પાતાળમાં જાય છે તો સવાકળશી કીડા ખાય છે. બહાર આવે તો કાગડા ચાંચો મારે છે. પાંડુ રાજાના મૃત્યુ પાછળ કરેલા પુરોહિતોના બધા જગન નિષ્ફળ ગયા છે.

પાડું રાજાની ખબર કાઢવા કૃષ્ણવતાર નરક ખાઈમાં જાય છે. રાજા વેદનાથી પીડાઈ

રહ્યા છે. ભગવાન કહે છે, ''રાજા, તારાં કરેલાં કર્મ તને પીડી રહયા છે. તારાં કર્મ પ્રમાણે હવે કાળા કૂતરાનો અવતાર આપી પાછો હસ્તિનાપુરમાં મૂકું છું. તારા પુત્રોની સંભાળ લે.'' ભગવાન પાડું રાજાને કાળા કૂતરાનો અવતાર આપે છે. હસ્તિનાપુરની શેરીઓમાં મોટો થઈ કાળો કૂતરો ફરતો ફરતો સહદેવના દ્વારો પર આવીને ઊભો રહે છે. સહદેવની પત્ની મોટી ડાંગ શોધવા લાગી છે 'નૂગરી' (ગુરુ વિનાની) શું જાણે કે આ તો મારા સસરા છે ! ડાંગ જોઈને કૂતરો આગળ મુખ કરીને દોડે છે. ભૂખથી પીછાતો તે નકુળ (નકળા) પાંડવના મહેલ જાય છે. નકુળની પત્ની ઘંટીએ બેસીને દળણું દળી રહી છે. ઘંટી નીચેથી પાટિયું કાઢીને કૂતરાના ઊભા વાસામાં મારે છે, ''મારું માથું ફૂટે ! અમને જ કર્યા રોટલા મળે છે ? ઊઠે છે એવો પેલો (ભીમ) જ બધા રોટલા ઝાપડી જાય છે !''

દોડી દોડીને હતાશ થયેલો કૂતરો શહેરના પાદરે આવેલા ઉકરડામાં ખાદરું ગોડીને પોઠવા લાગ્યો છે. તેનો જીવ જાય છે અને પાછો આવે છે.

અર્જુનની નવી રાણી સુભદ્રા ખાટહિંડોળે ઝીણી ઝીણી 'ઘૂમરે' હીંચે છે. હીંચતાં હીંચતાં ઊભી થઈ ભમર બારીથી જુએ છે. તેની નજરે કાળો કૂતરો પડે છે. ભગવાનની બહેન સુભદ્રા ભવ(ભવિષ્ય) જાણનાર (ભવ હુજણી) સ્ત્રી હોવાથી પોતાના સસરાને ઓળખે છે. તેણી વિચારે છે, ''મારા સસરાને ભારે દુઃખ આવ્યું છે.'' વીરકછોટોવાળી 'ધમકે' વાદળમહેલ ઉતરી દ્રૌપદીના મહેલે જાય છે. તેણી દ્રૌપદીને કહે છે, ''આજે ઘણા દિવસે દેરાણી જેઠાણી બંને સાથે ભેગી મળીએ છીએ. હું તમને પૂછું કે પાંડવોએ પિતા પાછળ કેટલા જગન કર્યા હતા ? આજે આપણા સસરાને ઘણું જ દુઃખ આવ્યું છે.'' દ્રૌપદી કહે છે, ''યજ્ઞો તો સાત કર્યા પણ ગુરુ વિના જ્ઞાન નહીં, અને મરણોતર ક્રિયાઓ માટે જોઈતી ચીજો વિના કારજ કાચું છે. હરગુરો મારો ગુરુ છે અને ગતરોવાસી કુંતામાતાનો ગુરુ છે, પણ અહંકારી પાંડવોએ યજ્ઞના મહાભોજ સમયે તેઓનું અપમાન કર્યુ. લોકો કહે છે, માંડવો કરે છે તો હસ્તિનાપુરનું રાજ્ય પણ અભિમાનથી ભરેલી (ગરમી) વાતો સિવાય કંઈ જ કરતા નથી.''

ત્યાંથી બંને કુંતાના મહેલ આવે છે. આગળ આવીને દ્રૌપદી કહે છે, ''સાસુજી, તમારા દીકરાની સેવા કરો છો પણ મારા સસરાને ભારે દુઃખ આવ્યું છે. મોટા કર્યા એના કરતાં તો નાખવા હતા કૂવામાં. તમારા પેટે દીકરીઓ આવી હોય તો વહાલા જમાઈથી આંગણું કેવું

રળિયામણું લાગ્યું હોત ! છતે દીકરે પાંડુ રાજા દુઃખી થાય. હજી સુધી તેઓનો મોક્ષ થયો નથી.'' સુભદ્રા કહે છે, ''સાસુજી, ભોજન કરવાનો આજે કોનો વારો છે ?'' કુંતા કહે છે, ''આજે નવી રાણી ભોજન કરે અને દ્રૌપદી બધાને જમાડે.''

દ્રૌપદી દેવગરા થાળમાં બત્રીસ પ્રકારના ભોજન ગોઠવે છે. એક હાથમાં દેવાંગ થાળ અને બીજા હાથમાં પાણીનો લોટો લઈને દ્રૌપદી ચૂંદડીના છેડે થી ભીમ પાંડવ સામે લાજ (ઘૂંઘટ) વાળી પસાર થાય છે. ઉકરડા પર બેઠેલા કાળા કૂતરા આગળ બત્રીસ પ્રકારનાં ભોજનનો થાળ મૂકી જમાડે છે અને છેલ્લે પાણી પાઈને ખાલી થાળે પાછી વળે છે. ભીમને દ્રૌપદીના વર્તનથી પગની પાનીથી 'ઝમ ઝમ' રીસના મોર ચડે છે અને ચોટીમાં જઈને ભડાકો થાય છે. જેવી દ્રૌપદી નજીક આવે છે કે તરત જ પૂછે છે, ''ભાભી, કાળો કૂતરો તારો શો સગો થાય છે ? ભૂંડી રાંડ ? અહીં તેના ગોઠિયા (પ્રેમી) ને લઈને આવી છે. ભાભી, ગળે ફાંસો આપીને તારું માથું ફોડું. કોરડેથી તારી ચામડી ઊતારી મીઠું ભરું. અવળી ઘાણી ફેરવીને તારું તેલ કાઢું. તો જ મારી દાજ હોલવાય.'' દ્રૌપદી કહે છે, ''ભીમ કાળો કૂતરો તો મારો સસરો છે, મારા સસરાને ઘણું જ દુઃખ આવ્યું છે. તમારું નખ્ખોદ જાય.

પાંડવોએ કચેરી ભરીને બેઠા છે. વચ્ચે કૃષ્ણ ભગવાન વિરાજયાં છે. રાજકચેરીમાં 'ગરમી ગરમી' વાતો ચાલે છે. આવી આનંદની પળોમાં ભીમ અને દ્રૌપદી લડતાં લડતાં રાજકચેરીમાં આવે છે. ભગવાન દ્રૌપદીને શાંત પાડતાં કહે છે, ''બહેન તું હલકું કેમ બોલે છે ? ધીરી પડ અને માંડીને વાત કર. કોઈ ભૂલું પડયું હોય તેને માર્ગ બતાવવો જોઈએ. પણ તું તો શોભે નહીં એવાં હલકાં વચન બોલે છે. તમે બંને ભાભીદિયર છો અને એક મહેલમાં રહો છો. અત્યારે લડો છો પણ સવારે ઉઠીને એકબીજાને મુખ કેવી રીતે બતાવી શકશો ?'' યુધિષ્ઠિર કહે છે, ''અમારાથી એવી કઈ ભૂલ થઈ છે. અને અમે કયો મોટો અપરાધ કર્યો છે ?'' ભગવાન પાંડવો અને દ્રૌપદીને શિખામણ આપતાં કહે છે, ''બહેન, તું સ્ત્રીનો અવતાર છે. તારે તો ભારે થવું જોઈએ. દિયર જેઠ સામે તારે સહનશીલ થવું જોઈએ. તમે સહનશીલતાનો અવતાર છો ! સ્ત્રીઓએ ભાર વેઠીને ચાલવું પડશે. તું શાન્ત થા, તારા મનની વાત કર. અને અમે બધા સાંભળીએ.'' દ્રૌપદી કહે છે, ''ભાઈ, આ 'ઉઝોર' માણસો સાથે શું વાત કરીએ ? ભજનભાવ કરે, ગુરુનાં ભજન બોલે, ભજનનો 'ધધમાટો' ઉડાડે છતાં આ પાંડવો હજીયે અહંકારી છે.

તેઓની સાથે શી વાત કરવી ? ભાઈ, ગાળ માગે તેને ગાળ જ મળે. પછી અપશબ્દ જ મળે ને ? પાંચ પુત્રોએ પિતા પીડા ભોગવે છે. પુત્રોના અધુરે કર્મે પિતાને કાળા કૂતરાનો અવતાર મળ્યો છે. દીકરા વાદળમહેલમાં સૂએ બાપ ઉકરડામાં પોઢે ! આજે હું ભોજન આપવા ગઈ. સૌથી પહેલાં મારા સસરાને પાયે લાગી અને પછી ભોજન આપ્યું. આટલી વાતમાં તો આ ભીમ મને જેમ ફાવે તેમ બોલવા લાગ્યો. વિના કારણે ભીમ આમ તો પર્વત ઊંચકે છે પણ બાપનું દુઃખ દેખાતું નથી. પછી તેઓનું નખ્ખોદ ન જાય તો બીજું શું થાય ?'' કૃષ્ણ ભૂલેલાને સાચો પંથ બતાવ.'' દ્રૌપદી આવેશમાં બોલે છે, ''પાંડવોના અધૂરા જગનને કારણે બાપને કૂતરાનો અવતાર લેવો પડયો. પિતાનો અધૂરો જગન કેવી રીતે કરવો અને કેમ પૂરો કરવો એ તો પુત્રોને ખબર હોવી જોઈએ. આવા અજ્ઞાની પાંડવોને મારે નથી રહેવું.''

ક્રોધ ભરાયેલી દ્રૌપદીનાં કઠોર પણ સાચાં વચન સાંભળીને પાંડવો મુખમાં ઘાસનું તરણું લઈને તેના ચરણોમાં પડી, ઊભા થઈ હાથ જોડીને કહેવા લાગ્યા, ''સતી, પિતા માટે સાત સાત યજ્ઞ કર્યા છતાં પિતાને કાળા કૂતરાનો અવતાર પ્રાપ્ત થયો એ વાત જાણીને અમારા જીવનમાં ધરતીકંપ (ધરોર) થયો છે. અમારે કોઠે લાય લાગી છે. અમને સૂતાં બેસતા ચેન પડતું નથી. હવે સતી અને કૃષ્ણ ભગવાન જ ભૂલા પડેલા અમને માર્ગ બતાવે. અમે સાત સાત યજ્ઞ કર્યા. આ રીતે યજ્ઞ કેમ નિષ્ફળ ગયા ?'' દ્રૌપદી કહે છે, ''પાંડવો, તમારા ખોટા કર્મ પિતાને નડયાં. આગળના જગતમાં મારા ગુરુ બાળા હરગુરાને નીચી વર્ણનો ગણી તેડયો નથી. તમે તો કહેતા હતા કે, તે જગતમાં આવશે તો ઝઘડો કરીશું અને ઊંચા હાથે પાણી નીરશું. પછી પેડીને તેનું અપમાન કર્યુ. જગનમાં રંક આવે ભિખારી પણ આવે. મિત્ર આવે, દુશ્મન પણ આવે, કોઈને જાકારો ન અપાય. યજ્ઞમાં રીસાયેલા ને પણ મનાવવા પડે. અને માથે કરીને લાવવા પડે. ના જમે તેને માબાપ કહીને જમાડવા પડે. તો જ બાપની પાછળ કરેલા જગન ફળે, પણ તમે તો અહંકારમાં જ રહી ગયા. યજ્ઞમાં ભાગ લેવા આવ્યા તે પણ ભૂખ્યા ગયા. યજ્ઞમાં આવેલા જનનું પેટ બાળીએ તો યજ્ઞ નિષ્ફળ જાય.'' પાંડવો ભગવાનને કહે છે, ''અમે અજ્ઞાની છીએ. અમે કયા માર્ગે જઈએ તો અમારો યજ્ઞ સુધરે ? કૃષ્ણ ભગવાન 'સનોતરો' યજ્ઞ કરો, તો જ પાંડુરાજા મુકિત પામી વૈકુંઠ જશે. આ યજ્ઞ માટે જોઈતી વસ્તુ ઝડપથી એકઠી કરો. તો જ આ યજ્ઞનું ફળ મળશે.

ભગવાન વાત કરે છે અને બધા પાંડવો કાન દઈને સાંભળે છે. ભગવાન આદેશ આપે છે, “હવે આપણે આઠમો યજ્ઞ કરીએ છીએ, કુંવારું સોનું, કુંવારી માટી, નારીનો વેચેલો નર, કુંવારું જળ, જળાજેદરાનું માથું, વિના ગાંઠનું દાતણ, વગેરે વસ્તુઓની આઠમાં યજ્ઞમાં ખાસ જરૂર પડશે. આ વસ્તુઓ વિના વિલંબે લેતા આવો. આ ઉપરાંત ગુરુ વિના તો આ યજ્ઞનું કામ જ કાચું. તમે દ્રૌપદીનો ગુરુ બાળો હરગુરો, કુંતા માતાનો ગુરુ ગતરોવાસી અને પાંડુરાજાના ગુરુ માન (મોનાઈએ) સાથે નિમંત્રો અને આ ‘સેનોતરો’ યજ્ઞનો આંરભ કરો.

## ૧. કુંવારું સોનું :

કૃષ્ણ ભગવાનના આદેશની સાથે જ રાજકચેરીમાં સોનાનો ટકો અને પાનબીડાં ફરવા લાગ્યા. અર્જુન પાંડવ મૂછો આમળી ઊભો થાય છે. પાતાળમાંથી કુંવારું સોનું લેવા જવાનું બીડું ઝડપે છે અને ઊભો ઊભો પાન ખાય છે.

અર્જુન પાતાળમાં જવા માટે બીડું ઝડપ્યું છે એ વાત જાણી અર્જુનની રાણી સુભદ્રા (હોદરાં) રાજકચેરીમાં આવીને કહે છે, “દિયર જેઠ, મારી વાત સાંભળો અર્જુનને પાતાળમાં મોકલશો તો જોખમ ઊભું થશે. આ પુરુષ તો સ્ત્રીવિલાસી (હવાદિયો) છે. પાતાળમાં વાસુકિની યુવાન કન્યાઓ છે. સગાસંબંધીમાં જ સંબંધો જોડશે અને આપણા યજ્ઞમાં ફરીને ભૂલ પડશે.” અર્જુન છાતી ઠોકીને ઊભો થાય છે અને સુભદ્રાને કહે છે, “રાણી ,આટલો બધો કાચો જીવ શા માટે કરે છે ? તું સાજા કાળજે રહેજે. હું તો કુંવારું સોનું લેવા પાતાળમાં જાઉં છું. એક જ માર્ગે જઈશ અને એ જ માર્ગે પાછો આવીશ.”

હસ્તિનાપુરમાં યજ્ઞની તૈયારી થાવ માંડી છે. અર્જુન પાંડવ પાતાળમાં જવાની તૈયારીમાં પડયો છે, ‘વાજમી’ વહેલ શણગારવામાં આવી રહી છે. રાણી અર્જુન પાસે જઈને કહે છે, “મારા ભરથાર, જવા દે પાતાળની વાતો. મારી સાસુના દીકરા ! ચાલ, લઈ જાઉં વાદળમહેલમાં સુંવાળી સેજોમાં પોઢીએ. તારા માથા નીચે હું મારો હાથ કાઢીશ નહીં. તને નિદ્રા આવે ત્યારે સૂજે અને ભૂખ લાગે ત્યારે જમજે. બાર માસ સુધી તારું ઓશીકું થઈશ. વડ વિના છાયા નહિ અને મર્દ વિના માયા નહિં. તારા વિના તો ઢોલિયા સૂના પડે. સૂનો લાગે મને વાદળમહેલ, આવડા મોટા વાદળમહેલમાં એકલી કઈ રીતે રહી શકું ? હું એકલી કોના ઘરની થઈશ ? હવે ચાલ આપણા વાદળમહેલ. તને બાર માસ સેજમાં રાખીને તેરમે માસ બહાર

કાઢીશ.'' અર્જુન કહે છે, ''રાણી, તું દિલમાં દુઃખી થઈશ નહીં. હૈયાથી મજબૂત રહેજે. હું જેવો જાઉં છું. તેઓ જ પાછો આવીશ. તું મારા વિરહમાં જરાયે ચિંતા કરીશ નહિં. હું પાતાળમાં જઈને મારું કાર્ય વહેલો પૂર્ણ કરીને આવીશ. તું ક્ષેમકુશળતાથી રહેજે.

અર્જુનને વળાવવા બધા ભાઈઓ વહેલ પાસે એકઠા થયા છે. અર્જુન ભાઈઓ પાસે આવીને કહે છે, ''ભાઈઓ, તમે બધાં કુશળ રહેજો, જીવતો રહીશ તો પાછો હસ્તિનાપુર આવીશ. અને મૃત્યુ પામીશ તો 'નરવર ગડ ઝોઆર.'

અર્જુન વહેલ માથે જઈને બેસે છે. ધોળા બળદોને માર પડે છે અને માર્ગે માર્ગે અર્જુન પાતાળમાં જવા લાગ્યો છે. વિકટ માર્ગ પસાર કરીને અર્જુન પાતાળપુરીમાં આવે છે. પાતાળમાં વહેલ ચાલે છે. અને વાસુકિના મહેલમાં પડઘા પડવા લાગ્યા છે.

હરિયે નળેળ (લીલા ઝરણે) ફરતો ફરતો અર્જુન કનોગરાના સરોવરની પાળે આવી વહેલને ઊભી રાખે છે. વહેલમાંથી નીચે ઊતરી બળદોને ઘાસ ચારવા છોડે છે. સરોવરની પાસે પાતાળના રાજાનો હરિયો બાગ ખીલ્યો છે. વહેલના માફામાં સોનું કયાં હશે ? કેવી રીતે પ્રાપ્ત કરવું ? ઘણે દૂરથી આવ્યો છું; થાકયો છું. થોડોક વિશ્રામ કરીને સોનું મેળવવાની યોજના બનાવું.'' બાગમાંથી આવતો સુગંધ સભર પવન સરોવર ઉપરથી પસાર થઈ વધુ શીતળ બને છે. આ શીતળ પવન (ટાઢી ટશ્યોર) ના સ્પર્શથી અર્જુનને નિદ્રા આવે છે.

મીઠી નીંદરે અર્જુન પોઢી રહ્યો છે. નાની વહેળી (ઝરણાં) ના ધોધ બોલતા હોય એમ અર્જુન ઘોર નિદ્રા લઈ રહ્યો છે.

બાગની ચોકી કરવા નાગનો ફેરો આવી રહયો છે. સામટા છવ્વીસ નાગ હરિયા બાગમાં ફરી ફરીને જોવા લાગ્યા છે. બાગમાં ખાડા અને ઊંડાં ખાદરા પડી ગયેલાં નજરે પડે છે. નાગ વિચારે છે, આવો કોણ બળવાન માણસ ચાલ્યો છે કે જેથી સપાટ જમીન તૂટી ગઈ છે અને ઊંડા ખાડા પડી ગયા છે ? બાગમાં ચંપા, કેવડા, જૂઈ, જાસૂદ, કેનકીના છોડ ભાગી પડાય છે. પાંડવો સિવાય અન્યના આવા શકિતશાળી ચરણના નિશાન હોઈ જ ન શકે ! પાંડવોએ તો આપણા ભાઈને ઘણું જ દુઃખ આપ્યું હતું. નવ ફણમાંથી આઠ ફણ બાળી નાખી હતી. ચાલો ચરણની નિશાની જોઈને વેરીને શોધી કાઢીએ ? નાગ ફૂંફાડા મારતા પગલે કનોગરાની પાળે આવવા લાગ્યા છે. સરોવરની પાળે ફરતાં વહેલ દષ્ટિમાં આવે છે. સામટા છવ્વીસ નાગ કૂદી

કૂદીને વહેલ પર ચડીને જુએ છે તો આબુના શિખર જેવો અર્જુન પાંડવ સૂતો છે. જાણે કે દેવળનો મોટો સ્તંભ. અર્જુનનાં 'હોરમાં' (સોહામણાં) રૂપ નજરે પડે છે. નાગ આજુબાજુ ફરીને અર્જુનને જુએ છે. મુખ પૂનમનો ચંદ્ર, દાંત દાડમનાં બીજ, નાક દીવાની શગ અને નયન ખાંડાની ધાર જેવાં છે. પાંપણો ભમરાના સમૂહ જેવી અને વાઘના જેવી આંખો છે. કંકુ વર્ણના હોઠવાળો રૂપાળો સરદાર વહેલમાં પોઢયો છે.

છવ્વીસ નાગ અંદરોઅંદર વિચારે છે, ''આવા રૂપાળા એવા સરદારને માટીએ તો પાપ લાગે. કોઈ વિષની વેળ નાખશો નહીં. સૂતેલા નરને મારીને મોટાં પાપ આપણા માથે નથી લેવાં !'' મોટા નાગ પાછા વળી જાય છે. ત્યાં તો કનોગરાની પાળે નાના નાગ પાછા વળી જાય છે. ત્યાં તો કનોગરાની પાળે નાના નાગ (ડરોટિયા–ભથોરિયા) નો ફેરો આવે છે. છીંકોટા કરતા વહેલ પર ચડીને અર્જુનને ડંખ મારે છે. સોનાની સાંકળમાં લોઢાનો ખીલો વાગ્યો. અર્જુન મૃત્યુ પામ્યો. જગતમાં ખોટું કામ થયું.

હીરાવર કુંવર રાજસભામાં પાતાળમાં વાસુકિને કહે છે, ''પિતાજી, મને હરિયા બાગમાં હવા ખાવાની અને કનોગરા સરોવરમાં નાહવાની મહેચ્છા (ઉમાસો) જાગી છે. તમે આજ્ઞા કરો તો હું નાહવા જાઉં.'' પિતા કહે છે, ''આપણા તો મોટા લોક ! પડદે જઈએ અને પડદે આવીએ. તેમ જ એકલાં મુકત ફરીએ તો લાજી શરમાઈને પૂરાં મરીએ !'' કુંવરણ હઠે ભરાઈને કહે છે, ''તમે મારી ઈચ્છા પૂરી નહીં કરો તો મહેલ પરથી પડીને મરીશ અને તમને સ્ત્રી હત્યાનો દોષ લાગશે. દાંતે જીભ કચડીને મરીશ તો કુંવારી કન્યા માર્યાનું કલંક લાગશે.'' પાતાળનો રાજા પુત્રી આગળ કૂણો પડીને કહે છે, ''દીકરી, તું મારે મન ફૂલોનો ઢગ ! તે આ શી હઠ લીધી છે ? નાહવા જવું હોય તો ભલે જા પણ દાસીઓના વૃન્દમાં વચ્ચે રહીને જજે. જેથી નગરનાં લોક જુએ નહીં.''

દાસીઓના સાથમાં હીરાપથ ફરતી ફરતી હરિયા બાગમાં આવે છે. બાગમાં મરવા–મોગરા, કેતકી–કેવડા, જૂઈ–જાસૂદ અને રાઈ–ઢુઢણિયા છે. ફૂલોની સોડમ લેતી કુંવરી બાગમાં હવા ખાવા જાય છે. હીરાપથ મનતનની વાતો કરતી કનોગરાની પાળે આવે છે. તળાવની પાળે ઊભેલી વહેલ દષ્ટિપથમાં આવે છે. વહેલ પાસે આવીને જુએ છે તો આબુના શિખર જેવો પુરુષ નજરે પડે છે. દેવળનાં સ્તંભ જેવા પગ, વડની વડવાઈ જેવા રાતા હાથ, ફૂટડુંડિલ, વાંકડી

મૂછો, કાળી ભમ્મર પાંપણો અને કંકુ જેવા હોઠવાળા પુરુષને જોઈને હીરાપથ વિચારે છે, "બાપા, અડઘી પૃથ્વીના રૂપ જેવો આ સરદાર તો અર્જુન પાંડવ જ હોય ! બીજા પુરુષનું પાતાળપુરી આવવાનું ગજું નહીં. આવાં 'હોરમાં' રૂપવાળો તો મારો અર્જુન પાંડવ જ હોય." હીરાપથમાં દિલમાં ધ્રાસકો પડે છે. તેની એક આંખમાં શ્રાવણ અને બીજી આંખમાં ભાદરવો ગાજે છે. તેણી દાસીઓને કહે છે, "દાસી રે દાસી ! આ સરદાર માટે કોરા કાગળ પૂજતી હતી અને આખા ચોખાનો હાર બનાવતી હતી. આવો રૂપાળો વીર મારા જ આંગણે આવીને કામે આવ્યો ! જગતમાં ખોટું કામ થયું. દાસીઓ હવે ઝડપ કરો અને દોડીને રાજકચેરીમાં જાઓ. બાપુ પાસેથી અમરકૂંપો અને કણિયોરની કાંબ લઈને જટ પાછી આવો." દાસીઓ ચણિયાના ખોળા વાળીને દોડતી એક શ્વાસે કલમ કચેરીમાં આવીને ઊભી રહે છે. શ્વાસ હેઠો બેસે છે. પછી બોલે છે, "બાપુ, વિલંબ કરશો તો જોખમ ઊભું થશે. કુંવરીએ અમરકૂંપો અને કણિયોરની કાંબ માગી છે. જલદી આપો." વાસુકિ કહે છે, "દાસીઓ, તમને હું કહેતો હતો કે કનોગરા સરોવરની પાળે નથી જવું છતાં મારું માન્યું નહીં. જટ દોડો." પાતાળનો રાજા અમરકૂંપાના સ્થાને વિષનો કૂંપો આપે છે. છોકરીઓ દોડતી કનોગરાની પાળે આવે છે. અને હીરાપથને વિષનો કૂંપો આપે છે.

હિરાપથ કૂંપો ફેરવી ફેરવીને જુએ છે, પછી દાસીઓને કહે છે, બાપુએ તો અમીનો આપ્યો કે વિષનો કૂંપો આપ્યો ? મને સંશય છે. પારખું કરવું પડશે, અત્યારે મને બાપુ પર વિશ્વાસ નથી. પાળ ઉપર પેલો ગધેડો ઘાસ ચરે છે. તેના ઉપર કૂંપો છાટી આવો." છાંટવાની સાથે જ ગધેડો ધરતી પર ઢળી પડયો અને મૃત્યુ પામ્યો.

હીરાપથને ભારે આઘાત લાગ્યો. પિતાએ પુત્રીને દગો દીધો. જગતમાં સારી વાત બની નહીં. કુંવરી દાસીઓને પુનઃ કહે છે, "જલદી જાઓ, અને બાપુને કહો તે જટ અમરકૂંપો આપે. નહીંતર હું કુંવારે મોઢે શાપ આપીશ તો પાતાળનું મૂળ નીકળી જશે." દાસીઓ વીરકછોટો વાળી ફરીને દોડે છે. કલમકચેરીમાં આવીને કહે છે, "બાપુ, તમે અમીનો કૂંપો આપો. નહીંતર કુંવરી શાપ બોલશે તો પાતાળનો ખો નીકળી જશે. કુંવરી મરશે તો તમારું નિકંદન નીકળી જશે !" રાજા વિચારે છે, "એકન એક કુંવરી ઘણી જ હઠીલી છે ! હવે અમીનો કૂંપો આપે જ છૂટકો." પાતાળનો રાજા અમરકૂંપો આપે છે. અને દાસીઓ દોડતી કનોગરા સરોવરે આવીને હીરાપથને કૂંપો આપે છે. કુંવરી ગધેડા પર છાંટે છે. મરેલો ગધેડો ઊભો થઈને ઘાસ ચરવા

લાગે છે. કુંવરી ગધેડા પર છાંટે છે. મરેલો ગધેડો ઊભો થઈને ઘાસ ચરવા લાગે છે. અમીનો કૂંપો લઈને હીરાપથ વહેલના માથે આવે છે. દાસીઓને કહે છે, ''અમરકૂંપો છાંટતાની સાથે અર્જુન ઊભો થઈને જવા લાગશે પછી તો મારી ભાવના મનમાં જ રહી જશે. તમે ઝટઝટ મીંઢણ, આંબાના પાન, પીડી, કાચા સૂરતના દોરા, તલ, જવ, વગેરે લગ્ન માટે જરૂરી સામગ્રી લઈ આવો. અર્જુન અહીં કોઈ મોટા કામ અર્થે જ આવ્યો હશે. તેને મારી સાથે પરણવાનો સમય ના પણ હોય. મૃત્યુના મુખમાંથી જેવો ઊભો થશે કે તરત જ ચાલવા લાગશે. હું કુંવારી જ રહી જઈશ. માટે હું અત્યારે શલ સાથે જ પરણી લઉં .''

એકની કહેલી પન્નર જેટલી છોકરીઓ દોડે છે અને લગ્નની જરૂરી સામગ્રી લઈને પાછી આવે છે. હીરાપથે દુઃખી વિવાહ માંડયો છે. બંનેના હાથે જાતે જ મીંઢણ બાંધ્યા. મરેલા અર્જુનની આજુબાજુ એકલી મંગળફેરા ફરીને પરણે છે. હવે અર્જુનને જીવતો કરવા માટે અમીનો કૂંપો છાંટે છે. અને કણિયોરની કાંબ નાખે છે. અર્જુન નેત્રો ખોલે છે. સામ સામે યુવાન આંખો મળે છે. અને નજરના બાણ વાગે છે. બંને મૂર્ચ્છા દૂર થતાં બંને ઊઠે છે. હીરાપથ કહે છે, ''તમારા માટે હું કોરા કાગળ પુત્રને રાહ જોતી હતી. પણ તમને આ જૂના વેરથી ભરેલો માર્ગ કોણે બતાવ્યો ? તમને તો નાગ ડંખી ગયા હતા. મેં તમને અમરકૂંપાથી પુનઃ સજીવન કર્યા છે, પણ તમે આ વેરીને આંગણે શા માટે આવ્યા છો ?'' પિતાની પાછળ આઠમો જગન માંડયો છે. યજ્ઞમાં કુંવારા સોનાની ખાસ જરૂર ઊભી થઈ છે. પાતાળપુરીમાં કુંવારું સોનું લેવા આવ્યો છું.'' હીરાપથ કુંવરી પિતાના છાનું પાતાળમાંથી કુંવારું સોનું અર્જુનના હાથમાં મૂકતાં કહે છે, ''આ સોનું પૃથ્વી પર લઈ જઈને પિતા પાછળનો અંતિમ યજ્ઞ પૂરો કરો. પણ મને વિસરી જશો નહીં.''

હીરાપથ અને અર્જુન એક બીજાથી છૂટાં પડે છે. અર્જુન વાજમી વહેલ માથે બેસીને વહેલ હંકારે છે. 'ધૂધળી' રેત ઊડે છે અને જેઠ માસનો વરસાદ ચઢે તેમ પાતાળમાંથી પૃથ્વી પર ચઢી પહેલા વરસાદના વંટોળ જેવો અર્જુન પવનના ગોટાની માફક હસ્તિનાપુર ભણી આવવા લાગ્યો છે.

યજ્ઞની તૈયારીઓમાં પડેલા પાંડવો, માતા કુંતા અને સતી દ્રૌપદી હસ્તિનાપુરમાં અર્જુનની રાહ જોતાં બેઠાં છે. ઝડપથી ચાલતી વહેલના કારણે મેઘની જેમ ધરતી ગાજવા લાગી

છે અને જ ઝીણી ઝીણી વીજળી ચમકે તેમ અર્જુન થોડો થોડો ઝબકવા (દેખાવા) લાગ્યો છે.

માતા કુંતા અને સતી દ્રૌપદી અર્જુનના સામૈયાની તૈયારી કરી હસ્તિનાપુરના ગાંદરે આવે છે. 'હારમાં' વાજા વાગે છે. સ્ત્રીઓ આગમનના ગીતો ગાય છે. ખજૂરનાં પાન જેવી જયોતવાળા દીવાથી આરતી ઉતારી અને કંકુ ચોખ્ખાથી વધાવીને વાજતે ગાજતે અર્જુનને વાદળમહેલમાં લાવે છે. ભાઈભાઈ એકબીજાને હેતથી મળે છે.

## ૨. નારીનો વેચેલો નર :

પાંડવોની કચેરી ભરાઈ છે. 'ગરમી – ગરમી' વાતો ચાલે છે. ભગવાન કૃષ્ણ કહે છે, "પાંડવો, માતાના પેટે ભલે જનમ્યા પણ તમે સત્યના પુત્રો છો. માટે તો અર્જુન વિષના માર્ગે જઈને પાછો આવ્યો. પિતાના મોક્ષ માટે તો પાતાળમાં જઈને મોતના મુખમાંથી કુંવારૂં સોનું લઈને પાછો આવ્યો છે. હવે બેસી રહે ચાલે તેમ નથી. હજી યજ્ઞ માટે ઘણી સામગ્રી બાકી છે. હવે તમે નારીએ વેચેલો નર લઈને જલદી પાછા આવો. અવતારની વાત સાંભળીને ભીમ પાંડવ કહે છે, "ભાઈઓ, નારીનો વેચેલો નર લેવા હું જ જાઉં છું, તમે બધા યજ્ઞની બીજી સામગ્રી એકઠી કરો. આ નવખંડ ધરતીના માથેથી નારીએ વેચેલો નર લઈને ઝટ પાછો આવું છું."

ભીમ પાંડવ લાંબી ફાળે અને છોટે ડગલે મોટાં નગરમહેલમાં જવા લાગ્યો છે. ભીમના ચાલવાના ધમકે ધૂળ ઊડે છે. ધૂળ ઉડીને પર્વતો પર જામે છે. ધૂળના કારણે શિખરો પર પારેવાં (કબૂતર) બેઠાં હોય એવું લાગે છે. ગાંદરેથી સાદ દેતો ભીમ નગરનાં શેરી બજારમાં ફરે છે. સ્ત્રઓને જોઈને પાંડવ કહે છે, "મોઢેથી માગો એટલું મૂલ્ય આપું. કહો એટલા રૂપિયા આપું. સોનું માગો; રૂપું માગો; ઘોડા માગો પણ મને વેચાતો તમારો પતિ આપો; નર આપો." સ્ત્રીઓ વિચારે છે, "આ કોઈ ગાંડો માણસ લાગે છે. કોઈ પોતાના સ્વામીને વેચાતું હશે !" તેઓ ભીમ પાસે આવીને કટાક્ષમાં હસે છે અને મશ્કરી કરતી કહે છે, પાંડવ, ભગવાને નરનારીની સોહમણી (હોયમણી) જોડી બનાવી છે, મર્દ વિના માયા નહીં, નર વિના તો નારીના જીવનમાં ઘણું અંધારું ! તેના વગરનો ઘર ઘાટ સૂના લાગે. નર હોય તો અમે શણગાર સજીએ. મૂર્ખ ! તું ગમે એટલું મૂલ્ય આપે તો પણ તને કઈ સ્ત્રી વેચાતો નર આપે ? તું આવ્યો હોય તે માર્ગે પાછો જા. તને કોઈ સ્ત્રી વેચાતો નર નહીં આપે."

ભીમ સ્ત્રીઓના કઠોર વચનથી 'ઉતરે નૂરે' અને 'ઝાલિયે પેટે' થાય છે. તે એક નગર

છોડીને બીજા નગરમાં વેચાતો નર લેવા સાદ દે છે. બીજા શહેરમાં પણ સ્ત્રીઓ તેની મશ્કરી કરે છે. કેટલીક મુખ મરડે છે. તો વળી કેટલીક સ્ત્રીઓ ગુસ્સે થઈને આંખો કાઢે છે. કેટલીક વળી સમજાવતાં કહે છે, ''નર જ નારીનો શણગાર છે. તેના માટે આંખે કાજળ, કપાળમાં ટીલડી અને હાથમાં ચૂડો પહેરીએ છીએ. તું અમારો પતિ લઈ જાય તો સાથે અમારો શણગાર પણ ચાલ્યો જાય. અહીં તને કોઈ નારી નર નહીં વેચે. તું ભૂખ્યો થયો હોય તો તને ખાવાનું આપીએ. ખાઈને અહીંથી ચાલ્યો ચાલ્યો કામરૂ દેશમાં જા ત્યાંથી કૂયર (વેશ્યા) વસે છે. તે તને વેચાતો નર આપશે. 'પાતેર' (વેશ્યા) જ વેચાતો નર આપે. અમે તો ગૃહસ્વામિની છીએ. અમારી લાખ ઉપાધિએ અને તારા લાખ ઉપાયે પણ અમે નર વેચીશું નહીં !''

થાકી ભાગીને ભીમ પાંઢવ મારગે મારગે કામરૂ દેશમાં આવે છે. સાદ દેતો એક બજારેથી બીજા બજારે ફરે છે. એક બજારમાં દ્વારે દ્વારે સ્ત્રીઓ નજરે પડે છે. ભીમનો સાદ સાંભળીને એક સ્ત્રી આંખ અને હાથનો ઈશારો કરીને ભીમને ઘરમાં આમંત્રે છે. ભીમ નાથી કૂયેરના ઘેર જાય છે. નાથી પૂછે છે, ''તું કેમ બુમો પાડે છે ? કયા કામે અહીં આવ્યો છે ? પરદેશી, તારા કામનું નામ ધર.'' બાઈ નરનું પડયું મોટું કામ. નારીનો વેચેલો નર લેવા આવ્યો છું. માગે એટલા રૂપિયા આપું. હસ્તિ આપું, ઘોડાં આપું, સોનું આપું, રૂપુ આપું, પણ મને કોઈ વેચાતો નર આપો.'' પરદેશી મહેમાન, તારે કેટલા નર જોઈએ છે ? જોઈએ એટલા આપું. મારે ઘરે નરનો ટોટો નથી.'' ઘણી મુસીબતે એક સ્ત્રી નર વેચાતો આપવા તૈયાર થઈ છે. ભીમ તો પૈસા આપવા 'ગળું ગળું' (અધીરો) થઈ ગયો.

નાથી કૂયેરના આવાસે એક રાતના ઘણા પુરુષ આવે છે, અને જાય છે. ભીમ પાંડવા તંદુરસ્ત જુએ છે. નાથી વેશ્યા નરની કિંમત નકકી કરે છે અને પાંડવ તેની ભારોભાર કિંમત ચૂકવી મારગે મારગે હસ્તિનાપુર આવે છે.

## ૩. કુંવારું જળ :

પાંડવોની કચેરી ભરાઈ છે. મધ્યમાં કૃષ્ણાવતાર વિરાજ્યા છે. યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે, ''ભગવાન હવે યજ્ઞ માટે કઈ વસ્તુ જોઈએ ?'' ભગવાન બોલ્યા, ''હવે કુંવારા જળની ખાસ જરૂર પડશે. પાંડવો વિના વિલંબે કુંવારું જળ લઈ કચેરીમાં સોનાનો ટકો અને પાનબીડું ફરે છે. નકુળ મૂછો આમળી અને છાતી ઠોકીને ઊભો થાય છે. દેવગરા થાળમાંથી બીડું લઈને ચાવી

ખાય છે, અને સોનાનો ટકો અને પાનબીડું ફરે છે. નકુળ મૂછો આમળી અને છાતી ઠોકીને ઊભો થાય છે. દેવગરા થાળમાંથી બીડું લઈને ચાવી ખાય છે, અને સોનાનો ટકો હાથમાં લઈને કહે છે, "કુંવારુ જળ લેવા તો હું જાઉં છું. જેવો ગયો એવો આવ્યો જ જાણો."

નકુળ હાથમાં માટીનો ઘડો (કુંભ) લે છે અને છોટે પગે લાંબી ફાળ ભરનો સરજા વાવે આવીને ઊભો રહે છે. જળ ભરવાનો દૃઢ નિશ્ચય કરીને પગથિયે પગથિયે વાવમાં ઊતરે છે. નીચો નમી જળ ડહોળી કુંભમાં જળ ભરે છે. ભરેલો કુંભ લઈ સીધો થઈ પાછો વળવા જાય છે ત્યાં તો નીરમાં જળજોગણી પ્રગટ થઈ પ્રશ્ન કરે છે, "જળ લઈ જાવાવાળા તું કોણ છે ? કુંવારીને લઈને કેમ જાય છે ? મને પરણતો જા." "જળજોગણી, હું હસ્તિનાપુરને નકુળ પાંડવ છું. પિતા પાછળ યજ્ઞ માંડયો છે. કુંવારા જળની તાતી જરૂર છે. અત્યારે પરણવાનો સમય નથી. મને ઝડપથી જવા દે. મોડો પડીશ તો યજ્ઞમાં વિક્ષેપ પડશે." જળજોગણી કહે છે, "પાંડવ, તને આ સરજા વાવના નિયગનો ખ્યાલ નથી. મારી સામું જો અને જળ પાછાં વાવમાં ઢોળી દે." નકુળ જળજોગણી સામે જોવા નેત્રો ઊંચાં કરે છે ત્યાં તો નજરનાં બાણ વાગે છે. તે મૂર્ચ્છિત થઈને વાવમાં ઢળી પડે છે.

ઘણો સમય વ્યતીત થઈ ગયો પણ નકુળ પાંડવ પાછો ફર્યો નહીં. હવે ભીમ પાંડવ ઊભો થાય છે અને નકુળની વારે જવાની તૈયારી કરે છે. હાથમાં કુંભ લઈને સરજા વાવે આવે છે. વાવમાં ઊતરીને નીચે નમી જળ 'જખોરી' કુંભ ભરે છે. ઊભો થઈ પાછો વળી પગથિયાં ચડવા જાય છે. ત્યાં તો જળ 'જખોરી' કુંભ ભરે છે. ઊભો થઈ પાછો વળી પગથિયાં ચડવા જાય છે. ત્યાં તો જળજોગણી પ્રગટ થઈને કહે છે, "મને કુંવારીને લઈ જવાવાળો કોણ છે ? કવેળાએ કયાં લઈ જાય છે ? મને પરણ અને પછી લઈ જા." હું ભીમ પાંડવ છું. પિતાની પાછળ કરેલા સાત જગન તો નિષ્ફળ ગયા છે. આ આઠમો યજ્ઞ છે. અત્યારે તને પરણું એટલો સમય નથી. મોડું થશે તો આઠમો જગન પણ નિષ્ફળ જશે. મને ઝટ જવા દે." રીસે ભરાયેલી જોગણી ભીમને પાછા ફરવાનો આદેશ આપે છે. ભીમ પાછો ફરીને જળજોગણી સામે જુએ છે. ત્યાં તો નજરનાં બાણ વાગે છે. તે મૂર્ચ્છિત થઈને નકુળ પર પડે છે અને મરણ પામે છે.

રાજકચેરીમાં પાંડવ અને ભગવાન કૃષ્ણ, નકુળ અને ભીમની રાહ જોતા બેઠા છે. રાણીવાસમાં માતા કુંતા અને સતી દ્રૌપદી કુંવારું જળ આવવાની પ્રતીક્ષા કરે છે. ભગવાન કૃષ્ણ

કહે છે, ''હજી કુંવારું જળ આવ્યું નહીં. હવે વધુ વિલંબ યજ્ઞની વિધિમાં પરવડે નહીં.'' સહદેવ પાંડવ કહે છે, "હવે વિલંબ કરે જોખમ ઊભું કરશે. હું બંને ભાઈઓની મદદે જાઉં છું. અને કુંવારું જળ લઈને જટ પાછો આવું છું." સહદેવ બંને ભાઈઓને શોધતો શોધતો સરજાવાવના માથે આવે છે. વાવમાં જુએ છે તો બે શબ પાણીમાં તરે છે. તેને જોતા સહદેવ ઊભો ઊભો વિચારે છે, ''આ શી કળા થઈ ? આવા બળવાન યોદ્ધા કેમ મર્યા ? બાપ ! જગતના પડમાં આ શું થઈ ગયું ? એટલામાં તો નીરમાંથી જળજોગણી પ્રગટ થઈને કહેવા લાગી, ''હવે તું આગળ વધતો નહીં. મને કુંવારીને લીધા વિના જતા હતા. મારી દૃષ્ટિના બાણ તેઓને લાગ્યાં છે, તું મને પરણ, નહીં તો તારા ભાઈઓ જેવી જ તારી દશા થશે !'' જળજોગણી, આજે તો બાપનું 'કારજ' કાચું છે, અમે તો 'કારજ' પૂરું કરવા આઠમો જગન લઈને બેઠા છીએ. હસ્તિનાપુરની કચેરીમાં અમારી રાહ જોવાય છે.'' ''સહદેવ પાંડવ, હવે મારા નિર્ણય સાંભળ. મારે ઘણું કામ હશે અને ગમે એટલું મોડું થતું હશે, મને પરણવાનું વચન નહીં આપે તો જળ આજે પણ ભરવા નઔીં દઉં અને કાલેય ભરવા નહીં દઉ.'' સહદેવ કહે છે, ''તારે આજે વિલંબ થતો હોય તો યજ્ઞ પછી મને પરણવાનું વચન આપ. સત્યવચન સિવાય તો હું તારા બંને બળવાન ભાઈઓને જીવતા નહીં જ કરું.'' વાચા વાચા, અમર વાચા, બ્રહ્મવચન; વાચા ચૂકું તો ઊભો સુકાઉં ! લે આ મારું વચન.'' સહદેવ યજ્ઞ પછી પરણવાનું સતવચન આપે છે અને જળજોગણી અમરકૂંપો છાંટી ભીમ અને નકુળને સજીવન કરે છે.

સહદેવ પાંડવ કુંભમાં કુંવારું જળ ભરી છે છે અને બંને ભાઈ સાથે હસ્તિનાપુરમાં આવે છે. 'હોરમાં હોરમાં' વાજાં માગે છે અને ત્રણે ભાઈઓ રાજકચેરીમાં પ્રવેશ કરે છે.

### ૪. બાળો હરગુરો (દ્રૌપદીનો ગુરુ) :

પાંડવો વાજતે ગાજતે કુંવારા જળ ધ્રુણીના માથે મૂકે છે. ભગવાન કહે છે, ''હવે સતી દ્રૌપદીના ગુરુને સન્માન સાથે આમંત્રી આવો. તેમના વિના જગનની વિધિ કોણ કરશે ?'' દ્રૌપદી કહે છે, ''દિયર–જેઠ સાંભળો, મારા ગુરુને તો હું જાતે જઈને જ તેડી લાવું છું.'' સતી લાંબે મારગે પવનની સાથે જવા લાગી છે. જતાં જતાં વિચારે છે, ''મોટા ગુરુની તો ઘણી નાની ઝૂંપડી ! નાની જૂંપડીમાં નમીને દાખલ થવું પડે. વળી ગુરુ અત્યારે ધ્રૂણીમાં બેઠા હશે. તેઓને કઈ રીતે ખબર પડશે કે હું તેમની શિષ્યા (ચેલી) આમંત્રણ આપવા માટે આવી છું, સતી માર્ગે

ચાલતા જે વિચાર કરે છે તેની ગુરુ બાળા હરગુરાને ધૂણીમાં તપ કરતાં ખબર પડે છે.

દ્રૌપદી નાના દ્વારમાં નમીને પ્રવેશે છે અને ધૂણીના માથે જાય છે. ઘણા દિવસે ધૂણીએ આવેલી શિષ્યને જોઈને રીસે ભરાયેલા ગુરુ કહે છે, ''અમારે તો નાની નાની ઝૂંપડી ધૂણીએ અને તમે તો વાદળ જેટલા ઊંચા મહેલામાં રહેનારાં લોક ! તમારે ગુરુની ધૂણીએ આવવાની શી જરૂર પડી ?'' સતી દ્રૌપદી ગુરુના ચરણોમાં પડી ચરણ ધોવે છે. ઊભી થઈ પ્રદક્ષિણા કરી પ્રણામ કરે છે. સતી વિચારે છે, ''માર્ગે આવતાં હું જે વિચારતી હતી તે વિચારોની અહીં ધૂણીના માથે બેઠાં બેઠાં ગુરુને ખબર પડી ગઈ !'' દ્રૌપદી કહે છે, ગુરુજી મારાથી ભૂલ થઈ ગઈ છે ! મેં મનસાપાપ કર્યુ છે.'' સતી ગુરુને 'લળી લળી' (નમી – નમીને) પ્રણામ કરે છે. વારંવાર નમીને ગુરુની સેવાનો અનેકગણો લહાવો લે છે.

ગુરુ અને શિષ્યા વાતો કરે છે, ''ગુરુજી, હું તમને આમંત્રણ દેવા આવી છું. મારા સસરાની પાછળ જગન માંડયો છે. તમને ઘણા સન્માન સાથે હસ્તિનાપુર લઈ જવા આવી છું. ચાલો, પાંડવોની ધૂણીયે. પાંડવોના કર્મે મારા સસરાને કૂતરાનો અવતાર પ્રાપ્ત થયો છે. મન વાળો, વાદળ વાળો, ગમે તેમ કરો પણ જગનની વિધિ કરાવી પાંડુરાજાનો મોક્ષ કરાવો. તમારા વિના 'કારજ' કાચું. ગુરુબાળો હરગુરો કહે છે, ''સાતમા યજ્ઞ સમયે મને હલકી વર્ણના ગણી ઊંચા હાથે પાણી રેડી, અહંકારી ભીમે મારું અપમાન કર્યુ છે. માટે હું તારા કહેવાથી તો યજ્ઞમાં (જગન)માં નહીં જ આવું. પાંડવોને મને આમંત્રવો હોય તો ભીમનું નાક ફાડી મુંન નામના ઘાસની નાથ ઘાલી; બળદ બનાવી ગાડું જોડો. ગાડું મારી ધૂણીયે આવે ત્યારે ગાડેથી જાતે ખેંચીને હસ્તિનાપુર લઈ જાય. તો જ પાંડુના જગનમાં આવું.'' સતી દ્રૌપદી ગુરુના પગ મસળી, પ્રદક્ષિણા કરી પાયે લાગે છે. ગુરુનો સંદેશો લઈ મારગે મારગે હસ્તિનાપુર આવવા લાગી છે. દ્રૌપદી પાંડવોની ધૂણીયે આવીને ઊભી રહે છે. પાંડવો બાળા હરગુરુના સમાચાર પૂછે છે. સતી કહે છે, ''પાંડવો, હાથે કરેલું સાથે આવ્યું છે. ભીમનાં કડવાં વચન સામે આવ્યાં છે. બીજો કરેલું અપમાન મારા ગુરુને હાડોહાડ લાગ્યું છે. આ યજ્ઞમાં તરો તો જ તમે સાધુ છો.'' સતી, અમે દોષી છીએ, અમારા દોષના બદલામાં ગુરુ જે માગે તે આપવા તૈયાર છીએ. ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ.'' મારા ગુરુ કહે છે, ''આ ધરતી પર ઘણા ગુરુ છે. તેઓને બોલાવીને પાંડુ રાજાનો જગન માંડો, ''સતી, 'સનેતરા' યજ્ઞની વિધિ તો બાળો હરગુરો જ

જાણે છે. તેમના વિના આપણો આ આઠમો યજ્ઞ પણ નિષ્ફળ જશે.'' ''તો તેમને અહીં યજ્ઞમાં તેડી લાવવી શરત ઘણી આકરી છે.'' યુધિષ્ઠિર પાંડવ પૂછે છે, ''કઈ શરત છે ? મારા ગુરુ કહે છે, ભીમે સભા વચ્ચે અપમાન કર્યુ છે. માટે ભીમને બળદ બનાવો, નાક ફાડીને ઘાસની (મુંજના)નાથ ઘાલો, ગાડે બળદ જોડીન મારી ધૂણિયે લાવો. હું ઘાસનો પૂળો નીરું. ભીમ ઘાસ ખાઈ રહે પછી ફરીથી ગાડે જોડું. ગાડામાં બેસી હું જાતે જ ભીમને હાંકતો હાંકતો હસ્તિનાપુર યજ્ઞમાં આવું. આ શરત મંજૂર હોય તો જ યજ્ઞમાં ભાગ લઉં.'' દ્રૌપદીના મુખે કહેવાયેલી ગુરુ હરગુરાની શરત સાંભળી અને પાંડવો અંદરો અંદર વિચારે છે, ''આપણે ચારે બાજુ ઘેરાઈને સાંકડે પડયા છીએ. એક પણ બાજુએ છૂટી શકીએ તેમ નથી. નાક ફાડીને ભીમને નાથ કેમ ઘાલવી ? ભીમને નાથ ઘાલીને ગુરુ બાળા હરગુરાને લાવતા નથી.'' બંનેમાંથી એક પણ નિર્ણય લઈ શકાય તેમ નહીં હોવાથી શરમિંદા બેનલા પાંડવો ઊંધા પડીને ઘાસની સળીથી ધરતી ખોતરવા લાગ્યા છે. તેઓની લાચારી જોઈને ભગવાન કૃષ્ણ કહે છે, ''પાંડવો, કરેલા કર્મ તો દરેકે ભોગવવા જ પડે છે. જાતે કરેલો ગુનો પોતે જ ભોગવવો પડે. બોલ ભીમ પાંડવ, હવે આપણે કયો મારગ લઈએ ? ભીમ પાંડવ કહે છે, ''મેં અહંકારી બની ગુરુને અપમાનિત કર્યા છે. મારા કર્મ મને નડયાં છે. તમે ગુરુના આદેશ પ્રમાણેનું કામ કરો.

ભીમ બળદ બને છે. પાંડવો મુંજનું ઘાસ વણી, નાક ફાડીને નાથ ઘાલે છે. ભગવાન કૃષ્ણ કહે છે, ''પાંડવો, તમે ઘણાં (તરવારિયા) બહાદુર પુરુષો છો પણ યોગ્ય સમયે કોમળ બનવું પડે, અભિમાન છોડી નિર્મળ બનવું પડે. ગુરુ વિના 'કારજ' કાચું રહે. માટે પાણી જેવા પાતાળ બની ગુરુને સન્માન સાથે તેડી લાવો.'' ગુરુનું મોટું કામ પડયું છે. પાંડવો ભીમને લઈને ગાડા પાસે આવે છે ભીમ બળદ બનીને ગાડે જોડાય છે. પાંડવો ગાડું લઈને લાંબો પથ કાપી ગંગા ગોદાવરી ને કિનારે આવેલી ગુરુની ધૂણિયે આવે છે. ગાડાથી છૂટીને ભીમ ગુરુ પાસે આવે છે. ગુરુ બાળો હરગુરો ઊભો થઈને ઘાસનો પૂળો લાવે છે. ગુરુ ઘાસ નીરે છે અને ભીમ ચાર પગે થઈને ઘાસ ખાય છે. ઘાસ મુખમાં લઈને ગુરુનાં ચરણોમાં પડે છે. બાળા હરગુરુના ચરણમાં પડી સૂતાં સૂતાં ચરણ ધાવે છે. ગુરુ ભીમને ઊભો કરે છે. ગુરુ સન્મુખ હાથ જોડીને ઊભો થઈ, કરગરીને કહે છે, ''ગુરુજી, તમે ગાડે બેસો, હું બળદ થઈ ગાડું ખેંચુ છું. ચાલો આપણે હસ્તિનાપુર જઈએ.'' ભાળો હરગુરો ગાડામાં બેસે છે. ભીમ બળદ બની ગાડું ખેંચે છે

અને લાંબે મારગે હસ્તિનાપુર આવે છે.

ધૂંધળી રેતો ઊડે છે. પાંડવો લાંબી નજરે જુએ છે તો ગાડા ઉપર ગુરુ હરગુરો નજરે પડે છે. 'હોરમાં' વાજાં વાગી રહયા છે. અને પાંડવો ગુરુનું સામૈયું કરે છે. પ્રદક્ષિણા કરે છે અને ઘણા હેતથી શિખાથી નખ સુધી ગુરુનાં અંગો મસળતા, મસળતા, પગચંપી કરે છે, ચરણ ધાવી પાયે લાગે છે અને ઘણા માન સાથે ધૂણીને માથે લાવે છે.

## ૫. ઝળાઝેંદરાનું મસ્તક :

હસ્તિનાપુરમાં સતિયાંનો મેળો ભરાયો છે. રાજકચેરીમાં વાતોનો 'ધધમાટો' ઊડે છે અને માથે ભજનોનો 'ઠોર' ઊડે છે. સતી દ્રૌપદીનો ગુરુ બાળો હરગુરો કહે છે, ''પાંડવો, હું મંગાવું એટલી સામગ્રી લેતા આવો. આપણે 'સેનેતરો' જગન કરી પાડું રાજાને મુક્તિ અપાવીએ. તમે વનખંડમાં જાઓ અને ઝટઝટ ઝળાઝેંદરા (જય પ્રથ) નું મસ્તક લેતા આવો.'' ઝળાઝેંદરાનું નામ પડતાંની સાથે બધા પાંડવ ઊંધા પડી ઘાસની સળીથી ધરણ ખોતરવા લાગ્યા છે. ભયના માર્યા કોઈની સામે જોતા નથી. ભીમ મોટી મોટી આંખો કરીને ઊભો થાય છે અને દેવગરા થાળમાં ફરતું પાનબીડું લઈ ઊભો ઊભો થાય ચાવી ખાય છે. ગુરુ કહે છે, ''આખા હસ્તિનાપુરને ગણે નહી એવો 'તરવારિયો' છે. ઘણો અહંકારી પુરુષ છે. તેને જીવતો હોય તો સવાકળશી લોટનાં બાટાં (ઠોઠાં) ખવડાવી બાર કોસ પાણી પાજે ત્યારે તેની નિદ્રા ઊડશે. પછી જ તેને મારવાની તારી કળા કરજે.'' ભીમ ગુરુની શીખ અને આશીર્વાદ લઈ માર્ગે માર્ગે વનખંડમાં આવે છે.

ભીમ પાંડવ નીચે નમીને જમીન પર ઝળાઝેંદરાનાં ચરણચિહ્ન શોધતો શોધતો એક વનખંડમાંથી બીજા વનખંડમાં આવે છે. માર્ગમાં એક મોટું કરમદીનું વૃક્ષ આવે છે. તેની ઘટા જમીન પર પથરાયેલી છે. અહીં આવતાં ઝળાઝેંદરાના પદચિહ્ન પૂરાં થતાં જુએ છે. નીચે જમીન જુએ છે તો કરમદીની ઘટામાં પ્રવેશીને જમીન પર સૂતેલો ઝળાઝેંદરો મીઠી મીઠી નિદ્રાની ઘોર બોલ રહી છે. સામટી નદીઓના ધોધ પડતા હોય એમ ઊંડી નિદ્રાની ઘોર બોલ રહી છે. ભીમ ઊભો ઊભો વિચારે છે, ''ઝેંદરો ચતો સૂતેલો છે. મુખ ખુલ્લું છે. બાટાં નીરવાનો આ યોગ્ય મોકો છે.'' ભીમ સાથે લાવેલાં સવાકળશી બાટાં ખુલ્લા મુખમાં નાખે છે. બાટાં પુરાં થાય પછી બાર બેઠાં પાણી લાવે છે. કરમટીના વૃક્ષ પર ચડી પહોળા મોઢામાં પાણી રેંડવા

લાગ્યો છે. ખાધાપીધા પછી ઝળાઝેંદરાની ઊંઘ ઊડે છે. આંખ ખોલીને જુએ તો કરમદીના ઝાડ પર ભીમ પાંડવ દૃષ્ટિમાં આવે છે. જોતાંની સાથે ઝળોઝેંદરો 'જરાપ' દઈને બેઠો થાય છે અને મુકી વાળીને નાસે છે. ઝળાઝેંદરો એક વનખંડ મૂકી બીજા વનખંડમાં જઈ સંતાવા લાગ્યો છે. ભીમ તેની પાછળ પડ શોધે છે. એટલામાં તો વળી બીજા પર્વતમાં જઈને સંતાય છે. દોડી દોડીને થાકેલો ભીમ વિચારે છે, જેંદરાની પાછળ દોડીને મારા પગ ઢીલા થઈ ગયા છે અને ભૂખથી પેટ કુંણુ પડી ગયું છે. હવે તો મારા સતાગુરુ અને ગોત્રના દેવ મદદ કરે તો જ ઝળાઝેંદરાને જીતી શકું !'' ભીમ પાંડવ ગોત્રદેવ અને સતગુરુનું સ્મરણ કરતાં કહે છે, ''મારી માતાએ પૂજેલા અને મારા પિતાએ સેવેલા મારા કુળદેવ ; મારી મદદે આવજે. મારા સતગુરુનું સ્મરણ સાંભળી મારા માર્ગનો સહાયક બનજે.'' ભીમ ટરાલી આંગળી કાપી તેના લોહીના છાંટા ચારે દિશાએ ઉડાડે છે. જમીન પર જેટલા લોહીના છાંટા પડયા એટલા ભીમ પેદા થયા. ડુંગરે ડુંગરે અને ઝાડે ઝાડે અસંખ્ય ભીમ ફરવા લાગ્યા છે, અને જેંદરાને શોધવા લાગ્યા છે. નાસતો નાસતો ઝળોઝેંદરો વિચારે છે, ''જે દિશાએ અને જે વૃક્ષે સંતાવા જાઉં છું તે સ્થાને તો ભીમ સામે ઊભો જ હોય છે. હવે હું કોઈ પણ ઉપાયે બચી શકું તેમ નથી.'' ઝળોઝેંદરો ઊભો રહીને થર થર ધ્રુજવા લાગ્યો છે. અને વૃક્ષોને ખો નીકળે છે. બંને લડતા લડતા પવન સાથે સ્વર્ગે જાય છે. અને પાછા પૃથ્વી પર પટકાય છે. ભીમ ઝળાઝેંદરને બાથ વાળીને પકડે છે અને જમીન પર પછાડી છાતી પર ચડે છે. એક હાથે 'વીજળાહણ' (વીજળી જેવું ચમકતું) બાંડું કાઢીને 'રોળવે' છે અને ઝળાઝેંદરાનું મસ્તક ધડથી જૂદું કરે છે. હાથમાં મસ્તક લઈ મારગે મારગે હસ્તિનાપુર આવે છે. ધૂણીના માથે ઝળાઝેંદરાનું માથું મૂકી ગુરુ બાળા હરગુરાને વંદે છે.

## ૬. ગધરોવાસી (કુંતાનો ગુરુ) :

બાળો હરગુરો કહે છે, ''ઝળાઝેંદરનું મસ્તક આવ્યું એ તો ઘણું ઉતમ કામ થયું છે. પણ કુંતા માતાનો ગુરુ ગધરોવાસી આપણા જગનમાં નહીં આવે ત્યાં સુધી આપણે જગન અધુરો રહેશે. હું જયારે સમાધિ પઢીશ ત્યારે તે હોંકારો દેવાનું કામ કરશે.'' આદેશની સાથે ભીમ પાંડવ 'વીજળાહણ' ખાંડું લઈને જરાવટ નગરી તરફ જવા લાગ્યો છે. ઝરાવટ નગરીની ધૂણીના માથે ગધરોવાસી સોડ તાણીને સૂતો છે. નાની વહેળીના ધોધ બોલવા હોય તેમ નાકનાં નસકોરાં બોલે છે. અને ગધરોવાસી ઝીણી ઝીણી ઘોર લે છે. ભીમ ધૂણીના માથે આવીને ઊભો

રહે છે અને કહે છે, ''ગુરુ ગધરાવાસી, તમે જાગતા હો તો બહાર આવો.'' ગધરોવાસી કાચી નીંદરે જાગીને બેઠો થાય છે, અને કહે છે, ''પાંડવોના રંગરાવળે અમારા શા કામ પડયાં છે ? ભીમ પાંડવ કામનું નામ ધર.'' ''ગુરુજી, મારા બાપુનો જગન માંડયો છે. માટે તો રંગરાવળે તમારું ખાસ કામ પડયું છે.'' સમાધિ હારવાની વાત જાણીને ગધરોવાસી હસ્તિનાપુર આવવા તૈયાર થાય છે. ભીમ પાંડવ ગુરુને વંદન કરી આગળ કરે છે. બંને મારગે મારગે હસ્તિનાપુરના ગાંદરે આવે છે. કુંતામાતા ગુરુનું સામૈયું કરી પગચંપી કરે છે. ઘણા માન સાથે ગુરુ પાંડવોની ધૂણીના માથે વિરાજે છે.

ગુરુ બાળા હરગુરાના આદેશથી સહદેવ લંકામાંથી ગાંઠ વિનાનું દાતણ સોયા નામનું ઘાસ, જે નદી કિનારે થાય છે. તે લઈ આવે છે. યુધિષ્ઠિર પીપળાનાં પાન લઈ આવે છે. આમ બધી જ સામગ્રી એકઠી કરવા લાગે છે.

સેનેતરા યજ્ઞમાં જોઈતી બધી જ સામગ્રી આવી ગઈ. બાગમાં પાંડુ રાજાની સમાધિ રાણી છે. સમાધિ પાસે ભગવાન કૃષ્ણ, માતા, કુંતા, સતી દ્રૌપદી અને સગા–સંબંધી ગોઠવાયાં છે. સહદેવ પાંડવ હંસદેવનાં ભજન બોલે છે. અને પાંડવો રાગ પુરાવે છે.

દ્રૌપદીને બાળો હરગુરો કહે છે, ''પાંડવો, સૌથી પહેલાં ગાંઠ વિનાનું દાતણ આપો; હું સમાધિ હારવાની વિધિ આરંભું છું, 'બાળો હરગુરુ માળ પાવરી બાંધીને 'સમાધ ગાવતરી' બોલવા લાગ્યો છે અને કુંતામાતાનો ગુરુ ગધરોવાસી હોંકારા ભણે છે. સમાધિના વેદ (વેદન) પૂરા કરીને પીપળઋષિના આવાસે આવે છે. પીપળાના વૃક્ષમાં પીપળઋષિનો વાસો છે. પાડું રાજાનો જીવ પીપળાના વૃક્ષમાં છે. ગુરુ ગધરોવાસી સમાધ ગાવતરીના બાકી રહેતા 'જગ' વાંચીને કહે છે, હંસદેવ, હવે તું અહીંથી અમરાપુર જા અને વૈકુંઠનું રાજ કર.'' પાંડુ રાજાનો જીવ મુકત થાય છે અને પૃથ્વીલોકમાંથી અમરાપુ જાય છે.

પાંડવોને આઠમો સેનેતરો યજ્ઞ પૂરો થાય છે. ફૂલ સુકાય છે, પણ વાસના અમર રહે છે. જુગ વહી ગયા પણ પાંડવોનાં કાર્યની નિશાની આજે પણ બોલે છે. સતયુગની વારતા વંચાય છે અને ભરી સભા સાંભળે છે.

## ૯. ભીમ પાંડવ :

એક દિવસઓ સમાજોગ અને સમાજોગને મહાજોગ આવ્યો છે. કાળી કામણી જમીન

પર પાથરી, કાનો (મુખ) પકડીને આખી કોઠી ઊંધી વાળી, ભીમ પાંડવ સવા કળશી ચણા લે છે. ચણાની ગાંઠડી બાંધી કુંતા પાસે જઈ ઢોર ચારવાની રજા લે છે. લાંબી ડાંગ હાથમાં પકડી ઢોરોને ડાંગ ફટકારતો અને ચણા ફાકતો ભીમ રતનાગર દરિયે જવા લાગ્યો છે. ઢોરેને દરિયાની પાળ પર ચરવા મૂકી ભીમ પાળે પાળે ફરવા લાગ્યો છે.

એક ઘાટ પર કરમો ધોબી કૌરવોનાં કપડાં ધોઈ રહયો છે. ભીમ તેની પાસે બેસીને ચણા ખાવા અધીરું બની રડે છે. કરમો ધોબી કહે છે, ''ભીમ પાંડવ, ચણા માટે છોકરું રડી રહ્યું છે. થોડાક ચણા તેને પણ આપો.'' ભીમ કહે છે, ''ભાઈ ધોબી, બજારમાં ઘણા ચણા આવ્યા છે. એક પૈસાના મણ ચણા મળે છે. જા, લઈ આવ. તારા છોકરાને હું તો એક ચણા નહીં આપું. ધોબી કહે છે, મારા છોકરા અને કપડાનું ધ્યાન રાખજે. બજારમાંથી ચણા લઈને પાછો આવું છું.'' ધોબી બજાર તરફ જવા લાગ્યો છે. જેવી ધોબીની પૂઠ પડે છે કે તરત જ ભીમ પછાડી પછાડીને છોકરાને મારે છે અને દરિયામાં ફેંકે છે. દરિયામાં છોકરાને મગરમછ ખાઈ જાય છે. કૌરવોનાં કપડાં ફાડીને પગે પાટાં બાંધે છે. લાકડીનો ટેકો લઈને લંગડાતો લંગડાતો ભીમ પાળે પાળે ફરે છે. લોકો ભીમને જોઈને સમાચાર પૂછે છે, ''ભીમજળ, શાથી લંગડાઓ છો ?'' ડાબ પગે ડમરું અને જમણા પગે 'જોનવો' (વા જેવો રોગ) થયો છે. ઘણો જ દુઃખી છું.''

રતનાગર દરિયાની પાળે પાળે ફરતો ભીમ દૂરથી જુએ છે ; સિંદૂરિયો વડલો નજરે પડે છે. વડલાની ડાળે ડાળે બાંધેલા ભાત ઝૂલે છે. વડલાની નીચે આવી ઉંચે જુએ છે, તો ઈક્ટોતર કૌરવો ડાળે ડાળે બેઠેલો છે. કૌરવોને પાંડવો કહે છે, ''ભાઈઓપ કોનાં ભાત ઝૂલે છે, તમે ઉપર બેઠા બેઠા કોની રાહ જોઈ રહયા છો ?'' ''નકુળ પાંડવની રાહ જોઈ રહ્યા છીએ. અમે દરરોજ ચોપાટ (સોગઠાબાજી) રમીએ છીએ. અને ચોપાટ રમતાં દરરોજ નકુળ હારી જાય છે. આથી તે ભાત ખાઈ શકતો નથી. આ જૂલી રહ્યાં છે તે નકુળ પાંડવનાં જ ભાત છે !'' ભીમ વિચારે છે, ''આ દુઃખથી જ નકુળ તેજિયો તાવ ચડયો છે. જુઓ કૌરવો આ વીરના ખેલ !'' મૂછો આમળતો ભીમ કાંટાવાળાં ઝાડઝાખરાં ઉખેડવા લાગ્યો છે. ઉખડેલાં ઝાડઝાખરાં વડલાની નીચે પાથરી થડ પાસે આવે છે. થડને બાથમાં ઘાલી હલાવવા લાગ્યો છે. પાકેલા ટેટા પડે તેમ કૌરવો નીચે ટપોટપ પડવા લાગ્યા છે. કાંટાળાં ઝાંખરાંમાં ફસાયેલા કૌરવો શૂળો ભોંકાવાથી થતી વેદના સહન ન થવાથી બૂમો પાડવા લાગ્યા છે.

ઈક્કોતેર કૌરવોને નીચે પાડી, કાંટાળાં ઝાંખરામાં ફસાવી ભીમ ધવળાગઢના માર્ગ તરફ વળ્યો છે.

ભીમ બજારમાં થઈને ઘાંચીની શેરીએ જવા લાગ્યો છે. આંગણે ઘાણી ચાલે છે. અને તલ પીસાય છે, ''ઘાંચી વીરા, હું ભૂખ્યો થયો છું, થોડીક તલની 'હેલાંણી' (કચરિયું) મને આપ જેથી પેટમાં થોડુંક અન્ન પડે.'' ''ભીમ તારા માટે તલ નથી પીલતો ! આ તો કૌરવોની 'હેલાંણી' છે જા આવ્યો હોય તે મારગે પાછો જા. તને'હેલાંણી' મળશે નહીં.'' બંને સામે સામે જક પકડે છે. ઘાંચી કહે છે, ''તું અહીંથી જાય છે કે પછી આ ડાંગ તારા માથા પર મારું ? ઘાણી પર બેઠેલા ઘાંચીનો હાથ પકડી ભીમ નીચે નાખે છે. બરાબર આમળીને માથા પર ફેરવી વીંજવીને ફેંકે છે. ગોફણમાંથી છૂટેલાં પથરાની માફક ફેંકાયેલા ઘાંચી બાર ગાઉ દૂર જઈને પડે છે. ઈક્કોતેર કૌરવોની બધી જ 'હેલાંણી' ખાવા લાગે છે. ખાઈને ઓડકાર લેતો ભીમ શેરીબજારે ચાલતો થાય છે. આમ ફરતો ફરતો ભીમ ધવળાગઢના ગાંદરે પહોંચે છે. વનખંડ તરફ જતી વાજડી જોઈ ચલાવીને જતુ હોય તેમ તે દશ્ય જોઈ રહ્યો છે. તે વહેલમાં ગાંધારીમાતા (ગાનમતા માઝી) બેઠેલા છે. ભીમ ગાંધારીને પૂછે છે, ''માસીચ કયાંથી આવો છો ?'' ભાણા, હું સિંદૂરિયા વડલે જાઉં છું. ભરબપોર થયા છે. મારા દીકરા ભૂખ્યા થયા હશે. ભાત આપવા જાઉં છું.'' માસી, હું પણ તમારી સાથે આવું છું. મને પણ સાથે લેતા જાઓ.

વાજમી વહેલમાં બેસીને માસી ભાણો પરાગ વડલે આવે છે. વહેલમાંથી નીચે ઉતરીને બંને વડલા નીચે આવે છે. માતા જુએ છે, બધા દીકરા વડલા નીચે પડેલા છે. જાંખરાંમાં પડયા પડયા છૂટવા માટે (વરખાં) નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા છે. કોઈનો પગ ભાંગી ગયો છે, કોઈનો હાથ ભાંગી ગયો છે તો વળી કોઈની આંખ ફૂટી છે. માતા ગાંધારી રોતી જાય છે અને પૂછે છે, ''દીકરા, તમને કોણે માર્યા ? એવી કઈ કળા થઈ કે જેથી તમે વડલા ઉપરથી નીચે પડયા ? માસીની પાછળ ભીમ રડતો રડતો કહે છે, ''પૂર્વ દેશનો જોરદાર પવન વાયો હતો. બધાં ઝાડ અને મોટા મોટા વડલા પવનમાં ઊંધા પડયા. જેથી માસિપાઈ ભાઈ પણ વડલા ઉપરથી નીચે પડયા છે !'' ભીમ જોર જોરથી રડવા લાગ્યો છે. રડતો રડતો ભીમ સરોવરની પાળે જવા લાગ્યો છે.

ગાંધારીમાતા પોતાના બાળકોને બચાવવા યર્થાથ પ્રયત્ન કરી પુત્રોના પુત્રોને કાંટાળાં

ઝાંખરાંમાંથી બહાર કાઢે છે. ધૂળ ખંખેરીને વાજમી વહેલમાં બેસાડે છે. જેમ જેમ વાગેલા ઘા પર પવન સ્પર્શે છે તેમ તેમ વેદના વધે છે. કૌરવો વેદના સહન ન થવાથી બૂમો પાડે છે અને વાજમી વહેલ ધવળા ગઢ તરફ જાય છે.

આમ ભીલલોકાખ્યાન સતયુગની વારતા કહેવાય છે અને ભરી સભા સાંભળે છે. જુગ જાય છે અને વારતા આગળ ચાલે છે.

કબીરો (દુઃશાસન) કૌરવ કુંભીમાતાનાં દેવળે આવતાં વિચારે છે, ‘‘મારાં બધા જ ભાઈઓને વડલા ઉપરથી નીચે પાડયા છે, હવે ભીમ પાંડવ દેખ આ મરદના ખેલ !’’ તે કુંભીદેવીના દેવળે આવે છે. અને માતાને પ્રાર્થે છે, ‘‘મારી ગોત્રદેવી કુંભીમાતા ! તું મારી મદદે આવ. દર પ્રસંગે તો હું તને બકરો ચઢાવતો હતો, પણ આજે હું નર ચઢાવીશ. અત્યારે તું મને સહાયક થા, તને પાંચ પાંડવોનાં મુંડ (માથા) ચઢાવીશ.

કુળદેવી કુંભીમાતાની માનતા માની ; કાળી કામળી ઓઢી કબીરો કૌરવ હસ્તિનાપુરના માર્ગે પડયો છે. કલમકચેરીમાં આવીને જુએ છે તો પાંડવો અને કુંતા દૃષ્ટિપથમાં આવે છે, ભીમ પાંડવ સરોવર ની પાળે ઢોર ચારે છે અને ફરે છે. કૌરવ વિચારે છે, ‘‘આ યોગ્ય યોગ છે. કુળદેવી મદદે આવી ખરી !’’ ચાર પાંડવો અને કુંતામાતા ને બાથમાં ઘાલી એકઠાં કરે છે, ગાંઠડી માથે મૂકી ધવળાગઢને મારગે પડયો છે. કુંભીમાતાના દેવળે આવી રેતીમાં ગાંઠડી ઉતારે છે. ગાંઠડી છોડીને ચાર પાંડવ માતા કુંતાને બહાર કાઢે છે.

સાંજના સમયે ઢોર ચારીને ભીમ કચેરીમાં આવે છે. અને કચેરીમાં સુનકાર વ્યાપેલો છે. ત્યાંથી વાદળમહેલમાં આવે છે. મહેલનો ખૂણે ખૂણે તપાસે છે પણ કોઈ દેખાતું નથી. ભીમ વિચારે છે, ‘‘ભાઈ તો કદાચ કાઈ કામ માટે બહાર ગયા હશે, પણ માતા કયાં કયાં ગયાં હશે ?’’ એક મહેલ છોડીને બીજા મહેલે જાય છે પણ બધેજ સુનકાર છવાયેલ છે. ફરીને કમલ કચેરીએ આવે છે. કચેરી સૂની સૂની લાગે છે. ભીમ કચેરીમાંથી બહાર આવીને જુએ છે તો એક કૌરવના ચરણચિહ્નો નજરે પડે છે. ભીમ આગળ જુએ છે તો પગલાં ધવળાગઢ તરફ જાય છે. તે વિચારે છે, ‘‘આ નકકી જ કૌરવોનું કાવતરું છે.’’ તેની ચાલવાની ઝડપ વધી છોટે પગલે લાંબી ફાળો ભરતો તે મારગે મારગે સિંદૂરવર્ણા નડની નજીક આવે છે.

## ૧૦. હેડંબા :

હેડંબા (અરમાં) એ સિંદૂરિયા વડલે ઝૂલો બાંધ્યો છે. તે જૂલા પર હીંચકા ખાઈ રહી છે. અને ઝીણી ઘૂઘરિયો વાગે છે. ઘૂઘરિયોનો 'રમાજોળ' ઊડી રહયો છે. હેડંબા ડોલરિયે ઝીણાં ઝીણાં 'લેરકા' લઈ રહી છે. ભીમ પાસે આવે છે અને હેડંબાની નજર તેના પર પડે છે. ભીમ સાંભળતો સાંભળતો નજીક આવી રહયો છે. ''વટેમાર્ગુ, માર્ગનાં દાન આપીને જા, આપ્યાં વિના જઈશ, તો વિઘ્ન આવશે.'' ભીમ ચાલતો  ચાલતો ઉભો રહે છે, ''માર્ગમાં દાન લેવા વાળી તું કોણ છો ? મારે ઘણું જ ઉતાવળનું કામ છે. વિલંબ થાય તે મને પોષાય તેમ નથી. પાછા ફરતાં આવું તો નહીં ચાલે ?'' દાન આપીને જ આગળ જા. શાપ આપીશ તો તારું આગળ કામ થશે નહીં.'' આમ ભીમ હેંડબા પાસે આવીને કહે છે, ''મારી પાસે પાઈપૈસો નથી તને શું આપું ?'' ''તારી પાસે પૈસા નહીં હોય તો કંઈ નહીં. મારા જૂલાને એક ઘૂમરી ઘાલતો જા.'' ભીમ થોડીક ઘૂમરી ઘાલે છે. હેડંબા પડન સાથે સ્વર્ગમાં ચડી સૂરજના રથમાં પહોંચે છે. હેડંબાનો જીવ ભયનો માર્યો 'ડબૂક ડબૂક' (ડચકા) થાય છે. ભર યૌવનમાં આવેલી હેંડબાએ અહંકાર કર્યો. પણ વીરપુરુષોનું ઘણું જ કઠોર કામ છે. સૂરજના રથમાં રહેલી હેડંબા ડરથી થરથર ધ્રૂજે છે. અને ભીમ પાંડવ સાથે વાતો કરે છે, ''ભીમ, પાછી આવતી ઘૂમરીની સાથે તું જૂલો પકડજે. નહીંતર હું પડીને મરી જઈશ અને કુંવારી કન્યાની હત્યાનું પાપ લાગશે. ભીમ પાંડવ હવે ઊંચે હેડંબા સામે જુએ છે અને ભીમ સામે નીચે જુએ છે.

સામા સામા નજરનાં બાણ વાગે છે. હેડંબા મુર્છા પામે છે. હેડંબાના પેટમાં ગર્ભ રહે છે. ભીમ આવતી ધૂમરીએ જૂલાને પકડી લે છે, જૂલો ધીમો પાડીને ધવળાગઢ જવા લાગ્યો છે. જેવી હેડંબાની મૂર્ચ્છા દૂર થાય છે એટલામાં તો તેને એક પુત્ર જન્મે છે. ઘડીકમાં જ જન્મયો હોવાથી હેડંબા તેનું નામ 'ઘરીનો ઘટુકરો' (ઘટોત્કચ) પાડે છે. બાળક કહે છે, ''હું કોનો પુત્ર છું ?'' પેલો તારો પિતા જાય તેની સાથે જા.'

ભીમ થોડેક ગયો છે ત્યાં તો એક બાળક 'બાપુજી' કરતો પાછળ આવી રહ્યો છે. બાળક કહે છે, ''બાપુ ઘડીક ઊભા રહી મને સાથે લેતા જાઓ. હું તમારો પુત્ર ઘટોત્કચ છું.'' ભીમ વિચારે છે, મને પિતા કહીને બોલવવાવાળો તું કોણ છે ? મારે પાછળ નહીં જોવાની પ્રતિજ્ઞા છે.'' ઘટોત્કચ દોડીને ભીમની આંગળી પકડી લે છે અને કહે છે, ''મને મુકીને તમે કયાં જતા

હતા ? હું તો તમારી સાથે જ આવું છું.'' ભીમ કહે છે, ''તું કોને પિતા કહે છે ? તું વળી કયારનો પુત્ર છે ?'' પિતાજી, હું હેડંબાનો પુત્ર છું. મારી માતાને તમારી નજરનાં બાણ વાગ્યાં અને હું ઘડીકમાં જ જનમ્યો છું. તમારે મને સાથે લેવો જ પડશે. ઘટોત્કચની અડગતા જોઈને ભીમ તેને સાથે લે છે.

પિતાપુત્ર વાતો કરતા કરતા ધવળાગઢ તરફ જવા લાગ્યા છે. ભીમ કહે છે, ''દીકરા, કૌરવો, મારા ભાઈ તને અને માતાને લઈને ધવળાગઢ જતા રહયા છે. હું તેમની વારે જાઉ છું. મારી પાછળ તું આવ્યો છે. પણ યુધ્ધ સમયે તું કોના પક્ષે રહીશ ?'' ઘટોત્કચ કહે છે, ''પિતાજી, જે હારી જશે તેના પક્ષે હું રહીશ, તમે હારી જશો તો તમારા પક્ષે રહીશ અને કૌરવો હારી જશે તો તેઓના પક્ષે જઈશ, મારું જ સંતાન મારા શરીરે આવે. મારો દીકરો કાચો હોય નહીં, વીર જ હોય ! ભીમ ઘટોત્કચની ચોટલી પકડી માથા પર ચરણ મૂકે છે. ધરતીમાતાને શોધતો કુંભીદેવીને દેવળે આવે છે.

ભીમ મારગે મારગે ધવળાગઢમાં આવે છે. ફરી ફરીને પાંડવોને શોધવા લાગ્યો છે. કલમકચેરી, વાદળમહેલ, શેરી અને બજાર ફરી વળે છે, પણ કયાંય માતા કે ભાઈઓની ભાળ મળતી નથી. ભીમ ચાર પાંડવો અને કુંતામાતાને શોધતો તે કુંભીદેવીને આરાધના કરે છે, ''હે માતા, મારી માં અને ભાઈઓ શિયાળાની ઠંડીમાં મરે છે, અને આપો આપ ભોગ લેશે, આ તરફ કબીરો કૌરવ આંખો બંધ કરીને આરતી કરે છે. ભીમ દેવળમાં પ્રવેશી આ દ્દશ્ય નિહાળે છે. ભીમ પાંડવની માતા અને ચારે ભાઈ ચાર પગે થઈને મૂર્તિની સામાં નમી રહ્યાં છે. કબીરો બંધ આંખે આરતી કરીને પાંડવો પર છાંટ નાખે છે. ભીમ કુંભદેવીની મૂર્તિ પાછળ સંતાય છે. કુંતામાતા વિલાપ કરતા કહે છે, ''મારા ભીમ દીકરા, સૂતો હોય તોજાગજે અને બેઠો હોય તો ઊભો થજે. આજે અમને કૌરવ મારી નાખે છે. તું ભાઈ અને મારી સંભાળ લે જે.'' ભૂલ થઈ છે કે હું મેલી પૂજા ચઢાવું છું અને તું લેતી નથી.'' કુંભદેવી પાછળ સંતાયેલો ભીમ કહે છે, ''હું બાર વર્ષથી ભૂખી છું. પહેલાં ચોખ્ખી પૂજા ચઢાવ મારા પેટને અન્નવાળું કર.'' કૌરવ પૂછે છે, ''મીઠી પૂજામાં તારે શું ખાવું છે ?'' ''સવાકળશી ઘઉંનો લોટ, ઘી અને ગોળનું ચૂરમું કરીને પહેલાં મને ચઢાવ. કબીરો કંદોઈ પાસે બાટાં કુટાવીને પછી માળવિયો ગોળ અને ભાદરવી ઘી નખાવીને ચૂરમું બનાવડાવે છે. પરાતો ભરી ભરીને દેવળમાં ઘી થી તરબોળ ચૂરમું લાવે છે.

કબીરો કૌરવ કુળદેવીની આરાધના કરતો કહે છે, ‘‘માતા, હું ચુરમુ લઈને આવ્યો છું. હવે તમે તમારા દિલની વાત કહો.’’ મુર્તિ પાછળ સંતાયેલો ભીમ કહે છે, ‘‘કબીરા, તું સવા સવામણ લાડું બનાવ પછી દેવળ ઉપર ચઢીને એક પછી એક લાડુ મને ચઢાવ.’’ કબીરો કૌરવ સવા સવામણના લાડુ વાળી પરાતો ભરે છે. એક પછી એક પરાત દેવળ પર ચઢાવે છે. કૌરવ દેવળ ઉપરથી એક પછી એક લાડુ નાખે છે. ભીમ મુર્તિ પાસે બેસીને સવાકળશી ચૂરમાનું ભોજન જમે છે. નીચે  આવીને કબીરો કૌરવ ફરીથી પ્રાર્થે છે. તમે કયા દુઃખે આસું સારતાં હતા ? અમારી કઈ ભૂલ થઈ છે ?’’ પાછળથી ભીમ બોલે છે, ‘‘કૌરવ, હું તરસે મરું છું, બાર બેડાં પાણી લાવો બાર બેડાં પાણી પીધા પછી જ પાંડવોનો ભોગ લઉં.’’ કબીરો કૌરવ બાર બેડાં પાણી લાવે છે. બાર બેડાં પાણી પીને સંતૃપ્ત થયેલો ભીમ મૂછે વળ દે છે. કમરે કામળી બાંધીને દેવીની મૂર્તિ પાછળથી બહાર આવે છે.

કબીરો કૌરવ અને ભીમ પાંડવ સામ સામે બાથ ભીડે છે. બંને દ્રન્દ્રયુધ્ધ કરે છે. બળવાન લડે છે અને વૃક્ષોનો ખો નીકળે છે. દેવી આગળ ઊંધા પડેલા પાંડવ ઊભા થઈ જાય છે. અને દ્રન્દ્રયુદ્ધ જોવા લાગે છે. એક પડે છે, ત્યાંતો બીજો ઊભો થાય છે. વળી એક ઉપર આવે છે તો બીજો નીચે પડે છે. ધવળાગઢમાં જોવા જેવું 1શ્ય ખીલ્યું છે. લોકો એકઠા થઈને આ ભય ઉપજાતું નવું 1શ્ય જોવા લાગ્યાં છે. બંને માંથી એકેય હારતો નથી. ભીમ પાંડવ કૌરવ કબીરાને બાર ને બાર ચોવીસ ગાઉં દૂર ફેંકે છે. કબીરો તરત જ તે જગ્યા પર પાછો આવે છે. ચોવીસ ગાઉ ભીમ પડે છે, થોડીક ક્ષણોમાં પાછો આવે છે.

લડતાં લડતાં ભીમ પાંડવોને ભૂખ લાગી છે. ભૂખથી ભીમ થાકવા લાગ્યો છે. ભીમે સવાકળશીનું ચૂરમું ખાધું પણ લડતાં લડતાં ચૂરમું પેટમાં ઓગળી ગયું. કુંતામાતા વિચારે છે, ‘‘ભીમ ભૂખ્યો છે. ખાવા નહીં આપીયે તો લડી શકશે નહીં. અને કબીરો કૌરવ તેને મારી નાખશે.’’ કુંતા ઈશારા દ્રારા ધૂળની ઢગલી કરવાનું સૂચવે છે.ભીમ પગથી ધૂળની ઢગલી કરે છે. માતા સ્તને હાથ નાખે છે. દૂધની ધારા ઢગલી પર પડે છે. મશરૂ ખાંડના લાડુ પેદા થાય છે. ભીમ એક હાથે કૌરવ સાથે લડે છે અને બીજા હાથેથી લાડુ ખાય છે. લાડુ ખાઈને સંતૃપ્ત થયેલો ભીમ કબીરા કૌરવને નીચે નાખી એક પગથી દબાવી બીજો પગ હાથમાં પકડીને ચીરે છે અને વચ્ચેથી બે ફાડ કરી ઉગમણી અને આથમણી દિશામાં નાખે છે. થોડીક વારમાં તો ચીર ભેગી

થઈ જાય છે. કબીરો કૌરવ પાછો ઊભો થાય છે અને ભીમને લાત મારી નીચે પાડે છે. કુંતા કહે છે, ''દીકરા, સામે હેતરીનું ઝાડ દિશામાં નાખ. પછી દોડીને હેતરીનું પાન તોડી ઊભું ચીરી નાખે તો જ કબીરો મૃત્યુ પામશે.''

પાંડવ હાકોટા કરતો આગળ વધે છે. કબીરાને નીચો પાડી, ઊભો ચીરીને તેની ફાડ પૂર્વ–પશ્ચિમમાં નાખે છે. દોડતો જઈ હેતરીનું પાન ઊભું ચીરી નાખે છે. આ સમયે કબીરાના બંને અંગો ભેગાં થતાં નથી અને મૃત્યુ પામે છે.

ભીમ પાંડવ ધવળાગઢથી ભાઈઓ અને માતાને લઈને હસ્તિનાપુર આવે છે. જુગ(સમય) જાય છે પણ વારતા આગળ ચાલે છે.

## ૧૧. કૃષ્ણ અને દાનવ :

સતયુગની વારતા; કળિયુગના માનવી વાંચે છે અને ભરાયેલી સભા સાંભળે છે. ભલે આવ્યાં સતિયાના નામ. એક દિવસનો સમાજોગ આવ્યો છે. નારદમુનિ ભગવાન કૃષ્ણને પ્રશ્ન કરે છે 'અવતાર' તમે કેટલા ખંડનું રાજય કરો છો ? ભગવાન ઉતર આપે છે, ''નારદ, તું ખંડ અને રાજ્ય કરવાની વાત જવા દે તેની વાત કહેવા માત્રથી જોખમ ઊભું થાય તેમ છે. ભગવાનના અસ્પષ્ટ નારદની જીજ્ઞાસા તીવ્ર બને છે. અને સાચી વાત જાણવા હઠે ભરાય છે. ભગવાન તેની જીજ્ઞાસા સંતોષતા કહે છે, ''હું ત્રણ ખંડનું રાજ કરુ છું, પણ તારે પૂછવાતું કારણ ? તો ચોથા ખુડનું રાજ કોણ કરે છે ? ભગવાન કહે છે, ચોથા ખંડનું રાજ દાનવ કરે છે, ''ભગવાન આ રાજય કયાં આવેલું છે.'' દાનવોનું રાજય સામે ઉતરખંડમાં આવેલું છે. નારદ કહે છે, ચાલો સામે સીમાડે આપણે દાનવોનું રાજય જોવા જઈએ. નારદ હઠ પકડીને કહે છે, ''કાલે જોખમ ઊભું થતું હોય તો આજે ઊભું થાય અને આજે થતું હોય તો અત્યારે થાય પણ આપણે દાનવોનું રાજ્ય જોવા જવું એ વાત સાચી. ભગવાન, થોડા સમય માટે વૈકુંઠનું સોનાનું સિંહાસન સૂનું મૂકો. આપણે દાનવોનો ઉતરખંડ જોઈને પાછા આવીએ છીએ.

ભગવાન વૈકુંઠ છોડીને વાતો કરતા કરતા દાનવોના અંધારિયા ખંડ(અતરાખંડ) બાજુ આવવા લાગ્યા છે. ભગવાન કહે છે, ''દાનવો અને મારો વિરોધ થયો છે. મને તો તેઓ ગણતા જ નથી, તેઓની નજરે પડી જઈશું તો જીવતો મૂકશે નહીં.'' વૈકુંઠની સરહદ પૂરી થાય છે, તે સ્થળે ઊભા રહી દાનવોની સરહદ બતાવતાં ભગવાન કહે છે, ''અહીંથી અંધારિયાખંડની

સરહદનો આરંભ થાય છે. નારદ ચાલ, આપણે જલદી અહીંથી ચાલ્યા જઈએ. નહીં તો હમણાં દાનવોનો ફેરો (રક્ષકોનો સમૂહ) આવશે. આપણને મારીજૂડીને ઘોડાંના પૂંછડુ બાંધશે.'' ભગવાન નારદને ચેતવે એટલામાં તો વનમાં 'ધધમાટો' થવા લાગ્યો છે. દાનવોના ફેરાના વેગથી પ્રથમ વરસાદના વંટોળની જેમ વૃક્ષો વળી વળીને પૃથ્વીને અડવા લાગ્યાં છે. ઘોડેસવાર નજીક ને નજીક આવી રહયા છે. ભગવાન કહે છે, ''જગતમાં ખરાબ કામ આવ્યું. નારદ ભાગવું હોય તો આ ક્ષણે ભાગ નહીં તો જીવતા નહીં મૂકે !'' ભગવાન અને નારદ નાસવાનો પ્રયત્ન કરે એટલામાં તો ડેરો નજીક આવી પહોંચ્યો. ઘોડા પરથી દાનવો જુએ છે તો ભગવાન કૃષ્ણ અને નારદને જુએ છે. ભેંસો દાણવ કહે છે, ''ભલે આવ્યા આપણા આંગણે વેરી ! તેઓને ચારે દિશાઓથી ઘેરી લો.'' ભગવાન અને અને નારદને વચમાં ઘેરીને નાનું વર્તુળ બનાવતા દાનવો નજીક આવી પહોંચ્યા. ઘોડાં ઉપરથી નીચે છલંગીને ચારે બાજુથી તીખા ચાબુક મારવા લાગ્યા છે. ભગવાન અને નારદ વેદનાથી ચીસો પાડે છે. ભગવાન કહે છે, ''નારદ મારું કહેવું તેં માન્યું નહીં હવે શું થાય છે તે જોયા કર.'' બંનેને અવળા હાથે ઘોડાનં પૂછડે બાંધે છે. અને દાનવ ઘોડાંના માથે સવાર થાય છે. મારતે ઘોડે દાનવ અંધારિયાખંડ ભણી જઈ રહયા છે. અને ભગવાન તેમજ નારદ તણાના આવી રહયા છે. રાજ કચેરીમાં આવી સિપાહીઓને હુકમ કરે છે. તમે ભાંભીવાસ (ચમાર વાસ) માં જાઓ અને કાળી ખાલ લેતા આવો. એક ને કર્યુ ત્યારે પંદર સિપાહી કાળું ચામડું લેતા તૂટે છે. ચમારવાસમાંથી કાળી ખાલ ખરીદે છે, ''સિપાહીઓ, વિના વિલંબે કૃષ્ણ અને નારદને ચામડામાં પૂરી તાણી તાણીન સેવા (ચામડાની દોરી) થી સીવો. સિપાહીઓ બંનેને ખાલમાં પૂરે છે અને ચામડાની દોરીથી ભીંભી ખેંચી ખેંચીને સીવે છે. અવતાર અને નારદ હાથપગ પછાડી ગંધાતા ચામડામાંથી નીકળવાનો વૃથા પ્રયત્ન કરી રહયા છે. દાનવોની આજ્ઞા થતાં સિપાહીઓ ચામડામાં પુરાયેલા બંનેને ખેંચતા ખેંચતા ગાંદરે આવેલા ઉકરડામાં નાખે છે.

ઊકરડામાં પડ્યા પડ્યા નારદજી વિચારે છે, ''હવે જીવવાની કોઈ આશા નથી. ખાલમાં ગળી ગળીને મરવાના છીએ.'' રાત પડી છે. ખાધાપીધા વિના બંનેનો જીવ જાય છે. જેમ તેમ કરીને રાત પસાર થાય છે. પરોઢ થયું અને પ્રકાશ પથરાયો. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. ભગવાન કળારૂપી છે. કળા વરતવા લાગ્યા છે. હાથમાં લોટો લઈ નગરનો એક

બ્રાહ્મણ જંથલઝાડી ફરવા આવ્યો છે. ભગવાન અને નારદ વાતે ચડયા છે. બ્રાહ્મણ ઊભો ઊભો ધ્યાનથી બંનેની વાતો સાંભળે છે. આપણે ત્યાં છોકરીઓનો તોટો નથી. વૈકુંઠમાં કુંવારી છોકરીઓ વધી પડી છે. આપણે તો કન્યાઓની સગાઈ કરવા અને દાનવોના વેવાઈ થવા આવ્યા હતા. આપણને એમ હતુ કે દીકરીઓ માટે સામા સગાઈઓ જઈએ છીએ તો દાનવો ઢોલિયા ઢાળી 'હિરખો' પાથરી સન્માન સાથે બેસાડશે. લાંબા મારગથી આવ્યા છીએ તો પાણી ગરમ કરી સુહાવની કુંડીએ નવડાવશે. પછી રાજકચેરીમાં જઈને સગાઈની વાત કરીશું. આપણે તો દરેક દાનવને એક એક કન્યા આપવી અને લગ્નની વાત કરવી હતી. પણ દાનવોએ આપણી ખરી દશા કરી !'' બ્રાહ્મણ જલદીથી 'જંગલઝાડી' ફરીને દોડતો દાનવોની કચેરીમાં આવીને ઊભો ઊભો કહે છે, ''સ્વામી, નવી વાત લઈને આવ્યો છું. કાળા ચામડામાં પૂરીને ઊકરડામાં નાખ્યા છે તે તો કન્યાઓની સગાઈ કરવા માટે આવ્યા હતા. પણ અમારું સન્માન સાચવવાને બદલે માર મારી કાળી ખાલમાં પૂરીને તેઓએ મોટી ભૂલ કરી છે. પાછુ બાકી રહી જતું હતું તે હિરદતળાઈ પાથરીને ઢોલિયામાં બેસાડવાને બદલે ઉકરડામાં નાખ્યા છે !'' બ્રાહ્મણની વાત સાંભળીને ભેંસો દાનવ કહે છે, ''દરબારીઓ, તમે જલદી જાઓ, અને તેઓને કાળી ખાલમાંથી બહાર કાઢી રંગમહેલમાં લઈ આવો.

ભાગ્યવાનની જીભ ચાલે અને અભાગીના પગ તૂટ. દરબારીઓ દોડતા ઉકરડાના માથે આવે છે. ખાલ ખોલીને ભગવાન અને નારદને બહાર કાઢે છે તેઓને હેતથી પંપાળી આગળ કરીને રંગમહેલમાં લાવે છે. દાનવોના આદેશથી સેવકો પાણી ગરમ કરી ; તાંબાકુંડીમાં કાઢીને 'કહોરી કહોરી' ને નવડાવે છે. ભમરઢોલિયા ઢાળી 'હિરખ – તળાઈઓ' પાથરે છે. અતર છાંટે છે. કસ્તુરીના સંગધીદાર ભપકા વચ્ચે મહેમાનો વિરાજે છે અને દાનવો 'આલી આલી' ચાકરી કરે છે. બંનેને માન–સન્માન સાથે વાજતે – ગાજતે સભા ભરેલી રાજકચેરીમાં લાવવામાં આવે છે.

દાનવોની કચેરી ઝકી (ભરી) છે. દાનવોની વચ્ચે ભગવાન અને નારદ વિરાજ્યા છે. વાતોનો 'ધધમાટો' ઊડે છે. ધીમે ધીમે દાનવ ઘણા હેતથી કહે છે, ''અવતાર અમારી ભૂલ થઈ છે. તમે તો 'ખમતધર' છો ? ભગવાન કહે છે, ''દાનવો, અમે મોટી આશાઓ લઈને આવ્યા હતા. પણ તમે ઘણું દુઃખ આપ્યું. પણ અમે તમારા જેવા નથી. તમે વર બનીને સુદ એકમે

જવારે (પીઠીએ) બેસજો, અને ઉગતી પૂનમે પરણવા આવજો.'' ભગવાની વાત સાંભળીને કુંવારા અને પરણેલા બધા મનમાં રાજી થયા. ભગવાન આગળ બોલે છે, ''પૂનમના દિવસે ઘણી મોટી જાન લઈને આવજો. આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષો બધા જ જાને આવજો. વૈકુંઠનાં લોકો જાણે કે અવતારને ઘણાં સંબંધીવાળું સગું મળ્યું છે. માટે પરતી પૂનમે અંધારિયાખંડમાં કોઈ ઘેર રહેવું જોઈએ નહીં. વધારે માણસોની જ જાનથી શોભા વધશે.'' ભગવાન અને દાનવ સગાઈ પાકી કરે છે, અને દાનવો સગાઈનાં નાળિયેર ઝીલે છે. પૂનમનું પરણેત નકકી કરીને ભગવાન અને નારદ ઘણા માન સાથે ત્યાં દાનવોની કચેરીમાંથી છૂટા પડે છે.

વૈકુંઠપુરીના માર્ગે જતા અવતાર કહે છે, ''નારદ, મેં તને કહયું હતું કે પાંડવોનું રાજય ઘણું જ કઠોર છે. તેં ના માન્યું કેવા 'ફોરા' પડયાં દાનવોએ ! હવે આ કાળા કૃષ્ણના ખેલ જો. મારી લીલાને દાનવો શું સમજે !

'કાળો કશ્નો વૈકુંઠપુરીના પાદરે ધૂળિયોકોટ ચણાવે છે. ભગવાન વિચારે છે, ''પૂનમનો દિવસ નજીક આવી રહયો છે. પરણવાની અભિલાષાવાળા દાનવો તો ઘણા છે. આટલી બધી કન્યાઓ કયાંથી લાવવી ? કઈ કઈ જાતની કન્યાઓને પીઠીએ બેસાડું ?'' ભગવાન, વૈકુંઠની કૂતરીઓ અને બિલાડી એકઠી કરી ; ધૂળિયાકોટમાં લાવીને પીઠીએ બેસાડે છે. વનમાંથી શિયાળ અને 'ખેંખર' (શિયાળ જેવું પ્રાણી) પકડી મંગાવી ધૂળિયાકોટના ખૂણે ખૂણે જવારે બેસાડે છે. સ્ત્રીઓ પીઠીનાં ગીતો ગાય છે અને તૂરી તરગાળા રમત કરે છે.

પૂનમ નજીક આવી રહીં છે. યુવતીઓ કાજળ મૂલવે છે અને ડોસીઓ છીંકણીની દાબડીઓ ખરીદે છે. જુવાનો કટકટાવીને કમર બાંધે છે અને મૂછો આમળે છે.

જેઠ માસનો વરસાદ ચડયો હોય એમ દાનવોની જાન આવી રહી છે. ગાજવીજની માફક 'હોરમાં' વાજાં અને નગારાં વાગી રહયા છે. નાચણો નાચે છે. ધૂરી 'તાંતો' તોડે છે. નટભવાયા ખેલ કરે છે. ધામધૂમ કરતી જાન વૈકુંઠપુરીના માર્ગે આવે છે. ધૂળિયાકોટમાં આવેલા વડલેપીપળે જાજમો પાથરીને જાનનો ઉતારો આપવામાં આવે છે. વૈકુંઠપુરી વરરાજાથી ઊભરાય છે. વરરાજા 'વિદવાગલિયા' સજે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. વૈકુંઠપુરીના વેવાઈ વરરાજાઓને તોરણ સલવાનું આંમત્રણ આપે છે. પાંચ–પચ્ચીસ–પચાસ, પાંચસો વરરાજા એક સાથે તોરણ સલવા આવે છે. વરરાજા ચોરીના માંડવે આવે છે. ફટાણાનો ધોધ વછૂટે છે.

વરણક્ષની સ્ત્રીઓ ગીતો ગાય છે, ''ખાંડણિયા (ઉખળ) જેવડી દૂંટીની વેવાણો વિદ (વર) પોંખે છે. મોટા દાંત, મોટું પેટ અને છૂટાં જટિયાંવાળી વેવાણો વરરાજાને પોંખે છે. વેવાણો ઉતાવળ કરો. ઊભા ઊભા અમારા બાળ વરરાજાના પગ દુઃખે છે. વેવાણો જટ જટ વરરાજાને ચાલ્લા કરીને પોંખે છે.

વૈકુંઠપુરીના વેવાઈ વિનવે છે, ''કોઈ બહાર રહેશો નહીં. બધાજ જાનૈયા અને 'ગીતારી બાઈઓ' માંડવે આવજો. આપણે બધા ધૂળિયાકોટ બંધ કરી લગ્નમંડપમાં બેસીએ અને લગ્નનો આનંદ લૂટીએ.'' વૈકુંઠપુરીના લોકો બધા દાનવોને ધૂળિયાકોટમાં પૂરી દરવાજો બંધ કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, ''મારા લાડમિયા વેવાઈઓ, અમારા વરરાજાને કહો કે લગ્નમંડપમાં પરણવા માટે આતુર ઘણી બધી કન્યા રાહ જોઈને બેઠી છે, જેને જે કન્યા પસંદ પડે તેની સાથે લગ્ન કરવા ગોઠવાઈ જાઓ.'' કન્યાઓ જોઈને બધા વરરાજાને ધ્રાસકો પડે છે. વરરાજા કહે છે, ''અવતાર, આ તો લાડીઓ નથી, પણ અહીં તો જંગલનાં જાનવર છે ! શિયાળ અને ખેખર છે ; કૂતરીઓ અને બિલાડી ઓ છે ! ભગવાન કહે છે, ''આ તો તમારા માટે જ બધી લાડી પીઠીએ બેસાડી છે. મનપસંદ લાડી ઝટઝટ પરણો. બધી જ કન્યાઓ પરણવા લાયક છે ; પરણવા ઉત્સુક છે !'' જંગલી જાનવરો જોઈને દાનવો ડઘાઈ ગયા છે. તેઓને કંઈ પણ સૂજતું નથી. ભેંસો દાનવ વિચારે છે, ''કાળા કશ્ને જૂનું વેર વાળ્યું !''

આમ લીલા કરનાર ભગવાન કૃષ્ણ કળા વરતે છે. ક્ષિતિજમાં નખ જેવડાં વાદળ દેવળ જેવડાં બનીને ઊંચે ચડવા લાગ્યાં છે. 'પેલુરીનું કોરણ' (પ્રથમ વરસાદનો ચક્રવાત) ઘૂટવા લાગ્યું છે. વૈકુંઠપુરીમાં બાર મેઘ અને તેર વીજળીઓ એક સાથે રમત માંડે છે. પવનદેવનાં 'ગોટકા' સાથે ઈન્દ્રરાજા વિજકી વિજકીને રમવા લાગ્યો છે. મેઘ સાથે પવનના થપાટા લાગે છે અને દાનવોના ઘોંણવો નીકળવા લાગ્યો છે. તેર વીજળીઓ તેના પર 'વિજકી વિજકીને' પડે છે. અને ભયના માર્યા ધૂળિયાકોટના ખૂણે લપાયેલા દાનવો બળીને ભસ્મ થાય છે. બધો ધૂળિયોકોટ ધોવાઈ ગયો છે અને દાનવગોત્રનું 'રડણપડણ' થયું છે.

## ૧૨. ઈકો દાનવ :

વૈકુંઠપુરીમાં અબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ બધા જ દાનવ કામે આવ્યા છે. પણ ભેંસા દાનવની

પત્ની લગ્ન સમયે જંગલીઝાડી ફરવા ગઈ છે. બાળકના જન્મ પછી 'ઈકો'નામ ધરાવ્યું છે. કુંવર શેરીએ રમતો રમતો મામા–ફોઈ અને માસીના ઘેર મોટો થવા લાગ્યો છે.

એક દિવસનો સમય આવે છે, ઈકો દાનવ માતાન સવાલ કરે છે, ''મારે પિતા, કાકા, ભાઈ કુટુંબ – કુળ કોઈ જ નથી ? આ બધા કયાં જતાં રહયાં ? માતા, હું એકલો જ કેમ છું ? માતા કહે છે, ''મોટા કંડુ કાળ પડયા ; ભૂખ અને તરસના માર્યા બધા જ કામે આવ્યા !'' માતા, આપણી ચારે બાજુ ધરતી પર તો ઘણાં માનવી ફરે છે. આપણાં ફોઈ ફુઆ છે ; મામા માસી છે. તેઓ દુષ્કાળમાં નથી મર્યા. તો મારુ દાનવકુળ એકલું જ કેમ કામે આવ્યું ? તું સાચી જ વાત કર. નહીંતર જગતમાં ખોટું કામ થશે.'' દિકરા, દાનવ ગોત્રની તુંબડીમાં માત્ર તું એક જ બીજા બાકી રહયું છે. તને જોઈ જોઈને દિવસ કાઢું છું. તુંબડ ફૂટશે તો દાનવોનું મોઘૂંમૂલું બીજ પણ ખોવાઈ જશે. પછી દીકરા, હું કંઈ રીતે જીવીશ ? માટે હવે આગળ કંઈ જ પૂછતો નહીં.'' વાત જાણવા ઈકો દાનવ હઠે ભરાય છે, રાજહક કે બાળહઠ ! બાળહઠ પણ એવી હોય કે માતાને નીચું જોખવું પડે, માતા કહે છે, ''કાળા કૃષ્ણનું ખોડ જજો ! તારે તો ઘણું મોટું કુટુંબ હતું. વૈકુંઠપુરીમાં 'અવતાર' ના આમત્રથી આબાલ–વૃદ્ધ સ્ત્રી–પુરુષ બધા જ દાનવો જાને ગયેલી. દગો કરીને ધૂળિયાકોટમાં ચારે બાજુથી ઘેરી ઘેરીને કામે આણ્યાં. દીકરા, આ સમયે હું એકલી જ જંગલ–ઝાડી ફરવા ગઈ હતી. તું મારા પુટમાં હતો માટે આખા કુંળમાં આપણે બે જ બચ્યાં છીએ. આપણા કુટુંબનું સત્યનાશ કાઢનાર કાળા કશ્નનું પણ મૂળ જજો !

માતા જેમ જેમ જૂના વેરની વાત આગળ કહે છે તેમ તેમ ઈકો દાનવ ક્રોધથી થર થર ધ્રુજવા લાગ્યો છે. તેની જોમ ચઢી આવે છે, તેની આંખોમાં ખૂન ધસે છે. અને આંખોમાંથી લોહીનાં ટીપાં પડવા લાગ્યાં છે. અતિશય ક્રોધથી જેનું મુખ વિકૃત થયું છે એવો ઈકો દાનવ પ્રતિજ્ઞા કરતો કહે છે, ''તેં જ મારા કાકાભાઈને મારીને મારા ગોત્રનું નિકંદન કાઢયું છે, પણ કાળા કૃષ્ણ દેખ મર્દના ખેલ ! તને ખુદને મારું તો જ હું ખરા બાપનો દીકરો કહેવાઉ !''

ક્રોધથી લાલચોળ તાંબડી જેવો થયેલો ઈકો દાનવ કૃષ્ણને મારવા એક આયોજન કરીને સુથારના ઘેર જાય છે. બારણે ઉભો રહીને કહે છે, ''સુથારી ભાઈ તું તાત્કાલિક ઉભો થા મારે તારી જરૂર પડી છે, ઈકો દાનવનો સાદ સાંભળીને કરમો સુથાર બહાર આવે છે અને પૂછે છે, આપ જેવા મોટા માણસને મારી શું જરૂર પડી, દાનવ કહે છે, ''વીરા, તું માગે એટલું મૂલ્ય

આપું પણ મજબૂત ખટ્‌પાજરું ઘડી આપ.'' સુથારને તો મૂલ્યની જ જરૂર હતી. ઈકા દાનવની વાત સાંભળી કરમો સુથાર હાથમાં કરવત, વાંસલો અને વીંઘણું લે છે. હરિયાબાગમાં જઈને એક પાકેલું ચંદનવૃક્ષ કાપે છે. કાપેલા વૃક્ષને ધોઈને ચોખ્ખું કરે છે, ચોખ્ખા કરેલાં લાંકડામાંથી માણસ સમાઈ શકે એવું પાંજરું બનાવે છે. પાંજરું બનાવી લીધા બાદ કરમો સુથાર કહે છે, સ્વામી આપના કહયા મુજબ ખટ્‌પાજરું તૈયાર કર્યુ છે. હવે તેનું મૂલ્ય ચૂકવો. ઈકો દાનવ પાંજરાને ચોતરફ નીરખીને જુએ છે, અને વિચારે છે, મારા કહેવા મુજબનું જ આ પાંજરુ છે. જેમાં હવા પણ પ્રવેશી શકે તેમ નથી. પાંજરાનું માગ્યું મૂલ્ય કરમા સુથારને આપી અને વિચારે છે કે, હવે હું કાળા કશ્નને આ પાંજરાંમાં પૂરીને જ જંપીશ. પેણે મારાં કુળનું નિકંદન કાઢયું છે. કૃષ્ણને મારીને બધાનું વેર વાળીશ તો જ હું મારા પિતાનું લોહીનું બંધન કહેવાઉં ! આ તરફ વૈકુંઠપેરીમાં ભગવાનને ઈકાદાનવનાં ષડ્‌યંત્રનો ખ્યાલ આવે છે, ભગવાનને થાય છે કે મને તે પાંજરામાં પૂરવાનો છે તો મારે સામે ચાલીને જવું જોઈએ ?''

આ તરફ ભગવાન વૃધ્ધ બ્રાહ્મણનો વેશ લે છે. માથમાં એક ફાટેલું ટીપણું ખોસે છે પગમાં તૂટેલાં પગરખાં પહેરે છે. લાકડીના 'ટેકે' ધીમે ધીમે ઈકા દાનવની સામે આવી રહયા છે. દાનવ અને ભગવાન સામે સામે ભેગા થાય છે. આ તો ઈશ્વરની લીલા છે. ઈકો દાનવ કહે છે કે હું તો વૈકુંઠપુરમાં ભગવાન કૃષ્ણનો મહેમાન બનીને જાઉં છું, તેમના માટે આ પાંજરું એટલા માટે લઈ જાઉં છું, કે ભગવાન તેમાં બેસીને રમશે અને ખેલશે. હું અને કૃષ્ણ જૂના મિત્રો છીએ, ''વાત સાંભળીને બ્રાહ્મણ કહે છે, ''ભાઈ વટે માર્ગુ, કાળો કૃષ્ણ તો ઘણો જ મોટો દેખાય છે. તેના પ્રમાણમાં તારું પાંજરું મને ઘણું નાનુ લાગે છે, 'ભગવાન આ પાંજરામાં સૂઈ શકશે અને રમી પણ શકશે, ''છતાં તે આ પાંજરું થોડું મોટું કરાવ્યું હોત તો સારું થાત. આમ છતાં મને લાગે છે કે 'અવતાર' તારા જેટલો જ ઊંચો અને જાડો છે, તું જો આ પાંજરાંમાં સમાય તો ચોકકસ 'અવતાર' પણ સમાઈ શકે ? તું નહીં સમાય તો કૃષ્ણ પણ ન સમાય, તો વાત નકકી છે. જેથી મારી વાત માની તું આ પાંજરામાં પ્રવેશી અંદર જઈને બેસીજો અને સૂઈ જો. બ્રાહ્મણની વાત માની ઈકો દાનવ પાંજરામાં પ્રવેસતાની સાથે જ ભગવાન કૃષ્ણ ખટ્‌ દઈને દ્વાર બંધ કરે છે અને તાળું મારે છે. ભગવાન કહે છે, 'ઈકા દાનવ' તું કૃષ્ણ જોવા વૈકુંઠમાં જતો હતો, પણ તને માર્ગમાં જ કૃષ્ણ મળ્યા છે. મારી સાથે રમવું હોય તો બહાર આવ. 'ઈકો દાનવ'

પાંજરામાં પડયો વિચારે છે, ''ખરેખર કૃષ્ણે મને છેતર્યો. આ રીતે જ આગઉ મારું આખું ગોત્ર કામે આણ્યું છે. પણ હજી આ મરદના ખેલ જો ! પાંજરામાં સુતો સૂતો દાનવ ક્રોધની સાથે 'પોરસ' કરે છે. પોરસની સાથે પાંજરું ઊડીને આકાશમાં ફરતા સૂરજના રથમાં જાય છે. આસમાનમાં રહીને તે વિચારે છે, ''હવે કાળા કૃષ્ણના માથા પર પડું.'' ગરૂડની જેમ આવી રહેલું પાંજરું જોઈને ભગવાન બાજુમાં ખસી જાય છે. જોસના કારણે ઈકો દાનવ સાતમાં પાતાળમાં માં ઊતરે છે. અત્યંત ક્રોધિત થયેલો ઈકો દાનવ પોરસ કરીને પાતાળમાંથી બહાર આવે છે. ભગવાનને મારવા ચારેય દિશામાં ફરે છે. પણ લીલા કરનાર કશ્ન એક તરફ ખસી જતા કયાંય હાથમાં આવતા નથી. નવખંડમાં ભટકી ભટકીને થાકી ગયેલો ઈકો દાનવ સૂતો સૂતો 'જટ પટ્'શ્વાસ લેતા વિચારે છે, ''અવતારને પાંજરામાં પૂરવા કાવતરું મે ઘડયું અને હું જ પુરાયો. મારે મરવાની દશા આવી અને દાનવોનું મૂળ ગયું. કાળા કર્મના કૃષ્ણને મારાવાની વાત મારી સાથે જ મરી ગઈ.

'આછી આછી' રેતી ઊડી રહી છે. અને ભગવાન પાંજરું માથે મૂકીને વૈકુંઠપુરીમાં આવે છે. સાતમા ભોંયરાનું તાળુ ખોલીને પાંજરું અંદર મૂકે છે. અને સાત ભોયરાંનાં તાળાં દેતા બહાર આવે છે. સુભદ્રા (હોંદરાં) બહેનને કહે છે, ''કોઈ સાતમું ભોયરું ખોલશો નહીં. બીજા કોઈને પણ ખોલવા દેશો નહીં, તાળું ખોલશો તો જોખમ ઊભું થશે. પાંજરાની નજીક પણ જશો નહીં.

પાંજરામાં ખાવું–પીવું કંઈ નહી હોવાથી, ભૂખે તરસે ઈકો દાનવનો જીવ જાય છે અને આવે છે. દાનવ ગળીગળીને ભમરો બની જાય છે. આ તરફ એવું બને છે, કે સુભદ્રાને થાય છે કે ભાઈ કયારે બહાર જાય. અને હું સાતમા ભોંયરામાં પડેલું પાંજરું ખોલું અને પાંજરામાં લાવેલી વસ્તુને જાઉં, સુભદ્રા આમ હરતા – ફરતા વિચાર કરે છે.

## ૧૩. અભિમન્યુ (બાળો હિંમત) :

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો છે. કૃષ્ણ ઘેર નથી અને સુભદ્રા ભોંયરે જાય છે. આગળ પાછળ જોઈ કોઈ અન્ય જન નથી ખાતરી કરીને ભોંયરું ખોલે છે. ઓરડીમાં જઈને જુએ છે તો પાંજરું નજરમાં આવે છે. સુભદ્રા વિચારે છે, ''કોઈ નવી વસ્તુ લાવીને ભાઈએ પાંજરામાં મૂકી હશે ?'' જેવું તાળું ખોલે છે કે , ગળીગળીને ભ્રમર થઈ

ગયેલો ઈકો દાનવ બહાર નીકળવાનો મોકો જ શોધતો હતો. પાંજરામાંથી ભમરો ઊડયો અને આશ્ચર્યથી વકાસેલા મુખમાં દાખલ થઈ પુટમાં ઊતરી ગયો. સુભદ્રાના પેટમાં 'જાળ' (જવાલા) અને બળતરા થવા લાગી. બાઈ તો ઊલટી કરતી કરતી બહાર આવી અને વેદનાથી ચાર પગે થઈ આળોટવા લાગી છે. ભોંખડિયે ખેંચાય છે અને વારંવાર ઊલટી કરે છે. સુભદ્રા ભમરઢોલિયે પડી 'ઈસ ઉપર' તે આળોટતી વિચારે છે, ''આ શી કળા થઈ ? અંદર તો ગોટો ફરે છે અને પેટ તો મોટું ને મોટું થવા લાગ્યું છે.''

દિવસ આથમવા આવ્યો છે. અને પશુ પક્ષીઓ સૂવા માટે માળે ગયા છે. સાંજ થઈ છે અને ભગવાન કૃષ્ણ ઘેર આવે છે. અને સુભદ્રાબહેન ભમર ઢોલિયે પડી પડી આળોટે છે, ભાઈ તેના ખબરઅંતર પૂછે છે, બાઈ, તને શું થયું છે ? તું વેદનાથી કેમ કણસે છે ?'' ભાઈ રે ભાઈ ! ગજબ થઈગયો છે. તમે ના પાડી હોવા છતા પણ સાતમી ઓરડી ઊઘાડીને મેં મોટી ભૂલ કરી છે. પાંજરામાંથી ઊડતો ભમરો મુખવાટે મારા પેટમાં ગયો. પેટમાં મને બળતરા થવા લાગી છે. અને કયાંય ચેન પડતું નથી. પેટ મોટું થવા લાગ્યું છે. ભગવાન સમજી જાય છે. વેરીનો જીવ મારી બહેનના પેટમાં ગયો છે. તે જન્મ ધારણ કરશે તો ભાણેજ કહેવાશે અને ભાણેજ મારી શકાશે નહીં. ભાણેજ તરીકે જન્મેલો દાનવ જ મને મારી નાખશે. વેદનાથી કણસતી સુભદ્રાને કહે છે, 'બહને, તારા પેટમાં પેસી ગયો છે તે ભમર નથી, પણ શત્રુ છે. સ્વયં વેરીના પગ આપણા ઘરમાં પ્રવેશ્યા છે. જગતમાં હવે ખોટું કામ કરવું પડશે.

ભગવાન સૂની ઓરડી – ખોલે છે. ભાઈબહેન સૂની ઓરડીમાં જાય છે. ઢોલિયો ઢાળે છે અને 'હિરખી–તળાઈઓ' પાથરે છે. બહેન ઢોલિયામાં સૂતી સૂતી વેદનાથી 'ટહેકા' (કણસવું) કરે છે અને ભગવાન વિચારે છે 'સકરાવેદ' (ચક્રવ્યૂહ) વાંચીને દાનવોન જીવ પેટમાં ને પેટમાં ઓગાળી (રેગવી) નાખુ.'' ભગવાન સુભદ્રાને કહે છે, ''સકરા વેદ'' સાંભળીશ તો જ તારી વેદના શાંત થશે. હું વેદ બોલું છું અને તું હીંકારો દે !

ભગવાન વેદ વાંચીને તાંબા, પિતળ, કાંસા, સીસા, ઈત્યાદિના કોઠા ભાંગવાનો ભેદ બતાવે છે. જેમ જેમ સુભદ્રા વેદ સાંભળે છે તેમતેમ તેની વેદના ઘટતી જાય છે. અને નિદ્રાથી આંખો ઘેરાવા માંડે છે. છટ્ઠો કોટ (ચક્રવ્યૂહ) પૂરો થાય છે અને સુભદ્રા ઊંડી નિદ્રામાં પડી ઝીણી ઝીણી ઘોર છે છે. પેટમાં રહેલો ઈકો દાનવ વિચારે છે, ''છ કોટ (કોઠા) બરાબર

ભણ્યો. મામો જાણે છે કે હું ભાણેજનો જીવ આગોળું, અને ભાણેજ છે તે કોઠા પાકા કરે છે ! સાતમો કોઠો આવ્યો છે અને માતા સૂઈ ગઈ છે. ચાલ ત્યારે હું હોકારો આપું, જેથી ચક્રવ્યૂહ સકરાવેદની વાર્તા આગળ ચાલે અને હું સાભંળુ !

ભગવાન સાતમા કોટના વેદ વાંચવાનો આરંભ કરે છે. અને ઈકો દાનવ હોંકારો દે છે. બદલાયેલા અવાજથી ભગવાન ચોંકીને સાવધ થાય છે અને સુભદ્રા સામે જુએ છે. બાઈ ઊંઘમાં ઝીણી ઝીણી ઘોર લે છે. પોતાની યોજનામાં નિષ્ફળ ગયેલા અવતાર વિચારે છે, ''હું જ બે ધ્યાન રહયો. હવે ફકત છાણનો કોટ જ બાકી રહયો છે. આ કોટ પૂરો થયો હોય તો સાત કોટ પૂરા થાત અને દાનવ વૈકુંઠનું રાજય જ હરી લેત !''

ઊંડી ચિંતામાં પડેલા ભગવાને આગળ આવતા સાતમા કોટના વેદ વાંચવાનું બંધ કર્યુ.

ધન્ય ઘડી, ધન્ય વાર. સુહાવનો સૂરજ ઊગ્યો છે. સુભદ્રા ભરજોબનમાં આવી છે. ઝાડે ઝાડે યૌવન જાય છે. ઢોલિયે બેસે છે તો ઈસ ભાગે છે, અને ઊભી થાય છે તો કાંચબીની કસ તૂટે છે. ભગવાન વિચારે છે, ''હવે બહેન માટે યોગ્ય વર શોધી કાઢવો પડશે ! પેટમાં દાનવ દિવસે દિવસે મોટો થાય છે, અને મારા માટે જોખમ ઉભું થઈ રહયું છે. સગાઈ કરવા બ્રાહ્મણને મોકલી શકાય તેમ નથી મારે જ સગાઈ કરવા જવું પડશે.''

કૃષ્ણ ભગવાન સૌળિયો શણગાર સજે છે. શોભતાં વસ્ત્ર ધારણ કરે છે. પગે મોજડી પહેરે છે. એક હાથમાં કમળલાકડી અને બીજા હાથમાં લીલુ નાળિયેર લે છે. સરખી જોડી હોવી જોઈએ અને બહેન બનેવીની પણ સરખી જોડી મળવી જોઈએ. એક બળદ ઊંચો હોય તો ધૂંસરી 'કેંતોલ' પડે તો કજિયા થાય. સબળું સગુ હોય તો મુસીબતમાં પણ સાથે રહી અને સાથે આવે. હવે કોને બનેવી બનાવું ? તે વિચારે છે, ધવળાગડમાં કૌરવ રાજ કરે છે. એક માતા અને એક પિતાના પુત્રો, ઈક્કોતેર કૌરવોની જોડી છે. ભાઈઓનો સંપ જ ભલો ! ભીડ પડી મદદે આવશે. કૌરવોના ઘેર જઈને બહેનનું નાળિયેર જીલાવું.'' ભગવાન મારગે ધવળાગઢ આવે છે.

દુર્યોધન (દળજોજન) ની કચેરી 'જકી' છે અમલ (અફીણ)નાં પોતાં ફરે છે. કચેરીમાં અવળીસવળી દારૂની 'સાખો' ફરે છે. કેળવેલી ભાંગ (તમાકું) ના હોકા ફરે છે, અને મીઠી મીઠી વાતો થાય છે. કૌરવો દૂરથી ભગવાનને આવતા જુએ છે. હર્ષઘેલા થઈને બધા એક સાથે ભગવાનને સામે મળવા જાય છે. મળીને સન્માન સાથે રાજકચેરીમાં લાવે છે. ભગવાન સોનાના

સિંહાસને બિરાજે છે મીઠી મીઠી વાતો ચાલે છે. યોગ્ય મોકો જોઈ ભગવાન કહે છે, ‘‘ભલે જન્મયા માતાના પેટ ! ભલી ભાઈઓની જોડી.’’ દુર્યોધન કહે છે, ‘‘ભગવાન, આ રંગરાવળે આવવાનું આપને શું કામ પડયું ?’’ ‘‘કૌરવો, તમારા પર માટે મોટી આશા છે. સ્વીકારો તો વાત કરું.’’ દુર્યોધન કહે છે, ‘‘ભગવાનની વાત કેમ નહીં સ્વીકારીએ ? અમારે યોગ્ય હશે તો તમારી વાત અવશ્ય સ્વીકારીશું.’’ ‘‘કૌરવો બહેનની સગાઈ કરવા તમારે આંગણે આવ્યો છું. સુભદ્રાનાં લીલાં નાળિયેર લઈને આવ્યો છું. તમારે સગાઈનાં શ્રીફળ સ્વીકારવાં પડે.’’ ભગવાનની વાત સાંભળી કૌરવો એકબીજાના મુખ સામે જોવા લાગ્યા છે. બહેન કદરૂપી હશે. નહીંતર ગર્ભવતી હશે.’’ ઊંડો વિચાર કરીને દુર્યોધન કહે છે, ‘‘ભગવાન, અમે તો તમારી રૈયત છીએ. અમે તમારી પ્રજા, તમારી સેવાચાકરી નહીં કરી શકીએ. અમે તો તમારી સાથે સંબંધ જોડવા માટે અશકિતમાન છીએ.’’ તમે ઈક્વોતેર ભાઈ છો. ભીડ પડે ભેગા થઈ જઈશું. બીજું મારે શું જોઈએ ? મારી વાત નહીં સ્વીકારો તો તમે જાણો. મારી બહેન તો ઘણી જ રૂપાળી છે. ફૂલ ભારોભાર જોખાય છે. નાળિયેર સ્વીકારશો નહીં તો પાછળથી પસ્તાવો થશે.’’ ભગવાન ઘણું સમજાવે છે, પણ કૌરવો પોતાના નિર્ણયમાં અડગ રહે છે.

ભગવાન કૌરવોની કચેરીમાંથી ચાલી નીકળે છે. ધવનગઢના ગાંદરે આવીને વિચારે છે, ‘‘હવે હસ્તિનાપુર ગયા વિના આ સમસ્યાઓનો અંત નથી. પાંચ ભાઈઓની જોડી છે. પાંચ પાંડવો ઘણા જ ‘તરવારિયા’ (વીર) પુરુષ છે. કોઈ પણ વાતે પાછા પડે તેમ નથી.’’ મારગે મારગે ભગવાન હસ્તિનાપુર આવે છે.

પાંડવોની રાજકચેરી ભરાઈ છે. ઢાલની કાંબીએ કાબરી–પટોડી જાજમો પાથરી છે. ‘ગરમી ગરમી’ વાતો ચાલે છે. કચેરી તરફ આવી રહેલા ભગવાન પર દૂરથી પાંડવોની નજર પડે છે. ઘણા હેતથી બાવરા બની દોડતા ભગવાનના સામૈયા જાય છે. માથાથી અંગમર્દન કરતા કરતા પણ સુધી આવી પગચંપી કરી લળીલળી પાયે લાગે છે. યુધિષ્ઠિર કહે છે, ‘‘સ્વામી, સામે ચાલીને હસ્તિનાપુરમાં આવ્યાં અને અમને દર્શન દીધાં. પાંડવો ઘણા હેતથી તેઓ ભગવાનને મળીને આગળ કરી રાજકચેરીમાં લાવે છે. સુહાવની તાંબાકુંડીમાં પાણી ગરમ કરીને કહોરી કહોરીને (ચોળીને) નવડાવે છે. ભગવાન સોળૈયો શણગાર સજીને પાછા કલમકચેરીમાં આવી સોનાના સિહાસને બિરાજે છે. પાંડવો જાજમો પર વિરાજી ગૂગળનો હોમ

કરી આરતી ઉતારે છે. વીંજણી વાયરો ઢોળી ભગવાનની 'વાલીવાલી' ચાકરી કરે છે.

ભગવાન કહે છે, ''પાંડવો મારા આગમનનું કારણ તો પૂછો ? અર્જુન કહે છે, ''ભગવાન, તમે અમારા મોંઘા (ભારી) મહેમાન અમે તમારી સેવાચાકરી જ કરી જાણીએ. તમે કેમ આવ્યા છો ? અને કંઈ દિશાએ જાઓ છો એમ અમારાથી કઈ રીતે પૂછી શકાય ? પાંડવો હું તો સગાઈનાં નાળિયેર લઈને આવ્યો છું. લીલાં નાળિયેર બીજા કોઈનાં નથી પણ મારી બહેન સુભદ્રાનાં છે. તમે નાળિયેર સ્વીકારો પાંચમાંથી એક મારો બનેવી થાય અને બાકીના મારા વેવાઈ. સમાન મોભાના સંબંધી સાથે બેસીએ. તમારી સેવા હું કરીશ. મારી સેવા તમે કરજો. તેમાંય અર્જુન મારો બનેવી થાય.'' ભગવાનની વાત સાંભળીને લજ્જિત થયેલા પાંડવો એકબીજા સામું જુએ છે. પછી યુધિષ્ઠિર (જઠોદર) કહે છે, ''ભગવાન, આ ધરતી પર તમ પહેલા આવ્યા કે અમે ? તમે તો ધરણીધર છો અને ધરણ ભાગનાર પણ છો. અમે તો તમારી રૈયત છીએ ! તમે સ્વામી છો અને અમે તમારા ચાકર છીએ.'' ભગવાન કહે છે, ''પાંડવો, બહેનનું નાળિયેર તો તમારે સ્વીકારવું પડશે. મને ચળગો કીરેન બીજે કાઢશો નહીં. નહીં તો જગતમાં ખોટું કામ થશે. ''ભગવાન, તમે નવી વાત લઈને આવ્યા તો ભલે આવ્યા. તમારા વેવાઈ થવા અમે શકિતમાન નથી. આમ છતાં કુંતમાતાને પૂછી જોઈએ. માતાનો આદેશ અમારા માથા સાટે. અમે માતાને સાદ દઈએ.''

માતા કુંતા રાજકચેરીમાં આવે છે. ભગવાનની પ્રદક્ષિણા કરી પાયે લાગે છે. બેઠાં બેઠાં વાતો કરતાં ભગવાનને કહે છે, ''આજે અમારા ઘેર તમારાં પગલાં પડયાં છે. અમારે આંગણે તો રૂડો અવસર આવ્યો છે. તમને દીવો લઈને શોધવા જઈએ તો પણ મળી શકો તેમ નથી તો આજે કઈ બાજુથી અહીં પધાર્યા છો ? અને કંઈ બાજુ જવું છે ?'' હું તો એક મોટા કામ માટે આવ્યો છું. પાંડવોએ આ કામ કરવાનું તમારી મરજી પર છોડયું છે. તમે હા પાડો તો સારી વાત છે. ''ભગવાન, તમારી વાત અમે ના સ્વીકારીએ એમ કેમ બને ?'' હું તો મારી બહેનનાં નાળિયેર લઈને આવ્યો છું. અર્જેન પાંડવ નાળિયેર જીલે.'' કુંતા કહે છે, ''શોધવા જઈએ તો પણ કયારેય મળો નહીં, અને આજે સામે ચાલીને આવ્યા છો. ભલે લાવ્યા સુભદ્રાનાં નાળિયેર.'' ભગવાના કહે છે, ''માતા, વાજાં વગાડીને ધામધૂમ કરવું નથી. રાત્રે જ મારી બહેનને તમારા ઘેર લાવીશ.'' ભગવાનની વાતથી પાંડવો વિચારમાં પડી ગયા. અંદરઅંદર

વાતો કરે છે, ભગવાનની આ કેવી વાત આવી ? પણ ભગવાનને આપણે શું કહી શકીએ ? મારના ભયે દેવ પણ ભાગે ! ભગવાનના પ્રકોપ આગળ આપણે લાચાર છીએ.'' માતા, કુંતા અને પાંડવો અંદરોઅંદર ચર્ચા કરે છે, ''ભગવાન આપણે ઘેર કયાંથી ? વાજાં વગાડવાની ના કહે તો આપણે પણ ના ! અર્જુન તું નાળિયેર સ્વીકારી લે, આપણે તો કન્યા જેવી હોય તેવી સોના સરખી છે. ભગવાનની બહેન આપણા ઘરમાં કયાંથી ? કુંતામાતા અને પાંડવો એકમત થાય છે. કુંતામાતા કહે છે, ''તમારા ઘેર અમે લેવા આવીએ કે તમે કન્યાને મૂકી જાઓ છો ? ભગવાન કહે છે, ''આવું સમજું સગું કયાંથી ? હું જ મારી બહેનને મૂકી જાઉં છું.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) ગયો છે. સૂડા સુવા માટે માળે ગયાં છે. સાંજ થાય છે અને ભગવાન કૃષ્ણ સુભદ્રાને લઈને હસ્તિનાપુરમાં મૂકવા આવે છે.

એક દિવસનો સમાજોગ આવ્યો છે અને સમાજોગ નો મહાજોગ આવ્યો છે. ભલે આવ્યાં સતિયાનાં નામ. પાંડવો ભકિતનું રહસ્ય જાણવા ભજન કરે છે. તંબૂર અને મંજીરા હાથમાં લઈ સહદેવનજી ભજન બોલે છે અને બીજા ભાઈ રાગ પુરાવે છે.

ધૂણી ઉપર ભજનોની ઠોર ઊડે છે. વાદળમહેલમાં સુભદ્રા રાણીને ઝીણી ઝીણી પીડ આવે છે અને શીતળ શીતળ પેટ દુઃખે છે, રાણી ભમર ઢોલિયામાં પડી પડી વેદનાથી આળોટે છે. લાલી, ફૂલી અને તેમની, દાસીઓ દોડતી સુભદ્રા રાણી પાસે આવ છે. રાણી 'ઈસે–ઉપરે' આળોટતી કહે છે, ''તમ જલદીથી દાયણને બોલાવી લાવો.'' દાસીઓ કહે છે, ''આજ જ ક્ષણે દોડીએ છીએ પણ અમે દાયણનું ઘર જોયું નથી. અમને નિશાની આપો.'' રાણી કહે છે, ''તમે જટજટ ઉગમણી દિશા તરફ જાઓ. આંગણે પારસપીપળી છે. વાડે નાગરવેલ વીંટળાયેલી છે. ઓસરીએ દર્પણ (અલમા કાસ) જડેલાં છે. આજ દાયણનાં ઘર છે. તમે જલદી જાઓ.'' લાલી, ફૂલી અને તમેલી દાસીઓ શેરી – બજારે દોડતી દાયણને આંગણે આવીને ઊભી રહે છે. દાસી કહે છ, ''સૂતી હોય તો બેઠી થા અને જાગતી હોય તો બહાર આવ. વાદળમહેલમાં નવી રાણીનું શીવું પેટ દુઃખે છે.' દાયણ ડોશી રંગેલ ગેડિયો હાથમાં લઈ પગમાં તૂટેલા પગરખાં પહેરે છે. ડોસી કહે છે, 'જૂલરે' (વૃંદમાં) મારગે મારગે વાદળમહેલમાં આવે છે. ડોસી કહે છે, ''દાસીઓ, વાટકીમાં ઝટઝટ ઝાસાં તેલ લાવો. રાણીને તો કુંવર જનમવાનો છે. વાટકીમાં જાંસાં તેલ આવે છે. દાયણ આડું ઊભું ચોળી પેટ સુંવાળું કરે છે. પેટ પાસે બેસીને છોકરીઓ

કરલી કરે (પેટ દબાવે) છે. એક જટકા સાથે રાણીનાં 'હીતરિયાં' કમાડ ખોલાઈ ગયાં છે. ગંગાજળમાં હંસદેવ રમતો આવે છે. સુભદ્રા રાણીને કુંવર જનમ્યો છે.

રંગમહેલે ઊંધું નગારું સીધું કરીને નગારચી ડંકો પાડે છે. સોનાના થાળ વાગે છે ; ઢોલ વાગે છે, હોરમાં વાજાં વાગે છે.

અંતઃ પુરમાં દાયણ કહે છે, ''દાસીઓ, તાંબાકુંડીમાં પાણી ગરમ કરો.''દાસીઓ પાણી ગરમ કરે છે. દાયણ સુહાવની કુંડીમાં નવડાવીને માતાના ખોળામાં આપે છે. રાણી ડાબાજમણા સ્તને પયપાન કરાવે છે.

પાટલી કુંવર જનમ્યો છે. પાંડવોના ઘેર રૂડો અવસર આવ્યો છે. હાટે ખારેકટોપરા વહેંચાય છે ; બજારમાં મશરૂ ખાંડ વહેંચાય છે ; અને માણેકચોકમાં માળવિયો ગોળ વહેંચાય છે. અર્જુન ને ત્યાં કુંવર જનમ્યો છે અને હસ્તિનાપુરમાં રૂડું થયું છે.

કુંવરનું નામ અભિમન્યુ (બાળો હિંમત) પાડયું છે. મહેલમાં સોનાનું પારણું બંધાય છે. પારણાને હીરની દોરી બાંધી હાલરડું (ઈલો) ગાય છે. આવાં જતાં 'ધુમર' ચાલે છે અને બાળો હીંચતો રાતદિવસ મોટો થવા લાગ્યો છે.

હસ્તિનાપુરમાં રૂડું થયું છે. કલમકચેરીમાં 'ધમકો' ઊડે છે. પાંચ પાંડવો અને કુંતામાતા ભજન બોલે છે. અને ધૂણીના માથે ભજનની 'ઠોર' ઊડે છે.

## ૧૪. નારદ અને કૌરવો :

ધવળાગઢમાં ઈકોતેર કૌરવો કચેરી ભરીને બેઠા છે. દારૂડા પીએ છે. 'માળુરા' ગાય છે. પાંડવો પર રીસે બળતા 'ગરમી ગરમી' (ગર્વથી ભરેલી) વાતો કરે છે, ''ભલેને ચાલતાં ફરતાં તંબૂરા કૂટતા. આપણે તેઓને ગણીએ નહીં. આપણે તો ઈકોતેર છીએ. પાંચ પાંડવો આણી શી વિસાતમાં !

કચેરીમાં 'એકારી' વાતો ચાલે છે. એટલામાં તો વૈકુંઠમાંથી નીકળેલા નારદ ફરતા ફરતા ધવળાગઢની કચેરીમાં આવે છે. ત્યાં દુર્યોધન નારદજીને આવતાંની સાથે જ કામ બતાવતાં કહે છે, ''કે તંબૂરા અને મંજીરા કૂટી ખાય છે ; તેઓના ઘેર જા. અમે આપીએ એ વસ્તુઓ લઈને જટજટ પાંડવોની કચેરીઅ. જા. તેઓની ભકિત સાચી હોય તો અમે કહીએ તે વસ્તુ તાત્કાલિક લઈને પાછો આવ.'' દુર્યોધન આંબાની ગોટલી આગમાં બાળીને આપતાં કહે છે, ''નારદ,

પાંડવોને જઈને કહે જે કે આ ગોટલી અત્યારે જ રોપી, કેરી લગાડીને આ જ ઘડીએ પાછી આપવાની છે. આ ઉપરાંત નારદ ગૌશાળામાંથી કુંવારી ગાય લે તો જા. ''આ જ ગાયનું દૂધ લઈને જટ પાછો આવ.'' દૂતો કૌરવ ચંપાની ડાળી આપતાં કહે છે, ''આ ડાળી પાંડવોને આપજે. તેઓ અત્યારે જ રોપીને હરિયો બાગ બનાવે. તું તાત્કાલિક ચંપાનાં ફૂલ લઈને આવતો રહે.'' એક કૌરવ ખાંડેલી ડાંગર આપતાં કહે છે, ''નારદ, એ સતિયાંને કહે જે કે અત્યારે જ રોપીને ડાંગર પકવે. અમારે અત્યારે જ ભોજન બનાવવાં છે.

હસ્તિનાપુરની કચેરી 'ઝકી' છે. કમલકચેરીમાં ભકિતની વાતો ચાલે છે. એટલામાં શેરીબજારમાં નારદજી થોડો થોડો જબકે છે. નારદજીને જોતાંની સાથે પાંડવો સોનાના સિંહાસન પરથી ઊભા થાય છે. સામે જઈ મળીને મોટા ભકતને ઘણા માન સાથે ધૂણીના માથે લાવે છે. નારદજી કહે છે, ''ઝટ કરો, આપણી પાસે સમય નથી. કૌરવો એ એટલીક ચીજો આપી છે. તમારી ભકિતની પરીક્ષા છે. તમે તેઓને તાત્કાલીક સાચી ભકિતનું પ્રમાણ આપો. તમે આ બળેલી ગોટલી રાપી તાત્કાલિક કેરી આપો. ચંપાની ડાળમાંથી હરિયો બાગ બનાવી ચંપાનાં તાંજા ફૂલ આપો. આ ખાંડેલા ચોખા લો. વાવીને ડાંગર લણો. તેઓને અત્યારે જ ભાત ખાવા છે.''

કૌરવોએ આપેલી બધી જ વસ્તુઓ પાંડવો ધૂણીના માથે મૂકે છે. ધૂપદીપ કરી ત્રણ ભુવનના સ્વામી શામળાનું સ્મરણ કરી સાચી ભકિત સિધ્ધ કરવા તંબૂર અને મંજીરા હાથમાં લે છે. ભજનોની 'લેરો' આવે છે અને કૌરવોએ કહેલી દરેક ચીજો નારદ સામે પ્રયત્ક્ષ થાય છે. તેની સાથે જ આંબાને લીલી ; લીલી, કેરીઓ હિલોળા લે છે. કુંવારી ગાય વિયાય છે અને વાછરડું દૂધ ધાવવા લાગે છે. ચંપાની એક ડાળીમાંથી હરિયો બાગ પ્રગટયો છે, અને ચંપાનાં ફૂલોનથી વાતાવરણ રળિયામણું બન્યું છે. ખાંડેલાં ચોખામાંથી ડાંગરનો લીલો કયારો પવનમાં ડોલી રહયો છે. અને ઉપર સોનાનાં રતન ચળકે છે.

નારદ માગેલી વસ્તુઓ લઈને મારગે મારગે કૌરવોની કચેરીમાં જવા નીકળે છે.

## ૧૫. ઈન્દ્રાણી અને અભિમન્યુ :

એક દિવસનો સમાજોગ, અને સમાજોગનો, મહાજોગ આવ્યો છે. સાધુનો મેળો મળ્યો છે. બેઠા બેઠા 'મજરી મજરી' વાતો કરે છે, ''આપણે બધા જ સતિયા પુરૂષ છીએ, પણ

આપણા બધામાંથી કોની પત્ની સતી સ્ત્રી છે ? જેવા ઘેર સતી નારી હોય તેના ઘેર મહેમાન બનીને જઈએ.'' ઈન્દ્રરાજા ઉતાવળિયા થઈને કહે છે, ''સતિયા સાધુ, મારી વાત સાંભળો. તમારા કોઈના ઘેર સતી સ્ત્રી ના હોય તો કંઈ નહીં પણ મારે તો સતી છે. તમે મારા મહેમાન બનો.'' સતિયા સાધુ અંદર અંદર વાતો કરે છે, ''આપણે ઈન્દ્રના મહેમાન બનીએ. તેની ચતુર નારી કેવીક સતી છે તે તો જોઈએ ! સતીનાં પારખા લેવા એક દિવસ આપણે ઈન્દ્રપુરી જઈએ.'' ગૌતમઋષિ ઈન્દ્રને કહે છે, ''અત્યારે તું ઈન્દ્રપુરીમાં જા અને અમે અમારી ધૂણીએ જઈએ. કોઈ એક દિવસે તારા ઘરના મહેમાન બનીને ઈન્દ્રપુરી આવશું.'' બધા સતિયા પણ ધવળાલોકમાંથી વિખરાય છે.

આમ તેમ કરીને દિવસો પસાર થાય છે. એક વખત ઢળતા દિવસે તંબૂરમંજીરે સજજ થઈને પૃથ્વીલોકના સાધુ એક સ્થાને એકઠા થાય છે. બધા અંદરો અંદર વાતો કરે છે, ''આપણે બધા જ સતિયા છીએ, પણ આપણી વચ્ચે ઈન્દ્ર ઈન્દ્રાણીનાં ભારે વખાણ કરી ગયો છે. તેના કહેવા પ્રમાણે તેની સતી સ્ત્રી ઘણી જ ચતુર અને સહનશીલ છે. જોઈએ તો ખરા કે ઈન્દ્રાણી આપણો કેટલો ભાર સહન કરે છે અને આપણું કેટલું સન્માન કરી જાણે છે ? સતિયા સાધુ એક થઈને ઈન્દ્રપુરીના માર્ગે જાય છે. શંખઘોષ ત્યાં થાય છે. બેઠાં બેઠાં તંબૂરના તારે ત્યાં આરતીઓ કરે છે.

બેઠાં બેઠાં મહેમાનોની રાહ જોતાં ઈન્દ્ર અને ઈન્દ્રાણીના કાને આરતીનો જણકાર (જેંણાકો) જાય છે. બંને સતિયાં ઝડપથી (જરાપ દઈને) બેઠાં થઈ જાય છે. ઘરમાં આસન નાખે છે. ઓસરી અને આંગણે ગોદડાં પાથરતાં પાથરતાં એક ખેતર દૂર જાય છે; આગળ ઈન્દ્રરાજા અને પાછળ ઈન્દ્રાણી બંને ઈન્દ્રપુરીના ગાંદરે આવે છે. હેતથી મળે છે. ઈન્દ્રાણીના પગ ઉપર એક સાધુ પગ મૂકે છે અને આંખથી ઈશારો કરે છે વળી બીજો સાધુ પગ મૂકે છે અને વળી બીજો સાધુ સતિયો પાતળી કમરમાં સ્પર્શીને ચૂટકી ભરે છે. રાણીને નખ વાગે છે. પાતળી કમરમાંથી લોહી નીકળવા લાગ્યું છે. ઈન્દ્રાણી કુદીને દૂર જાય છે. અને ક્રોધથી કાળી મેંશ થતી કહે છે, ''તમે અહીં શું કામ આવ્યા છો ? મારાથી દૂર રહેજો. નહીંતર અહીંથી કઈ દિશામાં જશો ? ઈન્દ્ર કહે છે, ''રાણી સતિયાને સહન કરજે. રખે કજિયો કરતી, ઝઘડો કરીશ તો સતિયાનાં સત્ જશે.'' ''ઈન્દ્ર તું આવા મહેમાન કયાંથી લાવ્યો છે ? એક તો આંખ મિચકાવે

છે. તો બીજો સાધુ પગ ઉપર પગ મૂકે છે. તો વળી ત્રીજો સતિયો કોમળ કેડમાં ચૂંટી ભરી લોહી કાઢે છે. મારે આવા લુચ્ચા સાધુની સેવા નથી કરવી.'' ઈન્દ્રાણી સતિયાંને ઉદ્દેશે છે. ''તમે આવા નવી નકલના સાધુ કયાંથી આવ્યા છો ? આ નારી દેહ પર શાની કળા કરો છો ? હવે આગળ વધશો તો તંબૂરે તંબૂરે માથા ફૂટી જશે.'' ઈન્દ્રાણીનાં કડવાં વચનથી ઈન્દ્રરાજાનું તેજ જતુ રહયું. તેઓ 'જાળિયે' પેટે થયા. તેઓ વિચારે છે, ''મારું સત જતું રહયું. ઈન્દ્રાણીએ મારી કહેલી વાત નકારી નાખી.''

જયાં સ્ત્રી જઘડો કરે ત્યાં મહેમાન કેઈ રીતે બેસી શકે ? સાધુઓનો મેળો વિખરાવા લાગ્યો ઈન્દ્રરાજા કહે છે, ''સતિયા સાધુ, રાણી જાય તો ભલે જાય પણ મારા ઘેરથી તમે જશો નહીં. આપણે બધા ભેગા થઈ તંબૂરના તારે ભજન બોલીશું. અને ઈન્દ્રાણી દ્વારે ઊભી ઊભી ક્રોધથી ધ્રુજે છે. અને દાંત કચકચાવીને મહેણાં મારે છે, ''તે આવા સેંનાળવા (લંપટ) સાધુ કયાંથી ખરીદ્યા ? બીજા બહાદૂર પુરૂષનું ઘર બાંધીશ પણ હવે તને તો રહીશ નહીં, ખાજે પીજે અને ભજન કરજે.'' ''ઈન્દ્રાણીએ ખભા ઉપર સાડલો નાખ્યો ; ચણિયાનો કછોટો માર્યો અને રિસાઈને પૃથ્વી લોક તરફ ચાલી જાય છે.

ગૃહસ્વામિની (ઘર ધણિયાણી) ઝઘડો કરે તો ગૃહસ્વામી (ઘર ધણી) સહન કરે; મહેમાન સહે નહીં, સાધુ ઈન્દ્રના દ્વારથી પાછા વળ્યા. ઈન્દ્ર દોડીને સતિયા સાધુના ચરણમાં પડી આજીજી કરવા લાગ્યો, ''હું તો એમ માનતો હતો કે મારી પત્ની ચતુર સતી સ્ત્રી છે. તમારો ભાર વેઠી શકશે, પણ આજે મારો ગર્વ ગળી ગયો છે. તમે દુઃખી થશો નહીં. ઈન્દ્રાણી ગઈ તો ભલે ગઈ પણ તમે મારા દ્વારેથી જશો નહીં. આપણે તો સાધુ છીએ. ભકિતનું પ્રમાણ હાથમાં લીધું છે. ભકિતમાતાને નૂતરીએ અને તંબૂરે–મંજીરે ભજન બોલીએ.'' ઈન્દ્રની વિનવણીથી સાધુ ઈન્દ્રના ઘરમાં આસન ગ્રહણ કરે છે. તંબૂરના ભારે વજન બોલે છે અને લળી લળીને હરિયા નામનો લહાવો લે છે.

ઈન્દ્રાણી ઉદાસ મુખે જઈ રહી છે, અને માર્ગમાં જતાં જતાં વિચારી રહી છે, ''વીર પુરૂષો કયા નગરમાં રહે છે ? ધવળાગઢમાં ઈક્કોતેર કૌરવો રાજ કરે છે. તેમને ઈન્દ્ર કંઈ કરી શકશે નહીં. તેઓમાંથી એક કૌરવને હું રહીશ.''

ધવળાગઢમાં કૌરવોની કલમકચેરી 'જકી' છે ઢાલની કાંબીએ લીલીપીળી જાજમો

પાથરી છે. 'ગરમી ગરમી' વાતો ચાલે છે અને ઈક્કોતેર ભાઈઓ 'ધધમાટો' ઉડાડે છે. આવા આનંદના સમયમાં ઈન્દ્રાણી રાજકચેરીની મધ્યમાં આવીને ઊભી રહે છે. દુર્યોધન કહે છે, ''આ તો ઈન્દ્રરાજાની રાણી ઈન્દ્રાણી છે ! ઈન્દ્રપુરીથી તમારું આગમન કેમ થયું ? તમે કયાં જઈ રહયાં છો ?'' ''અને કૌરવો વીરપુરૂષો છે એવું જાણીને રહીં આવી છું. મારે તમારું ઘર બાંધવું છે, મને રાખી લો !'' દુર્યોધન કહે છે, ''ઈન્દ્રરાજા અતિ વીર્યવાન છે. અમારો ધવળોગઢ તો ક્ષણમાં જમીનદોસ્ત કરી નાખે. આવા વીરપુરૂષની સ્ત્રીી અમે રાખી શકીએ નહીં.'' કૌરવો મારી વાત સાંભળો. તમને સબળ જાણીને આવી છું જયારે તમે નાો નબળી સ્ત્રીના પેટના લાગો છો ? સ્ત્રીને સ્પર્શી શકતા નથી તો બીજું શું કરી શકશો ? મેં એવું વિચાર્યુ હતું કે તમે ઈક્કોતેર ભાઈઓનો સમૂહ છો; અને એક પુરૂષથી ગભરાઈ ગયા છો ? ઈન્દ્ર મારા આગળ બિચારો છે. હું તમારા વચ્ચે બેસીને રાજ કરું એવી છું. તમારો વાળ વાંકો થવા દઈશ નહીં. હા, પણ મને રાખી લ્યો !'' દૂતો કૌરવો કહે છે, ''ઈન્દ્રાણી આવું હલકું બોલીએ તો દોષમાં પડીએ. અસત્ય કહીએ તો બીમાર પડીએ ! વીરપુરૂષની સ્ત્રી અમે રાખી શકીએ નહીં. તું તારા ઘેર જા.'' કૌરવો ઈન્દ્રાણીનો પ્રસ્તાવ સ્વીકારતા નથી. ક્રોધે ભરાયેલી ઈન્દ્રાણી ભરી સભામાં મહેણાં મારે છે, ''હું તો કચેરીમાં ઘણી અભિલાષા લઈને આવી હતી પણ તમે તો નિઃસહાય કરનાર છો ? મારી આશા અધૂરી રહી. તમારું મૂળ જજો !''

કૌરવોને કટુ વચન બોલી; શાપ આપી ઈન્દ્રાણી કૌરવોની કચેરીમાંથી પાછી વળે છે. માર્ગે જતા વિચારે છે, ''કૌરવો કાયર નીવડયા ! આના કરતાં રિસાઈને ઘરના ખૂણે બેસી રહી હોત તો મારી આવી દશા આવત નહીં. સાધુ તો સવાર થતા જતા રહેલ. પણ હવે પસ્તાવો કરવાથી શું થાય ! પૃથ્વી જ ભલી છે. પૃથ્વીમાં જાત જાતનાં રત્નો પડયાં છે. તેણીના માથે ઘણા વીરપુરૂષો ! ઈન્દ્રાણી ચાલતી જાય છે, અને વિચારે છે, ''હસ્તિનાપુરમાં પાંચ વીર પાંડવોની જોડી છે. ઘણા જ બાહોશ અને પ્રતિભાશાળી પુરૂષ ! દેશની જયોત ! પાંડવો ઘણા જ યૌવનશોર્ય, હસ્તિનાપુરના વાદળમહેલમાં હવા ખાઈશ. પાંડવો જ મારું મન રાખી શકશે !''

હસ્તિનાપુરમાં પાંડવોનું 'રંગરાવળું' જયકું છે. ઢાલની કાંબીએ લીલીપીળી જાજમો પાથરી છે. કેળવેલી ભાંગના સોનારૂપાના હોકા પીએ છે. અમલનાં પોતાં ફરે છે. પાંડવો સારી રીતે રાજય ચલાવવાના જાત જાતના મનસૂબા ઘડે છે, અને આનંદ કરે છે. એટલામાં તો લાંબી

લાજ (ઘુંઘટ) તાણીને ઈન્દ્રાણી કહે છે, ‘‘હું ઈન્દ્રાણી છું. તમને બહાદુર જાણીને આવી છું.’’ અર્જુન પૂછે છે, ‘‘ઈન્દ્રપુરીથી ઈન્દ્રાણી અમારે આંગણે આવ્યાં એ તો ઘણું સારું કર્યુ પણ એકાએક અમારી કચેરીમાં આવવાનું પ્રયોજન ?’’ તમે ઘણા જ વીર અને ઘણા જ સ્વાદિયા (હવાદિયા) પુરુષો છો. તમારા ચૈકાની આશાએ આવી છું. મને ચૂડો પહેરાવો અને એક જણ રાખી લો.’’ પાંડવો અંદરો અંદર વાતો કરે છે, ‘‘ઈન્દ્રાણી જરૂર બાવરી થઈ છે.’’ અર્જુન કહે છે, ‘‘ઈન્દ્રાણી આવું હલકું કેમ બોલે છે ? આવાં અણછાજતાં વચનો તને શોભતાં નથી.’’ ‘‘પાંડવો, સાચે જ તમને રહેવા આવી છું. મને ચૂડો પહેરાવો અને ઘણા માન સાથે વાદળમહેલમાં લઈ જાઓ. વાદળમહેલમાં વિલાસ મરાવીશ નહીં. પારકીસ્ત્રીની વાતે અમે ચડી શકીએ નહીં. આવી એ વાટે પી જા. એમાં જ તારી અને અમારી ભલાઈ (કુશળતા) છે !’’ ઈન્દ્ર એકલો જ છે અને તમે પાંચ પુરૂષોની જોડી છો. તમારી સાથે હું પણ છું. હું તો અહીંથી નથી જતી. ગભરાયા વિના મને વાદળમહેલમાં લઈ જાઓ ? ઈન્દ્ર તમને કંઈ જ કરી શકશે નહીં. ઈન્દ્રથી આપલા બધા કેમ ડરી ગયા છો ?’’ પાંડવ કહે છે, આવી તો ભલેઆવીપણ મહેમાન બનીને આવી હોત તો એક બે દિવસ રહીને જાતે પણ વિલાસી વાત લઈને આવી છો. અમે વિલાસ વાતો લઈને આવી છો. અમે વિલાસી વાતોમાં ફસાઈએ એવા નથી. વીરપુરુષની પત્ની છો. એવા મહાપરુષનું ખરાબ કરી શકીએ નહીં. ઈન્દ્રની માનહાનિ અમારાથી શકય નથી.’’

ઈન્દ્રાણી પાંડવોના રંગમહેલ તરફ જુએ છે, અને સો મણનો નિસાસો નાખે છે, ‘‘ઘણો જ સવાદિયો પાંડવોનો મહેલ !’’ ઈન્દ્રાણી કહે છે, પાંડવો, તમારા મહેલમાં મને રહેવા દો, આપણે મજા કરીએ ! તમે શા માટે કાચું ખાવો છો ? એ વાતે તો અમે કાચા જ છીએ ! અમે આજીજી કરીએ છીએ કે તું અહીંથી જા.’’ પાંડવોના વચનોથી ક્રોધે ભરાયેલી ઈન્દ્રાણી કચેરી વચ્ચે ઊભી ઊભી વિચારે છે, ‘‘હસ્તિનાપુરમાં કાંઈ નવીનતા કરું ! નહીંતર કોઈ એક માનવીને મારું ! બધા સ્થાને મને કાયર કેમ મળ્યા છે ?’’

ક્રોધથી કાળઝાળ થતી તે શેરીમાંથી પસાર થાય છે. સામેથી અભિમન્યુ (બાળો કુંવર) રમતો રમતો આવી રહયો છે. ઈન્દ્રાણી વિચારે છે, ‘‘મોટું માણસ તો આવતું દેખાતું નથી. પણ બાર તેર વરસતનું એક નાનુ બાળક રમતું રમતું મારી સામે જ આવે છે. એક લાતે જ મારી

નાખું !'' રીસે ભરાયેલી તે ચાલે છે. તેની ઠેસથી પથ્થરો તૂટે છે અને પથ્થરે આગ પડે છે. નાનું બાળક સમજીને બાળા કુંવરને જોરથી ધક્કો મારે છે. ઈન્દ્રાણીને એવો ખ્યાલ હતો કે જેવું બાળક નીચે પડશે તેવું જ માથું ફૂટી જશે અને મરી જશે. બાળો તો ઊભો રહી ગયો પણ તે હડસેબાઈને દૂર પડી. પહેલું માથું પડયું અને પગ ઊંચા થઈ ગયા. બાળો કુંવર ઊભો ઊભો વિચારે છે, ''આ કોની સ્ત્રી હશે ? ખરા વીરની છાતીએ લાગી છે. હવે જોઈએ મર્દની કળા.' અભિમન્યુ ઊભો ઊભો ક્રોધથી થરથર ધ્રુજે છે. આવેશમાં ને આવેશમાં નીચે પડેલી ઈન્દ્રાણીનો જમણો હાથ પકડીને ઝડપથી બેઠી કરે છે. ગોફણના સાટકાની માફક રાણીને માથા ઉપર ફેરવી (ભમાવીને) દૂર ફેંકે છે. રાણી પડી પડી દુઃખથી ચીસો પાડે છે. બાળો તેની પાસે જઈને પૂછે છે, ''તું મને શા માટે હડફેટે લે છે ? તું કોની સ્ત્રી છો ?'' બાળક, હું ઈન્દ્રની ઈન્દ્રાણી છું. તેં તો મને આખી ને આખી ભમાવીને વલોની નાખી.'' મને ધક્કો મારવાનું તારું પ્રયોજન ! ઈન્દ્રે મને ઈન્દ્રપુરીથી કાઢી મૂકી છે. હું સબળ સ્વામીની શોધમાં કૌરવો અને પાંડવોની પાસે ગઈ. પણ કોઈએ મને ચૂડો પહેરાવવાની હિંમત કરી નહીં. રીસે ભરાઈને પાંડવોની કચેરીમાંથી નીકળતાં વિચાર્યું કે હું હસ્તિનાપુરનું એક માણસ મારીને પછી ઈન્દ્રપુરીમાં જાઉ. ઘાટ રાખીને તને ધક્કો માર્યો. હા, પણ તું તો 'ખેલ્લા' (એક જંગલી વૃક્ષ) ના કાંટાના હાર જેવો મર્દ નીકળ્યો. હું જ ઘણે દૂર જઈને નીચે પડી. હવે મને મારીશ નહીં.'' બાળો વિચારે છે, ''ઈન્દ્રાણીને રહેવું જ છે તો શા માટે નહીં રાખવી ? તેને વાદળમહેલમાં લઈ જાઉ.'' અભિમન્યુ સન્માન સાથે ઈન્દ્રાણીને વાદળમહેલમાં લઈ જાય છે.

પાટવી નગારું ઊંધું પાડેલું છે. સીધું કરી બાળો રમીને ગેડી મારે છે. દેશ પરદેશમાં નગારાનો અવાજ ફેલાય છે. પાંડવો કચેરીમાંથી ઊભા થઈ ગયા; દોડતા અર્જુનના મહેલે આવ્યા. અને બાળા કુંવરને પૂછવા લાગ્યા. ''કંઈ નવી વાતે પાટવી નગારે ડંકો પાડયો ? નાનો બાળો કહે છે, ''હે બાપુ–કાકા–ભાઈઓ, મેં તો આજે ઈન્દ્રાણી રાખી ! આપણને છાજે એ રીતે ઈન્દ્રની સ્ત્રીને ઘણા માન સાથે મહેલમાં મૂકી છે.'' બાળા, તું છોકરા જેવી વાતો કરે છે. ઈન્દ્રરાજા જેવો નવખંડમાં કોઈ વીર નથી આખું યે હસ્તિનાપુર ભાંગીને ખેદાન મેદાન કરી નાખશે.'' તો આપણે શૂર છીએ એવું કોણ જાણશે ? ઈન્દ્ર એ વળી કઈ મોટી વાત છે ? કાકા, લડાઈ તો ખરા વીર સામે હોય. પરાક્રમ નહીં કરીએ તો આપણે વીર કેમ કહેવાય. તમે શાથી

ગભરાઈ ગયા છો ? ઈન્દ્રથી ગભરાતો નથી. ઈન્દ્રને કયારેય નહીં છોડું, આંગણે વીરત્વ લાજે ! તમે વીર્ય વગરની વાતો કેમ કરો છો ? ઈન્દ્ર સામે લડવું છે તો મારે લડવું છે; તમે ડરી જશો નહીં. પાંડવો વિચારે છે, ''ઈન્દ્રાણી રાખીને બાળે ઘણું જ ખોટું કામ કર્યુ છે. ઈન્દ્રની સામે પડીને આપણે કઈ રીતે જીવી શકીએ ? ઈન્દ્ર સાથે યુધ્ધમાં ટકી શકીએ નહી.'' પુત્રે વોરેલા વણ જોઈતા વેરથી પાંડવોનું નૂર ઊડી ગયું.

સમયની સાથે સતિયાની વાર્તા આગળ ચાલે છે અને સમાનુજોગ ઈન્દ્રાણીએ પાંડવોનો ચૂડો પહેર્યો; તેની જાણ ઈન્દ્રને ઈન્દ્રપુરીમાં થઈ. ઈન્દ્રપુરીમાં બેઠો બેઠો ઈન્દ્ર વિચારે છે કે વીર પુરુષની સ્ત્રી પાંડવોએ રાખી જુઓ હવે આ મર્દના ખેલ !

ઈન્દ્ર પવનદેવને બોલાવીને કહે છે, પૃથ્વીલોકમાં પાંડવોએ મારી પત્નીને ઘરમાં ઘાલી છે. આપણે દેવતાનું નાક ગયું ! પણ પવનદેવ કહે છે, ''ઈન્દ્રજી, તમે બાવરા થયા છો ? આપણી સ્ત્રીઓને કોઈ રાખી શકે નહીં. આવી નિવીર્યવાતો કેમ કરો છો ? પવન, આ મિથ્યા વાતો નથી. હું ગાંડો થયો નથી ! મૃત્યુલોક (ધવળા મતરોગ) માં ઈન્દ્રાણીએ બાળાનો ચૂડો પહેર્યો છે. હવે આપણે કયો માર્ગ લેવો ? પવનદેવ, તારી પાછળ હું માટો છું. તું હારી જાય તો હું એકલો કંઈ જ નરી શકું. તું મારા હાથપગ છો ! માટે પહેલી ચડાઈ તું કર. હું તારી પાછળ જ છું. બાળો પાંડવ બાળક છે. પણ ઘણો જ બહાદુર છે. આપણે એકદમ ચડાઈ કરીને જવું નથી.'' ઈન્દ્રની વાત સાંભળીને પવનને ચરણોથી ક્રોધના જોર પડે છે. ત્યાંથી ચોટીમાં જઈને ભડકો થાય છે. પવન વિચારે છે, ''આપણા આગળ પાંડવોનું શું ગજું ? પાંડવોએ આપણને કેવા સમજ્યા ? બળવાન પુરુષની સ્ત્રી રાખી ? આખી હસ્તિનાપુર ઊખેડી નાખું ! બધા મહેલ દરિયામાં નાખું. જો હવે આ પવનના ખેલ !

વંટોળથી પાંદડાં ઊડી રહયાં છે ; અને હસ્તિનાપુર પર ઈન્દ્રની ચઢાઈ આવી રહી છે. વાયુના ગોટા ઉપર ગોટા આવી રહયા છે, અને મહેલના કાંગરા ધ્રુજીને નીચે પડવા લાગ્યા છે. અભિમન્યુ (બાળો હિંમત) હાથમાં ગેડી લઈને વાદળમહેલ પર ચડે છે. ચારે દિશાએ જુએ છે તો ઈન્દ્રે ચડાઈ કરી છે, અને પવને આખું હસ્તિનાપુર ઘેર્યુ છે. પવનદેવ ક્રોધ કરે છે અને મહેલનાં શિખરો ઘૂસી ઘૂસીને નીચે પડે છે. મૂછો આમળતો બાળો હાથમાં ગેડી લઈને પવનદેવની આતુરતાથી રાહ જોતો મહેલ પર ઊભો છે. પવનદેવની ચઢાઈ નજીક ને નજીક

આવી રહી છે અને બાળો વિચારે છે, ''પવન, તું તો વિધવાના એકલવાયા પુત્ર જેવો છે ! તું આ શૂરની પાસે તો આવ. પછી તારી વાત છે ! પવન 'ધધમાટો' કરીને જેવો નજીક આવે છે તેવો જ બાળો ક્રોધ કરીને ગેડી રોળવે છે. પવનનો જમણો હાથ ભાંગે છે. બીજી અને ત્રીજી પવનના બંને હાથ ભાંગી જાય છે. અને ધરતી પર આળોટે છે. હાથપગ વિનાના પવનનું તેજ હણાઈ ગયું છે.

ઈન્દ્રપુરીથી ઈન્દ્રરાજા જુએ છે તો પવનદેવના હાથપગ તૂટી ગયા છે અને લાચાર થઈને ધરતી પર પડયો છે. ઈન્દ્ર વિચારે છે, ''પવનના કૌવતથી જ હું છું.'' તેના વિના મારું તો કંઈ અસ્તિત્વ નથી. પૃથ્વીલોકમાં એકલો જઈને શું કરું ! ઈન્દ્ર ઈન્દ્રપુરીમાં પાછો ફરે છે. ઈન્દ્ર વિના એકલો પડી ગયેલો પવન વેદનાથી કણસતો કણસતો ઈન્દ્રપુરીની વાટે જવા લાગ્યો છે.

આ તરફ રંગમહેલમાં આવી બાળો કુંવર ઈન્દ્રાણીને આલિંગન પાશમાં લઈને ખાટહિંડોળે જાય છે અને હીંચતા હીંચતા કહે છે, ''રાણી, જોયા આ શૂરના ખેલ ! પવન ચઢાઈ કરીને આવ્યો તો ખરો પણ પગ વિનાનો લંગડો થઈ ગયો. સામે જો, લંગડાતો અને કણસતો ઈન્દ્રપુરીના માર્ગે જઈ રહ્યો છે !

## ૧૬. વિરાટરાજા (વિયોર વેલરો) :

સતજુગથી વારતા બોલાય છે અને કળયુગનાં માનવી સાંભળે છે. સતિયાની વારતા કહેવાય છે અને ભરી સભા સાંભળે છે.

બાળાના (અણ છાજતા) વર્તનથી ચિંતિત થયેલા પાંડવો અર્જુનના રંગમહેલે એકઠા થયા છે. ભીમ પાંડવ અર્જુનને કહે છે, ભાઈ દીકરી – દીકરો મોટા થાય ત્યારે તેમને પરણાવવા પડે. ઉંમરલાયક સંતાન પરણાવીએ નહી તો ઘરમાં પાપનાં પગલાં પડે. અર્જુન, ઘોર નિદ્રામાં કેમ પડયો છે ? બાળાએ ઈન્દ્રાણીને ચૂડો પહેરાવ્યો છતાં તારી ઉંઘ કેમ ઊડતી નથી ? તેને હજી બાળક જ કેમ સમજે છે ?'' ભીમની સલાહ સાચી છે. ઈન્દ્રની પત્ની રાખીને મારા પુત્રે આજે તો સ્વજનમાં વિયોગ કરાવ્યો છે. તેના અઘટિત વર્તનથી હસ્તિનાપુરનું રાજ્ય જતાં જતાં માંડ બચ્યું છે. હવે કુંવરને કન્યા તો જોઈશે જ.'' સતી દ્રૌપદી કહે છે, 'દિયર જેઠ' હવે વિલંબ અનિષ્ટ સર્જે આપણા કુળને છાજે એવું સગું શોધીને બાળાનો સંબંધ જોડો. નબળો સંબંધી આપણા આંગણે શોભે નહીં.''

ભીમ અને દ્રૌપદીનો પ્રસ્તાવ સાંભળીને પાંડવો અંદરો અંદર વિચાર કરે છે, કે પાંચ ભાઈઓ સાથે જઈએ કે એક પછી એક એવી રીતે, ત્યાં તો સહદેવ પાંડવ કહે છે, સગાઈ કરતી વખતે પાંચ ભાઈની શી જરૂર ? એક ભાઈ જાય તો પણ ઘણું થઈ ગયું.'' યુધિષ્ઠિર કહે છે, ''સગાઈ જેવા શુભ પ્રસંગે તો ભીમ જ શોભે. સતી દ્રૌપદી કહે છે, ''ભીમ જાય તો ભલે જાય, પણ બાળાની સગાઈ તો વિરાટનગરી (વેરાઠનગરી) વિરાટરાજા (વિયોર વેલરો) ને ઘેર ઉતરાં (એતરાં) ઘણી જ રૂપાળી કન્યા છે. તેના પગલાંથી આપણું આંગણું શોભશે !''

ભીમ પાંડવને તો જોઈતું હતું તે મળ્યું. તે વિચારે છે, ''વેવાઈ થઈને જઈશું અને ઘણા માનપાન સાથે ભમરઢોલિયાના અગ્રભાગે બેસી મીઠી મીઠી વાતો કરીશું.''

ભીમ સોળૈયો શણગાર સજે છે. હીરકાનિયું ધોતિયું પહેરી માથે સોનાનો મુગટ (સકોરો) કટકટાવીને કેડ બાંધી હાથમાં લાંબી ડાંગ લે છે. 'ધૂધળી ધૂધળી, રેત ઊડે છે, અને ભીમ વિરાટ નગરીના ગાંદરે આવીને ઊભો રહે છે. ડાબી અને જમણી દિશા તરફ શુકન જુએ છે. તો અડધા શુકન માઠા થાય છે. સંશયગ્રસ્ત થયેલો ભીમ વિચારે છે, ''સગાઈ પાકી થવી હોય તો થાય પણ અત્યારે સગું જોતો આવું અને પાંચ પકવાન ખાતો આવું !'' ભીમ પાંડવ શેરીબજારે આવે છે અને વિયોરવેલશે વિચારે છે, ''પાંડવ અમારે આંગણે જ આવી રહ્યો છે.'' અને વિયોરવેલરો વિચારે છે, ''પાંડવ અમારે આંગણે જ આવી રહયો છે.'' વિરાટરાજા સામે વાદળમહેલમાં લઈ જાય છે.  ઢોલિયે બેસે છે. તાંબાકુંડીએ પાણી ગરમ કરે છે. સોવની કુંડીમાં ભીમ નહાય છે. હીરકાનિયું ધોતિયું પહેરી શણગાર સજે છે. અને ઢોલિયાના માથે વિરાજે છે. વિરાટનો રાજા કેળવેલી ભાંગ (તમાકુ)નો રૂપવળો, હોકો ભરીને ભીમને આપે છે. હોકો પીવાય છે, અને વિરાટરાજા પ્રશ્ન કરે છે, ''પાંડવ, કયાંથી આવવું થયું અને કઈ દિશાએ જવું છે ?'' ''રાજા, હું તો વેવાઈ બનવા આવ્યો છું.'' વિરાટરાજા કહે છે, ''ભીમ પાંડવ, તમારા વેવાઈ અમે કેમ નહીં થઈએ ? પણ તમે તો પાંચ જ ભાઈ છો. હું આખા વિરાટ પ્રદેશનો રાજા છું. મારા આંગણે પાંચ માણસોની જાન શોભે નહીં. મારે સગું ઘણું એટલે મારે જાન પણ વધારે જાડી જોઈએ. ભીમ ઊતર્યા નૂરે કહે છે, ''રાજા, અમારા બાળ કુંવરને લાયક તમારી ઉતરા ઘણી જ રૂપાળી કુંવરી છે. સબળું સગું મળશે એ આશાએ જ આવ્યો છું.'' અમારે પણ સબળું સગું જોઈએ. માટે હું માણું (અઢી કીલો) ભરીને રાઈ આપું છું. આ માણામાં જેટલા રાઈના કણ

છે, જાનમાં એટલાં માણસો લઈને આવજો જાન લઈને નીકળો ત્યારે દરેક જાનૈયાની મુઠ્ઠીમાં એક એક કણ આપજો. જાન માણું પૂરું ભરાશે તો જ મારી કુંવરી ઉતરાની સગાઈ કરીશ. આમ શરત સાથે ઉતરાને પરણાવાની ઈચ્છા વ્યકત કરે છે, જો એક પણ કણ ઓછો પડશે તો જાન લઈને પાછા ફરવું પડશે.'' વિરાટરાજા માણું ભરીને રાઈ આપે છે અને ભીમ પછેડીના છેડે ગાંસડી વાળીને ગાંઠ મારે છે. ગાંસડી ખભે નાખીને હસ્તિનાપુરના રસ્તે પડે છે. માર્ગે જતાં જતાં વિચારે છે, ''માણું ભરેલી રાઈના તો ઘણાં કણ થાય. જાનમાં આટલાં બધાં માનવી કયાંથી લાવીશું ? વિયોર વેલરાને સગાઈ નથી કરવી એટલે જ આટલી બધી રાઈ આપી છે. રાઈના કણ જેટલાં માનવી કયાંથી ઘડવા ? ભીમ લાંબી ફાળે અને છોટે ડગલે હસ્તિનાપુર આવે છે.

પાંડવોનું રાવણું ભરાયું છે. મધ્યમાં ભગવાન કૃષ્ણ બેઠા છે. કલમકચેરીમાં બેઠા બેઠા બધા વાતો કરે છે. વાતોના 'ધધમાટો' ઊડે છે. આવી આંનદની પળોમાં ભીમ કચેરીની મધ્યમાં આવીને 'જોઆર મઝરો' હારીને ઊભો રહે છે. યુધિષ્ઠિર કહે છે, ''ભીમ, તું બાળા હિંમતની સગાઈ કરી આવ્યો ?'' ''ભાઈઓ, કન્યા તો મોટા કુંટુંબવાળી છે. વિરાટરાજાએ માણું ભરીને રાઈ આપી છે. આ રાઈના કણ જેટલાં માણસો જાનમાં આવે તો જ કન્યા પરણવવાની વાત કરી છે.'' અર્જુન કહે છે, ''માતા કુંતા અને સતી દ્રૌપદીને બોલાવો. ભગવાન કૃષ્ણ તો અહીં છે જ. બધાં સાથે મળીને આપણી સમસ્યાનો અવશ્ય માર્ગ કાઢશે.'' કુંતા અને દ્રૌપદી રાજકચેરીમાં આવે છે. વિયોર વેલરાની વાત પર પરામર્શ પછી ભીમ રાઈની ગાંસડી છોડે છે. અને ઉગમ દેશમાં રાઈ વાવવા ભગવાન શ્રી કૃષ્ણ મુઠી ભરે છે. ઉગમ દેશમાં રાઈ નાખતાં નવલાખ દેવોને બાળા હિંમતની જાનમાં આમંત્રે છે. બીજી મૂકી ભરીને ઈન્દ્રપુરીમાં વાવીને બાર મેઘ અને તેર વીજળીને નૂતરાં મૂકે છે. ભગવાન ત્રીજી મૂઠી બ્રાહ્મંડમાં વાવે છે. અને કરોડ બ્રહ્માને આમંત્રતા કહે છે, ''તમે 'સકરાદેવ' લેતા આવજો.'' ચોથી મૂઠી નાખીને લાખો લક્ષ્મીને આમંત્રે છે અને કહે છે, ''તમે કંકુકેસર લઈને બાળા કુંવરની જાનમાં આવજો.'' ભગવાન શ્રી કૃષ્ણ પાંચમી મૂઠી દૂધિયા દેવળે વાવીને હીરું રાંપં–નવલાખ દેવીઓને આમંત્રે છે. છઠ્ઠી મૂઠી પાતાળપુરીમાં વાવીને કાળાગોરા ભેરવને આમંત્રે છે. સાતમી મૂઠી દક્ષિણ ખંડમાં વાવી ચંદ્રસૂર્યને આમંત્રે છે. ઉતરખંડમાં વિધાતા રાજ કરે છે. તેને અવતાર બાળા હિંમતની જાનનું નોતરું આપે છે.

ભગવાન નવખંડમાં રાઈ વાવી રહયા છે અને માણું ભરેલી રાઈ પૂરી થઈ જાય છે. બાળા હિંમતનો વિવાહ માંડયો છે. 'સાંગી' ઢોલ વાગવા લાગ્યા છે. અને જાનમાં આમંત્રિતો એકઠા થવા લાગ્યા છે. નવસોનવ્વાણું નગારાં લઈને ઈન્દ્ર આવી રહયો છે. બાળાકુંવરની જાનમાં સહસ્ત્ર જોગણીઓ આવે છે. કરોડબ્રહ્મા 'સકરાવેદ' ભણતા આવી રહયા છે. દૂધિયે દેવળેથી નવલાખ દેવીઓ અને પાતાળમાંથી કાળાગોરા ભેરવ આવે છે. ક્ષણવારમાં વિશાળ જાન એકઠી થઈ જાય છે.

જગતજનની કુંતા કહે છે, ''ભીમ, મારી વાત ધ્યાનથી સાંભળ, વિરાટનગરી ઘણી દૂર છે. છ માસ જતાં લાગશે અને છ માસ આવતાં લાગશે. તારે આપણી રાજગાદી, વાદળમહેલ અને પાળેલાં પશુઓની સંભાળ રાખવા ઘેર રહેવું પડશે. અમે વિરાટ નગરીમાં ઉતરાકુંવરી સાથે બાળા હિંમતને પરણાવીને પાછાં આવીએ છીએ. તું ઘણો 'અરવિતરો' અને 'ખોડિલો' છે. તારે જાને આવવાનું નથી. વખારામાં સવાકળશી શેકેલા ચણા છે. ખાઈને બેસી રહેજે.'' ભીમ વિચારે છે, ''સગાઈ કરવા તો હું ગયો હતો અને મને જ ઘેર રાખવાનું કહે છે ! પહેલાં તમે જાન લઈને જાઓ પછી જેઓ આ ભીમના ખેલ !''

'હોરમા' અને 'મોરૈયા' વાજાં વાગે છે. તુરાઈ વાગે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે અને તૂરીતરગાળા રમત કરે છે. નટ ખેલ કરે છે. ધૂંધળી ધૂંધળી રેત ઊડી રહી છે, અને બાળા હિંમતની જાન જઈ રહી છે. પાંડવો એક ખંડ મૂકી બીજા ખંડમાં જાય છે.

ભીમ જોળી કરીને સવાકળશી ચણા લે છે. 'સવા પાલી' એટલે (અઢી કિલો) નો એક કોળિયો કરે છે અને ચણા ખાતો ખાતો બીજી વાટે થઈ જાને જવા લાગ્યો છે. જાન પાછળ આવે છે અને ભીમ આગળ આવી પરાગ વડલે બેસે છે. માતા કુંતા કહે છે, ''દુશ્મન, તને તો રાજય ચલાવવા મૂકયો હતો અને કયા માર્ગે થઈને અમારી આગળ ફર્યો ? હવે હું આજ્ઞા આપું છું કે પરાગ વડલે  ? હવે હું આજ્ઞા આપું છું કે પરાગ વડલે ઊભો રહે. પરાગ વડલા નીચેથી ખસીશ તો પાંડવોનું સત જશે. તારા માથે પાંડવોની આણ છે. તારા માથે અત્યારે આ પરાગ વડલાની છાયા છે. વડલામાં નવલાખ દેવીઓનો વાસ છે. તેની છાયામાંથી દૂર થઈશ તો નવલાખ દેવીઓ તારું લોહી ભરખશે એવી આણ છે.''

જાન આગળ જાય છે અને વડલે ઊભો ઊભો ભીમ વિચારે છે, ''માતાએ વડની

છાયામાંથી બહાર નહીં નીકળવાની આણ આપી છે. પણ આ વડલો જ લઈને જાઉં છું. તાપ પણ ન લાગે અને છાયામાં ચાલવાની પણ મજા પડશે.'' પરાગ વડને ઉદ્દેશીને કહે છે, ''મૂળમાંથી ઢીલો રહેજે. નહીંતર તારાં મૂળ તૂટશે તો હું કંઈ નહીં જાણું.'' ભીમ થડે હાથ રાખીને હલાવે છે. મૂળ સમેત વડ ઉખેડી માથે છોગું મૂકે છે અને વિરાટનગરી ભણી ચલતી પકડે છે.

ભીમ પાંડવ વિરાટનગરીમાં આવે છે. કન્યાપક્ષની સ્ત્રીઓ ગીતો ગાય છે, ''વેવાઈ જાન તો હજી આવી નથી તે તું કઈ વાટે આવ્યો ? તારા માથે હજારીનાં ફૂલોનું છોગું શોભી રહ્યું છે !'' આ સમયે રાણી વેલરાણી ભીમને પૂછે છે, ''વેવાઈ, જાનમાં કેટલાં માનવી આવે છે ? ''તું પહેલાં એ તો બતાવ કે જાનને જમાડવા શી વ્યવસ્થા ગોઠવી છે ?'' વેવાણ કહે છે, ''વેવાઈ, જાન માટે રસોઈની સાત સાત વખાર ભરી છે. ઘણા દિવસોથી રસોઈ થઈ રહી છે. મારી વાત પર વિશ્વાસ બેસતો ન હોય તો લે આ સાત વખારનાં તાળાની ચાવીઓ.

ચાવી લઈને ભીમ એક પછી એક વખાર ખોલે છે. સવાકળશીનો એક એક કોળિયો કરતો બધી વખારનું ભોજન ખાઈ જાય છે. ભીમ વેવાણને ખાલી વખારની ચાવીઓ આપતાં કહે છે, ''વેવાણ, હજી કોઈ જગ્યાએ વખાર ભરેલી હોય તો મને બતાવ. હું તો હજીયે અડધો ભૂખ્યો છું.'' ભીમની વાતથી નવાઈ પામેલી વિયોર વેલરાની રાણી વેલરાણી વિચારે છે, ''એક જ પાંડવ આવ્યો અને ભોજનની બધી વખારો ખાલી કરી છતાંયે ભૂખ્યો રહયો. રાજાએ માણું ભરીને રાઈ આપી છે. રાઈના કણ જેટલા માણસો આવશે ત્યારે અમારી શી ગત થશે ! રાણીએ જીભ અને તાળવાને છેટું પડયું છે અને તેણી અવાક બની છે. નિરુતર વેવાણને જોઈને ભીમ કહે છે, ''બેસ ત્યારે વેવાણ, તું તો હવે કંઈ આપી કશે તમે લાગતું નથી. ચાલ ત્યારે વાવનું પાણી પીને મન વાળું !'' ભીમ બધું પાણી પી જાય છે. અને સરગાવાવ સુકાઈને ખાલી પડે છે.

બાળા હિંમતની જાન વિરાટનગરીના ગાંદરે આવે છે. વડલા અને પીપળાની છાયામાં જાન ઊતરે છે. માનવી, માનવી અને માનવી છે. વૃક્ષો નીચે દેવ–દેવીઓ અને માનવી સમાતાં નથી. આખી વિરાટનગરી છવાઈ ગઈ છે. ચાલવા ફરવાની જગ્યા રહી નથી. માથે વડલાની છાયા છે અને ભીમ એકાંતમાં જઈને બેસે છે. વેલરાણી વિચારે છે, ''એક જ પાંડવ આવ્યો અને ભોજનની બધી જ વખાર ખાલી કરી. બધાંને કયાં બેસાડશું અને શું જમાડશું ? જાન પછી

જાય એવી બીજી કોઈ કળા કરવી જોઈએ ?

ચાર પાંડવો હાથમાં લીલું નાળિયેર લઈને 'હાર ખિસરીઆ' ની વિધિ માટે તોરણે આવીને ઊભા છે. વેલરાણી કહે છે, ''સાંભળો વેવાઈઓ વાત. બાજરીના ઠુઠા (બાજરીના કણ કાઢી લીધા પછી કણસલા નો છૂટો પડેલ ભાગ) ની પાન મૂકી દોરડી વણી આપો. આ દોરડીની મદદથી માંડવો રચીએ. આ પછી જ માંડવામાં વરરાજાની પધરામણી થશે.'' આ સમયે ચારેય ભાઈ સ્તંભ થઈ ઊભા રહી ગયા છે. અર્જુન પાંડવ કૃષ્ણ પાસે જઈને કહે છે, ''ભગવાન, વેવાણે તો વાત 'અરથાવી' છે. આપણે ઉખાણે (સમસ્યા) થી બાંધ્યા છે. અર્થ બાંધ્યો છે. આ અર્થ છૂટે તો જ વરરાજાને મંડપમાં લઈ જ શકીએ.'' ભગવાન પોતે પણ વેલરાણીએ ઉખાણું બાંધેલું છોડી શકતા નથી. માતા કુંતા કહે છે, ''તમે ભીમને બોલાવી લાવો. તમારી ભાગેલી ગાડીને તેના વિના કોઈ સાંધી શકશે નહીં. અર્જુન કહે છે, ''મામા કૃષ્ણ, તમે જ ભીમ પાંડવ પાસે જાઓ; તમે જ મનાવી શકશો.'' અવતાર ભીમ પાસે જઈને કહે છે, 'ભીમ, વેવાણે ઉખાણું બાંધ્યું છે. આ સમયે ભીમ તારા સિવાય કોણ આ કામ કરી શકશે. તેનો અર્થ ભગવાન જેવા પણ છોડી શકતા નથી ! મનમાં ભીમ વિચારે ખરેખર જરૂર પડી લાગે છે, તે સમયે ભીમ હાથમાં લીલું નાળિયેર લઈને 'હારખિસરિયા' ની વિધિ માટે આવે છે. વેવાણ કહે છે, ''વેવાઈ, મારી વાત સાંભળ. પહેલા તું ઢુઢાની પાન મૂકી, આમળીને ઘેરી બનાવી લાવ. આ દોરીને આંબાનાં પાન બાંધી માંડવો બનાવીએ. પછી જ તમે તોરણ આવો. આ પછી જ અમિમન્યુ (બાળો હિંમત) અને ઉતરાકુંવરીનાં લગ્ન થશે. અમારા રિવાજ પ્રમાણે લગ્ન પૂરું થયે માંડવો નાખ્યા પછી જ જાન પણ જમવા ઉઠશે. ભીમ કહે છે, ''વેવાણ, તમારી વાત તો સાચી છે. પણ જટજટ ચારણીમાં પાણી લેતા આવો. પાણીમાં ઢુઢાં ભીંજવું અને જલદીથી દોરી વણું. વેવાણ કહે છે, ''ચારણીમાં પાણી નહીં રહે.'' તો પછી ઠુઠાની પાન પણ નહીં મૂકાય !''

ઉખાણાંનો અર્થ છૂટયો, બાળો હિંમત અને કુંવરી ઉતરાનાં લગ્ન થયા પણ આણાં બાકી રહયાં.

## ૧૭. ખંડ વેંચણી :

એક દિવસનો સમાજોગ આવ્યો, અને સમાજોગનો મહાજોગ આવ્યો છે. દુર્યોધન કહે છે, ''સરદારો, કમલખડિયો લાવો. મારે વૈકુંડમાં ભગવાનને સંદેશ મોકલવો છે.'' દુર્યોધન

પાનમાં લખે છે, ‘‘ભગવાન, તમે અમને અને પાંડવોને ખંડ વહેંચી આપો તો અમે પૃથ્વીલોકનું રાજ કરીએ.’’ અંદર સોનાનો ટકો મૂકી પાનનું બીડું વાળે છે. હાથમાં બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર છે છે. તીર પર બીડું પરોવી ધનુષ્ય પર સંધાન કરી કહે છે, ‘‘બાણ તું વૈકુંઠમાં ભગવાનની કચેરીમાં જા.’’ દુર્યોધન પૃથ્વીલોકથી ખેંચીને બાણ છોડે છે. ‘‘બાણ, તું વૈકુંઠમાં દેવતાઓની કચેરીમાં જા.’’ દુર્યોધન પૃથ્વીલોકથી ખેંચીને બાણ છોડે છે; છેક વૈકુંઠમાં દેવતાઓની સભા વચ્ચે જઈને પડે છે. ભયના માર્યા દેવતા છલંગ મારીને દૂર પડે છે અને વિચારે છે, ‘‘આવો યોદ્ધો કોણ જાગ્યો ?’’ ભગવાન તીરની અણીથી બીડું છોડીને વાંચે છે, ‘‘ભગવાન, તમે પૃથ્વી પર ખંડ વહેંચવા માટે આવો. પાંડવો અને તમે અમને ખંડ વહેંચીને આપો તો અમને ખબર પડે કે અમારે કેટલા ખંડમાં રાજય કરવાનું છે.’’ બીડું વાંચીને ભગવાન નારદને કહે છે, ‘‘આપણે ધોળા મૃત્યુલોકમાં જઈએ. પાંડવો અને કૌરવો વચ્ચે ખંડ વહેંચીને ઘણા માનપાન સાથે પાછા આવીએ છીએ.’’

ભગવાન અને નારદ વૈકુંઠપુરીથી કૌરવોની નગરી ધવળાગઢ આવે છે, અને સૂરજપોળના દ્વારે આવીને ઊભા રહે છે, ‘‘ભગવાન, તમે તો મારગે આવતાં કહેતા હતા કે કૌરવ આપણને કંકુકેસરના ચાલ્લા કરશે. પણ અહીં તો ચકલુયે ફરકતું નથી !’’ બંને કચેરીમાં આવે છે. કચેરીમાં કૌરવો ચોપાટ રમવામાં તન્મય છે. તેમને ભગવાનની સામે જોવાની પણ ફુરસદ નથી. નારદ કહે છે, ‘‘ભગવાન, તમે તો કહેતા હતા કે ધવળાગઢમાં ઈક્વોતેર કૌરવોનું વૃન્દ છે. તે આપણને મીઠો અવતાર આપીને લાલીલાપસી જમાડશે. આપણને તો અહીં આવો એમ પણ નથી કહેતા ! ભગવાન, આપણે કયાં આવી ચડયા છીએ ?’’ ભગવાન ચોપાટ રમતા તે દુર્યોધનને કહે છે, ‘‘અમારાં પર બીડા મોકલ્યાં એટલે અમે આવ્યા છીએ પણ તમે તો અમારા સામું પણ જોતા નથી. તમારા રંગરાવળે અમારી શી જરૂર પડી ? દુર્યોધન કહે છે, કાળા કૃષ્ણ, આમ તો અમે અને પાંડવો મસિયાઈ ભાઈ થઈએ છીએ અને આમ કહેવાઈએ પિત્રાઈ ભાઈ. તમે અમને ખંડ વહેંચી આપો તો અમે સુખેથી રાજ કરીએ. પાંચ પાંડવોને એક જ ખંડ આપો અને બાકી બધા ખંડ અમને આપો.’’ દુર્યોધનની વાતથી ભગવાનને ક્રોધ ચડે છે. પણ ક્રોધને મનમાં સમાવીને વિચારે છે, ‘‘હવે જુઓ આ કાળા કૃષ્ણના ખેલ !’’ ભગવાન ઉતાવળે ખંડ વહેંચતાં કહે છે, ‘‘કૌરવો, તમે કાન દઈને સાંભળો. વહેંચણીમાં આબુની બેઠક, દક્ષિણખંડ

રાજસ્થાન અને મેવાડ પ્રદેશ પાંડવોને આપ્યો. ભગવાનની અસમાન વહેંચણીથી કૌરવોને ક્રોધ ચડે છે. દુર્યોધન આવેશમાં આવીન કહે છે, ‘‘તું અહીં તારા પગે આવ્યો છે પણ હવે અહીંથી મારા પગે જવાનું છે!‘‘ દુર્યોધનના આદેશથી કેટલાક કૌરવો હાથમાં ભારે ‘‘બૂતાં (ઘડયા વિનાનું લાંબું લાકડું) લે છે તો કેટલાક મુંજનો ચાબુક લે છે. નારદ ઊભો ઊભો ધ્રુજવા લાગ્યો અને ભગવાનને માથે માર પડવા લાગ્યો છે. ભગવાનને કૂટી કૂટીને છોલ પડતાં કહે છે, તું આવો પક્ષપાતી કયાંથી આવ્યો ? ચાર ચાર ખંડ તો પાંડવોને આપ્યા અને અમારા ભાગે તો કંઈ જ આવ્યું નહીં !

ભગવાન અને નારદ ધવળાગઢથી હસ્તિનાપુર જવા લાગ્યા છે. ભગવાન શેરીએ થોડા થોડા ‘ઝબકે’ છે. અને કુંતા કહે છે, ‘‘પુત્રો, મારી વાત સાંભળો. ભગવાન સ્વયં આપણા મહેમાન બનીને આવે છે. ઊંઘું નગારું સીધું કરો અને પાટવી નગારે ડંકા પાડો. ખજૂરના પાન જેવી જ્યોતવાળા દીવા કરી સૂરજપોળમાં ભગવાનના સામૈયે જાઓ. કુંતાની વાત સાંભળતાની સાથે તો પાંડવો હરખઘેલા થાય છે. સોનાની થાળીમાં ખજૂરયાળા દીવા કરી, રસ્તે સોપારીના હોમ કરતા સૂરજપોળમાં ભગવાનના સામૈયે જાય છે. પાંડવો આરતી ઉતારી ભગવાન અને નારદની પ્રદક્ષિણા કરે છે. ભગવાન અને નારદને વંદે છે અને આગળ કરીને વાદળમહેલમાં લાવે છે. કલમકચેરીમાં લીલીપીળી જાજમો પાથરે છે. અવતાર અને નારદ આસન પર વિરાજે છે. પાંડવો ગૂગળના હોમ કરે છે અને કુંતામાતા બત્રીસ પ્રકારના ભોજન બનાવી ભગવાન અને નારદને જમાડે છે.

પાંડવોની કચેરી ભરાઈ છે. સોનાના સિંહાસન પર ભગવાન અને નારદ વિરાજ્યા છે. ભગવાન પૂછે છે, ‘‘પાંડવો, આ વાદળમહેલ કોના છે ? અર્જુન પાંડવ ઉતર આપે છે, ‘‘ભગવાન, આ બધા વાદળમહેલ આપના જ છે ! આ મશરૂની ગાદીઓ કોની છે !’’ યુધિષ્ઠિર કહે છે, ભગવાન, મશરૂની ગાદીઓ પણ આપની જ છે !’’ પાંડવોના ઉતરથી ખુશ થયેલા ભગવાન કહે છે, ‘‘હું તો આ ધોળા મૃત્યુલોકમાં કૌરવો પાંડવોના હિસ્સે આવતા ખંડ વહેંચવા આવ્યો હતો. કૌરવોએ ચાર ખંડની માંગણી કરી હતી અને તમને તો એક જ ખંડ આપવાની વાત કરી હતી, પણ હું તમને આબુની બેઠક, દક્ષિણખંડ, રાજસ્થાન (પોળો પાડેર) અને મેવાડખંડ આપું છું. તમે આ ખંડોમાં રાજ કરજો.

ભગવાન કુંતાને પ્રશ્ન કરે છે, ''માતા, પાંડવો કોના પુત્રો છે ? કુંતા કહે છે, ''પાંડવો સતના પુત્ર છે.'' માતા કુંતા, સાંભળો મારી વાત મેં ખંડ તો વહેંચ્યા પણ કૌરવો ઘણા જ અન્યાયી છે. તેઓ થોડા સમયમાં ભારત(યુધ્ધ) છેડશે. માટે જો તમારે ભારત જીતવું હોય તો હું કહું એટલી વસ્તુઓ ઝટઝટ મેળવી લો. ભગવાનની સાચી સલાહ પાંચ પાંડવો એકચિતે સાંભળી રહ્યા છે. ભગવાન કહે છે, ''પાંડવો, તમે ગોકળગઢમાંથી અગન પછેડો, ધનુષ્યબાણ, તીરીતથાંપ (તીર્થ સ્તંભ) અને પાતાળખંડમાંથી અસલ ગેંડાની ચામડાની ઢાલ મેળવી લો. તો જ કૌરવો સાથેના 'ભારથ' માં તમાર જય થશે.

## ૧૮. યુદ્ધ (ભારત) ની તૈયારી :

### (૧) અગન પછેડો અને ધનુષ્યબાણ :

કુંતામતા નાના બાળાને કહે છે, ''દીકરા, આપણે ગોકળગઢ ધનુષબાણ લેવા જઈએ.'' અભિમન્યુ માતા સાથે ગોકળગઢ જવા તૈયાર થાય છે. માતા દ્વારપાલ (પોળિયો) ને કહે છે, ''તું રાજાને કહે કે હું તેને મળવા આવી છું. દ્વારપાલ દોડતો કલમકચેરીમાં આવે છે અને કહે છે, ''રાજા કોઈક વૃધ્ધ સ્ત્રી આપને મળવા સૂરજપોળના દ્વારે આવીને ઊભી છે.'' કર્ણ કહે છે, ''દ્વારપાલ, આ અગનપછેડો લઈને જા અને માતાને ઓઢાડ.'' પોળિયો કુંતાને અગનપછેડો આપે છે અને માતા ચારે બાજુ ફરીને મજબુત 'ગાટડી' વાળે છે. કર્ણ ભાંખડિયે ચાલીને આવે છે અને માતાના ચરણોમાં પડે છે. માતા બેસીને કર્ણને ખોળામાં લે છે અને ચૂમે છે. કર્ણ કહે છે, ''માતા, ઘણા દિવસે આવ્યાં છો. તમારા સુખદુ:ખની વાત કરો.'' માતા કહે છે, ''તું પાંડવોનો ભાઈ છે અને અર્જુનનો નાનો દીકરો બાળો રડી રહ્યો છે.'' કર્ણ પૂછે છે, ''બાળો કુંવર કેમ રડે છે ? પુત્ર બાળો દરરોજ ધનુષ્યબાણ લઈને રમે છે. તેને ધનુષ્યબાણથી રમવું છે. માટે રડી રહયો છે. કર્ણ પાંડવ બાળાને તીર કમાન આપતાં કહે છે, તું અહીં આજુબાજુ નજીક જ રમજે રમી રહે પછી ધનુષ્યબાણ લઈને પાછો આવજે.'' બાળો કર્ણ પાસેથી ધનુષ્યબાણ લઈને સૂરજ પોળે આવે છે. ત્યાંથી ગાંદરે આવીને દોટ મૂકે છે, આવજો હસ્તિનાપુર ઢૂકડું...

કુંતા કર્ણને કહે છે, ''દીકરા, મારો નાનો બાળો કઈ બાજુ રમવા ગયો હશે ? મને તેની ચિંતા થાય છે. તેની ખબર કાઢીને જઈ પાછી આવું છું.

કુંતામાત ઓઢેલા અગનપછેડે સૂરજપોળે થઈને ગોકળગઢના ગાંદરે આવે છે. કર્ણ રાજમહેલમાં માતાની આતુરતાથી રાહ જોઈ રહયો છે. અને કુંતા હસ્તિનાપુરની વાટે વળે છે.

કૃષ્ણ કહે છે, ''પાંડવો, ધનુષ્યબાણ અને અગનપછેડો તો આવી ગયાં હવે જલદીથી તીર્થસ્તંભ લઈ આવો.''

## (૨) તીર્થસ્તંભ (કીર્તિસ્તંભ) :

કૃષ્ણ કહે છે, ''પાંડવો, ભારત માંડો તો ભલે માંડો પણ યુધ્ધ જીતવા 'તીરીતથાંપ'ની જરૂર પડશે. વિલંબ નુકશાન કરશે.'' કુંતા કહે છે, ''પુત્રો, તીર્થસ્તંભ લેવા જતાં એક પગપાળો મુશ્કેલ મુલક આવશે. તમારી ભાભીની સલાહ લઈને આગળ વધજો.'' નકુળ અને સહદેવ તીર્થસ્તંભ લેવાની તૈયારી કરી સુભદ્રાની સલાહ લેવા જાય છે. નકુળ કહે છે, ''ભાભી, અમારે તીર્થસ્તંભ લેવા જવું છે. આગળ જતાં એક પગવાળો મુલક આવે છે. એમ એક પગે કઈ રીતે ચાલીશું ? મુશ્કેલ સ્થાને પહોંચીને તીર્થસ્તંભ લાવવાની કોઈ યુકિત બતાવો. સુભદ્રા કહે છે, તમે એક પગે ચાલી નહીં શકો તો હું તમને પંખીનો સાતમો અવતાર આપીશ. હવે તમે જવામાં વિલંબ કરો નહીં.'' ભાભીના વચનોથી હર્ષિત થયેલા પાંડવો માર્ગે માર્ગે એકટાંગિયા પ્રદેશમાં આવે છે. એક પગે ચાલીને આ પ્રદેશ પસાર કરે છે. ત્યાં તો તેઓ ઊંધા મુલ્કમાં આવે છે. નકુળ અને સહદેવ ઊંધા મસ્તકે જૂલતા જૂલતા આગળ વધે છે અને રણખેત (યુદ્ધનું રણમેદાન) માં આવે છે. રણખેતમાંથી તીર્થસ્તંભ પ્રાપ્ત કરે છે. નકુળ અને સહદેવ તીર્થસ્તંભ લઈને મારગે મારગે માણેકચોકમાં આવે છે. પાંડવો તીર્થસ્તંભનું સામૈયું કરીને માણેક એક વચ્ચે ઊભો કરે છે.

## (૩) અસલ ગેંડાની ખાલની ઢાલ :

પાંડવોન કચેરી 'ઝકી' છે 'ગરમી ગરમી' વાતો ચાલે છે, અને સભામાં સોનાનો ટકો અને પાનબીડાં ફરે છે. ભગવાન કૃષ્ણ પાંડવોને કહે છે, ''યુદ્ધ જીતવા માટે અસલ ગેંડાના ચામડાની ઢાલ જોઈએ. અસલ ગેંડા પાતાળપુરીમાં આમાંથી અસલ ગેંડાની ખાલ લેવા કોણ જશે ? પાતાળમાં જવાની મુશ્કેલ વાત આવી અને પાંડવો ઊંધા પડીને સોનાની સળીએ ધરતી ખોતરવા લાગ્યા. યુધિષ્ઠિર કહે છે, ''અર્જુન સિવાય બીજો કોઈ પાંડવ પાતાળનો માર્ગ જાણતો નથી. તેના સિવાય બીજો તો કોઈ પાતાળમાં જઈ શકશે નહીં. અર્જુન પાંડવ જ પાતાળમાં જઈને

ગેંડાની ખાલનું બીડું સ્વીકારે.'' યુધિષ્ઠિરના આદેશથી અર્જુન સોનાના થાળમાંથી સોનાનો ટેકો અને પાનનું બીડું લે છે અને ઊભો ઊભો પાનબીડું ચાવી ખાય છે. કાયર જ યુદ્ધના મેદાનમાંથી ભાગી જાય છે જ્યારે શૂરવીર રણખેતમાં લડવા તલસે છે.

અર્જુન પાતાળપુરીમાં તૈયારી કરે છે. જોઈતી સામગ્રી અંદર મૂકી વાજમી વહેલ શણગારે છે. દ્રૌપદી શિખામણ આપે છે, ''જે વાટે જાઓ તે વાટે જ પાછા આવજો. આડા અવળા પગ મૂકશો નહીં. કુશળ રહેજો અને વહેલા પધારજો !'' અર્જુન પાંડવ વહેલમાં બેસીને મારગે મારગે સાતમા પાતાળમાં આવેલા કનોગરા તળાવની પાળે આવે છે. વહેલમાંથી નીચે ઉતરીને વિચારે છે, ''પાતાળપુરીના બધા ગેંડા કોઈ પણ સમયે પાણી પીવા આ જળાશયે આવતા હશે. તળાવના જે ઘાટે પાણી પીવા આવતા હશે ત્યાં તેઓનાં ચરણચિહ્નો હશે. આ ચરણચિહ્નોની નજીક ખાડો ખોદી, ઓદી ઘાલી ખાડામાં સંતાઈ મારે શિકારનો ઘાટ ઘડવો પડશે.'' અર્જુન પાંડવ ગેંડાના પગલાં શોધવા કનોગરાં તળાવની પાળે ફરે છે. પગલાંના આધારે ગેંડાનો પાણી પીવાનો ઘાટ શોધે છે. શિકાર માટે ખાડો ઉપર ઘાસ નાખી ધનુષ્યબાણ લઈ 'ઓદી'માં સંતાયને બેસે છે, ભરબપોર થયા છે. ગેંડાનો ગોવાળ નેપજી ડચકરા કરતો ગેંડાના ટોળાને પાણી પાવા કનોગરા તળાવની પાળે આવે છે. ગેંડા પાણી પીને પાછા વળે છે અને પગે લીલું ઘાસ શરે છે. નેપજી ગોવાળ રક્ષણ કરવા હાથમાં લાંબી ડાંગ લઈને ટોળાની આજુબાજુ ફરે છે. ઓદીમાં બેઠો બેઠો અર્જુન પાટવી (સૌથી મોટો) ગેંડો શોધી રહ્યો છે. જેવો ગેંડો નજીક આવે છે કે તરત ધનુષ્ય પર બાણનું સંધાન કરે છે અને લક્ષ લઈ બાણ છોડે છે. બાણ ગેંડાને વાગે છે અને પાટવી ગેંડો મરાય છે. લક્ષ્ય સિદ્ધ થવાની સાથે અર્જુન ઓદીમાંથી ઊભો થાય છે. તેને જોઈને ક્રોધથી કાળજાળ થયેલો નેપજી થરથર ધ્રુજે છે. આવેશમાં આગળ વધી અર્જુનના માથમાં ડાંગ ફટકારે છે. ડાંગના ઘા સાથે અર્જુન નીચે ફસડાય છે અને તરફડીને મૃત્યુ પામે છે.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) જાય છે. સૂડા સૂવા માટે માળે જાય છે. સાંજ થાય છે અને 'ઈહકાર' ડચકારા કરતો નેપજી ગોવાળ ગેંડાના ટોળાને લઈને ઘેર આવે છે. ભરબપોરે બનેલી ઘટનાનું વર્ણન કરતાં માતા હીરાપથને કહે છે, ''માતા, આજે તો કોઈ પરદેશીએ કનોગરા તળાવની પાળે 'ઓદી' ઘાલીને આપણા પાટવી ગેંડાને મારી નાખ્યો. પણ ચિંતા કરવી

નહીં. હિસાબ ચૂકતે કરીને આવ્યો છું. માથામાં જ લાંબી ડાંગ મારી. ડાંગના ઘા સાથે જ નીચે પડયો અને પરદેશી તરફડીને મૃત્યુ પામ્યો. કનોગરાની પાળે તેનું શબ રવડે છે.'' નેપજીની વાત સાંભળીને હીરાપથની છાતીમાં થડકો આવે છે. હીરાપથ વિચારે છે, ''પાતાળમાં આવવાની બીજી કોની હિંમત છે ? જરૂર મારો હસ્તિનાપુરનો રાજા હોવો જોઈએ. તેણી નેપજીને કહે છે, ''દીકરા, કનોગરું તળાવ તો ઘણું મોટું છે. કઈ બાજુ તેને પાડીને આવ્યો છે ? તું આગળ થા અને મને જલદી બતાવ.'' બંને કનોગરાની થાળે આવે છે. ભમરાની પાંખ જેવી પાંપણો, દાબડી જેવી ગોળ આંખો, નેત્રની અણીઓ ખાંડાની ધાર જેવી, દાડમનાં બીજ જેવા દાંત, વડની વડવાઈ જેવી લાલ હથેળીઓ, દેવળના સ્તંભ જેવા પગ અને લાંબી મૂછોવાળી અર્જુન આંબુનું શિખર પડયું હોય તેમ કનોગરા તળાવની પાળે પડયો છે. અંગુરખું ફાડીને છાતીના વાળ બહાર આવ્યા છે, એવો રૂપાળો અર્જુન હીરાપથના દષ્ટિપથમાં આવે છે. અર્જુનને જોઈને હીરાપથની આંખોમાં શ્રાવણ અને ભાદરવો ધુરવા લાગ્યા છે. રડતાં રડતાં તેણી નેપજીને કહે છે, ''દીકરા, જગતમાં અશુભના ઓળા ઊતર્યા ! આ તો કોઈ અજાણ્યો માણસ નથી પણ તારા બાપુ છે. મારા ઘરનો ભરથાર ! પુત્ર, હવે રોવાથી રાજય મળવાનું નથી. તારા મરેલા પિતાની સેવાચાકરી કર. માખ પણ બેસવા દેતો નહીં. હું વાદળમહેલમાં જાઉં છું. જેવી જાઉં છું એવી જ પાછી આવું છું.''

## ૧૯. યુદ્ધનું કહેણ :

સતિયાંની વારતા કહેવાય છે અને ભરી સભા સાંભળે છે. પાંડવો પૃથ્વીના પ્રથમ દેવ કહેવાય છે.

એક દિવસનો સમાજોગ આવ્યો, અને સમાજોગનો મહાજોગ આવ્યો. સતયુગની વારતા આગળ ચાલતા સર્જક લખે છે કે ધવળા ગઢમાં પાંડવોની રાજકચેરી ભરાઈ છે. 'ગરમી ગરમી' વાતો થાય છે. દુર્યોધન કહે છે, ''ખંડ વહેંચવામાં કાળા કૃષ્ણે ઘણો જ અન્યાય કર્યો છે. ફળદાયી અને વિશાળ ખંડ આપ્યો છે, પાંચ પાંડવોને ચાર ખંડ અને આપણા ઈકોતેર ભાઈઓને એક જ ખંડ ! તમે ઝટઝટ કલમ અને ખડીઓ આપો. સોનાનો ટકો અને સંદેશ લખવા પાન લાવો.'' દુર્યોધન પાનમાં લખે છે, ''કાળા કૃષ્ણે ખંડ વહેચ્યા છે તે અમને સ્વીકાર્ય નથી. તમે રણ ભારથ (યુદ્ધ) માટે તૈયાર રહેજો.'' હાથમાં બાર મણનું ધનુષ્ય અને તેર મણનું

તીર લે છે. તીરની અણી પર પાનબીડું પરોવીને સંધાન કરે છે. પણ છ ખેંચીને બાણ છોડે છે.

હસ્તિનાપુરમાં પાંડવોનું રાવણું 'જકયું' છે. બાણ  તેની વચ્ચે જઈને પડે છે. યુધિષ્ઠિર પાનબીડું ખોલીને જેમજેમ અક્ષર (આખ) વાંચે છે તેમતેમ સભા ચિંતિત થાય છે. અસમાન ખંડ વહેંચણીના કારણે કૌરવોએ 'ભારથ'ઝીલવાનું કહેણ મોકલ્યું છે. પાંડવો ફેરવી ફેરવીને બીડાં વાંચે છે અને એકબીજાના સામે જુએ છે. ચિંતિત થતા વિચારે છે, ''શૂરા નર માટે રૂડો અવસર આવ્યો છે પણ ભારથનો ખેલનાર અર્જુન તો પાતાળમાં ગયો છે. કાયરનું કામ નથી અને અર્જુન વિના આપણે કયો મારગ લઈએ ?'' કચેરીમાં ધ્રાસકો (ધાહકો) પડયો છે ; બધા મૂક બની ગયા છે અને ઊંડી ચિંતામાં પડેલા પાંડવો ઊંધા પડી સોનાની સળીએ ધરણ ખોતરવા લાગ્યા છે.

વાદળમહેલમાં એકલો રમતો અભિમન્યુ (બાળો હિંમત) માતા સુભદ્રાને કહે છે, ''માતા, ભેરુ વિના એકલો રમવામાં આનંદ આવતો નથી. હું તો શેરીબજારે રમવા જાઉં છું. રમી ખેલીને જટ પાછો આવું છું.'' સુભદ્રા શીખ દેતાં કહે છે, ''દીકરા, શેરી બજારે રમવા જેવું નથી, દીકરા !'' પણ રમવાની હઠે ભરાયેલો બાળો હિંમત હાથમાં સોનાની ગેડી અને રૂપાનો દડો લઈ 'ધરમર ધરમર' વાદળમહેલમાં પગથિયાં ઊતરી જાય છે. શેરીબજારે રમતો ખેલતો અને શાથી શોધતો બાળો રાજકચેરીની નજીક આવી પહોંચે છે. હિંમત કાન દઈને સાંભળે છે પણ કચેરીમાં કોઈનો અવાજ આવતો નથી. બાળો વિચારે છે, ''કચેરીમાં કેમ આજે 'ધમકો ધમકો' ઊડતો નથી ? રમતા આવતો ત્યારે તો રોજ વાતોનો 'ધધમાટો' ઊડતો અને આજે ધરતીકંપ (ધરોર) થઈ ગયો હોય એમ સૂનું સૂનું કેમ લાગે છે ? ચાલ કચેરીમાં જઈને તપાસ કરું.''

અભિમન્યુ (બાળો હિંમત) કચેરીની નજીક આવીને જુએ છે તો ભરેલી કચેરીએ 'ધાકલો' (ધ્રાસકો) પડેલો છે. કચેરીની મધ્યમાં આવીને બાળો હિંમત પ્રશ્ન કરે છે, ''મારા કાકાભાઈઓ, તમારી આંખોમાં તેજ નથી. પગ ઢીલા થઈ ગયા છે. પરસેવે રેબઝેબ થઈ ગયા છો ! તમને એવી કઈ મોટી ભીડ પડી છે કે ઊંધા પડયા સોનાની સળીએ ધરતી ખોતરો છો ?'' નિરુતર પાંડવોથી સંશયગ્રસ્ત થયેલો બાળો હિંમત વારંવાર પ્રશ્ન કરે છે, ''કોઈ દિવસ નહીં અને આજે કલમકચેરીમાં સૂનકાર કેમ વ્યાપેલો છે ?કોનું વહાલું સ્વજન ગુજર્યુ છે કે જેથી ઊતરે

નૂરે થયા છો ? મારા પિતા વિના તમને એવાં કયાં મોટાં દુઃખ પડયા છે કે જેથી મૌન બની ગયા છો ? તમારી સાથે કોણે અણછાજતું વર્તન કર્યુ છે ? કઈ સ્ત્રીએ મહેણાં માર્યા છે ?'' બાળાના ઘણા બધા પ્રશ્નોથી વ્યાકુળ બનેલો ભીમ પાંડવ કહે છે, ''હિંમત, આ તારા જેવાં બાળકો માટેની વાત નથી. તું તારે અહીંથી જા, અને બાળકો સાથે રમ આ નાનાં બાળકોના કામની વાતો નથી. બાળો ફરી ફરીને કચેરી જુએ છે. કચેરીમાં સોનાનો ટકો અને પાનબીડું નજરે પડે છે. બીડું ઉકેલીને પાન વાંચે છે. ''પહેલાં લખ્યા છે, 'લાડમિયા જુહાર' પછી લખ્યું છે, 'ક્ષેમકુશળ' તેની પાછળ લખ્યા) છે, 'રણભારથ' (યુદ્ધ) અક્ષર ઉપર લોહીના છાંટા નાખ્યા છે.'' પાન વાંચતાં વાંચતાં બાળા હિંમતની આંખો લાલ પીળી થવા લાગી છે. છેલ્લે લખ્યું છે, ''ભારથ (યુદ્ધ) સ્વીકારો તો રાજ કરજો; નહીંતર હસ્તિનાપુર છોડીને ચાલ્યા જજો !'' પાનબીડું પૂરું થતાંમાં તો ક્રોધથી લાલ થયેલી આંખોમાંથી લોહીનાં ટીપાં પડવા લાગ્યા છે. જેવું પાન પૂરું થયુ કે તરત જ બાળો હિંમત ચાવી ખાઈને ભીમને કહે છે, ''પાંડવો પાનબીડાં વાંચીને શૂર ચડવું જોઈએ. આ કાચી દુનિયાને કોણ ગણે ? બીડાં સ્વીકારીને શૂરા તરતે શૂરાતન ચડે અને તેમ તેમ ઊંધા પડયા ધરતી ખોતરો છો ? વીરપુરુષ તો દેશના દીવા કહેવાય. યુદ્ધ મેદાનમાં લડતાં નર વીરગતિ પામશે તો વૃક્ષ પણ આસું સારશે. વેરીની પણ વેદનાથી છાતી ફાટશે ! આપણે પાંડવો છીએ પછી યુદ્ધના શા ભાર છે ? ભલે ઈકોતર હોય પણ કાગડા કૂતરાને કોણ ગણે ? આ તો યુધ્ધનો રૂડો અવસર ગણાય. ઊંધા પડયા ધરતી ખોતર્યા વિના ઊંચે જુઓ. ભારત તો આ એકલો મોટી કરશે.

પાંડવો અને બાળા કુંવર વચ્ચે વાતોનાો 'ધધમાટો' ઊડે છે. ભીમ કહે છે, ''મારા બાળાકુંવર, આ બાળકોનાં રમતની વાત નથી. આ તો યુદ્ધની વાત છે. તારા પિતા અર્જુન પાંડવ ઘેર નથી. અમે ચાર જણ ઘેર છીએ. તું પાંચમો તો હજી બાળક છે.'' બાળો હિંમત મૂછો આમળતો કહે છે, ''આપણે પાંડવો તો નવખંડ ધરતી ઢંઢોળી નાખીએ અને આ યુદ્ધ જેવી નાની સરખી વાતમાં નીચું કેમ જોઈ ગયા છો ? આતો વીરપુરુષોની વાત આવી છે. કાકા ભીમ, ડુંગર જેવો ઊંચો અને અડગ આદમી આજે કેમ કાચો પડયો છે ? કૂતરાંને કોણ ગણે ? કાકા, તમે ઘૂઘરિયાળો પાટ માંડીને મારા હાથે યુધ્ધની રાખડી બાંધો ; હું ભારથ જીલું છું. પાટવી નગારે ડંકા પાડો. જેથી કૌરવો જાણે કે પાંડવોએ યુદ્ધ સ્વીકાર્યુ છે, અને દેશ પરદેશમાં આપણી નામના

થાય.'' ભીમ કહે છે, ''તારા પિતા ઘેર નથી અને તેમના વિના આપણે ભારત લડી શકીશું નહીં. ભારતના સાત કોટ કોણ કઈ રીતે ભાગી શકે ?'' કાકા, વાઘના પેટ વાઘ જ પાકે. હું માતાના પેટ હતો ત્યારે કોટના છ વેદ ભણ્યો છું. છઠ્ઠા કોટ પછી સાતમા કોટ માટે કાચો છું. સાતમા કોટ માટે તું મદદે રહે તો પછી દેખ આ મર્દના ખેલ ! આખી ધરતી ઢંઢોળી નાખું. જમીન, આસમાન એક કરી રાખું. છ કોટના વેદ તો હું ભગવાન કૃષ્ણ પાસેથી પામ્યો છું.'' ભીમ કહે છે, ''બાળા હિંમત, સાતમા કોટની ચિંતા કરીશ નહીં. સાતમા છાણના કોટના વેદ તો હું પણ જાણું છું. હવે આપણી સામે ઈક્કોતેર કૌરવોની કોઈ વિસાત નથી.''

પાંડવોએ ઘૂઘરિવાળો યુદ્ધનો પાટ માંડી અભિમન્યુ (બાળા હિંમત) ના હાથે ભારથની રાખડી બાંધી છે. ભીમ પાંડવ ઊંધું નગારું સીધું કરી રમીને ગેડી મારે છે, અને ધવળાગઢના મહેલના કાંગરા ધ્રુજવા લાગ્યા છે.

માતા સુભદ્રાના કાને નગારાના આવજનો 'ઝેંણાકો' આવે છે. અને ઝેંણાકાની સાથે જ 'થરકો' (ધ્રાસકો) પડે છે. સુભદ્રા વિચારે છે, ''કચેરીમાં આ કઈ નવી કળા થઈ ? કવેળાએ પાંડવોએ શું આદર્યુ છે ?'' સતી વાદળમહેલ ઊતરી રાજકચેરીમાં આવે છે. કચેરીમાં આવીને જુએ છે તો ભારત ઝીલવાની રાખડી હાથે બાંધી બાળાકુંવર તે ઘુઘરિવાળા પાટે બેઠેલો છે. બાળાને જોઈને માતાની આંખોમાં આંસુની ધારા વહેવા લાગી છે. તેણી વિલાપ કરે છે, ''દિયર જેઠ, નાનો જાણીને 'ભારથ'માં મારવા માટે ભત્રીજાને આપ્યો છે. તેના હાથે જ યુદ્ધનું બીડું ઉપડાવીને તેને યુદ્ધમાં મોકલી રહ્યા છો. તમારું નખ્ખોદ જજો !'' તે બાળા પાસે જઈને કહે છે, ''દીકરા, મેં તને કહયું હતું કે તું કાકાની કચેરી બાજુ જતો નહીં. તને છેતરીને યુદ્ધના પાટે બેસાડીયો છે. હવે હું દીકરા વિના કઈ રીતે જીવી શકીશ ? પાટે ચડેલો બાળો કહે છે, માતા તમે મારા કાકાભાઈઓને હલકું કેમ બોલો છો ? યુદ્ધ એ કાયરનું કામ નથી, અને મને બાળક કેમ સમજો છો ? માતા, તેં શૂર જણ્યો છે. મારા જન્મ વખતે સોનાના થાળ વાગ્યા હતા. પાટવી નગારાં વાગ્યાં હતાં. પછી યુજ જોઈને મને શૂરાતન કેમ ના ચડે ? માટે નમાલાં વેણ કાઢયા વિના તું પાછી વાદળમહેલમાં જા.'' યુદ્ધે ચડવાનો બાળાનો અડગ નિર્ણય જોઈને સુભદ્રા રાજકચેરીમાંથી પાછી ફરે છે અને કુંતાના વાદળમહેલ તરફ જવા લાગે છે.

## ૨૦. ઉતરાનાં આણાં :

હસ્તિનાપુરમાં ધમકો ઊડે છે. યુદ્ધનાં નગારાં વાગવા લાગ્યાં છે. શૂરાનરોને શૂરાતન ચડવા લાગ્યું છે. બાળા કુંવરે યુદ્ધ સ્વીકાર્યુ છે. તે સેનાપતિનું સ્થાન શોભાવવા સજ્જ થવા લાગ્યો છે.

સુભદ્રા દોડતી કુંતાને મહેલ જાય છે અને સાસુને કહે છે, ''માતા જગતમાં ખોટું કામ થઈ રહ્યું છે. બાળા હિંમતે યુદ્ધ સ્વીકાર્યુ છે. બાળાનાં ઉતરાકુંવરી સાથે લગ્ન થયાં છે, પણ આણાં સ્વીકાર્યુ છે. બાળાનાં ઉતરાકુંવરી સાથે લગ્ન થયાં છે, પણ આણાં થયાં નથી. બાળો કુંવારો મરશે તો બાળહત્યાનું પાપ માથે આવશે, અને આપણને કલંક લાગશે.'' માતા કુંતા કહે છે, ''વહુ, વિલંબ પાલવે તેમ નથી. જલદી જાઓ. વૈકુંઠપુરીમાં કૃષ્ણને જઈને કહો કે તમારા ભાણેજે 'ભારથ' ઝીલ્યો છે. યુદ્ધમાં મરશે તો આપણને કલંક લાગશે. બાળાનાં આણાં વિરાટનગરીમાં રહી ગયાં છે. માટે તે ઝટઝટ આવીને તેની વ્યવસ્થા કરે, વહુ વિરાટનગરી ઘણી જ દૂર છે. જતાં છ માસ લાગશે અને આવતાં પણ છ માસ લાગશે. દિવસ ઉગી જશે તો બાળો મરશે માટે તમે ઝટઝટ વૈકુંઠ પહોંચો સાસુની સલાહ સાંભળીને સુભદ્રા વૈકુંઠપુરીની વાટે વળી છે. મારગે મારગે જતાં વિચારે છે, ''દિવસ ઊગે તો મારો પુત્ર જાય અને પાંડવોનો વંશ પણ જાય. ભાઈ જ કોઈ કળા કરશે.''

સુભદ્રા વૈકુંઠપુરીની કચેરીમાં આવીને ઊભી રહે છે. બહેનને એકાએક આવેલી જોઈને ભગવાન ચિંતા અને આશ્ચર્ય સાથે પ્રશ્ન કરે છે, ''નહીં કોઈ સમાચાર કે નહીં કોઈ સંદેશ અને એકાએક વૈકુંઠની રાજકચેરીમાં ? બહેન, તું આટલી ચિંતાતુર અને શ્રમિત કેમ લાગે છે !'' ભાઈ, ચિંતા ના કરું તો શું કરું ? તારો બનેવી પાતાળમાં ગયો છે અને તારા ભાણેજ કૌરવો સામે યુધ્ધ સ્વીકાર્યુ છે. બાળાકુંવરે લગ્ન તો કર્યુ છે પણ ઉતરાકુંવરીનાં આણાં વિના હજી કુંવારો જ છે. ઉતરાના આણા વિના બાળો મરશે તો બાળહત્યા લાગશે. યુધ્ધ વચ્ચે ફકત એક જ દિવસ બાકી છે. છ માસની એક રાત કરે તો જ વિરાટ પહોંચી શકાય. આવી નવી કળા તારા વિના બીજું કોણ કરી શકે ?'' ભગવાન કૃષ્ણ કહે છે, ''બહેન, ચિંતા કરીશ નહીં. મનમાં ધ્રાસકો (અટુકો) રાખ્યા વિના સુખેથી હસ્તિનાપુર જા, હું છ માસની એક રાત કરું છું. તમે વિરાટ નગરીમાં જઈને ઉતરાને તેડી લાવો.''

છ માસની એક રાત બંધાવીને સુભદ્રા હસ્તિનાપુર આવે છે. કુંતાના વાદળમહેલમાં આવીને કહે છે, ‘‘માતા, મારા ભાઈએ છ માસ સુધી રાત બાંધી રાખી છે. હવે આપણે આગળ શું કરીએ ?’’ કુંતા કહે છે, ‘‘સતી, વિલંબ નુકશાન કરશે. તમે ભીમને સાદ દો.’’ સુભદ્રા ભીમને સાદ દે છે. ભીમ ‘છોટે ડગલે અને લાંબી ફાળે’ કુંતામાતા પાસે આવી જુહાર મુજરો કરીને પ્રશ્ન કરે છે, ‘‘માતા, કયા કાર્ય માટે મને રાજકચેરીમાં બોલાવ્યો છે ? તમારા કામનું નામ ધરો.’’ ‘‘પુત્ર તમે યુદ્ધ જાહેર કર્યુ છે, પણ બાળો હજી કુંવારો છે. તમે ઝટઝટ રૂપારત્ના, કાનાકાજા રબારીને બોલાવી લાવો. તેઓને ઉતરાના આણે મોકલવા છે.’’ માતા આદેશ સાંભળીને તરત જ ભીમ પાંડવ હાથમાં લાંબી ડાંગ લઈને રબારી વાસમાં પહોંચે છે.

રબારીવાસમાં એક રબારી નવી લાડી પરણી લાવ્યો છે. રબારીઓનું રાવણું ભરાયું છે. રાવણમાં અમલ (અફીણ) નાં પોતાં ફરે છે. કેળવેલી તમાકુના હોકા પીવાય છે. ધમકે ધમકો ઊડે છે. આવી આનંદની પળોમાં રબારીની માતાને દૂરથી ભીમ પાંડવ આવતો નજરે પડે છે. તેની છાતીમાં ભયથી ‘થરકો’ આવે છે. તેણી રબારીઓને કહે છે, ‘‘આપણું કામ પડતું ત્યારે દરરોજ તો દાસી કે નોકર આવતા. નહીંતર સિપાહી આવતા પણ આજે તો ભીમ જાતે જ આવે છે. નકકી પાંડવોના જાલરિયા જોડ ચાર્યા હશે. નહીંતર આંબાવાડી ભેળી જશે. પાંડવોનું રાજ તો ઘણું જ કઠોર છે. અવળી ઘાણી ફેરવીને તમારું તેલ કાઢશે.’’ રત્નો રબારી કહે છે, ‘‘માતા, અમે જાલરિયા જોડ કે આંબાવાડી ભેળી નથી. પાંડવોનો અમે કોઈ અપરાધ કાર્યો નથી. હળવે હળવે શેઢે જ સાંઢો ચારી છે. તો પછી ભીમ પાંડવને આવવાનું કયું કારણ હશે ? એટલામાં ભીમ નજીક આવી પહોંચે છે. અને રબારીઓને ધ્રાસકો પડે છે. આવીને તરત ભીમ કહે છે, ‘‘રબારી, તમે જડપથી ઊભા થાઓ. કલમકચેરીમાં કુંતમાતા બોલાવે છે.’’ ભાગ્યવાનની જીભ અને અભાગિયાના તૂટે પગ. ભીમનો આદેશ થતાની સાથે જ રબારી ઝટઝટ ખાસડાં પહેરીને ખભે પછેડી નાખે છે. હાથમાં લાંબી ડાંગ લઈને ભીમની પાછળ પાછળ કલમકચેરીમાં આવે છે. કુંતાને જુહાર કરે છે એન હાથ જોડીને કહે છે, ‘‘માતા, અમે તમારી આંબાવાડીઓ કે જાલરિયા જોડ ભેળ્યા નથી. અમે તમારો કોઈ જ અપરાધ કર્યો નથી. તો અમને રાજકચેરીમાં બોલવવાનું કયું પ્રયોજન છે?’’ કુંતા કહે છે, ‘‘તમે સાચું જ બોલજો તમારે કેટલી સાંઢો (ઉંટડી કે ઊંટ) છે ?’’ ‘‘અમારે સવાસો સાંઢોનો ટોળો છે.’’ કુંતામાતા કહે છે, ‘‘રત્ના–રૂપા રબારી

કહે છે, ‘‘માતા, સાચી સાંઢો બે જ છે. અમારી વાલી અને જિગલી સાંઢો પવનથી પણ આગળ જાય છે પણ તમારા રંગરાવળે અમારી સાંઢોનું એવું શું કામ પડયું છે ?’’ ‘‘રબારી તમે કહો એટલા રૂપિયા આપું અને કહો એટલું ખાવાનું આપું પણ તમારે ઉતરારાણીના આણે જવાનું છે.’’ રત્નો રબારી વિચારે છે, ‘‘આજે જ સુંદર (લખની) લાડી પરણીને આવ્યા છીએ અને પાછો આ શાનો વિક્ષેપ આવ્યો ? પણ રાજઆજ્ઞા ટાળી ન શકાય.’’ કુંતા કહે છે, ‘‘બાળા હિંમતે ભારથ જીલ્યો છે. તે કુંવારો મરે તો કલંક લાગે. તમારે વિરાટનગરી જવાનું છે. ઉતરારાણીને અત્યારે જ તેડી લાવવાની છે. જાઓ એવા જ પાછા આવો. કયાંય વાસો રહેવાનું નથી કે માર્ગમાં રોકવાનું નથી.’’ કુંતા ભીમને કહે છે, ‘‘વિલંબ કરે પોષાય તેમ નથી તું જલદીથી કંદોઈની દુકાને જા, અને આ રબારીઓને છ માસનું સીધું (કરિયાણું) અપાવ.’’ ભીમ કહે છે, ‘‘રબારી તમે નેસડે જઈને સાંઢ અને મોટી મોટી પછેડીઓ લઈ આવો. હું તમને નવી નવી મીઠાઈઓ અપાવું છું.’’

મારગે મારગે રૂપો અને રત્નો રબારી નેસડે આવે છે. બે સાંઢને બહાર કાઢે છે અને સાંઢના નાકમાં રેશમી દોર નાખે છે. પવનકળલો (હાંઢ) કહે છે, ‘‘રબારી, કવેળાએ અમારું એવું શું કામ પડયું ? જાનમાંથી આવીને હજી તો પગ વાળ્યો નથી અને આ કયા મોટા કામ અર્થે જોતર્યો ?’’ રૂપો કહે છે, ‘‘પવનકલા, આપણે વિરાટનગરીમાં જવાનું છે, પણ તેં વિરાટનગરી અને તેનો માર્ગ જોયો છે ?’’ ‘‘માતાના પેટમાં હતો ત્યારે તમે વિરાટનગરના કદમવૃક્ષોના ભાંખરે (જળાશય) પાણી પીવા લઈ ગયા હતા. તે સમયે વિરાટનગરી જોઈ હતી. માતા હવે ઘરડી થઈ છે. આ મારું જ કામ છે. તમે સુખેથી મારા નાકમાં રેખમી દોર નાખી નાથ ઘાલો. મને પવનસાથે સ્વર્ગ સુધી જવાની ઘણી જ અભિલાષા છે. સામે શેઢે જઈને તમારું કામ કરી પાછો આવું.’’ છ માસના ટોડિયા (ઊંટનું બોતડું) ની વાત સાંભળીને રબારી પવનકળલાને શણગારવા લાગ્યા છે. ટોડિયાની કોટે અને પગે ઘૂઘરા બાંધે છે. પીઠે સોનારૂપાનાં પલાણ નાખે છે. મીઠાઈ માટે મોટી પછેડીઓ લે છે. પવનકળલે ચઠતાં રૂપો અને રત્નો રબારી રબારીણોને શિખામણ આપે છે, ‘‘કોઈ દિલમાં ધ્રાસકો પાડી દુઃખી થશો નહીં. છ માસે અમે પાછા ઘેર આવીશું. તમે જે તે કામ કરજો. ખાજો પીજો અને રાજ કરજો.’’

પવનકળલે ચડી રૂપો અને રત્નો રબારી ભીમ પાંડવ પાસે આવે છે. બધા કંદોઈના

બજારે જાય છે. ભીમ સાદ દે છે, ''કંદોઈઓ, વિના વિલંબે સારી સારી મીઠાઈ અને મેવા બહાર કાઢો, સાથે મીઠી દ્રાક્ષ પણ બહાર કાઢોફ'' કંદોઈ વિચારે છે, ''દરરોજ તો મીઠાઈ લેવા વાદળમહેલમાંથી ચાકર કે દાસીઓ આવતી અને આજે રાજા જાતે જ કેમ આવ્યો છે ?'' ભીમ આદેશ આપે છે, ''મોહનથાળની સાથે તીખાં તમનમિયાં પણ બહાર કાઢો.'' ભીમની આજ્ઞા થતાંની સાથે તો ભયના માર્યા કાંપતા કંદોઈઓ બધી દુકાનની મીઠાઈઓ બહાર ગોઠવવા લાગ્યા છે. ભીમ પહેલો થાળ ચાખે છે અને બીજો થાળ રબારીઓની પછેડીમાં નાખે છે. એક દુકાને બીજી દુકાને ફરી, ભીમ પાંડવ કંદોઈની બધી દુકાનો ખાલી કરવા માંડયો છે. દ્વારે ઊભા કંદોઈ વિચારે છે, ''દુકાનો બધી ખાલી કરી નાખી, પણ ભીમ મેવા–મીઠાઈના પૈસા આપવાનું તો નામ જ દેતો નથી ! માગીએ તો માર ખાવો પડે !'' ભીમ મેવા–મીઠાઈ ખાઈ ખાઈને સંતૃપ્ત થઈ ઓડકાર ખાય છે અને રબારીઓને પણ છ માસ ચાલે એટલું સીધું (ભાથું) બંધાવે છે. સીધું પાણી લઈને રબારી અને ભીમ પાંડવ રંગરાવળે આવી માણેકચોકમાં ઊભા રહે છે.

રૂપારત્ના રબારીને વળાવતાં કુંતા માતા કહે છે, ''વિના વિલંબે તમે વિરાટનગરી ભણી સિધાવો, અને ઉતરારાણીનાં આણાં લઈને જલદી પાછા આવો.'' રબારી વિશ્વાસ બંધાવતા કહે છે, ''કે કુંતામાતા અને પાંડવો, તમે સાજા કાળજે રેહેજો. રાતે જઈએ છીએ અને રાત ફાડી ઉતરારાણીનું આણું લઈને જલદી પાછા આવીએ છીએ.

રબારી છલાંગ મારીને પવન ટોડિયે સવાર થાય છે. રબારી કૂંડાળે ઘાલે છે અને ટોડિયા રમતે ચડે છે. રત્નો – રૂપો રબારી રેશમીદોર ઊંચી ઊછાળે છે અને પવન ટોડિયા 'રવોળ' કરતા પવન સાથે સ્વર્ગે ચડવા લાગ્યા છે. આકાશમાં 'ધધમાટો' ઊડવા લાગ્યો છે. ટોડિયા પવનની આગળ જવા લાગ્યા છે. રૂપો અને રત્નો રબારી ભોમ નગરના ગાંદરે આવવા લાગ્યા છે.

ભોમનગરના ગાંદરે રબારીઓનું રાવણું ભરાયું છે, સભામાં અમલના પોતાં ફરે છે. કસુંબા પીવાય છે, રૂપનળા હોકા એક હાથમાંથી બીજા હાથમાં ફરે છે અને રબારી મીઠી મીઠી વાતો કરે છે. આવી આનંદની પળોમાં આકાશ માર્ગે 'ધધમાટો' થવા લાગ્યો છે. એકાએક આવતા અવાજથી આશ્ચર્ય પામેલા રબારી વિચારે છે, ''સ્વર્ગના માર્ગથી આ વાનો અવાજ આવી રહ્યો છે ?'' એક નવજરથી જુએ છે તો ટોડિયા દષ્ટિકપથમાં આવે છે. રબારી કહે છે,

''આ તો રૂપાન્તાના ટોડિયા જાય છે. અને હસ્તિનાપુરના પાંડવોના જ પવનકળલા છે ?'' ચામડાની ઘેરીના પાસા નાંખી સાંઢોને નીચે ઊતારો જુવાન રબારી પાસા નાખીને ટોડિયાંને નીચે ઉતારે છે. રૂપોરત્નો રબારી નીચે આવી ઊંટ 'જેહકારે' (બેસાડે) છે. ભોમનગરના રબારી હસ્તિનાપુરના રબારીઓને 'રામરામ' કરી ઘણા હેતથી મળે છે. ભોમનગરના રબારી કહે છે, ''તમે ભોમનગર ઉપરથી પસાર થાઓ અને ગાંદરેથી બારોબાર ઉપરથી પસાર થાઓ અને ગાંદરેથી બારોબાર ઊડી જાઓ એ કેમ ચાલે ? ચાલો અમારી કચેરીએ વિશ્રામ કરીને શાંતિથી જાઓ.'' બધા રબારીઓ કચેરીએ જાય છે. પાણી ગરમ કરી રૂપા અને રત્ના રબારીને નવડાવે છે. રૂપો–રત્નો સોળૈયો શણગાર સજે છે. શણગાર સજી કચેરીમાં આવે છે. ભોમનગરના રબારી પ્રશ્ન કરે છે, ''તમે કયાંથી આવો છો અને કયાં જાઓ છો ? અમે વિરાટનગરીમાં બાળા હિંમતની રાણી ઉતરાના આણે જઈએ છીએ. નાના બાળાકુંવરે આખા 'ભારથ' (યુદ્ધ)ની જવાબદારી લીધી છે માટે અમારે ઉતરાનું આણું લઈને આ રીતે જ પાછા આવવાનું છે.

રૂપોરત્નો રબારી ટોડિયા ઉપર સવાર થાય છે. રેશમી દોર ઊંચી કરતાંની સાથે તો પવનકળલા પવન સાથે સ્વર્ગે ચડવા લાગ્યા છે, અને વિરાટનગરની વાટે વળ્યા છે. સામે રાત આવી રહી છે. રબારી પૂછે છે, ''અત્યારે કવેળાએ જવાવાળી તું કોણ છે ?'' ''ભાઈ, હું તો રાત છું. હવે મારો વારો પૂરો થાય છે, અને સૂર્યદેવનો વારો આવે છે.'' રબારી વિચારે છે, ''રાત જશે અને દિવસ ઊગી જશે તો બાળોકુંવર મરાશે. છ માસની એક રાત તો પૂરી થવા આવી, પણ આપણે વરસો સુધીની રાત ભેગી કરી નાખીએ.'' રબારી રાતને છેતરવા માટે હાથમાં રહેલી સોટી નીચે નાખે છે. પછી કહે છે, ''રાત, તારે જવું હોય તો ભલે જા પણ નીચે સોટી પડી ગઈ છે. ઊંચે હાથે આપીને પછી ભલે સિધાવો.'' રાત નીચે નમી એક હાથમાં સોટી લે છે. હાથ ઊંચો કરી જેવી સોટી આપવા જાય છે કે તરત જ સોટી સાથે હાથને પકડીને રાતને ઊંચકી ઊંટ પર લે છે. મારી આમળીને ઝોળીમાં નાખી રબારી વિરાટ ભણી જવા લાગ્યા છે.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) ગયો છે, સૂડા સૂવા માટે માળે ગયા છે, સાંજ થઈ છે. ઉતરાકુંવરી ગોખે દીવા મૂકી ભમર ઢોલિયો ઢાળે છે. 'હિરખ તળાઈ' પથરાવી ફૂલડાં વેરાવે છે. અતરના 'ધોરા' પડે છે, કસ્તુરીના ભપકા ઊડે છે અને કુંવરી ફૂલોના ઢગ વચ્ચે સૂતી છે. મીઠી મીઠી નિદ્રા લેતાં લેતાં ઉતરાને સપનું આવ્યું છે. સપનું વાત કહે છે, ''કુંવરી કેમ સૂતી

'નિદ્રાઘોર' ? સૂર્યના ઊગતાં કિરણોમાં તો બાળો રણમેદાનમાં મરાશે.'' સપનું આગળ વાત કરે છે, ''તારાં આણે રૂપો અને રત્નો રબારી પવનકળલે ચડીને આવી રહયા છે. 'સ્વર્ગોપવને' 'ધધમાટે–ધધમાટો' ઊડે છે અને તું નિદ્રામાં કેમ પડી છે ?''

ઉતરા જબકીને બેઠી થઈ જાય છે. માતાને જગાડતાં કહે છે, ''માતા, અને ભૂડું સ્વપ્ન આવ્યું છે. બાળાકુંવરે યુદ્ધવહોર્યુ છે. અને હસ્તિનાપુરથી રૂપોરત્નો રબારી મારે આણે આવી રહયા છે. સ્વપ્નમાં પવનકળલા આવવાનો 'ઝેંણાકો' મારા કાને સંભળાતો હતો. વળી, સપનામાં દેખાતું હતું કે ઘૂઘરિયાળા પાટે બેસી પ્રતિજ્ઞા કરી તારા જમાઈ એકલે હાથે કૌરવો સાથે 'જબળું જુધ'કર્યુ છે. સૂર્યના ઊગતાં કિરણોમાં મારો ભરથાર મરાયો છે !'' માતા કહે છે, ''દીકરી, સપના તો સાચાં પડતાં હશે ? તું ભમરઢોલિયાની દિશા બદલીને ફરીને ઢાળ. સપનું પડજો મરેલા માણસોના ફૂલ ભેગું. આકુળવ્યાકુળ નદીમાં ! મારી દીકરીનો અમર ચૂડો તપજો. અમર તપજો મારા જમાઈની હસ્તિનાપુરની ગાદી ! ભૂંડા સપનાથી મારા જમાઈનું બે વર્ષ આયખું વધજો. જમાઈથી તો આપણું આંગણું શોભે અને ભમરઢોલિયો પણ દીપી ઉઠે !''

ચિંતાતુર બનેલી દીકરીનો ઢોલિયો વેલરાણી દિશા બદલીને ઢાળે છે. ઉતરા ઘોર નિદ્રામાં પડે છે. નિદ્રામાં આવી ફરી સ્વપ્નું વાત કરે છે, ''રાણી, તું કેમ સૂતી છે ? આ વિરાટના પાદરે પવનટોડિયા 'બોગલ્લા' (ગાંગરે) કરે છે અને તારા 'રડણપડણ' સમયે મીઠી નીંદર કેમ આવે છે ?'' ઉતરા જબકીને બેઠી થાય છે. હૈયું અને માથું કૂટતી વિલાપ કરે છે, ''માતા, પવનકળલા સૂરજપોળમાં આવીને બાળાને યાદ કરી આંસુ સારે છે. માતા, પવનકળલા સૂરજપોળમાં આવીને ઊભા છે. મારે 'વેરાગી' વાતો આવી. અમારી જોડી તૂટી રહી છે.'' ઉતરા બાળાને યાદ કરી આંસુ સારે છે. માતા આશ્વાસન આપતાં કહે છે, ''તું ધીરજ ધર અને સાજા કાળજે રહે. ચિંતા કરીશ નહીં. મારા જમાઈની તો હસ્તિનાપુરમાં ગાદીઓ તપે છે !''

હસ્તિાપુરના રૂપો અને રત્નો રબારી વિરાટનગરીની સૂરજપોળમાં ઊભા ઊભા દ્વારપાલ (પોળિયો) ને વિનવે છે. ''ભાઈ પોળિયા, તું જલદી દરવાજો ખોલ અમારે રંગરાવળે કામ પડયું છે.'' તે દ્વારપાળ કહે છે, ''કવેળાએ મને જગાડવાવાળા તમે કોણ છો ? તાળાની ચાવી અત્યારે રાજમહેલમાં છે.'' ''ભાઈ, ઝટઝટ કમાડ ખોલ ; અમે તો ઉતરાકુંવરીના આણે આવ્યા છીએ. તું દ્વાર કેમ ખોલતો નથી ?'' ''અમારા નગરમાં રાતે દરવાજો ખોલવાનો રિવાજ

નથી. અત્યારે જાઓ ઊકરડે. છાણ પાથરીને સૂઈ રહેજો ! દિવસ ઊગે સમય થશે ત્યારે દ્વાર ખૂલશે.

પોળિયો અને રબારી વાતો કરે છે અને પવનકળલા ઊભા ઊભા સાંભળે છે. દ્વારપાલની વાતોથી ટોડિયાને રીસના મોર ચડે છે. ટોડિયો (ઊંટનું બોતડું) રબારીને કહે છે, ''સ્વામી, અમે ઉકરડા પર સૂવાવાળા નથી. આપણે કાયર પણ નથી. આપણે તો 'તરવારિયા' (મર્દ) છીએ. તમારે દ્વારાપાલની વાત સાંભળવાની જરૂર નથી. વિરાટનગરના આવા 'નોનકા' કોટને કોણ ગણે છે ? તમે અમને ઘડીક રમાડો અને રેશમી દોર ઊંચે ઉલાળો પછી જેઓ આ પવનકળલાંના ખેલ !''

રૂપોરત્નો પવનટોડિયાને કૂંડાળે ઘાલે છે, 'બોગલ્લે બોગલ્લા' ઊડે છે અને ટોડિયા રમણે ચડયા છે. રાયકે દોર ઊંચી કરી ત્યાં તો પવનકળલાં છલાંગ મારી માણેકચોકમાં જઈને પડયા. અલ્લાટે અલ્લાટો થાય છે, 'ધધમાટે ધધમાટે' ઊડે છે અને વાદળમહેલમાં ઉતરાકુંવરીના કાને અવાજનો 'ઝેંણાકો' પડે છે. વિલાપ કરતી અને હૈયુંમાથું કૂટતી ઉતરા માતાને કહે છે, ''માતા, મારું કહ્યું તમે નહોતાં માનતાં પણ હવે માણેકચોકમાં જુઓ ! મારાં આણાં તો આવી ગયાં !''

શોકમાં બાવરી બનેલી ઉતરા છાતી કૂટતી વાદળમહેલનાં પગથિયાં ઊતરી માણેકચોકમાં આવે છે. રૂપા અને રત્ના રબારીને મળે છે અને પૂછે છે, ''રબારી, તમે કવેળાએ કેમ આવ્યા ? તમારા હૃદયની વાત કહો.'' રબારી કહે છે, ''ઉતરાકુંવરી, વિલંબ નુકશાન કરશે. બાળા હિંમતે યુદ્ધનું બીડું ઉપાડયું છે. દિવસ ઊગે તે પહેલાં હસ્તિનાપુર પહોંચવાનું છે.'' રબારીઓનો સંદેશો સાંભળી 'રોતી–રતરતી' ઉતરા માતા પાસે જઈને દીવાલે માથા કુટતી કહે છે, ''મારા બાપુને જગાડ.''

વેલરાણી વિરાટ રાજાનો ડાબા પગનો અંગૂઠો મરડે છે. વિરાટરાજા જબકીને બેઠો થાય છે. વેલરાણી હસ્તિનાપુરનો સંદેશો આપે છે. વિયોર વેલરો કચેરી ભરીને રત્ના–રૂપાને બોલાવે છે અને મળે છે. મળી 'હોમળી' ને પૂછે છે, 'રબારી, હસ્તિનાપુરને એવી કઈ ભીડ પડી કે તમારે કવેળાએ વિરાટમાં આવવું પડયું છે ?'' ''વેવાઈ, ઉતરાને જલદીથી આણે વળાવો. તમારા જમાઈ એકલાએ 'ભારથ' વહોળ્યું છે. દિવસ ઉગશે તો જગતમાં ખોટું કામ

થશે.'' રબારીઓની વાત સાંભળીને તેઓ વિરાટનો રાજા સજાગ થઈ જાય છે. ઉતરાના આણાં કરવા રાણી વાણિયાના હાટે જાય છે. વેલરાણી કહે છે, ''વાણીરલા વીરા ! તું જટ બેઠો થા, 'મઈ કપરા' કાઢ, રેશમી કાપડ કાઢ, બાઈને આણે વળાવવી છે.'' રાણી પૂરું બોલે એ પહેલાં તો વાંરવાર કાળી સાડી દષ્ટિમાં આવે છે. ગુસ્સે થયેલી રાણી વાણિયાને શાપ આપતાં કહે છે, ''તારું ખડિયા ખોડ જજો ! તારું જળામૂળ જજો ! તેં તો ભૂંડા શુકન કરાવ્યા !''

વાણિયાના માથે માર પડે છે. વેલરાણી અને ઉતરા બીજા વાણિયાની દુકાને જાય છે. વાણિયો રેશમી કપડાંના થોકના થોક નાખે છે. વેલરાણી ફેંદી ફેંદીને કાપડ જુએ છે. આ સમયે પણ તેણીના હાથમાં કાળી સાડી આવે છે. કાળી સાડી જોઈને ક્રોધે ભરાટેલી રાણી શાપ આપે છે, ''તારું નિકંદન નીકળજો ! ખોટા શુકન કરાવ્યા. તને કહ્યું હતું કે આણાની રેશમી સાડી લાવ અને તેં તો કાળી સાડી છાતીએ વાળી !''

ગુસ્સે થયેલી માતાને શાંત પાડતાં ઉતરા કહે છે ? ''મારા કર્મમાં જ કાળા અક્ષર લખાયા છે ! પછી ઘરના વાણિયાને વઢે શું વળુ ? મારા નગરના લોકોને દુઃખ આપશો નહીં. જેવા મારા વિધાતાના લેખ !''

રોતી–રતરતી અને હૈયુંમાથુ કૂટતી ઉતરા હેમખેમ કપડાં ખરીદી માતા સાથે વાદળમહેલે આવે છે. રબારીઓ આણાતી ઉતાવળ કરાવતા કહે છે, ''રાજા, પાંડવ રાજ્યના નીતિનિયમો ઘણા જ કઠણ છે, દિવસ ઊગી નીકળશે તો અમારું અવળી ઘાણીએ તેલ કાઢીને ધાડાંના ઘા તર ચોપડશે.'' રાજારાણી ઉતરાના આણાની ઝટઝટ તૈયારી કરે છે. ઉતરા કહે છે, ''માતા, તમારો જમાઈ યુદ્ધ લડી રહ્યો છે. રણમાં મરાય તો હું પતિ વિનાની અને તમે જમાઈ વિનાનાં થઈ જશો. માટે મને અમરકૂંપો આપો.'' માતા પુત્રીને અમરકૂંપો અને કણિયોરની કાંબ આપે છે. પણ કાળ તેની આગળ ફરે છે. આણાં વળખતી વખતે લેતી જઈશ એવા ખ્યાલ સાથે અમરકૂંપો અને કણિયોરની કાંબ ભમરબારીએ મૂકે છે.

માણેકચોકમાં રૂપોરત્નો રાહ જુએ છે. આણાં વળાવવાની ઉતાવળ ચાલે છે. પવનકળલા 'બોગલ્લા' કરે છે. ઉતરા વાદળમહેલનાં પગથિયાં ઊતરી માણેકચોકમાં આવે છે. રબારી પવન ટોડિયાના માથે સવાર થાય છે. માતાપિતાથી અળગી થતી ઉતરા કહે છે, ''કુશળ રહેજો મારાં માતા–પિતા ! કુશળ રહેજો ! કુશળ રહેજો મારી નગરીના લોક ! ક્ષેમ કુશળ રહેજો

મારી વહાલી સખીઓ ! સાજા રહેજો મારા વાદળમહેલ અને ખાટહિંડોળા ! બાગમાં મારા ચંપા–કેવડા અને જૂઈ જાસૂદ પણ કુશળ રહેજો. જીવતાં રહીશું તો ફરી મળીશું નહીંતર નરવરગઢ જુહાર !

ઉતરા પવનકળલા પર છલંગ મારી સવાર થયા છ. રબારી રેશમી દોર ઊંચી કરે છે. પવનટોડિયા 'રવોળ' કરતા દોટ કૂદીને હસ્તિાપુરની વાટે વળે છે 'ધુધળી રેત' ઊડે છે અને પવનની સ્પર્ધા કરતા ટોકિયા હસ્તિનાપુરના માર્ગની અધવચ્ચે ભોમનગર આવી પહોંચે છે.

ભોમનગર ગાંદરે આવી રૂપોરત્નો રબારી જોળીમાંથી રાત બહાર કાઢે છે. રબારી કહે છે, ''બાઈ, મનમાં દુઃખી થઈશ નહીં. તું જલદી ચાલી જાત તો અમારું કામ નિષ્ફળ જતું હતું. અમારે દિવસ છાને કામ કરવાનું હતું. હવે અમે હસ્તિનાપુરની અધવચ્ચે આવી પહોંચ્યા છીએ, તને જતાં અને સૂર્યદેવને આવતાંમાં તો હસ્તિનાપુર પહોંચી જઈશું.'' રબારી રાતને મુકત કહે છે અને પવનકળલા આગળ નીકળી જાય છે.

માતાએ આપેલી કીંમતી વસ્તુઓની મનમાં યાદ કરતી ઉતરાને એકાએક ભમરબારીએ મૂકેલાં અમરકૂંપો અને કણિયોરની કાંબ સ્મૃતિમાં આવે છે. હૈયું અને માથું કૂટતી ઉતરા કહે છે.'' રબારી વીરા, ઘરનો ભરથાર મરે છે અને હું અમરકૂંપો વાદળમહેલમાં ભૂલીને આવી છું. અમરકૂંપા વિના તો હું શું કરું ! તમે ઊંટને પાછા આવો.'' બાઈ 'રોવેરતરે' અને 'ઝૂરણ' કરે છે. રૂપો રબારી કહે છે, ''તમે માર્ગમાં બેસો અને હું જાઉં અમરકૂંપો લેવા.'' રબારી વીરા, જાય તો ભલે જા પણ અમરકૂંપાનું નામ યાદ રાખીને જા. અમર કૂંપો ! અમરકૂંપો ! એમ બોલતો બોલતો જા જેથી તું ભૂલે નહીં.''

પહેલા વરસાદના વંટોળની માફક પવનકળલો છૂટે છે. 'અમરકૂંપો ! અમરકૂંપો ! જપતો' રૂપો રબારી વિરાટનગરના ગાંદરે આવે છે. પણ કપટી કાળિયો કૃષ્ણ (કૂર કાળિયો) આગળ ફરે છે. માણેકચોકમાં ઊંટ બેસાડી રબારી જટ વાદળમહેલ પાસે આવે છે. વાદળમહેલનાં પગથિયાં ચડતાં ઠેસ વાગે છે અને અમરકૂંપો અને 'અમીનો હસો' નામ ભૂલી જાય છે અને તેની જીભે તેલકૂંપો ને કાંસકો ''માતા, જલદીથી મને તેલનો કૂંપો અને કાંસકો આપો. ઉતરાકુંવરી ભૂલી ગઈ છે. વિલંબ વિનાશ નોતરશે !'' માતા જડપથી વાદળમહેલમાંથી જઈ તેલકૂંપો અને કાંસકો લાવીને આપ છે. રૂપો 'ધરમર ધરમર' વાદળમહેલનાં પગથિયાં

ઉતરી જાય છે. માણેકચોકમાં આવીને છલંગ મારી પવનટોડિયે સવાર થાય છે. રેશમી દોર ઊંચી લે છે અને પવનકળલો પવન સાથે સ્વર્ગે ચડનો ભોમનગરના ગાંદરે આવી પહોંચે છે. આવતાંની સાથે જ ઉતરા અમરકૂંપો માગે છે. રૂપો રબારી જોળીમાંથી કાઢીને ઝટઝટ તેલનો કૂંપો અને કાંસકો આપે છે. જોતાંની સાથે જ ઉતરાની છાતીમાં 'થરકો' આવે છે. માથું કુટતી કહે છે, ''ભૂંડા ! શું લઈને આવ્યો ! નખ્ખોદિયા ! અમરકૂંપો અને 'અમીનો હસો' મંગાવ્યો હતો અને તું લઈને આવ્યો તેલકૂંપો અને કાંસકો ! તેંતો જગતમાં ઘણું જ ખોટું કામ કર્યુ ! બાઈ તો છાતી કૂટતી અને આંસૂ સારતી ફરીને પવનકળલે ચડે છે. ખરીએ ધૂળ ઉડે છે. અને ઉતરા પાર્થે છે. ''ભગવાન, અધવચ્ચે કોઈનું ઘર ભાંગીશ નહીં !''

## ૨૧. યુદ્ધ (ભારથ) :

ઉતરારાણીના ટોડિયા હસ્તિનાપુરના માર્ગે આવી રહયા છે અને પીળાં પ્રભાત થવા લાગ્યા છે.

કુરુક્ષેત્ર (કૂરિયાં ખેત)માં કિર્તિસ્તંભ (કિરિકથાંષ) રોપાયો છે. યુદ્ધનાં નગારાં વાગી રહયાં છે. પાંડવો હસ્તિનાપુરમાં યુદ્ધની તૈયારીઓ કરે છે જયારે કૌરવો ધવળાગઢમાં યુદ્ધ માટે સજજ થાય છે. શૂરી શૂરી બૂમો પડે છે. ધમકે ધમકો ઊડે છે. પાંડવો વિચારે છે, ''અર્જુન પાતાળમાં ગયો છે. અસલી ગેંડાની ખાલ લઈને આવ્યો હોત તો યુદ્ધમાં ખાલની ઢાલ થાત ! ગેંડાના ચામડાની ઢાલ વિના 'ભારથ' લડવું ઘણું જ મુશ્કેલ છે.''

પુત્ર પાસે આવીને સુભદ્રા આંસુ સારે છે અને 'ઝૂરણ' કરતી કહે છે, ''માતાપુત્ર ફરીને કયારે મળીશું ? દીકરા, દુશ્મતો વચ્ચે જઈ રહ્યો છે. દીકરા, યુદ્ધમાં જવાની ઉતાવળ ન કર. થોડી વાર ધીરજ ધર, તારી રાણી માર્ગમાં જ છે આંખ મેળાવો કરતો જા. નહીં તો તું 'અગન કુંવારો' રહી જઈશ.'' બાળો હિંમત વિલાપ કરતી માતાને કહે છે, ''માતા, સાજા કાળજે રહે ! ભલે આવ્યું યુદ્ધ માતા ; યુદ્ધ સમયે હું રાપી સામે જોતો હોઈશ ! ભલે આવી શૂરાતનોની વાતા ! યુદ્ધના મેદાનમાં કાં તો મરીશ અથવા તો તરીશ. વીરપુરુષની માતા છો ! તારી આંખોમાં આંસુ શોભતાં નથી. યુદ્ધનાં નગારાં વાગી રહયા છે અને મને શૂર ચડે છે !''

પાટવી નગારે ડંકો પડે છે. ચઢાઈના નગારાં વાગી રહયા છે. કયારે ભાગી જાય છે, શૂરા ઘરમાં રહી શકતા નથી. શંખઘોષ થવા લાગ્યા છે. હાથી અને ઊંટ પર બેસી યોદ્ધા

રણમેદાન તરફ જઈ રહ્યા છે.

'વાંક તુરઈયાં' (વાંકાં તુરાઈ) વાગી રહયા છે. 'હોરામાં' વાજાં વાગી રહ્યા છે. બાળાને 'તીજ' ચડવા લાગ્યું છે, તેની આંખો લાલા પીળી થવા લાગી છે. અને કુરુક્ષેત્ર તરફ જવા લાગ્યો છે. હસ્તિનાપુરના પાદરેથી થોડે દૂર નીકળી ગયો છે અને પાછળ ઉતરારાણીના ટોડિયા 'બોગલ્લા' કરતા આવી રહયા છે. બાળાને યુદ્ધ ભૂમિમાં જતો જુએ છે અને ટોડિયા પરથી ઊતરી ચાલતી આવતી ઉતરાને પગે ઠેસ વાગે છે. પગના ઝાંઝરમાંથી ઝણકાર ઊઠે છે અને બાળા હિંમતને ખબર પડે છે વિરાટનગરની નવી રાણી આવી ગઈ છે. બાળો કુંવર વિચારે છે, ''હવે હું પીઠ ફેરવું તો વીરની પ્રતિજ્ઞા જાય. હું શૂરવીર છું. સ્ત્રી માટે જીવ કાચો નહીં પાડું.''

અર્જુનનો પુત્ર યુદ્ધ માટે દઢ નિર્ધાર સાથે આગળ ને આગળ વધી રહ્યો છે. ઝાંઝર ઠમકાવતી અને પાછળ આવતી ઉતરા કહે છે, ''મારા બાળારાજા ! તારા માટે ઘણા સ્નેહ સાથે જીવ બાળતી વિરાટનગરી આવી રહી છું. પૂઠ વાળીને મારી સામે જો અને નજર મેળાવો કરતો જા.'' બાળા હિંમતના કાને પાછળથી ઝંઝરના મીઠા ઝમકારની વચ્ચેથી ઉતરાનો 'હવાદિયો' અવાજ આવે છે. જ્યારે આગળ યુદ્ધની 'હૂરી હૂરી' બૂમો ઊઠે છે. બાળો હિંમત પાછળ જોયા વિના ક્રોધથી ધૂઆ પૂઆ થતો અને આંખોમાં લોહી વરસાવતો આગળ ને આગળ ધપી રહ્યો છે. ઉતરા પાછળ રહી ગઈ અને તે કુરુક્ષેત્રમાં પ્રવેશી ગયો છે.

કીર્તિસ્તંભ (તીર્થ સ્તંભ)ની સામસામે એક બાજુ પાંચ પાંડવો છે તો બીજી બાજુ ઈક્કોતેર કૌરવો છે. સામસામે જરમરિયા મેઘની માફ તીર વરસી રહ્યા છે. ધૂંધળી રેતના વંટોળમાં જીણી જીણી વીજળીની માફક તલવારો ચમરી રહી છે. કૌરવોએ સાત કોટ ગોઠવી દીધા છે, અને આગ થઈને યુદ્ધ લડતો બાળો હિંમત દરરોજ એક એક કોટ ભાગે છે. પહેલા દિવસે જળનો કોટ ભાગે છે. તો બીજા દિવસે સોનાનો કોટ ભાગે છે. 'ધોંણવો' નીકળવા લાગ્યો છે.

કુરુક્ષેત્રની મધ્યમાં ટિટોઈ વિવાઈ છે. ધડ ઉપરથી મસ્તક પર મસ્તક પડે છે અને વચમાં બચ્ચાં ઘેરાઈ ગયાં છે. ટિટોઈ ભગવાનને સ્મરે છે, ''મારા ભગવાન ! વીર, વીર લડી રહયાં છે અને વચમાં અમારા જેવા ઝાડોનો ખો નીકળી રહયો છે. પાપમાંથી બચવું હોય તો સ્વામી, આપ યુદ્ધ મેદાનમાં પધારો અને ઊદ્ધાર કરો.'' મૂછો આમળતો અને લાલપીળો થતો બાળો જયાં કાંસા અને પિતળનો ચકાવો (કોટ) ભેદવા આગળ વધે છે ત્યાં તો મકના હાથીના

ગળામાંથી ઘંટ છૂટી જાય છે અને વચ્ચે આવતાં ટિટોડીના બચ્ચાં ઘંટથી ઢંકાઈ જાય છે. પ્રથમ વરસાદના પવન જેવો બાળો છઠ્ઠો ચક્રાવો (ચક્રવ્યૂહ) કાપી કૌરવોનું નિકંદન કાઢી નાખ્યું છે. ધડ પર ધડ પડયાં છે અને મસ્તક પર મસ્તક પડયાં છે.

સાતમો દિવસ ઊગ્યો છે અને બાળા હિંમતને વાચે પૂરો થયો છે. સાતમો છાણનો કોટ આવ્યો છે અને ભીમનો વારો ચડયો છે. મૂછો આમળતો અને નાકથી ફૂંફડા મારતો ભીમ સાતમો છેલ્લો ચક્રાવો ભેદવા આગળ ધપી રહયો છે. પાંડવ ઘડીકમાં ગદાએ હાથ નાખે છે તો ઘડીકમાં ઢાલતલવાર પર હાથ નાખે છે. ધમણની જેમ હાંફતા અને ક્રોધથી આગ આગ થતા ભીમની નવી કલા નીરખતો બાળો હિંમત કુરુક્ષેત્રમાં એક ખૂણે ચઢાવેલા ધનુષ્યની એક અણી ચિબુકે (દાઢીએ) ટેકવી શ્વાસ ખાતો ઊભો છે. યુદ્ધમાં સાથે રમતા ભગવાન કૃષ્ણ બાળા હિંમત (ઈકો દાનવ) નો લાગ શોધતા જ હતા. બાળાનો ઘાટ ઘડવા ભગવાન ઊંદરનો વેશ લે છે. યુદ્ધ જોવામાં તલ્લીન બનેલા બાળાના ધનુષ્યની પણછ પર ચડીને ઊંદર હળવેથી પણછ કાપે છે. ધનુષ્ય છટકે છે અને બાળા હિંમતનું માથું છેદાઈને દૂર પડે  છે. બાળો હિંમત મરાયો અને ભગવાને જગતમાં કામ ખોટું કર્યુ. એક બાજુ ઈટ્ઠોતેર કૌરવો મરાયા છે તો બીજી બાજુ બાળો હિંમત કામે આવ્યો છે.

વચમાં કીર્તિસ્તંભ (તીર્થ સ્તંભ) દીપી રહ્યો છે.

હોંકારા દેનાર તું કુશળ રહેજે ! જુગ જાય છે અને વારતા આગળ ચાલે છે.

## ૨૨. અર્જુનનો ચોક :

હીરાપથ રાણી દોડતી વાદળમહેલમાં આવીને અમરકૂંપો અને કણિયોરની કાંબ લઈને કનોગરા તળાવની પાળે આવે છે. અમરકૂંપોમાંથી અર્જુન પર અમૃતના છાંટા નાખી ઉપર કણિયોરની કાંબ ફેરવે છે. અર્જુન આળસ મરડીને બેઠો થાય છે. આનંદિત થયેલાં માતા–પુત્ર અર્જુન સાથે વાતો કરે છે. હીરાપથ કહે છે, ‘‘મારા ભરથાર ! તારા કર્મમાં કાળા અક્ષર લખાવીને આવ્યો છે. પાતાળખંડમાં બે વાર આવ્યો અને બે વાર મૃત્યુ પામ્યો. હા, પણ તમારે આ મોતના મુખમાં કયા મોટા કામ માટે આવવું પડયું છે ? તમારા કામનું નામ ધરો.’’ ‘‘હીરાપથ હું તો યુધ્ધ જીવતા અસલ ગેંડાના ખાલની ઢાલ લેવા માટે આવ્યો હતો, પણ મારું જ તીર મારી સામે આવ્યું. મારું જ સંતાન મને નડયું.’’ ‘‘નેપજી દીકરા, તેં ઘણું જ ખોટું કામ કર્યુ

છે. હવે તું નવો પાટવી ગેંડો મારીને તેની ખાલ પિતાને આપ નેપજી પાટવી ગેંડો મારીને તેની ખાલ ઉખાડે છે. આ ખાલ લઈને અર્જુન હસ્તિનાપુરની વાટે વળે છે.

અર્જુન હસ્તિનાપુરના વાદળમહેલમાં આવે છે. વાદળમહેલામાં સૂનકાર છવાયેલો છે. અર્જુનને જોતાં જ સુભદ્રારાણી બાળા કુંવરને યાદ કરીને આંસુ સારે છે. અર્જુન રડવાનું કારણ પૂછે છે. સુભદ્રા 'હોવન હપારાં' માંડતો કહે છે, ''તમે પાતાળપુરીમાં ગયા અને અહીં તો 'ભારથ' જાગ્યું. આકાશમાં વીજળી થાય તેમ તલવારો ચમકી અને જરમરિયા મેઘ વરસે તેમ તીર વરસ્યાં. આપણા બાળાકુંવરે કૌરવો સામે યુદ્ધ વહોર્યુ પણ છેલ્લા 'કોટ' સમયે કામે આવ્યો !'' બાળાના મૃત્યુના સમાચાર સાંભળીને અર્જુન પાંડવ દીવાલે માથાં કૂટે છે. બાળા કુંવરને યાદ કરી કરી આંસુ સારે છે અને વિલાપ કરે છે. બાળાના મૃત્યુથી શોકાતુર થયેલો તે ભગવાનને મહેણાં મારે છે, ''ભગવાન, એકનો એક દીકરો આપીને તેં પાછો કેમ લીધો ? તેં તો ઘણું રૂપ બતાવીને પાછું હરી લીધું ; તે આવું કઠોર કર્મ કેમ કર્યુ ?'' રોતો, રતરતો અને ઝૂરણ કરતો અર્જુન એકાએક ઊભો થાય છે. અને સ્મશાનમાં આવીને આંસુ સારે છે. સાંજ પડે પાછો વાદળમહેલમાં આવે છે; પ્રભાતે પાછો સ્મશાનમાં આવીને રોજ શા માટે રડે છે, મારો એકનો એક પુત્ર હતો. યુધ્ધમાં કામ આવ્યો. બાળોકુંવર મને વિસરતો નથી માટે રડું છું.'' સ્મશાન કહે છે, ''એકનો એક દીકરો હતો એ વાત સાચી પણ આજથી રોવાનું બંધ કર. મેં તો એક જ વાર તાર પેટ અવતાર લીધો છે, પણ તેં તો સાત સાત વાર મારા પેટ અવતાર લીધો છે. અને સાત વાર મારો બેટો બન્યો છે. જયારે હું તો એક જ વાર તારો બેટો બન્યો છું. પછી મારા માટે રડી રડીને શા માટે મરી જાય છે !'' સ્મશાનની વાતથી અર્જુન તો થાંભલો થઈ આવે છે. તે વિચારે છે, ''આજે ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું !'' સ્મશાન કહે છે, ''કોઈ જાણે નહીં ને છાનોમાનો ઘેર જતો રહે. હવે તારે અને મારે કોઈ સંબંધ નથી ! ઘેર જઈને પણ મારા માટે રડીરડીને મરીશ નહી !'' સ્મશાનની વાસ્તવિક વાત સાંભળી અર્જુનનો શોક દૂર થયો છે, અને મારગે મારગે વાદળમહેલે આવે છે. સુભદ્રાને કહે છે, ''બાળાકુંવર માટે વિલાપ કરી કરીને શા માટે રડો છો ? જેટલા દિવસ જીવતો હતો એટલા દિવસ તમારો હતો. હવે એ તમારો નથી. માટે હવેથી આપણે પુત્ર માટે રડવું નથી. આ ધરતીના સ્તંભ જેવા અમે પાંચ ભાઈ હયાત છીએ. કોઈથી ગાંજયા જઈએ એવા નથી. પછી શા માટે મરેલા પાછળ શોક કરીએ ? ત્યાંથી

અર્જુન કમલકચેરીમાં આવે છે. બધા ભાઈ 'ગરમી ગરમી' વાતો કરે છે. અર્જુન કહે છે, ''તમે બાળાકુંવરને યાદ કરીને વિલાપ કરશો નહીં. જેટલાં દિવસ જીવતો હતો એટલા દિવસ બાળોકુંવર આપણો હતો. મૂએલા બાળા અને આપણી વચ્ચે હવેથી કોઈ સંબંધ નથી. કુંતામાતાના પાંચ પુત્રો આપણે 'સતના પુતરળ છીએ. આખું આભ નીચે પડે તો ઊંચે રાખી શકીએ એવા છીએ ! પછી એક નાના બાળકને યાદ કરીને શા માટે મરી જવું ?

અર્જુનની વાત સાંભળી ભીમ પાંડવ મૂછે વળ દે છે અને 'ગરમી ગરમી' (દર્પથી ભરેલી ) વાતો કરે છે.

## ૨૩. કૃષ્ણલીલા :

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગને મહાજોગ આવ્યો છે. હસ્તિનાપુરમાં પાંડવો રાજ કરે છે. પાંડવોના ઘેર ભગવાન મહેમાન બનીને આવે છે. શેરીમાંથી જ ભગવાનનાં દર્શન થવા લાગ્યા છે. પાંડવો સામે જઈને ભગવાનને મળે છે. અને ઘણા સન્માન અને સ્નેહ સાથે કચેરીમાં લાવે છે. લીલીપીળી જાજમ પાથરે છે અને મધ્યમાં ભગવાન બેસે છે. ભગવાનની આજુબાજુ પાંચ પાંડવ બેસે છે. ભગવાન કહે છે, ''અહીં આવી રહયો હતો. અને માર્ગમાં કૌતુક જોયું ! તમે મારી વાત માનો તો કહું.'' અર્જુન પાંડવ કહે છે, ''ભગવાન સ્વંય વાત કહે તે અમે કેમ ન માનીએ ?'' ''પાંડવ, કીડીના પગે જાંઝર વાગતું હતું, પણ આ વાત દુનિયાના લોકો માનશે ?'' અર્જુન કહે છે, ''આખી દુનિયા તો જૂઠું બોલે છે પણ તમે ભગવાન થઈને જૂઠું કેમ બોલો છો ?'' ભગવાન આગળ કહે છે, ''પાંડવો, આટલી જ વાત નથી. હું તો બીજી નવીનતા પણ જોઈને આવ્યો છું. માર્ગમાં કીડીએ હાથીને જન્મ આપ્યો હતો. આ વાત તમે માનશો કે નહીં માનો ?'' અર્જુન કહે છે, ''તમે આજે જૂઠી વાત કયાંથી લઈને આવ્યા છો ?'' ''કૃષ્ણ કહે છે, ''એટલે જ વાત અટકી નથી. હાથી દરવાજેથી નીકળી ગયો અને પૂંછડું રોકાઈ ગયું. પાંડવો, આ વાત તદન સાચી છે. '' અર્જુન પાંડવ ભગવાનની એકેય વાત માનતો નથી. પાંડવો કહે છે, ''તમારી જૂઠી વાતો અમે શા માટે માનીએ ? ભગવાન વિચારે છે, ''પાંડવોને તેમની આંખે દેખાડું અને જાતે જ અનુભવ કરાવું તો જ તેઓને મારી વાત સમજાશે.

કુંતામાતા ભગવાન માટે ભોજન કરવા રસાડે બેઠાં છે. ભગવાન અર્જુનને કહે છે, ''જમવાની હજી વાર છે. ચાલ, આપણે ગંગાઘાટ નાહી આવી એ.'' કુંતા રોટલો ઘડી હાથમાં

લઈ એક બાજુએ શેકવા કબેડામાં નાખે છે. ભગવાન અને અર્જુન મારગે મારગે ચાલી ગંગાઘાટ આવે છે. કિનારે વસ્ત્રો ઉતારી નદીમાં નાહવા પડે છે. અર્જુન પાંડવ બૂડી બૂડીને જીલે છે. તે નાહવામાં મશગુલ છે, અને ભગવાન અલોપ થયા છે. અર્જુન નાહીને બહાર આવીને જુએ છે તો ભારે 'નકટો' (નવી કળા) થયો છે. માથે મોટા મોટા કેશ થયા છે અને છાતીમાં મોટાં મોટાં સ્તન ઉપસી આવ્યાં છે. અને સ્ત્રી બની ગયો ?'' અર્જુન જુએ એટલામાં તો મોટું પેટ થઈ ગયું છે. એ કંઈ વિચારે એ પહેલાં તો એક બાળકનો જન્મ થઈ ગયો. અર્જુનને ધ્રાસકો પડે છે, ''હું પુરૂષ હતો. અને મારે બાળક જન્મયું !'' આ વિચારી રહે એટલામાં તો એક પછી એક બાળક જન્મે જ જાય છે. જોત જોતામાં અર્જુને બાર બાળકોને જન્મ આપ્યો છે. અર્જુન વિચારે છે, ''હું હવે કયાં જાઉં લાજીલાજીને મરી જાઉં છું !

ભૂખે ટળવળતાં બધા બાળકો અર્જુનની આજુબાજુ વીંટળાઈ વળ્યાં છે. કોઈ દૂધ માગે છે ; રોટલો માગે છે તો વળી કોઈ ધાવવાનું માગે છે. બાળકો 'સીલાપથ' કરે છે, અને લાચાર અર્જુન લાજીલાજી દુઃખી થાય છે. અર્જુનની લાચારી જોઈને હસતા હસતા ભગવાન પ્રગટ થાય છે. દિગ્મૂઢ થયેલો અર્જુન વિસ્ફારિત આંખે ભગવાનને નીરખતો કહે છે, ''ભગવાન, તમારી કળા મોટી છે. લજ્જાશીલ બની જમીનમાં ઊંડો ઊતરી જાઉં છું. મારો ઉધ્ધાર કરો.'' ભગવાન અર્જુન પર હાથ પસારે છે, અને નારીમાંથી પાછો નર બને છે. બંને નદીમાં નાહીને પાછા આવે છે. ત્યાં તો કલેડામાં પ્રથમ નાખેલા રોટલાની એક બાજુ જ રોકાઈ છે અને માતાકુંતા બીજી બાજુએ કાચો રોટલો ફેરવે છે. અર્જુન વિચારે છે, ''પ્રથમ રોટલો પણ હજી પડયો નથી. એટલામાં બે વાર નાહી આવ્યા અને મેં તો બાર બાળકોને જન્મ આપ્યો. ભગવાનની કળા ઘણી જ મોટી છે ! તેની માયાને કોણ પહોંચી શકયું છે !''

કુંતામાતા પાંડવોને સાદ દે છે, ''પાંડવો, બત્રીસ પ્રકારનાં ભોજન તૈયાર થયાં છે. દેવગરા થાળ પીરસ્યા છે. ભગવાન અને તમે જમીલો.'' પાંડવો અને ભગવાન સાથે બેસીને ભોજન કરે છે. સંતૃપ્ત થઈ કલમકચેરીમાં આવે છે. અર્જુન કહે છે, ''ભગવાન, કીડીએ હાથી જણ્યો ; હાથી દ્વારમાંથી નીકળી ગયો અને પૂછડું રોકાઈ ગયું. આવી આવી જૂઠી વાતો અમારા ગળે ઉતરી નથી.'' ભગવાન કહે છે, ''આપણે ગંગામાં જઈ જીલીને પાછા આવ્યા તે સમયે ઘડીકમાં એક ઘટના ઘટી. છતાં તને જ્ઞાન પ્રાપ્ત થયું નહીં. હવે મારે જ તમને જ્ઞાન આપવું

પડશે.'' ભગવાન પાંડવોને જ્ઞાનન શબ્દો સમજાવતાં કહે છે, ''વડલાંનું બીજ કીડી જેવડું સૂક્ષ્મ હોય છે. તેમાંથી હાથી જેવડો વડલો બને છે. બોલો પાંડવો, આ વાત સાચી કે ખોટી ?'' પાંડવો હકારમાં માથું ધુણાવે છે. ભગવાન આગળ કહે છે, ''માતા જયારે બાળકનો જન્મ આપે છે ત્યારે પ્રમાણમાં મોટું બાળક પેટમાંથી બહાર આવે છે અને પૂંછડી જેવી નાડ પેટમાં રોકાઈ જાય છે. બોલો પાંડવો, આ વાત સાચી કે ખોટી ?'' પાંડવો કહે છે, ''ભગવાન, તમારી વાત બિલકુલ સાચી છે. તમારી કળાને કોણ પહોંચી શકે ? તમે જીત્યા અને અમે હાર્યા !''

ભગવાન પાંડવોને જ્ઞાનના બે શબ્દો સમજાવીને પાછા વૈકુંઠપુરી જવા લાગ્યા છે. વૈકુંઠપુરીના માર્ગે જતાં જતાં ભગવાન વિચારે છે, પાંડવો હજી મૂઢ છે. તેઓને જ્ઞાનની જરૂર છે. ભગવાન કળા વરતે છે. તેઓ અડધા 'અસી રૂપાળો' ઘોડો બને છે અને અડધા સુંદર સોદાગર બને છે. બંને આંબાવાડીમાં આવે છે. ઘોડા બને છે અને અડધા સુંદર સોદાગર બને છે. બંને આંબાવાડીમાં આવે છે. ઘોડાને અને સોદાગરને જોઈને લોકો એકઠા થયા છે. લીલાપીળાં રંગનો ઘોડો 'થઈ, થઈ' નાચે છે. લોકો કહે છે, ''પાંડવોને શોભે એવો ઘોડો છે. તેમને સમાચાર આપો.'' પાંડવોની કચેરીએ સમાચાર પહોંચે છે. ઘોડેસવારીના રસિયા પાંડવો આંબાવાડીમાં આવે છે. તેઓ ફરી ફરીને ઘોડો જુએ છે. પાંડવોને જોઈને ખરીઓ પછાડી ઘોડો 'થઈ, થઈ' નાચે છે. પાંડવો ઘોડાનું મૂલ્ય પૂછે છે. તેમને યોગ્ય મૂલ્ય કરીએ. સહદેવ, નકુળ, ભીમ અને ધર્મરાજા ઘોડા પાસે આવી થપથપાવી સવાર થવા જાય છે, પણ ઘોડો સવાર થવા દેતો નથી. છેલ્લે અર્જુન પાંડવ ઘોડા પાસે આવે છે અને ઘોડો 'રવોળ' કરીન નાચવા લાગે છે અને અર્જુન વિચારે છે, ''અહીં પડું તો હાડકાં પણ મળે નહીં. આ શી કળા થઈ ?'' અર્જુન થરથર ધ્રુજે છે. આકાશમાં ઊંચે જવા લાગ્યો છે. ઘોડો તો બાર ને બાર ચોવીસ યોજનની મજલ કાપી છે. ભૂખે અને તરસે અર્જુનનો 'જીવરો હર હર' જાય છે. તે વિચારે છે, ''હસ્તિનાપુર તો ઘણે દૂર રહી ગયું હવે મારી શી વલે થશે ?'' અર્જુન નીચે જુએ છે તો દરિયો દેખાય છે ; દરિયાનું પાણી દેખાય છે. ઘોડો દરિયામાં નીચે ને નીચે આવે છે. ઘોડો પકડેલો પકડાતો નથી, અને અર્જુન થરથર ધ્રુજે છે. મધદરિયે ભમર શિલા (ભમર હિલાક) દેખાય છે. ઘોડો શિલા પર ઉતરીને ઊભો રહયો છે. તરસે મરતો અર્જુન ઘોડમા પરથી નીચે ઉતરી પડી પાણી 'ઝખોરી' ખોબે ખોબે પાણી પીવા લાગ્યો છે. પાણી પીને પાછળ જુએ તો ઘોડો અલોપ થયો છે.

અધવચ્ચે દરિયે અર્જુન એકલો ઊભો છે અને ઉગમણું (પૂર્વ), આથમણું (પશ્ચિમ), અહાડું (ઉત્તર), કોરબણું (દક્ષિણ) ચારે દિશામાં પાણી જ પાણી છે અર્જુન વિચારે છે, "હવે હું ઘોડા વિના કઈ રીતે હસ્તિનાપુર જઈશ ?" એટલામાં તો જળજોગણી હસતી હસતી સામે આવી રહી છે. અર્જુન વિચારે છે, "ઘોડે તો મને છેક આકાશમાંથી નીચે અધવચ દરિયે મૂકી દીધો. વળી સામેથી સુંદર સ્ત્રી આવી રહી છે. આ બધું સાચું છે કે પછી સપનામાં છું ?" સ્ત્રી કહે છે, "ખમા મારા ઘરના ભરથાર ! ભલે આવ્યો મારો અર્જુન પાંડવ ! તારા માટે તો મેં વ્રત કર્યા છે. બાર બાર વરસથી તારી તો હું રાહ જોતી હતી. ઘણા વરસે આજે તું નજરે પડયો છે." નેત્રોથી કટાક્ષ કરતી અને હસતી હસતી જળજોગણી કહે છે, "તું અને હું ઘરવાસો કરીએ !" અર્જુન કહે છે, "જળજોગણી, તું ડાકણ હોય કે જોગણ, ભૂત હોય કે પલીત; તું પાપ લાગે એવું બોલીશ નહીં. પાપમાં બોલીએ તો દાષ લાગે !" હવે જળજોગણી રાક્ષસીનું રૂપ ધારણ કરે છે. મોટી મોટી આંખો અને મોટા મોટા દાંત કરી 'ખાઉં ખાઉં' કરતી અર્જુન પર તૂટે છે. અર્જુન પાંડવ હાથ જોડીને ઊભો રહયો અને આજીજી કરવા લાગ્યો, "મને ખાઈ જઈશ નહીં. ફંદમાં ફસાયો છું ! તું કહીશ એટલાં જ પગલાં ભરીશ. તમે કહેશો એવી કળા કરીશ !" રાક્ષસી કહે છે, "મારા ઘરના ભરથાર ! આજથી મારે અને તમારે ઘરવાસો ! અર્જુન અને જળજોગણી પતિપત્ની બને છે, એક ઘડીમાં એક બાળક બીજી ઘડીમાં બીજું બાળક જન્મે છે. જોત જોતામાં તો જળ જોગણીને સવાસો સંતાન થાય છે."

બાળકો પિતા–પિતા કરતાં અર્જુનની ચારે બાજુ વીંટળાઈ વળે છે. કોઈ કમરે બેસે છે; કોઈ ખભે ચડે છે તો વળી કોઈ ખાવાનું માગે છે. અર્જુન વિચારે છે, "હું તો જાગું છું કે સુતો છું ! હું તો ઊભો છું કે સપનામાં છું ! આ શી કળા થઈ !"

મધદરિયે ભગવાનની મહામાયામાં ફસાયેલા અર્જુનને કંઈ જ નહીં સમજાતાં પ્રાર્થે છે, "મારા સ્વામી શામળા ! ઘડીકમાં મને શું તે શું દેખાય છે ? તારી કળાનો કોઈ છેડો નથી. મને કંઈક કરીને હસ્તિનાપુરમાં લઈ જાઓ." થોડીક વાર થાય છે અને દરિયાનું પાણી ઘટવા લાગે છે. અર્જુન પાંડવ દરિયામાંથી બહાર આવે છે. પાછળ ફરીને જુએ છે તો સવાસો છોકરાં પાછળ પાછળ આવતાં કહે છે, "બાપુ, અમને પણ તારી સાથે લેતો જા. અમે વળી અહીં કયાં રહીશું !" ભૂખે ટળવળતાં અને બૂમો પાડતાં છોકરાં તેની પાછળ પાછળ આવી રહ્યા છે.

મુંજાયેલો અર્જુન ખોળો વાળીને દોડે છે. તો છોકરાં પણ તેની પાછળ દોડે છે. બાળકોની પાછળ તેની માતા દોડે છે. જળજોગણી કહે છે, "મારા ઘરના ભરથાર ! કુંવારીને કલંક લગાડીને હવે કયાં જાય છે ? તારાથી મારે તો સવાસો છોકરાં થયાં અને હવે અમને મૂકીને કયાં ભાગે છે ? અમને હસ્તિનાપુર લેતો જા !"

અર્જુન માર્ગમાં ઊભો રહીને વિચારે છે, "મારા દ્વારા થયેલાં આ બધાં બાળકોનું લાવલશ્કર હસ્તિનાપુરમાં આવશે તો માતા શું કહેશે ? આ લશ્કર જોઈને ભાઈઓ શું કહેશે ? લાજીલાજીને મરી જઈશ." બાળક 'બાપું, બાપું' કરતાં અર્જુનને વીંટળાઈ વળે છે. જળજોગણી કહે છે, "હું તો જળમાં એકલી રહેતી હતી. તમે એકલા જ આવીને મારી સાથે 'સેનાળવું' (સમાગમ) કર્યુ હવે અમે કયાં જઈએ ! અર્જુન પાંડવ કહે છે, "તમારી વાત સાચી છે. પણ તમને હસ્તિનાપુર લઈ જઈ શકતો નથી. તમને આ આખા વનનું રાજ આપું છું. તમારી માતા સાથે વનમાં રહેજો અને વનનું રાજ કરજો. ખાજોપીજો અને માયા માંડજો." જળજોગણી અને સંતાનોને વનનું રાજ સોંપી અર્જુન હસ્તિનાપુર આવે છે.

હસ્તિનાપુરમાં પાંડવોની કચેરી 'ઝકી' છે. સોનાના સિંહાસન પર ભગવાન કૃષ્ણ વિરાજયા છે. દૂરથી અર્જુન આવી રહયો છે. તેને આવતો જોઈને ભગવાન કૃષ્ણ કટાક્ષમાં હસી રહયા છે, "તું કચેરીમાં આવીશ નહીં. તું તો ગંધાય છે !" લજ્જાશીલ બનેલો અર્જુન કચેરીની મધ્યમાં આવીને ઊભો રહે છે. વળી, ભગવાન કટાક્ષ કરે છે, "તું સવાસો સંતાનોનો બાપ હોય એવું લાગે છે. જોજે કચેરી અભડાવતો !"

લજ્જિત થયેલો અર્જુન પાંડવ નીચે ભગવાનની સામે એક પગે ઊભો રહે છે !

## ૨૪. ધરમાબાઈનું મામેરું :

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. લાંબી ડાંગ ખભે મૂકી ભીમ પાંડવ હાથીનો ગોવાળ બન્યો છે. વનખંડમાં હાથી ચારતો ભીમ મારગે મારગે રતનાગર દરિયે આવે છે. ભરબપોર થયા છે. વનરાજીની શીળી છાયા છે. પાંડવ છાયામાં આસન નાખી સૂતો સૂતો વિશ્રામ કરે છે. દરિયાનાં મોજા પરથી શીતળ પવન આવે છે, અને ભીમને નીંદર આવે છે.

વૃક્ષોની છાયામાં ચતો સૂતેલો ભીમ ઊંચા દેવળના શિખર જેવો લાગે છે. માથું

પાણીવાળા નાળિયેર જેવું અને પેટ પાતાળના નાગ જેવું રેશમી છે. વાંસો આબુનાં નજીકનાં બે શિખરોની ઊભી નીંક જેવું છે. હાથ વડની વડવાઈ જેવા લાલ અને દેવળના સ્તંભ જેવા પગ છે. ભમ્મરની પાંખ જેવી પાંપણો અને નેત્રો તો જાણે ખાંડાની ધાર નાક દીવાની રાગ એક હોઠ કંકુ જેવા છે. માથામાં ભમ્મરિયો પડી છે. ભીમ મીઠી નિદ્રા લઈ રહ્યો છે અને સામટી નદીઓના ધોધ જેવી ઘોર બોલી રહી છે.

ગોરણગઢની ધરમાબાઈને દેરાણીજેઠાણીએ મહેણું માર્યુ છે, "પિયરમાં તો કાળો ખીજડો ઊગ્યો છે ! રાંડ, દીકરીનો વિવાહ લઈને બેઠી છે. હવે તેનું મામેરું લઈને કોણ આવશે ? ભાઈઓ વિના આંગણાં કોણ શોભાવશે ? ધરમાબહેનને મહેણાં ખૂબ આકરા લાગે છે. દેરાણીજેઠાણીનાં મહેણાંની મારેલી તેણી પાણી ભરવા રતનાગર દરિયે આવે છે. દરિયાની પાળ પર બેઠેલી ધરમા મહેણાંને યાદ કરી કરીને (વનારી વનારી ) આંસુ સારે છે, અને ભગવાનને પ્રાર્થના કરે છે, ભગવાન, જન્મ આપે તો ભાઈબહેનની જોડી પણ આપજે."

વૃક્ષોની શીતળ છાયામાં સૂતેલા ભીમના કાનમાં વિલાપ કરતી ધરમાના રુદનનો 'હણાકો' (સણકો; અવાજ) આવે છે. ભીમ પાંડવ જબકીને જાગે છે, અને વિચારે છે, "રતનાગર દરિયાની પાળ પર આ કોણ દુઃખી કરુણ રુદન કરી રહ્યું છે ?" ભીમ આકાશ મંડળ ના તારા જેવી આંખો ઉઘાડી ચારે દિશાએ જુએ છે તો પાળ પર આવે છે અને ધરમાને કહે છે, "બાઈ, તું કયાં દુઃખે રડે છે ? રડવાનું બંધ કરી તારા દુઃખનું કારણ કહે." તું આવ્યો એ જ મારગે પાછો જા. તું મારી ભીડ ભાગી શકીશ નહીં.'' ધરમાના વચનો સાંભળી ભીમને ચોટીમાં ભડાકો થાય છે, ''બાઈ, પહેલાં તું મારા દુઃખનું નામ ધર. પછી આ ભાઈનું કામ જો. ''વટેમાર્ગુ, હું તો મારા દુઃખને રડું છું. મારી ભીડ પણ ઘણી ભારે છે. મને કયાંક પાંડવ મળ્યા હોય તો જ મારી ભીડ ભાગત. તારું આ કામ નથી. મારી દીકરી તેરસીનો વિવાહ માંડયો છે. દેરાણીજેઠાણીએ મહેણું માર્યુ છે. પિયરમાં તો કાળો ખીજડો ઊગ્યો છે, અને રાંડે વિવાહ માંડયો છે ! મોટાં મામેરાં કોણ લાવશે ? મારે માજણ્યો ભાઈ નથી અને મહેણાં કડવાં લાગ્યાં છે. વટેમાર્ગુ, હું મહેણાંની મારેલી રહું છું.'' દોડવું હતું ને ભીમને ઢાળ મળ્યો. તે વિચારે છે, ''પાંચ ભાઈ છીએ પણ અમારે બહેન નથી.'' ભીમ કહે છે, ''જા આજથી તું મારી બહેન અને હું તારો ભાઈ ! તું કહીશ એટલું કામ કરીશ. ભાઈ તું જે બોલ્યો તે પાળજે ! બહેન ચિંતા ન કરીશ

હું સ્વયં ભીમ પાંડવ છું. અમને મામેરાંના વહેલાં નોતરાં આપજે. તું તારે અમે તારા આંગણે મામેરાની કીમતી સામગ્રી લઈને તારે ત્યાં આવીશું. મામેરે મજા મામા આવીશું કે ગોરણાગઢનું પાણી પણ ખૂટી જશે. ભીમ પાંડવ કાચો દોરો (રાખડી) ધરમાબહેનને આપે છે અને ધરમાબહેન જમણા હાથે દોરો બાંધીને ભીમ પાંડવોને ધર્મનો ભાઈ બનાવે છે. જતાં જતાં ભીમ કહે છે, ''બહેન સૌથી પહેલાં અમને પીળા ચોખા મૂકીને મામેરાનું આમંત્રણ આપજે.'' ભીમ રતનાગર દરિયે હાથી ચારવા જાય છે, અને ધરમા પાણી ભરીને ગોરણાગઢ તરફ વળી છે.

એક દિવસનો સમાજોગ આવ્યો છે અને સમાજોગનો મહાજોગ આવ્યો છે ગોરણાગઢમાં તેરસી છોકરીનો વિવાહ માંડયો છે. લગ્નની તૈયારીઓ ચાલે છે.

ધરમાબાઈને આંગણાં – ઓસરી લીંપતી જોઈને દેરાણીજેઠાણી મહેણાં મારે છે, ''પિયરમાં તો કાળો ખીજડો ઊગ્યો છે, અને રાંડ, વિવાહ માંડીને બેઠી છે ! મામેરા આવવાનાં નથી પછી આંગણાં કયા ભાઈને દેખાડવા લીંપતી હશે ?'' ધરમા વિચારે છે, ''તમારે જે કહેવું હોય તે કહો પણ મારું પિયર તો ઘણું ઉચું અને ઘણું મોટું છે ! હોરમાં વાજાં વાગે છે. 'ઘૂસાં' દરિયાની પાળ વાગે છે. યુવાનો મૂછો આમળે છે. ડોસા હોકો પીવે છે, ''સૌથી પહેલાં મારા પિયેરે મામેરાનું આમંત્રણ આપવું પડે. નોતરાના પીળા ચોખા લઈને બ્રાહ્મણ જ હસ્તિનાપુર જશે.'' ધરમા બ્રાહ્મણને સંદેશો કહેવડાવે છે. ભગવાનની જીભ બોલે અને અભાગિયાના લાગે ભોગ – બ્રાહ્મણ ધરમાા ઘેર આવીને હાથ જોડીને કહે છે, ''બહેન, તારા કામનું નામ ધર.'' બ્રાહ્મણ દેવતા, તું હસ્તિનાપુર જા. પાંચ પાંડવ મારા ભાઈ છે.'' પાંડવોનું નામ સાંભળી બ્રાહ્મણ તો પાછા પગે જવાની તૈયારી કરતાં કહે છે, 'બહેન, હું હસ્તિનાપુર તો જઈ નહીં શકુ. આખા વડલા ઊખેડી માથે વડલાનું છોગું મૂકીને ફરે છે એવો ભીમ પાંડવ મને જીવતો મૂકે નહીં. ભાઈ તું મારું નામ લે જે; તારો વાળ વાંકો નહીં થાય. મામેરાંનું આમંત્રણ લખી આપું છું. તને ઘણા સન્માન સાથે રાખશે. ધરમા હાથમાં રૂપાની કલમ અને ખડિયો લઈને નોતરું લખવા લાગી છે. પહેલા લાડમિયા જુહાર લખી પાછળ ક્ષેમકુશળ લખે છે. વચમાં લખે છે. ''ભાઈ, દેરાણીજેઠાણી મહેણાં મારે છે સાપલી સાડી લઈને ઝટઝટ મામેરે આવજો. તમારાથી બને એટલી વસ્તુઓ મામેરામાં લઈને આવજો. બાઈ આગળ વાળીને બ્રાહ્મણ દેવતાને આપે છે.

બ્રાહ્મણ હસ્તિનાપુર જવા નીકળે છે. માર્ગમાં ભીમ યાદ આવે છે. તેના હૃદયમાં

'ડીબકા' પડે છે. દૂરથી હસ્તિનાપુરના ધૂંધળા મહેલ દેખાય છે અને બ્રાહ્મણ શુકન જોવા લાગ્યો છે. ગોત્રદેવીને પ્રાર્થના કરે છે, ''માતા, પાંડવોનું રાજ ઘણું કઠોર છે. મને સારા શુકન બતાવજે કે જેથી હું શુભ કામ કરી સુખરૂપ પાછો ગોરણાગઢ જાઉં.'' માર્ગથી ડાબી દિશા તરફ દેવચકલી (દેવોલ) બોલે છે અને જમણી દિશા તરફ 'વેંભાગ' (લેલું) બોલે છે. બ્રાહ્મણ વિચારે છે, ''શુકન તો ઘણા સારા થયા છે. કામ ઘણું સારું થશે. અને પાંડવોનું રાજ શોધતા શોધતા પાંડવોની કચેરીમાં આવે છે .

આ તરફ પાંડવોની કચેરી ભરાઈ છે, વચમાં કૃષ્ણ ભગવાન વિરાજ્યા છે. સુંદર મજાની વાતો ચાલે છે. તેવામાં બ્રાહ્મણ આવીને લગ્નની કંકોત્રી આપે છે. તે જોતા અર્જુન વિચાર કરે છે, કે અમારે બહેન પણ છે, તે માતા કુંતાને પૂછવા જાય છે, ને ખબર પડે છે, કે ભીમે ધરમાને બહેન બનાવી છે. તો આપણે તેનું મામેરું કરવું પડશે ! ભાઈ, સતી દ્રૌપદીના મતને પણ જાણી લો પછી આપણે બહેનનું ધામ ધામથી મામેરું કરીએ. માતા કુંતા રાજીખુશીથી ધરમા બાઈનુ મામેરું કરવાની છૂટ આપે છે, આ તરફ કળિયુગના પ્રભાવનથી બચવા હિમાલય જવું પડશે તેવી વાત પણ કરે છે, નહિતર અત્યાર સુધીની ભકિત સતકરણી નિષ્ફળ જશે. હવે આવી રહેલા પાપી જગતમાં રહેવું ભારે જોખમ છે. કળિયુગનો આરંભ થઈ રહ્યો છે.

## ૨૫. કળિયુગનો પ્રવેશ :

ભગવાન કૃષ્ણ પાંડવોની કચેરીમાં આવ્યા છે. લીલી પીળી જાજમો પર બેઠા બેઠા ભગવાન પાંડવો સાથે વાતો કરે છે. ભગવાન કહે છે, પાંડવો કચેરીમાં બેસી રહેવાથી આપણને જ્ઞાન નહી મળે, બહાર ફરીએ, કોઈને મળીએ તો જ જોવા કે જાણવાનું મળે. અર્જુન ભગવાનનાં મર્મ ભરેલા વચનો સાંભળીને વિચારે છે, "ભગવાનનાં વચનોમાં કોઈ ગૂઢ રહસ્ય હોવું જોઈએ. આમ પણ હું કચેરીમાં બેઠો બેઠો કંટાળી ગયો છું." અર્જુન કહે છે, "ભગવાન, મારે તો ઉતરવું હતું ને ઢાળ મળ્યો છે. થોડીવાર ફરીને પાછો આવું છું." અર્જુન હસ્તિનાપુરના ગોદરેથી ફરતો ફરતો સરોવર પાળે આવે છે.

અર્જુન દૂરથી એક પુરુષને આવતો જુએ છે. તેણે યુવાન સ્ત્રી ખભા પર બેસાડી છે અને બીજી વૃદ્ધ પાછળ ઢસડાય છે ! તું છે કોણ ? ભાઈ, તને ખબર નથી ? હું કળજુગ છું, હવે મારો વારો આવી રહ્યો છે. પહેલા 'દયા' જુગે રાજ કર્યુ પછી આવ્યો સતયુગ, તેની પછી ત્રેતા યુગે

(તેતા જુગે) રાજ્ય કર્યુ. હવે ત્રેતાયુગનો વારો પૂરો થયો છે અને મારો વારો આવ્યો છે. ભાઈ, તુ પૃથ્વીના માથે આવ્યો એ વાત સાચી પણ ખભે બેસાડયું છે તે કોણ છે ? અને આ પાછળ ઢસડાય તે કોણ ? ખભે છે એ મારી પત્ની છે અને પગે ખેંચાતી આવે છે તે મારી માતા છે. પત્નીને ખભે બેસાડી માતાને કેમ નહી, કળીયુગ કહે છે, “માતા માટે એટલા બધા હેતભાવની જરૂર નથી.” અર્જુન કહે છે, તુ રાજ્ય કરવા આવ્યો એ વાત સાચી પણ તું આવું ને આવું રાજ્ય કરીશ ? તું જાણવા માંગતો હોય તો સાંભળ ! મારા પ્રભાવથી મીઠામાંથી ખારાશ ચાલી જશે. ગોળમાં ‘ગળપણ’ રહેશે નહી અને માનમાંથી હેત ચાલ્યું જશે. રાજા ખેડુ થઈને હળ હાંકશે અને જોગી રાજ્ય કરશે. ભાઈ, મારા વારામાં કોઈપણ પ્રકારાની ખામી રહેશે નહી, બાર વર્ષની કન્યા બાળકને જન્મ આપશે. વિના સંકોચે બાળકને તેડીને ફરવા લાગશે. કુમારી અવસ્થાથી જ વસતિ તો એટલી બધી વધશે કે ડુંગરે ડુંગરે અને વૃક્ષે વૃક્ષે પારણાં બંધાશે.” અર્જુન કળિયુગની વાત જેમ જેમ સાંભળે છે તેમ તેમ ચિંતામાં ઊંડો ને ઊંડો ડૂબતો જાય છે. કળિયુગ આગળ કહે છે, “ભાઈ ભાઈ એક બીજા પર ઈર્ષાથી બળતા ફરશે અને માણસ માણસને મારી નાખશે. મારાં માનવી પુત્ર મેળવવા બાધા આખડી રાખશે. પણ પુત્ર મોટો થશે ત્યારે ઘરડાં માતાપિતાને રોટલો તો નહી જ આપવા દઉં. ધન માટે બાપ પાસે દીકરાને મરાવીશ અને દીકરા પાસે બાપને મરાવીશ.”

એટલામાં તરસી થયેલી માતાએ પાણી માંગ્યું. ખભા પર બેઠેલી વહુ વિચારે છે, “સાસુને પાણી નહી જ પીવા દઉં. ભલે તરસે મરી જતી !” કળિયુગની પત્ની કહે છે, “સ્વામી, મારે પણ પાણી પીવું છે, મને પાણી આપ.” કમરમાં બાંધેલા ચામડાના ‘ડઈરા’ (કોથળી) માં થોડુંક પાણી વધ્યું હતું. માતા તરસે મરતી રહી અને કળિયુગે બધું પાણી પત્નીને આપી દીધું.

અર્જુન કહે છે, “તારી માતા તરસે મરે છે. એને થોડુંક પાણી આપ.” કળિયુગ કહે છે, “ભાઈ, માતા મરશે તો ચાલશે પણ પત્ની દુઃખી થાય તે કેમ ચાલે ?” અર્જુન વિચારે છે, “કળિયુગે આ કેવી કળા કરી ?” કળજુગની વાતો સાંભળીને અર્જુન થર થર કાંપવા લાગ્યો છે. તેના પગ ધરતી પર સ્થિર રહી શકતા નથી. તે વિચારે છે, “મારામાં પણ કળિયુગ પ્રવેશી જશે તો ? ચાલ, અહીંથી કલમકચેરીમાં ભગવાનના ચરણોમાં.”

અર્જુન કળિયુગ અને તેના પ્રભાવને જોઈને કલમકચેરીમાં આવે છે. ભગવાન અને

પાંડવો વાતો કરે છે. ભીમ પાંડવ હાથ ઉંચો કરીને કહે છે. મારા હાથે હજી આ ઘરમાબાઈની રાખડી તુટી નથી. ભાઈ વિનાની દુઃખી બહેન છે. દેરાણી જેઠાણીનાં મહેણાં સહન નહી થવાથી વિલાપ કરતી હતી. રતનાગર દરિયે તેણીએ મને ભાઈ કર્યો છે. બ્રાહ્મણ દેવતા ઘણા માન સાથે કંકોત્રી લઈને આવ્યો છે. આપણે મામેરે તો જવું જ જોઈએ." કુંતા કહે છે, "મામેરાની વાતો જવા દો. કળિયુગ નજીક આવી પહોંચ્યો છે. આપણે જલદી હિમાલય ચાલ્યા જઈએ." પાંડવો કહે છે, "માતા, ઘણા મર્યા અને આપણે તર્યા. ઘણી ભકિત કરી. ઘણાં કામ કર્યા. પણ એક ખામી રહી ગઈ છે, આપણે કયાંક મામેરું કર્યુ નથી. આપણે મામેરું કરીને પછી હિમાલય જઈએ. માતા કહે છે, "પાંડવો, હવે અહીં વધુ સમય રહેવાનો યોગ નથી. મારે પેટે પુત્રી અવતરી નથી. મને પણ મામેરે જવાની ઘણી હોંશ છે. પણ મામેરાનું કામ તો ઘણું મોટું છે. કળિયુગના પ્રભાવ તળે તેને આદરવામાં ભારે જોખમ છે. છતાં તમારે તેરસી ભાણીનું મામેરું કરવું જ હોય તો ઝટઝટ સામગ્રી એકઠી કરવા માંડો." અર્જુન પાંડવ કહે છે, "માતા, આપણે ત્યાં કોઈ વસ્તુની ખામી નથી. સોનું છે, રૂપું છે, દોલત છે. તમે આદેશ આપો તે તે વસ્તુઓ એકઠી કરવા લાગીએ." કુંતા કહે છે, "પુત્રો, હેમખેમ કપડાં લાવો. સોના રૂપાનાં આભૂષણ લાવો. સગાવહાલાંને પહેરાવવા કપડાંની જરૂર પડશે. બહેન માટે સાડીઓ લાવો. બનેવી માટે પીતાંબર લાવો. ઉતાવળ કરો. વિલંબ ભારે નુકશાન કરશે." કુંતાનો આદેશ થતાં પાંડવો કીમતી વસ્તુઓ મેળવવા જોતરાયા છે. હેમખેમ અને મલમલ કપડાં ખરીદે છે. નવલાખ 'નેવર' (પગે પહેરવાનું આભૂષણ) ઘડાવે છે. બહેન માટે સોનાચાંદીના ઢગલે ઢગલા દાગીના ઘડાવે છે. બધી વસ્તુઓ લઈને જલદીથી કચેરીમાં આવે છે. માતા કહે છે, "દીકરા, કોઈ વાતની ખામી મૂકશો નહી. બધી સામગ્રી યાદ કરીને લેજો. જલદી વાજાંગાજાં નોતરો. આખા હસ્તિનાપુરમાં મામેરાની કંકોત્રી મૂકો. બાઈની દેરાણીજેઠાણીને ખબર પડવી જોઈએ કે ઘરમાનું પિયર તો આપણા કરતાં ઘણું મોટું અને ઊંચું છે.

કંકોત્રી માટે ઘેર ઘેર ઝણ ફરવા લાગ્યો છે. યુવાનો કાંસકા ખરીદે છે. યુવતીઓ કાજળ ખરીદે છે. ડોસીઓ છીંકણી ખરીદે છે. વાજાંગાજાં વાગે છે. આબાલવૃદ્ધ મામેરે જવા આનંદથી થનગની રહ્યા છે. નગરનું વાતાવરણ સોહામણું (હોયમણું) બન્યું છે. કુંતા માતા કહે છે, "પાંડવો, આંબાવાડીમાં કંકોત્રી મૂકો. નવ લાખ દેવીઓને મામેરે લઈ જઈએ." આંબાવાડીમાં

પીળા ચોખા જાય છે, અને નવલાખ દેવીઓ મામેરે જવા હસતા મુખે તૈયાર થઈ છે.

મામેરે જવાની તૈયારીઓ ચાલે છે. વાજિયા ઘઉંના પિંડ જેવા દેહવાળી યુવતિઓ સોળૈયો શણગાર સજે છે. પૂર્વ દેશના પવન વાય છે, અને તાજા ફૂટેલા અંકુર જેવી યુવતિઓ ભાગી ભાગીને ટુકડા થાય છે. સ્ત્રીઓ મામેરાનાં ગીતો ગાતી ગાતી પાંડવોના વાદળમહેલમાં આવે છે.

પાંડવો વીદયાગલિયા પહેરે છે. વાઘ જેવી આંખોવાળા પાંડવોની મૂછો આંખે અડી છે. માથે સોનાનો મુગટ મૂકે છે. શરીર પર સોના–રૂપાના આભૂષણોથી શોભતા પાંડવોને જોઈને સૂરજ (નિસ્તેજ) ઝાંખો થાય છે.

ગોરણાગઢના ગાંદરે ધરણાબાઈનું મામેરું આવ્યું છે, અને ધરતી ધ્રુજવા લાગી છે. માતા કુંતા કહે છે, મામેરાંમાં માણસોનો પાર નથી. આટલાં બધાં માણસોને જોઈને બાઈ તો ગભરાઈ જશે કે પછી આપણને હેતથી આવકારશે ? પહેલાં બહેનનું હૃદય જોઈ આવું પછી જ ગોરણાગઢમાં પ્રવેશ કરીએ.''

ધરમાબાઈનું પારખું કરવા કુંતા વાલ્મીકિ (ભંગી) સ્ત્રીનો વેશ લે છે. ફાટેલા તૂટેલા કપડાં પહેરે છે. માથે તૂટેલું ઓઢણું ઓઢે છે. હાથમાં સાવરણો લઈને ગોરણગઢ આવે છે.

ગોરણાગઢમાં 'હોરમાં' વાજાં વાગી રહ્યા છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. નાચણો પોતેરો નાચે છે. ઢાઢી 'હોરા' નાખે છે, અને નટ ભવાયા ખેલ કરે છે. આવા આનંદના પ્રસંગે કુંતા વાલ્મીકિ સ્ત્રીનો વેશ લઈને માણેકચોકમાં વચ્ચે બેઠી છે. લોકો પૂછે છે, ''ડોસી, તું કયાંથી આવે છે ? અહીં કેમ બેઠી છે ?'' ડોસી કહે છે, ''હસ્તિનાપુરથી આવું છું. પાંડવો એ ગોરણાગઢની શેરીએ વાળવા મોકલી છે. ધરમાબાઈ અમારા નગરની કુંવરી છે. તેને મારા નામની કાંચળી આપવા આવી છું. લાકડીના એક છેડે કાંચળી બાંધીને સામે ધરી રહેલી કુંતા કહે છે, ''દીકરા ધરમાને બોલાવી લાવો.''

લોકો વાલ્મીકિ સ્ત્રીનો સંદેશો ધરમાબાઈને પહોંચાડે છે. હસ્તિનાપુરનું નામ સાંભળતાંની સાથે જ હર્ષઘેલી થયેલી ધરમાબાઈ શોધતી શોધતી માણેકચોકમાં આવે છે. ધરમાબાઈને જોઈને ડોશી ઊભી થઈ જાય છે, અને લાકડીના એક છેડે બાંધેલી કાંચળી સાથે ધરી કહે છે, ''હસ્તિનાપુરથી આવું છું. પાંડવોએ મને ગોરણાગઢની શેરીઓ જોવા કોમલી છે.

પણ ગોરણાગઢની શેરીઓ તો કચરાકૂડા વગરની ઘણી જ સુંદર છે. તને મારા નામની કાંચળી પહેરાવવી છે. મારી શકિત પ્રમાણે તારી ભકિત કરું છું. તમે મોટાં લોક ! મોટાં મામેરાં તારા ભાઈ લઈને આવી રહ્યા છે. હું તો એક ગરીબ સ્ત્રી છું ! ઘણા હેતથી આ પહેરજે. ધરમાબાઈ ડોસીની નજીક જાય છે અને ડોસી પાછા પગે દૂર જાય છે. ધરમાબાઈ કહે છે, "માતા, કાંચળી તો હું હરખથી પહેરીશ પણ પહેલાં ઘણાં હેતથી મને ભેટવા દે. હસ્તિનાપુરની તું મારી માતા છે." કુંતા કહે છે, "હું વાલ્મીકિ કુળની છું. તું મને મળીશ તો અભડાઈશ. માટે દૂર થી જ આ કાંચળી સ્વીકાર. માતા, મારે તું આવી એટલે કાંચળીનું કપડું આવી ગયું. પણ તને હેતથી ભેટું નહી તો કાંચળી લઉં નહી." પાછા પગે પાછળ જતી વાલ્મીકિ સ્ત્રીને ધરમાબાઈ દોડીને બાથમાં લે છે. કુંતામાતા સ્નેહથી દીકરી પર હાથ પસારતી ભેટે છે. મને પિયરનું કુનસ્યે વહાલું લાગે. હું કુતરાને પણ હેમથી મળું. જ્યારે તું મનુષ્ય દેવતા છો ! માણસથી કઈ રીતે અભડાઈ જઈશ ?" બંને સ્નેહથી મળે છે, અને વાતો કરે છે. કુંતા વિચારે છે, "મારા દીકરા ભીમે બહેન તો ઉમદા શોધી છે."

કુંતા મૂળ રૂપે પ્રકટ થઈને કહે છે, "બેટી, સાથે જ હું તારી માતા કુંતા છું. તું મારી પરીક્ષામાંથી પાર ઉતરી છે. હવે તું ગઢને ગાંદરે બ્રાહ્મણ મોકલ–તે મામેરું જોઈ આવે. કોઈ વસ્તુ બાકી હોય તો વિના સંકોચે કહેવડાવજે કે પૂરતું મામેરું લઈને આવ્યા હો તો જ ગોરણાગઢ માં પ્રવેશ કરજો, અને અધુરું હોય તો પાછા હસ્તિનાપુર ભેગા થજો." ધરમા કહે છે, "માતા, મારે એવું શા માટે કહેવું પડે ? ઓઢવા કે પહેરવાની ભૂખી નથી. મારા ગામ અને મારા આંગણે મારા ભાઈઓનાં પગલાં પડે એટલે બધું જ આવી ગયું. મારા ભાઈઓથી જ મારાં આંગણા રળિયામણાં બની શોભી ઉઠશે. પછી વસ્ત્રો કે આભૂષણોની શી જરૂર છે ? કુંતા કહે છે, "બીજું કંઈ નહી તો એટલું કહેવડાવજે કે મામેરામાં સાયલી સાડી હોય તો ગોરણાગઢમાં પ્રવેશજો. ના હોય તો હસ્તિનાપુર ભેગા થજો. ધરમાબાઈ ઊભી ઝૂરતી વિચારે છે, "મારા માજણ્યા ભાઈ નહોતા. મારું દુઃખ જોઈને માર્ગમાંથી ભાઈ ઊભા થયા. હવે હું કેવી રીતે મોટી કીમતી વસ્તુઓ માંગુ ! માતાના બોલ પણ ટાળી શકતી નથી.

કુંતા પાંડવો ભેગી ભળી જાય છે. માતા કહે છે, "બહેન તો તમે જોઈને જ કરી છે. વાલ્મીકિ સ્ત્રીનો વેશ લીધો છતાં ભાવથી બોલીને ઘણો સ્નેહ આપ્યો છે. હા, પણ મામેરા માટે

કાળમી, કાળમી થતી હતી. કુંતાનું વિધાન પુરું થાય એટલામાં તો બ્રાહ્મણ આવીને ઘરમાનો કાગળમાં લખેલો સંદેશ આપે છે.

"પાંડવો આ પૃથ્વીના પ્રથમ દેવ છે. બાકીના મૃત્યુલોકમાં માનવી છે. પાંડવ થકી જ ધરતી ધ્રુજે છે. મારા તરવારિયા વીર, આજે આ રંક બહેનને મળતા ઘરે પધાર્યા છો. માજણી નથી પણ ધર્મની બહેન છું, અને મને બહેન માની હોય તો મામેરામાં સાયલી સાડી લઈને જ આવ્યા હશો. નહી લાવ્યા હો તો લઈને આવજો. નહીતર મામેરાં લઈને પાછા હસ્તિનાપુરમાં જજો."

ઘરમાબાઈનો સંદેશો વાંચીને પાંડવો ઊંધા પડયા ધરતી ખોતરવા લાગ્યા છે. હેમના કપડાં ખરીદી લાવ્યા. સોનારૂપાનાં ઘરેણાં ઘડાવી લાવ્યા પણ બધું એક જ વેણમાં કથીર થઈ ગયું. સોનારૂપાથી વહેલ ભરેલી સાડીઓ અને ખોબે ખોબે વાજમી વહેલમાં ભરેલા રત્નો આજે તો ધૂત બની ગયાં છે. ભાત ભરેલાં મશરૂં કપડાં પણ કામે આવ્યા નહી.

ગોરણાગઢને ગાંદરે મામેરાં અટકી પડયા છે. મામેરાં ભરાનાં નથી તો પાંડવોની પ્રતિજ્ઞા જાય છે. વિચાર કરીને થાકેલા પાંડવોને કંઈ સૂજતું નથી, ત્યારે માતાના ચરણોમાં નમીને કહે છે, "માતા, ભૂલેલાને પંથ બતાવો. સાયલી સાડી કયા દેશના બજારમાં મળે છે ? અમે કયાંથી કઈ રીતે લાવીએ ? તમે કહો ત્યાં જઈએ, અને તમે કહો તેમ કરીએ. પણ આવી પડેલી વિપત્તિમાંથી અમારો ઉદ્ધાર કરો." કુંતા કહે છે, "હું કહેતી હતી કે કળિયુગ નજીક આવી પહોંચ્યો છે. માટે તમે મામેરાનો મોહ છોડી દો. કળિયુગમાં તો માતાનો પણ વિશ્વાસ નહી. પણ તમે મારી વાત માની નહી. પછી કહ્યું મામેરાની દરેક સામગ્રી સંભાળી લેજો. છતાં મારી વાત પર ધ્યાન આપ્યું નહી. ગોરણાગઢના ગાંદરે માણસો ઝૂરી ઝૂરીને થાંભલો થઈ ગયા છે છતાં મામેરું ભરી શકતા નથી. સાયલી સાડી પર બહેને આશા કરી છે. માટે તમારે લાવવી તો પડશે જ અને તો જ તમારું મામેરું પૂરું થયેલું ગણાશે. પણ દીકરા, સાયલી સાડી આ પૃથ્વી પર નથી. તેના માટે તો પાતાળખંડમાં જવું પડે. ઝટ પાતાળખંડમાં જાઓ અને સાયલી સાડી જરૂર લેતા આવો. આપણી પાછળ કળયુગ પડેલો છે. માટે જલદીથી મામેરાં પૂરા કરી દઈએ." ભાઈઓ અર્જુનને કહે છે, "ભાઈ, અમે તો પાતાળખંડમાંથી સાયલી સાડી લાવી શકીશું નહી, તું જ જા, અને સાડી લઈ ઝટ પાછો આવ." અર્જુન પૂછે છે, "પાતાળખંડ ઘણો મોટો છે અને

કોણ સાયલી સાડી આપશે ?'' કુંતા કહે છે, ''તારે કયાં બીજે જવું છે ? તારું તો ત્યાં ઘર છે. ચાલ્યો, ચાલ્યો હીરાપથ પાસે જજે. સાયલી સાડી તને હીરાપથ જ આપશે.''

અર્જુન વાજમી વહેલ શણગારી પાતાળયુગીન પંથે પડયો છે. 'ધૂધળી રેતી ઉડે છે, અને અર્જુન સાનમા પાતાળે આવે છે. કનોગરા તળાવની પાળે આવી વહેલ ઊભી રાખીને છોડે છે. કાનસરવા કરે છે તો પાતાળમાં વાજાં વાગી રહ્યા છે. તુરાઈ વાગે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. ગીતો સાંભળતો સાંભળતો અર્જુન આગળ ધપે છે અને વિચારે છે, ''મારા જ ઘેર આ શાનો ધમકો ઉડે છે ?'' અર્જુન માણેકચોકમાં આવીને જુએ છે તો નારાણો નાચે છે. ઠાઠી હોરા નાખે છે. અર્જુન વિચારે છે, ''અહીં પણ વિવાહ માંડેલો છે. ઘણું જ સોહામણું (હોયમણું) લાગે છે.'' અર્જુન આવવાના સમાચાર હીરાપથના કાને પહોંચે છે. સોનાના દેવગરા થાળમાં ખજૂરિયાળા દીવા અને કંકુચોખા મૂકી, પાંચ પચ્ચીસ દાસીઓના સમૂહમાં વાદળમહેલ ઉતરી હર્ષઘેલી થઈ દોડતી હીરાપથ રાણી અર્જુન પાંડવના સામૈયે આવે છે. દીવા 'ઝોખારી' ચોખાથી વધાવી પ્રદક્ષિણા કરી, પાયે લાગે છે. અર્જુનને આગળ કરીને રાજમહેલમાં આવે છે. તમે આવ્યા તેથી જ તો આપણે અવસર શોભી ઉઠયો છે. ભલે આવ્યા મારા ઘરના ભરથાર !'' અર્જુન કહે છે, ''આ કોના વાજાં વાગી રહ્યા છે ? ખમ્મા મારા ઘરના સ્વામી ખમ્મા ! આપણા પુત્ર નેપજીનો વિવાહ માંડયો છે. સવારે તેની જાન જશે.'' અર્જુન કહે છે, ''હું પણ ખરા સમયે આવ્યો છું. મારે પણ વિવાહ જેવી જ આનંદની વાત છે. ખૂટતી વસ્તુ મેળવવા પાતાળપુરીમાં આવ્યો છું. આ વસ્તું તું જ આપી શકીશ. વધુ વિલંબ મારા માટે જોખમ ઊભું કરશે.'' પોતાના પુત્રના લગ્નમાં હાજર રહેવાય નહી એવું તે કયું મોટું કામ તમારા માથે આવી પડયું છે ? અહીંથી તમે જ જતા નથી પણ તમારી સાથે લગ્નનો બધો આનંદ ચાલ્યો જાય છે ! એ તો કહે છે કે નપજીની સગાઈ કયાં કરી છે ? તેને કયાં પરણાવો છો ? કયાં નગરનાં જાન જાય છે ? મારા ભરથાર ! જાન જાય છે ગોરણાગઢમાં. ધરમાની પુત્રી તેરસી સાથે તેની સગાઈ કરી છે.'' અર્જુનને (ધ્રાસકો) 'ધાકલો' પડયો. તે કહેવા લાગ્યો, ''હીરાપથ, સાચે જ પૃથ્વી પર કળિયુગ આવી પહોંચ્યો છે. તેનો પ્રભાવ છેક અહીં પાતાળ સુધી પ્રસર્યો છે. પોતાની બહેનની દીકરી સાથે પોતાના જ દીકરાનું લગ્ન ગોઠવાયું છે. વળી પાછો મારે પરણાવવા જવાની વાત આવી. હીરાપથ, ધરમાબાઈને સહોદર ભાઈ નહોતા. તેથી અમને ધરમના ભાઈ કર્યા છે. હવે ભાઈબહેનને કઈ

રીતે પરણાવીએ કે નહી." હીરાપથ કહે છે, "આપણે બધાં છીએ તો સતયુગના સમયનાં, સતિયા છીએ છતાં રંગમાં ભંગ કેમ પડયો ? તમારે સાયલી સાડી જ જોઈએ છે તો લેતા જાઓ."

હીરાપથ સાયલી સાડી આપે છે અને અર્જુન સાડી લઈને ગોરણગઢના ગાંદરે આવવા લાગ્યો છે. ગાંદરે વાજા વાગે છે અને મામેરાની સ્ત્રીઓ ગીતો ગાય છે. ગઢમાં હોરમાં વાજાં વાગી રહ્યા છે, અને મામેરાની રાહ જોતી સ્ત્રીઓ ગીતો ગાય છે.

વહેલને દૂરથી આવતી જોઈને કુંતામાતા અને પાંડવો અર્જુનની સામે જાય છે. અર્જુન વહેલમાંથી ઉતરે છે, અને બધાં ભેગાં થાય છે. વેદનાને હૃદયમાં સંગ્રહી રાખવા અસમર્થ અર્જુન આવતાંની સાથે જ કહેવા લાગ્યો છે, "જગતમાં અનિષ્ઠ આવી રહ્યું છે. પાતાળખંડમાં પણ હોરમાં વાજાં વાગે છે, અને ત્યાં પણ લગ્નની તૈયારીઓ ચાલે છે. હીરાપથ અને મારો પુત્ર નેપજી ગોરણાગઢમાં આપણી ભાણી તેરસીને પરણવા આવી રહ્યો છે. આ બાજુ આપણી ભાણેજ છે, અને પેલી બાજુ આપણો દીકરો છે. આપણે મામેરાં કઈ રીતે કરવાં ? કળિયુગ આવી ગયો છે તેનું પ્રમાણ આપણને અહીં જ  મળી ગયું છે." કુંતા કહે છે, "પુત્રો, કળિયુગ તો આપણામાં પ્રવેશી ગયો જ છે. હવે અનેક પ્રકારે આપણું સત ચૂકવશે. આમેય નેપજીની જાન આવી રહી છે ત્યારથી આપણું અડધું સત ચાલી ગયું છે.

## ૨૯. પાંડવો હિમાલયના પંથે :

ભગવાન કૃષ્ણ કહે છે, "પાંડવો, જે થવું હોય તે થાય પણ મામેરાં પૂરા કરો." અર્જુન કહે છે, "ભગવાન ખાજો પીજો અને માયા માંડજો. એક એક દાડી લાખની કાઢજો. કળિયુગ આવી ગયો. વધુ રોકાશું તો આપણું સત જશે. અમારી કરણીમાં પાણી ફરશે ?" ભગવાન કહે છે, "પણ બહેનને શી રીતે ખબર પડશે કે પાંડવો સાયલી સાડી લાવ્યા હતા ?" અર્જુન પાંડવ વહેલમાં જઈ સાયલી સાડી લાવીને મામેરાનાં લોકોની વચમાં ઉકેલવા માંડયો છે. સાવ સેનાની સાડી, સોનાનાં તારથી ભરેલી, વેલની ભાત જોઈએ સૂર્ય ઝાંખો થાય છે. જતાં જતાં તેઓ કૃષ્ણને કહે છે, "ભગવાન, તમારે અને અમારે હવે અંતર પડવા લાગ્યું છે. કળિયુગ અમારી પાછળ પડયો છે. અહીં હર પળે અમારું સત ઘટતું જાય છે. હિમાલય ગયા વિના અમારી સિદ્ધિ નથી." ભગવાન કહે છે, "પાંડવો, સુખેથી હિમાલય સિધાવો. તમારી કરણી જ તમને પા ઉતારશે."

માતા કુંતા, સતી દ્રૌપદી અને પાંચ પાંડવો હિમાલયના મારગે મારગે જવા લાગ્યા છે. તેઓ પોતાની કરણી પ્રમાણે સુખદુઃખ સહતા હિમાલય સુધી આવી પહોંચ્યા છે. બધાં એકબીજાની સામે જુએ છે અને વાતો કરે છે. ધર્મરાજા કહે છે, “ભાઈ, કરેલી કરણી જ સામે આવે છે. સાચી કરણી જ પાર ઉતારે.” હિમાલય ચઢતાં જ ભીમની આંગળી ગળવા લાગી છે. ભીમ બરફમાં ગળતો જાય છે. એક બાજુ ગળતો ગળતો નકુલ બૂમો પાડે છે તો બીજી બાજુ સહદેવ ઓગળે છે. યોદ્ધા અર્જુનની પણ એ જ ગત થાય છે. થોડે દૂર જતાં કુંતામાતા અને દ્રૌપદી ગળવાં લાગ્યાં છે.

સત કરણીથી ધર્મરાજા એકલા જ હિમાલયને પાર કરી વૈકુંઠપુરીમાં જાય છે. વૈકુંઠમાં ભગવાન અને ધર્મરાજા સાથે મળી આનંદ કરે છે.

હોંકારા દેનાર કુશળ રહેજે અને કરોડ દિવાળી કરજે રાજ...

# સંદર્ભ સૂચી


૧. વનસ્વર : ગુજરાતનાં આદિવાસી સાહિત્યનો અભ્યાસ ગ્રંથ : ડૉ.બળવંત જાની પૃ.૭૫,૭૭,૮૦,૮૧,

૨. વનસ્વર : એજન પૃ.૧૨૮,૧૨૯,૧૩૦

૩. ભીલોનું ભારથ : મહાભારતની આદિવાસી પરંપરા પૃ.૭૬,૮૯

૪. ભીલોનું ભારથ : ડૉ.ભગવાનદાસ પટેલ પૃ.૧૮ થી ૧૧૯ નો સારાંશ

૫. ભીલી સાહિત્ય : એક અધ્યયન : ડૉ.હસુ યાજ્ઞિક

૬. ભીલોનું ભારથ લોકમહાકાવ્યમાં ભકિત અને પંથ પરંપરા : ડૉ.નાથાલાલ ગોહિલ પૃ.૭૧,૭૮,૭૫

૭. પૌરાણિક ભીલ લોકમહાકાવ્યો : ડૉ.ભગવાનદાસ પટેલ

૮. ભીલોનું ભારથ પૃ.૧૫૪,૧૫૮,૧૫૬

૯. એજન પૃ.૧૫૮,૧૬૮,૨૦૮,૨૦૯,૧૯૭,૨૧૭,૨૪૩,૨૬૩,૨૭૫,૨૮૧,૨૯૧